॥ श्रीकृष्णाय नमः ॥

જ્ઞાન અને ભક્તિરસથી ભરપુર.

વિવિધ ઘોળ તથા પદ સંગ્રહ

ભાગ ૧ લો.

બહોળા સુધારા વધારા સાથે.

(ઘણાં અપ્રગટિત ઘોળ પદના અપૂર્વ સંગ્રહ)

પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોને માટે.

સંશોધન કરી છપાવી પ્રસિદ્ધ કરનાર

લલ્લુભાઈ છગનલાલ દેસાઈ.

રીચીરોડ, પતાસાનીપોળ પાસે, નં. ૧૧૦, મેડાઉપર–અમદાવાદ

શ્રી કૃષ્ણાબ્દ ૫૨૪૫. શ્રી વલ્લભાબ્દ ૪૪૪.

સંવત ૧૯૭૯ સને ૧૯૨૩

અમદાવાદ–શ્રી અંબિકા વિજય પ્રેસમાં પાના નં. ૧ થી ૧૬૦ સુધી અને ૧૬૧ થી ૩૫૨ સુધી ધી ગુજરાત પ્રીન્ટીંગ પ્રેસમાં શા સોમાલાલ મંગળદાસે છાપ્યું ઠે. પાંચકુવા, ચાર રસ્તા

આવૃત્તિ ૨ જી પ્રત ૨૦૦૦

કીંમત રૂ. ૧—૦—૦

પહેલી આવૃત્તિની પ્રસ્તાવના

વૈષ્ણવ બન્ધુઓ ! આ પુસ્તકનો પ્રથમ ભાગ બહાર પડયો છે ને તેની પ્રસ્તાવના તે વખતે થઇ ગયેલી છે. તેજ પુસ્તકનો આ દ્વિતિય ભાગ છે. માટે તેની પ્રસ્તાવનાની જરૂર નથી એમ કહાય લેખાશે ખરૂં ! ! પણ, ના, જરૂર છે ? તે નીચેનાં કારણોથી આપની ધ્યાનમાં આવશે કે–

૧. ધોળ પદનાં જે જે પુસ્તકો અત્યાર સુધીમાં બહાર પડયાં છે તેમાં જોઇએ તેવી સરળતા તથા પ્રાચિન (અપ્રગટિત) ધોળ પદ બહાર પડેલાં જોવામાં નહિ આવેલાં હોવાથી તત્સંબંધે મારા મનમાં ઘણા વખત પૂર્વની આકાંક્ષા ચાલુજ હતી, તદનુસાર ક્રમશઃ ઘણાં પ્રાચીન ધોળ પદનો સંગ્રહ એકત્ર કરી જોઇએ તેવો સંગ્રહ પ્રમાણે આ પુસ્તકનો પ્રથમ ભાગ બહાર પાડયો છે. જેને મારા ઉત્સાહી વૈષ્ણવ ભાઇઓએ સહર્ષ સ્વીકાર કર્યો છે. ઉક્ત ગ્રંથ બહાર પાડતી વખતે મારી લેશ પણ ઇચ્છા નહોતી કે આ બીજો ભાગ કરવાની જરૂર પડશે પણ પ્રભુકૃપાથી અને મારા પ્રેમીને ઉત્સાહી બન્ધુઓની સલાહ, સુચના ને સંગ્રહ મેળવી આપવાની મદદ મળતાં પ્રથમ ભાગ બહાર પડયા પછી કેટલોક સંગ્રહ મારી પાસે બાકી રહેલો હોવાથી આ દ્વિતિય ભાગમાં તેનો સમાવેશ કર્યો છે.

૨. આ પુસ્તકના પ્રથમ ભાગમાં વૈષ્ણવોનું નિત્ય નૈમિત્તિક કર્મ આપેલું હોવાથી (જુઓ બ્રિ. ધોળ પદ. ભા. ૧. પ્ર. ૧ લું) આ બીજા ભાગમાં શ્રીઠાકોરજીની નિત્યની સેવા, શૃંગાર કરવા સંબંધી કંઇક હકીકત લખવાની જરૂર જણાયાથી મારા મિત્ર શ્રીયુત્ શાસ્ત્રીજી જ્યેષ્ઠારામ હરજીવન જોશી, અધ્યાપક–પુષ્ટિસાંપ્રદાયિક સંસ્કૃત પાઠશાળા, પાટણ અને વૈષ્ણવ સુબોધિની સંસ્કૃત પાઠશાળા, ઉમરેઠ. એમને વિનંતી કરતાં તેઓશ્રીએ સેવા પ્રકાર લખી આપ્યો છે. જેથી ઉક્ત શાસ્ત્રીજીનો આ તકે અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

૩. મારા કેટલાક ઉત્સાહી બન્ધુઓની સુચનાથી આ પુસ્તકમાં "બાર માસિક ઉત્સવનાં કીર્તનો" દાખલ કરેલાં છે. (જુઓ પ્ર. ૨ જું. પૃષ્ટ ૨૬ થી) જો કે તેવાં કીર્તનોનો વિસ્તાર ઘણો મોટો છે ને તે બહાર પડી ગયેલો પણ છે. જેથી આ સ્થળે તો તે "પિષ્ટપેષણ" જેવું લખાશે; છતાં પણ સેવા શૃંગારના કાર્યક્રમ સાથે આ પણ એક જરૂરનું છે. તેથી યોગ્યજ લેખાશે.

૪. શ્રીયમુનાજીનાં, તથા શ્રીનાથજી આદિ સાતે સ્વરૂપનાં કેટલાંક અપ્રગટિત ધોળ પદ, વસંતના રસિયા, તથા સુરદાસ આદિઅષ્ટસખાનાં ધોળ વગેરે કે જે અત્યાર સૂધીમાં પ્રગટમાં આવ્યાં નથી એવો સંગ્રહ વૈષ્ણવ બન્ધુઓ પ્રત્યેનો ઉચ્ચભાવ દરશાવી મારા જે જે વૈષ્ણવ મિત્રોએ મને મોકલી આપી કૃતાર્થ કર્યો છે. તેમનો આ સ્થળે અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

૫. આ પુસ્તકના પાછળના ભાગમાં શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઇજી આદિ બાળકોનાં સેવ્ય શ્રીઠાકોરજીનાં સ્વરૂપ કયાંથી પ્રાગટય થયાં, કોના સેવ્ય, પ્રથમ કોણે સેવા કરી, હાલ કયાં ને કોને માથે બિરાજે છે, વગેરે સંબંધી સવિસ્તર હકીકત આપેલી છે, જેથી વૈષ્ણવ બન્ધુઓના હૃદયમાં કંઇ નવોજ પ્રકાશ પડશે. (જુઓ પાછળ પૃષ્ટ ૩૩૩ થી) આવા પ્રકારની હકીકતનો વૈષ્ણવ વર્ગમાં બહોળો ફેલાવો થવા ખાસ જરૂર છે કારણકે યાત્રાએ જનાર દરેક વૈષ્ણવોએ જાણવું જોઇએ કે યાત્રા શાને માટે કરવી ? પવિત્ર ભગવદીઓનો સમાગમ, પવિત્ર સ્થળનાં દરશન, ત્યાં બિરાજતા પ્રભુનાં દરશન, તે પ્રભુએ કરેલી લીલાઓનું અવલોકન ને ભાવના વિચારવા માટેજ. તે જાણવા માટે અમુક સ્થળે આપણે ગયા ત્યાં અમુક શ્રી......નું સ્વરૂપ બિરાજે છે, તે આવી યાદી હોય તો જાણવામાં આવી શકે. અત્યાર સુધીમાં આવા પ્રકારની યાદી કોઈ પણ ઠેકાણે જોવામાં નહિ આવેલી હોવાથી

હુ પોતે મારા પુજ્ય પિતાશ્રી તથા માતુશ્રીની સાથે બે વખત યાત્રાર્થે ગયેલો પણુ દીલગીરી સાથે ખમતું પડેલ ને આવો અલભ્ય લાભ લેવાનો વખત મળી શકેલો નહિ ને આકાંક્ષા ચાલુ રહેલી. આ પુસ્તકના ધોળ પદનો સંગ્રહ એકત્ર કરતાં કોઇ કોઇ ઠેકાણેથી હસ્ત લીખીત પ્રતોમાંથી યતકીંચીત્ વર્ણુન મળી આવતાં તે સંબંધે ઉત્કંઠા વધતાં કેટલાક મહાનુભાવી ભગવદીઓ સાથે વાર્તાલાપ કરી બનતા પ્રયાસે આ યાદી શુદ્ધ કરી છે જેને મારા પ્રેમાળ બન્ધુઓ સ્વીકારી આ દાસને આભારી કરી લેખકની લેખીની સફળ કરશે, કદાચ જાણુ બહારથી વખતે કેટલીક હકીકત અપૂર્ણું અથવા ભુલ ભરેલી જણુાય અથવા ફેરફાર લાગે તો અમને કૃપા કરી જણુાવશો તો બીજી આવૃત્તિ વખતે સુધારો કરી શકાશે.

૬. જ્યારે આ પુસ્તકનો પ્રથમ ભાગ બહાર પડયો ત્યારે મારા કેટલાક પ્રેમી બન્ધુઓ તરફથી સૂચના થયેલી કે તેમાં જો શ્રીમદ્વલ્લભાચાર્યજીનો ફોટો આપવામાં આવશે તો વૈષ્ણુવોને દરશનનો ઘણો લાભ ઘણો લાભ મળશે. જે ઉપરથી તે માટે શ્રીવલ્લભાચાર્યજીનો એક ફોટો કે જેને પુષ્ટિભક્તિસુધા માસિકના કાર્યવાહકોએ સતત્ પ્રયત્ને તૈયાર કરાવી વૈષ્ણુવોની સેવામાં મૂકયો હતો, તેની એક પ્રતિ મારા જોવામાં આવી જેથી તે ઉપરથી તેનો બ્લોક કરાવીને વૈષ્ણુવ વર્ગની સેવામાં મૂકવો ધારી આ સ્થળે તે ફોટો આપ્યો છે. તેનો ભાવ એવો છે કે-આપણુામાં સપ્રમાણુ ને ભાવનાનો મુખ્ય ગ્રન્થ શ્રીસુબોધિનીજી મનાય છે તે શ્રીમહાપ્રભુજી પોતે માધવભટ્ટજીને સામા બેસાડી લખાવે છે, તેમજ આપણુા સંપ્રદાયના આદ્ય સેવક શ્રીદામોદરદાસજી કે જેમને માટે શ્રીમહાપ્રભુજી પોતે પણુ એમ આજ્ઞા કરે છે કે "**દમલા તેરે લીયે યહ માર્ગ પ્રગટ કીયોહે**" તે શ્રીદામોદરદાસજી સામા બે હાથ જોડી બિરાજી રહ્યા છે અને કૃષ્ણુદાસ મેઘન તે શ્રીનાચરણુ કમલમાં

સાષ્ટાંગ દંડવત્ કરી રહ્યા છે, આ ફોટો આ પુસ્તકના મુખ પૃષ્ટે આપ્યો છે. તથા પ્ર. ૪ થા આગળ શ્રીયમુનાજીનો સુંદર ફોટો એમ ફોટા બે વૈષ્ણુવોની સેવામાં મૂકતાં મને આનંદ થાય છે પ્રિય વાંચક! આ ફોટા સંબંધે કંઇ નવિનપણું ભાસે તો તે માન મને પોતાને નથી પણ ઉક્ત માસિકના કાર્યવાહકો શ્રીયુત્ વાડીલાલભાઈ તથા શ્રીયુત મુળચન્દ્ર તલીવાળાને છે. વૈષ્ણુવ બન્ધુઓ પ્રત્યે મારી વિનંતી છે કે દરશન કરતી વખતે આ દાસને સંભારી સેવામાં સંભારી શુધ કરશો તો મારો શ્રમ સફળ થયો માનીશ.

૭. આ પુસ્તક પ્રગટ કરવામાં મારા તરફની તો લેશ માત્ર પણ કૃતિ નથી તેમજ ખાસ નવિનપણું પણ નથી. માત્ર વૈષ્ણુવ બન્ધુઓની કૃપાથીજ આ સેવક નિમિત્ત દ્વારા કંઇક થયું છે.

૮. મનુષ્ય માત્ર ભૂલને પાત્ર છે. તેથી પ્રેસ દોષથી અગર દૃષ્ટિ દોષથી આ ગ્રંથમાં રહેલી અશુદ્ધિ તરફ લક્ષ નહિ આપતાં "हंसोयथा क्षीर मिवाम्बु मध्यात्" હંસ જેમ જળમાંથી દૂધ ગ્રહણ કરે છે તેમ આ ગ્રંથમાંથી સાર ગ્રહણ કરવા સુજ્ઞ જનોને વિનંતી છે.

૯. આવા પ્રકારનું પુસ્તક બહાર પાડવાની ઘણા દિવસની મારી આકાંક્ષા આજે પૂર્ણ થયેલી જોઇ મને અત્યાનંદ થાય છે. તેથી તે આનંદના મુળ રૂપ શ્રીમદ્વલ્લભાચાર્યજીના ચરણસરોજમાં આ મારી અલ્પકૃતિ સપ્રેમ-સહર્ષ નિવેદન કરૂં છું

રંગપોળ, ખતરીપોળ
અમદાવાદ.
દેવદિવાળી. ૧૯૭૨.

લી. આપનો દાસાનુદાસ
કૃપાકાંક્ષી વૈષ્ણુવ.
લલ્લુભાઇ છગનલાલ દેસાઇના
દીનતાપુર્વક જયશ્રીકૃષ્ણ.

અનુક્રમણિકા.

સાંઝીનાં પદ.

નવવિલાસનાં પદ. ૪૧ થી ૪૮.

મુરલીનાં પદ.

કરખાનાં પદ.

દશાહરાનાં પદ. ૫૦ થી ૫૧.

રાસનાં પદ.

ધનતેરશનાં પદ.

રૂપચતુર્દશીનાં પદ.

દીપમાલીકાનાં પદ.

ગાય ખીલાયવેકે પદ.

કાનજગાયવેકે પદ.

પ્રકરણ ૩ જું.

નવ વલ્લભાખ્યાન.

પ્રકરણ ૪ થું.

શ્રીયમુનાજીનાં ૪૦ પદ.

શ્રીયમુનાજીનાં પદ.

પ્રકરણ ૫ મું.

શ્રીનાથજીઆદિસાતસ્વરૂપનાં પદ.

શ્રીનાથજીનાં પદ.

શ્રીનવનીત પ્રિયાજીનાં પદ.

શ્રીમથુરાનાથજીનાં પદ.

શ્રીવિઠ્ઠલનાથજીનાં પદ.

ડોલનાં પદ.

હોરીનાં પદ.

હોરીના રસીયા, ખ્યાલ.

પ્રકરણ ૮ મું.

વૈષ્ણવ માહાત્મ્યનાં પદ.

અષ્ટસખાનાં ધોળ.

પ્રકરણ ૯ મું.

પ્રકરણ ૧૦ મું.



॥ श्रीकृष्णाय नमः ॥

॥ श्रीद्वारिकेशोजयति ॥

વિવિધ ધોળ તથા પદ સંગ્રહ.

ભાગ ૨ જો.

[illegible]

श्रीमद् वाळमुकुंद [illegible] ऽऽनन्दिनं ।
वन्दे [illegible]न्दरमक मेव [illegible] दारकारन् ॥
वर्तन्ताम चिरंतना दिविषदोऽनन्ता अनन्ता तळे ।
मन्तु ते गणयन्तु माऽय मितशान्मूर्दा न नन्तु क्षमः ॥ १ ॥

अज्ञान तिमिरांधस्य ज्ञानां जन शलाकया ।
चक्षुरुन्मीलितंये न तस्मै श्री गुरुवे नमः ॥ २ ॥
नमामि हृदये शेषे लीला क्षिराब्धि शायिनम् ।
लक्ष्मीसहस्रलीलाभिः सेव्यमानं कलानिधिम् ॥ ३ ॥
चतुर्भिश्च चतुर्भिश्च चतुर्भिश्च त्रिभिस्तथा ।
षड्भिर्विराजतेयोऽसौ पञ्चधा हृदये मम ॥ ॥ ४ ॥



પ્રકરણ ૧ લુ.

भगवत्सेवा प्रकार.[1]

વૈષ્ણવોએ ઉષઃકાલે બ્રાહ્મ મુહૂર્તમાં ઉઠી “વિવિધ ધોળ તથા પદ સંગ્રહ ભાગ ૧ લાના પ્રકરણ ૧ લામાં” બતાવ્યા પ્રમાણે સ્નાનાદિ ક્રિયા કરી તિલક મુદ્રા ધારણ કરી ભગવત્સેવા હમેશાં કરવી જોઈએ. સ્થુલ સૂક્ષ્મ દેહ વિશિષ્ટ ચેતનનું નામ જીવ છે. તે જીવ.

ममैवांशो जीवलोके जीवभूतः सनातनः ॥

ઈત્યાદિ શ્રી ગીતાજીનાં વાકયાનુસાર ભગવાનનો અંશ છે, માટે તેને પરબ્રહ્મની સાથે અંશાંશિ ભાવ, જન્યજનક ભાવ; તથા સેવ્ય સેવક ભાવ; વગેરે નિત્ય સંબંધ છે. એ પ્રકારે જીવોને ભગવાનનું સહજદાસત્વ હોવાથી ભગવાનની સેવા કરવી એ અત્યાવશ્યક છે. શ્રુતિમાં કહ્યું છે કે—

૧ લેખક—ઉમરેઠ નિવાસી શાસ્ત્રી. જ્યેષ્ટારામ હરિજીવન જોશી. અધ્યાપક–પુષ્ટિ સાંપ્રદાયિક સંસ્કૃત પાઠશાલા, પાટણ.

यो यदंशः सतं भजेत् ।

જે જેનો અંશ હોય તે તેને ભજે, એજ અભિપ્રાયથી શ્રી આચાર્ય ચરણે સિદ્ધાન્ત મુક્તાવલી ગ્રન્થમાં આજ્ઞા કરી છે કે:—

कृष्णसेवा सदाकार्या मानसी सा परा मता ।
चेत स्तत्प्रवणं सेवा तत्सिद्धयै तनुवित्तजा ॥

શ્રી કૃષ્ણ ભગવાનની સેવા હમેશાં અવશ્ય કરવી તે સેવા **માનસી, તનુજા** તથા **વિત્તજા** એ પ્રમાણે ત્રણ પ્રકારની છે, તેમાં માનસી સેવા મુખ્ય છે; તે માનસી સેવાનું લક્ષણ આચાર્ય ચરણે એ પ્રમાણે કહ્યું છે કે—**માનસી**—શ્રી કૃષ્ણમાં મનની એકાગ્રતા કરવી, ચિત્ત પરોવવું તેનું નામ **માનસી** સેવા છે. અર્થાત્ જેવી રીતે શ્રાવણ માસમાં ગંગાજીનો **પ્રવાહ** સર્વ કાલમાં વ્યવધાન રહિત સમુદ્રમાં પડયા કરે છે, તેવીજ રીતે પોતાના સેવ્યસ્વરૂપમાં વ્યવધાન રહિત મનનો વિનિયોગ થાય, એટલે મન સેવ્યસ્વરૂપ શિવાય ઈતર કોઈપણ સ્થાને પરોવાય નહિ તેનું નામ **માનસી** સેવા છે. જેવી રીતે વ્રજભક્તો—ગોપીજનોનું મન એક પ્રભુમાંજ પરોવાયું હતું, તન્મય, તલ્લીન થઈ ગયું હતું કે જેથી કરી તેમને સગા સંબંધીનું કે પોતાના દેહ સંબંધીનું પણ ભાન રહ્યું ન હતું તેવી રીતે પ્રભુમાં ચિત્ત પરોવવું તેનું નામ **માનસી** સેવા છે.

તનુજા—તથા વિત્તજા એ બે પ્રકારની સેવા ફલરૂપા માનસી સેવાની સિદ્ધિને માટે સાધન રૂપા છે.

તનુજા—તનુ એટલે દેહ તેનાથી જે સેવા થાય તેનું નામ **તનુજા** અર્થાત્ જેવી રીતે લૌકિકમાં નોકર પોતાના માલિકની

પ્રસન્નતા માટે પ્રાતઃકાલથી ઉઠી સાંઝ સુધી તેની ચાકરી કરે છે, તેવીજ રીતે સંપૂર્ણ બ્રહ્માંડના અધિપતિ શ્રીકૃષ્ણની પ્રસન્નતાને માટે ચિત્તને એકાગ્ર રાખી સર્વેન્દ્રિયોથી તત્પર થવું તેનું નામ તનુજા સેવા છે. અર્થાત્ મુખથી પ્રભુના ગુણ ગાવા, નેત્રથી દર્શન કરવાં, કર્ણથી કથા શ્રવણ કરવી, જીભ્હાથી અન્ય રસોને ત્યાગ કરી ભગવત્પ્રસાદ દેહાનર્વાહ પૂરતો ગ્રહણ કરવો, હસ્તથી ભગવન્મંદિરમાં બુહારી વગેરે કરવી, ભગવાન્‌ને શ્રૃંગાર ધારણ કરાવવા, પગથી દર્શનાર્થે પવિત્ર ધામોમાં જવું અર્થાત્ યાત્રા કરવી, વગેરે. વધુ વિગત માટે અમારા તરફથી પ્રકટ થયેલ "[1]બ્રહ્મ સંબંધ કાવ્ય" નામનો ગ્રન્થ વાંચી જુઓ.

વિત્તજા–વિત્ત એટલે ધન, એ ધનથી જે સેવા થાય તેનું નામ વિત્તજા, અર્થાત્ ભગવદ્ ઈચ્છાથી પોતાને પ્રાપ્ત થએલી ધનાદિ સમ્પત્તિનો પ્રભુમાં વિનિયોગ કરવો તેનું નામ વિત્તજા સેવા છે. વિત્તજા સેવા બે પ્રકારની છે. એક તો પોતાના ધનથી મંદિર, આભરણ, પાત્ર, સાજ, ભોગ, વગેરે કરાવી પોતાના દેહથી સેવા કરવી તે અને બીજી પોતે ધન ખરચી અન્ય મનુષ્યો ([2]મુખીયા–ભિતરીયા) દ્વારા સેવા કરાવવી તે. પરંતુ આ

[1] આ પુસ્તક ઘણું લોકપ્રિય હોવાથી હમણાં તેની ત્રીજી આવૃત્તિ સુધારા વધારા સાથે સચિત્ર બહાર પડી છે, ને તે અમારે ત્યાંથી મળશે.

[2] કેવળ પૈસા આપી નોકર [મુખીઆ–ભીતરીયા] પાસે સેવા કરાવવી એતો કેવળ પ્રમાદનુંજ કારણ છે. પોતે તેમાં જરાપણ ચિત્ત ના રાખે તો તેવી સેવા માનસી સેવામાં સાધનરૂપ થતી નથી, કારણ તનુજા સાથે વિત્તજા સેવા હોય તો જ તેથી માનસી સેવા ફળરૂપ થાય છે.

એ પ્રકારમાં પ્રથમ પક્ષજ ઉત્તમ છે, અને તેજ માનસી ફલરૂપા સેવા સિદ્ધ કરી શકે છે. બીજો પક્ષ ગૌણ છે અને તેથી ફલરૂપા માનસી સેવા ઘણાજ વિલંબે સિદ્ધ થાય છે.

વૈષ્ણવ માત્રનું મુખ્ય કર્તવ્ય એ છે કે પોતાના ઘરમાં પુષ્ટિમાર્ગીય આચાર્ય ગુરૂદ્વારા પોતાના [1]મનોભિલષિત સેવ્ય સ્વરૂપને પુષ્ટ કરાવીને અર્થાત્ તેમાં ભગવદાવિર્ભાવ કરાવી સ્વરૂપ સેવા પધરાવવી. અને તે સ્વરૂપમાં મૂર્તિભાવ નહિ રાખતાં સાક્ષાત્પુરુષોત્તમ ભાવ રાખીને પરમ પ્રીતિ પૂર્વક સાંપ્રદાયિક રીતિથી ઋતુ અનુસાર સેવા કરવી.

---

૧. મનોભિલષિત—એટલે ગૌર, શ્યામ, દ્વિભુજ, ચતુર્ભુજ, વગેરે, અથવા શ્રીભાગવત એકાદશ સ્કંધ અધ્યાય ૨૭ શ્લોક ૧૨ માં કહ્યું છે કે—

शैली दारु मयी लौही, लेप्या लेख्या च सैकती ॥
मनोमयी मणिमयी, म[illegible]तिमाष्टवि[illegible]स्मृता ॥ १ ॥

અર્થ—શૈલી [શિલાની] દારૂમયી [ચંદનાદિક કાષ્ટની] લૌહી [સુવર્ણાદિ ધાતુની] લેપ્યા [મૃત્તિકાની અથવા ઘસેલા ચંદનની] લેખ્યા [ચિત્ર પુસ્તકાદિક] સૈકતી (રેતીની) મનોમયી [ધ્યાન કરેલી] મણિમયી [હીરા મણિ વગેરેની] આ પ્રમાણે આઠ પ્રકારનાં સ્વરૂપની સેવા કરવાનું વર્ણવ્યું છે. તો જે સ્વરૂપ ઉપર પોતાને વિશેષ આશક્તિ હોય તે સ્વરૂપની સેવા કરવી.

નિત્યનો સેવા પ્રકાર.

(મંગલાથી શયન પર્યંત સંક્ષેપ.)

સેવા કરનારે એક પહેરેલું વસ્ત્ર તથા બીજું ઉપવસ્ત્ર સાથે રાખી હમેશાં બે વસ્ત્રયુક્ત સેવા કરવી. પ્રથમ મૃતિકા લઇ ખાસા (ભગવદ્-ઉપયોગી) જલથી હાથ ધોઇને અંગુછાથી કોરા કરવા, ત્યારપછી મંદિર પાસે આવી પોતાના પગનો સ્પર્શ થવા માટે વિનંતી કરી મંદિરને દંડવત્ કરી જય-વિજયની ભાવના કરી ધીરેથી મંદિર ખોલવું, ત્યારબાદ મંદિરમાં જઈ બુહારી કરી હાથ ધોઈ જલ છીરકી મંદિર વસ્ત્ર કરવું. બુહારી કરવાથી મનને વિક્ષેપ કરાવનાર રજ નાશ પામે છે, અને મંદિરવસ્ત્રથી અજ્ઞાનરૂપી પાપ નાશ પામે છે. ત્યારબાદ સિંહાસન ઝટકીને ફરીથી બિછાવવું. તે પછીથી શય્યા પાસેથી ઝારી, બંટા. તસ્ટી, ઉઠાવી લેવાં. બંટો પ્રસાદી વસ્તુમાં ઠલવવો, તથા ઝારી પોતાને ઉપયોગી જલની મથનીમાં જળ ગળીને તે પછી તેમાં ઠલવવી, તે પછી મૃતિકા લેઇને ઝારી, બંટો, [1]તસ્ટી વગેરે પાત્રો માંજવાં ઝારીનું વસ્ત્ર ધોવું, પછી ઝારી ભરી નેવટો ચઢાવી એક તસ્ટીમાં સિંહાસન ઉપર ધરવી, પછી મંગલભોગ માટે મગજના લાડુ, દૂધની, દહીંની, સંધાણાની અને માખણ મિશ્રીની કટોરી, વગેરે એ પ્રકારે સાજીને પોતનું કરી

૧ તસ્ટી એટલે તબકડી અથવા તરભાણી.

પડઘા ઉપર ધરવું, પછી હાથ ધોવા. શય્યા પાસે જઈ વિજ્ઞપ્તિ કરવી, પ્રથમ ત્રણ વખત ઘંટાનાદ કરવા. પછી શ્રીમહાપ્રભુજી, શ્રીવિઠ્ઠલનાથજી, વ્રજભક્તોની ભાવના કરી વિનંતી પૂર્વક શ્રી ઠાકુરજીને જગાડવા, તેમાં પ્રથમ મુખ તરફથી ચાદર ઉઠાવવી, શીતકાલ હોય તો હાથ શેકીને દુલાઈ–રજાઈ જે હોય તે ઉઠાવી શ્રીમુખનાં દર્શન કરી દંડવત્ કરવા. ત્યારબાદ શ્રીઠાકુરજીને સિંહાસન ઉપર પધરાવી શીતકાળ હોય તો અંગીઠી પાસે રાખવી, ઋતુ અનુસાર વસ્ત્ર ધરવાં, બંસી શય્યાથી લેઈ ગાદી ઉપર ધરવાં, મુખ વસ્ત્ર પીઠના તકીયા ઉપર વામ ભાગે ધરવું. શય્યા પણ શ્રીઠાકુરજીની વામ બાજુએ રહે, પછી મંગલભોગ સમર્પી હાથ જોડી દીનતા પૂર્વક શ્રીની પ્રાર્થના કરવી કે:–"હે પ્રભો! શ્રીમદાચાર્યચરણ શ્રીમહાપ્રભુજી તથા શ્રીગુસાંઈજીની કાનિથી, શ્રીગુરૂદેવની કાનિથી કૃપા કરી આરોગો." બાદ બહાર આવી બ્રાહ્મણ વૈષ્ણવે તથા ક્ષત્રિય વૈશ્યોએ યજ્ઞોપવીત ધારણ કરેલી હોય તેમણે પ્રાતઃ સંધ્યા કરવી.

પછી રસોઈ ગૃહમાં જઈ ખાસાના જલઘરાની સેવા જલ ગાળવું, પાત્ર માંજવાં, વગેરે પ્રથમ કરી રસોઇ કરનારને મદદ કરવી, રસોઈ કરનાર બીજો મનુષ્ય ન હોય તો પ્રથમ થોડી રસોઈ કરી લેઈ તે પછી શ્રી ઠાકુરજીને જગાડવા, મંગલ ભોગનો સમય એક ઘડીનો રાખવો, સમય થાય એટલે ભોગ સરાવવો, આચમન મુખવસ્ત્ર કરાવવું. બીડી બે ધરવી મંગલ ભોગ ધરેલો ઉઠાવી પ્રસાદી વસ્તુમાં ઠલવવો, વાસણ માંજવાં, પઠો ધોઈ તેની નીચે પોતનું કરી હાથ ધોઈ ઝારી ઠલવવી, પછી ઝારી

અંગાળી ફેર ભરવી, ઝારીનો નેવડો ધોવાની જરૂર નહી, બની શકે તો અવશ્ય આરતી કરવી નહી તો ભાવના કરવી, હાથ ધોવા ડેરે આવ્યા પછીથી—

અભ્યંગ સ્નાન તથા શ્રૃંગાર.

સ્વરૂપ સેવા બિરાજતી હોય તો સ્નાન માટે એક પાત્રમાં જલ ઉષ્ણ (તાતું) કરવું, ઉત્સવ અથવા વાર હોય તો [1]અભ્યંગનો સાજ તૈયાર રાખવો, એક કટોરીમાં સુકો અથવા લીલો મેવો દુધઘર વગેરે સામગ્રી પણ પાસે ધરવી. પછી એક થાળીમાં એક ચોકી ધરી તેના ઉપર સફેત વસ્ત્ર બિછાવી તે ઉપર શ્રીઠાકુરજીને પધરાવવા, શીતકાલ હોય તો અંગીઠી પાસે રાખવી, અને શ્રી ઠાકુરજીના રાત્રિના શ્રૃંગાર વસ્ત્ર હોય તે વિજય કરવા, તે પછી ફુલેલ લગાવવું, અને શીતોષ્ણ સોહાતા જલથી સ્નાન કરાવી અંગવસ્ત્ર કરવું, ત્યારબાદ અત્તર લગાવી ઋતુ અનુસાર વસ્ત્રો ધરવાં.

વસ્ત્ર ધરવાની રીતિ.

કાર્તિક શુકલ એકાદશીથી ઉત્તરાયણ (મકર સંક્રાંતી)ના આગલા દીવસ સુધી રેશમી, ઉત્તરાયણથી પોષકૃષ્ણ ૧૪ સુધી છીંટનાં, પોષકૃષ્ણ અમાવાસ્યાથી માઘ શુકલ ૪ સુધી જરી વગેરેનાં, માઘ શુકલ છઠથી માઘ શુકલ ૧૪ સુધી રેશમી પુરાણાં, માઘ શુકલ પૂર્ણિમાથી ફાલ્ગુન શુકલ પૂર્ણિમા સુધી સુતરાઉ રંગ બે રંગી તથા સફેત, ફાગણ વદ બીજથી ફાલ્ગુન કૃષ્ણ અમાવાસ્યા સુધી જરી તથા રેશમી વગેરે, ચૈત્ર શુકલ પ્રતિપદાથી

૧ અભ્યંગનો પ્રકાર આગળ પાના ૧૯ માં જુઓ.

ચૈત્ર શુકલ અષ્ટમી સુધી છાપાનાં, ચૈત્ર શુકલ દશમીથી વૈશાખ શુકલ દ્વિતીયા સુધી રંગ બેરંગી મલમલનાં, વૈશાખ શુકલ ૪ થી આષાઢ શુકલ ૫ સુધી ફીકારંગની મલમલોનાં તથા સફેત વિના કિનારીનાં, આષાઢ શુકલ છઠથી ભાદ્રપદ અમાવાસ્યા સુધી રંગ બેરંગી કિનારી વાળાં મલમલનાં, આશ્વિન શુકલ ૧ થી આશ્વિન શુકલ નવમી પર્યંત છાપાનાં, આશ્વિન શુકલ એકાદશીથી કાર્તિક શુકલ દશમી સુધી તાસ તથા જરી વગેરેનાં, કાર્તિક શુકલ ૧૨ થી ફાલ્ગુન શુકલ ૧૫ સુધી આત્મસુખ વાગો રહે, શ્યામ મલમલનો, તથા રાજભોગ સમયે [1]તેહ બીછે, પેંડા નહિ, શય્યાની નીચે તેહ બીછાવીએ તો સદા બીછાવી રાખવી નહિ. પણ શય્યાની સેવા કરતી વખતે બુહારી કરવા માટે ઉઠાવવી. અને વસંતપંચમી સુધી સિંહાસન નીચે રાજભોગ સમયે તેહ બીછે તે ઉત્થાપન પર્યંત રહે. શય્યામાં આત્મસુખની ચાદર રૂ ભરેલી રાતી મલમલની કાર્તિક શુકલ ૧૧ થી ગાદી ઉપર બીછે, તેના ઉપર સફેત ચાદર આવે, શય્યાના કશના પ્રબોધિનીથી વસંતપંચમી સૂધી છુટી જાય. સવારે તથા સાંજે શ્રી ઠાકુરજી પાસે અંગીઠી રહે. અનુસરમાં બહાર કાઢવી. શ્રીઅંગે આત્મસુખ વાગો કાર્તિક શુકલ એકાદશીથી ડોલોત્સવ પર્યન્ત રહે, ફક્ત સ્નાન સમયે વડો કરવો. આત્મસુખ વાગામાં ઉપરના ભાગમાં શ્યામ મલમલ અને અસ્તર ગુલાબી મલમલનું રહે, તથા ઉત્સવના આત્મસુખ વાગામાં ઉપર કેસરી મલમલ સુતરાઉ રહે.

---

૧ નિજ મંદિરમાં તથા શય્યા મંદિરમાં સિંધાસન તથા શય્યા નીચે રૂઇની ગાદી બીછાવે છે તેને તહ કહે છે.

શ્રંગાર કરવાની રીતિ.

ચરણારવિન્દમાં–નેપૂર, કડાં, સાંકલાં. કેડમાં–કટિમેખલા.

શ્રીહસ્તમાં–કડાં, સાંકળાં, પોંચી, બાજુબંધ કુંદના સહીત ધરવાં. હૃદયમાં–રત્નની જડેલી વૈજયન્તી, તારાગણની માલા, સોનાના મણકાની માલા, સાંકળી, કંઠા ભરણ, સર્વે ઉપર ગુંજા. શ્રીમુખારવિન્દ ઉપર–ચિબુક, નકવેસર, તિલક. કર્ણમાં–કુન્ડલ, મત્સ્યાકૃતિ (મકરાકૃતી) અથવા મયુરાકૃતિ, તથા કર્ણફુલ. શ્રીમસ્તક ઉપર–શિરપેચ, શીશફુલ, તિલકની લડો, પાઘની લડો, તોરા, વેણી, ઉષ્ણકાલમાં ઉપર પ્રમાણે મોતીના શૃંગાર, શીરપેચ સહિત કર્ણફુલ, ચન્દ્રિકા શ્રી મસ્તકે ધરવાં હોય તો ધરવાં, અને મુકુટ અગર ટીપારો અથવા શેરાના શ્રૃંગાર હોય, ઉત્સવના દિવસે કુંડલ ધરવાં, ઉત્સવમાં શ્રી કંઠે હાંસ ધરાય, ઉત્સવ વિના કંઠાભરણ ધરાય. ફાલ્ગુન સુદિ બીજથી વૈશાખસુદ બીજ સુધીમાં સુદ તથા વદ બંને પક્ષની બીજ, પાંચમ, અષ્ટમી, એકાદશી, તથા સુદ પૂનમે મુકુટ ધરાય, (અઢીમાસ ઉષ્ણકાલમાં ન ધરાય) પાછો અષાડ સુદ પૂનમથી કાર્તિક સુદ પૂનમ સુધી ઉપર લખેલી તિથિયોમાં મુકુટ ધરાય. કાર્તિક વદ ૧૧ થી માહાવદ ૭ સુધી મુકુટ ન ધરાય. ઉત્સવનો શ્રૃંગાર હોય ત્યારે મુકુટનો આગ્રહ નહિ. રાત્રિના અનુસરમાં કર્ણફુલ, તથા પાઘ, પોંચી તિલક, નકવેસર, ચિબુક, કંઠાભરણ શ્રીહસ્તમાં કડાં, સાંકળાં ચરણારવિંદમાં નેપૂર, કડાં, સાંકળાં એ પ્રમાણે શ્રૃંગાર રહે, શીતકાલમાં સોનાનું કંઠાભરણ અને ઉષ્ણકાલમાં તથા ચોમાસામાં મોતીનું ધરાય, તેમજ શ્રૃંગાર પણ ઘણે ભાગે મોતીના ધરવા.

શ્રીમસ્તક ઉપર નવ તરેહના શ્રૃંગાર થાય છે તેની વિગત.

કુલ્હેપાગ—જોડ મોર પીંછનો તથા કામનો જોડ, મુકુટ-ક્રીટ મુકુટ, કલીનો મુકુટ, તથા સાદા મુકુટ તે પાઘ વિના ધરાય છે. ટીપારો-ટીપારાની ટોપી ઉપર શીખાને આજુબાજુ બે કતરા ધરવાથી ટીપારો થાય છે. તે પાઘ વિના ધરાય છે. શેરો-જડાવનો, મોતીનો, ભરેલો. પાગ અગર દુમાલો ધરી ઉપર ધરાય. દુમાલાનો શ્રૃંગાર-બે તોરા તેના ઉપર ચન્દ્રિકા અગર કતરો ધરાય. ફેંટો-એક તોરો તેના ઉપર ચન્દ્રિકા અગર કતરો ધરાય. પગાનો શ્રૃંગાર-પાછળ તોરાનો તેના ઉપર ચન્દ્રિકા અગર કતરો ધરાય. પાઘ ચન્દ્રિકા-મોર પીછની ચન્દ્રિકા. રેશમી, બાદલાની અથવા ઝીકની. ટોપી-આડી, ગોળ, ટોપો વગેરે. ઉપર પ્રમાણે ઋતુ અનુસાર શ્રૃંગાર કરવો. પછી ટેરો ખોલી દપર્ણ દેખાડવું.

વૈષ્ણવ વર્ગને દર્શન કરાવવાં, પલનાના વખતમાં શ્રીને પલને ઝુલાવવા. ગ્વાલભોગ વૈષ્ણવને ત્યાં ધરાતો નથી.

રાજભોગની રીતી.

જ્યારે રાજભોગ આવે ત્યારે શ્રૃંગારમાં ધરેલી ભોગની કટોરી, તથા ઝારી ઠલાવવી.

રાજભોગ સાજવાની વિધિ—હમેશાં જે જગા રાજભોગ ધરવા માટે મુકરર કરી રાખી હોય તે જગાએ પ્રથમ નીચે પાતળો બીછાવવી. તેને પનવારો કહે છે. તે ઉપર સઘળી સામગ્રીના થાળ તથા કટોરા ધરવા. શ્રી ઠાકોરજીના આગળ સખડીનો

થાળ, તેમાં દાળ તથા ઘી મેળવી ગ્રાસ (કોળ) કરવો. થાળની એક તરફ દાળનો ડબરો, શાકનો કટોરો થાળમાં જગ્યા હોય તો રોટી ધરવી. અગર જુદી ધરવી. દૂધ ભાત ધરવો, શ્રીઠાકોરજીના જમણા શ્રીહસ્ત તરફ સંધાણું (અથાણું) તથા લુણ ધરવું. દૂધ દહીં, ધરવું બે ઝારી ભરીને ધરવી; પછીથી શ્રીને રાજભોગમાં પધરાવવા. ગદ્ય એટલે બ્રહ્મસંબંધના નિવેદન મંત્રથી શ્રી ઠાકોરજીના ચરણારવિંદમાં તુલસી સમર્પવાં. ધુપ દીપ કરવો. ઘંટાનાદ સહ તુલસી શંખોદક કરવાં; પછી દંડવત પ્રણામ કરી હાથ જોડી દીનતા પૂર્વક પ્રાર્થના કરવી કે "હે પ્રભો ! શ્રીમદાચાર્યચરણ શ્રી મહાપ્રભુજી તથા શ્રી ગુસાંઇજી તથા શ્રી ગુરૂદેવની કાનિથી કૃપા કરી આરોગો" એ પ્રમાણે કાની દેઈ વિજ્ઞપ્તિ કરી બહાર આવી બ્રાહ્મણ વૈષ્ણવ અથવા યજ્ઞોપવિત ધારણ કરેલા ક્ષત્રિય વૈશ્યોએ મધ્યાન્હ કર્મ, મધ્યાન્હ સંધ્યા, બ્રહ્મયજ્ઞ, તર્પણ, જપ વગેરે કરવું.

તે પછી રસોઈનાં વાસણ માંજવાં, તથા રસોઈ ઘરમાં પોતવું; બાદ મંદિરમાં સિંહાસન ઉપર ખંડપાટ બિછાવવા. ખિલોનાં ધરવાં. ચોપટ માંડવી, ગેંદ, ગેડી, વગેરે ધરવાં. હંસ, ગાયો, હાથી, સિંહ, ઘોડા, કબુતર, તથા ચકલીઓ, ઘુઘરા, ચુસણી, ટાચકા વગેરે ધરવાં રાજભોગનો સમય બે ઘડીનો રાખવો. સમય થયો જાણી ભોગસરાવવો. આચમન–મુખવસ્ત્ર કરાવવું. બીડાં ચાર ધરવાં, ચરણારવિંદમાથી તુલસી વડાં કરવાં, અને મોટા સિંહાસન ઉપર શ્રીને પધરાવવા બગલ તકીયા ઉપર મુખ વસ્ત્ર ગડીવાળી ધરવું. મંદિર ખોલી દર્શનીક વૈષ્ણવોને દરશન કરાવવાં. દર્પણ

દેખાડવું. ઠાડું સ્વરૂપ હોય તો વેણુ વેત્ર ધરવું, શ્રીબાલકૃષ્ણજી બિરાજતા હોય તો વેત્ર નહિં. રાજભોગ આરતી કરી હાથ ધોવા, અછવાવાની તશ્ટી પાટ પાસે પડઘા ઉપર ઉત્થાપન સુધી રહે. દર્પણ દેખાડવું નિકટથી તથા દૂરથી, પછી વેણુ વેત્ર વડુ કરવું ફુલની માળા વડી કરવી. શય્યાની સેવા પહેલાં કરી હોય તો ઠીક ન કરી હોય તો કરવી; શય્યા પાસે ઝારી તસ્ટીમાં ધરવી. બંટામાં ભોગ ધરવો. તબકડીમાં બે બીડાં સિહાસન ઉપર ધરવાં. પછી દંડવત્પ્રણામ કરી મંદીર મંગલ કરવાં. ત્યાર પછી બ્રાહ્મણ વૈષ્ણવ હોયતો વૈશ્વદેવ કરવો. ત્યાર બાદ સ્વશકત્યાનુસાર બને તો વૈષ્ણવને પ્રસાદ લેવડાવવો. અને શક્તિ ન હોય તો નિત્ય નિયમ પ્રમાણે ગૌ ગ્રાસ કાઢીને પછીથી મહાપ્રસાદ લેવો.

મહાપ્રસાદ લેવાનો વિધિ.

પ્રસાદ લેતી વખતે પૂર્વ અગર પશ્ચિમ દિશા તરફ મુખ-રાખી બેસવું. જલનું પાત્ર ચાંદી અગર તાંબાનું [1]ઉપપાત્ર સહિત જમણી તરફ મુકવું. પૃથ્વી ઉપર ગોમય (ગોબર) સહિત જલથી પોતનું કરી પાતલ ધરવી- (પાતલ કેળ, આંબો. જાંબુ, ફણુસ, ચંપો, તથા ખાખરાનાં પાંદડાંની ઉત્તમ ગણેલી છે. પાત્રમાં પ્રસાદ લેવો હોય તો ચાંદીના પાત્રમાં ઉત્તમ છે. અને પિત્તલના પાત્રમાં મધ્યમ છે. ત્રાંબા તથા લોઢાના પાત્રમાં લેવું શાસ્ત્રથી નિષિદ્ધ છે, માટે તેમાં પ્રસાદ લેવો નહિ.) પછી શ્રી હરિસ્મરણ પૂર્વક પ્રસાદ લેવો. પ્રસાદ લેતી વખતે મૌન રાખવું. મહાપ્રસાદની નિંદા

૧ ઉપપાત્ર એટલે ન્હાની લોટી.

સર્વથા ન કરવી. "પ્રભુના અર્થે બગડયા સુધર્યાની ફક્ત સૂચના કરવામાં દોષ નથી" મહાપ્રસાદ લેતી વખતે જલ લેવું હોય તો ડાબા હાથે ઉપપાત્ર (નાની લોટી) લેઇ જમણા હાથનો ટેકો લેઈ જલ લેવું, કેમકે ડાબા હાથથી જલ લેવાનો શાસ્ત્રમાં દોષ કહ્યો છે. પ્રસાદ લેઇ રહ્યા પછી મૃતિકા લેઈને હાથમાં ચિકાશ ન રહે તેવી રીતે બંને હાથ ભેગા કરી ધોવા. તે પછી મુખ ધોઇને બાર અગર સોળ કોગળા કરવા. તેથી પણ મુખમાં જુઠણનો સંદેહ હોય તો અધિક કરવા. પછી પ્રસાદી બીડી અગર વિધવા સ્ત્રિઓએ પ્રસાદી સોપારી લેવી. જુઠણનું પોતનું ત્રણ વખત કરવું ત્યાર બાદ સો ડગલાં ટહેલવું. ત્યાર બાદ આજીવીકાર્થે એક પ્રહર વ્યવહારિક ઉદ્યમ નીતિ પૂર્વક સત્યતાથી કરવો. બાદ ચતુર્થ પ્રહર થાય એટલે.

ઉત્થાપનનો વિધિ.

શુદ્ધ જલથી સ્નાન કરી શુદ્ધ (અસ્પૃશ્ય–અપરસનું) વસ્ત્ર ધારણ કરી શ્રીજીનું ચરણામૃત લેઇ (વિવિધ ધોળ તથા પદ સંગ્રહ ભાગ ૧ લામાં લખેલી વિધીથી) તિલક મુદ્રા ધારણ કરી હાથ ધોવા. ઉત્થાપન ભોગ માટે લીલો મેવો પ્રથમથી સિદ્ધ કરી રાખવો, તે પછી ત્રણ વખત ઘંટાનાદ કરવા; બાદ પાંચ મિનિટ ઠેરી મંદિરને દંડવત્ કરી ધીરેથી મંદીરનાં કમાડ ખોલી દરશન કરાવવાં, પેડો ઉઠાવવો. ચોગાન (ગેંદ ગેડી) ઉઠાવવાં. શય્યા પાસેના ઝારી બંટા પ્રસાદી વસ્તુમાં ઠલવવા સિંહાસન ઉપરના ઝારી બંટા ઠલવવા. ઝારી ખંગાળી ફેર ભરવી લીલો મેવો ખાસા કરી ઉત્થાપન ભોગમાં ધરવો. અડધી ઘડીનો સમય રાખવો. સમય થયો

જાણી ભોગ સરાવવો. આચમન મુખવસ્ત્ર કરાવવું પછીથી ભોગનાં દર્શન કરાવવાં. સંધ્યા આરતિ ને ગ્વાલ વૈષ્ણવને ઘેર થતા નથી.

શયનનો વિધિ.

પછી શ્રીઠાકુરજીને છોટા સિંહાસન ઉપર પધરાવી શ્રૃંગાર વિજય કરવા. (અનુસરમાં ક્યા ક્યા શૃંગાર રહે તે શ્રૃંગારના પ્રકારમાં પ્રથમ લખ્યું છે ત્યાં જોઈ લેવું) (દશરાથી પ્રબોધિની સુધી શયનમાં વાગો રહે, પ્રબોધિનીથી તે ડોલ સૂધી આત્મસુખ વાગો શયન તથા અનુસરમાં રહે. દ્વિતીયાપાટથી રામનવમી સુધી શીત માલુમ પડે તો વૈશાખ સુદ બીજ સુધી શયનમાં વાગો રહે પોઢતી વખતે વડો કરવો.) પછી ઝારી બદલીને શયન ભોગ ધરવો. શયન ભોગમાં અનસખડીમાં પૂરી તથા શાક ધરવું. અને અડધો સમય થાય એટલે દૂધની કટોરી ધરવી. એકંદર ઘડી એકનો સમય રાખવો, બહાર આવી વૈષ્ણવ બ્રાહ્મણે અગર ઉપવીત લીધેલા ક્ષત્રિય તથા વૈશ્યોએ સાયંસંધ્યા તથા જપ કરવો સમય થયો જાણી ભોગ સરાવી આચમન મુખવસ્ત્ર કરાવવું, બીડાં બે ધરવાં. ઝારી બદલવી, શય્યાપાસે ઝારી બંટા ધરવા. બંટા ભેગમાં બે નંગ ધરવાં, બીડાનો બંટો ધરવો, પછી શયનનાં દરશન ખુલે બની શકે તો શયન આરતિ કરવી. અથવા ભાવના કરવી પછી સિંહાસન ઉપર ઝારી હોય તે શય્યા આગળ પધરાવવી અનુસરમાં ઝારી બે ધરવાં, શૈયાની સેવા પ્રથમથી કરી રાખવી. પછી શ્રી ઠાકોરજીને પોઢાવવા. વેણુ તથા મુખવસ્ત્ર શય્યામાં ધરવાં. ચાદર ઓઢાવવી. શીતકાલ હોય તો દુલાઇ રજાઈ ઓઢા-

વવી. શયનની માલા હોય તે શય્યા પાસે તરટીમાં પડઘા ઉપર ધરવી. પછી શયન ભોગનાં બીડાં અને રાજભોગની માલા હોય તે લઈ બહાર આવવું; મંદિર તાલાંમંગલ કરી મંદિરને દંડવત્ કરવા, દિવસ અને રાત્રિમાં બે વખત ભોજન કરવાનું વિધાન છે. માટે ક્ષુધા હોય તો પ્રથમ લખેલી વિધિ પ્રમાણે મહાપ્રસાદ લેવો. પ્રસાદ લીધા પછી પ્રથમ લખ્યા પ્રમાણે હાથ તથા મુખની શુદ્ધિ કરી પ્રસાદી સોપારી લેઈ નિશ્ચિંત થઈ સત્સંગ કરવો.

સત્સંગ.

ત્યાર બાદ ગામમાં જો પુષ્ટિ સંપ્રદાયનું ભગવન્મંદિર હોય તો ત્યાં અથવા જ્યાં વૈષ્ણવ મંડલી વા સત્સમાગમ થતો હોય ત્યાં [1]વૈષ્ણવ બ્રાહ્મણના મુખથી શ્રીમદ્ ભાગવત, શ્રી સુબોધિનીજી તત્વદીપ નિબંધ, ષોડશ ગ્રંથોની ટીકા, તથા શ્રી ગુસાંઇજી, શ્રી ગોકુલનાથજી, તથા મહાનુભાવિ શ્રી હરિરાયજી, તથા શ્રી પુરુષોત્તમજી વગેરે આચાર્યોના કરેલા સંસ્કૃત સિદ્ધાંત ગ્રંથોનું એકાગ્ર ચિત્તથી શ્રવણ કરવું. જો સંસ્કૃત ગ્રંથો શ્રવણ કરાવનાર ન મળે તો તે ગ્રંથોનાં ભાષાંતર તથા ચોરાશી, બસો બાવન વૈષ્ણવોની વાર્ત્તા વગેરે સાંપ્રદાયિક ગ્રન્થોનું અવલોકન કરવું (સાંપ્રદાયિક ગ્રંથો માટે અમારે ત્યાં મળતાં વૈષ્ણવોપયોગી પુસ્તકોનું સૂચિપત્ર મંગાવો) જો પોતાના ગામમાં એવો સત્સમાગમ ન મળે તો પોતાના ઘરમાંજ [illegible] તથા ભગવત્કીર્તન અવશ્ય કરવું. એક દિવસ

૧ સ્વમાર્ગીય બ્રાહ્મણ [illegible] સ્વ સંપ્રદાયના સિદ્ધાંતનું રહસ્ય અન્ય સંપ્રદાયના વિદ્વાનો [illegible]

પણ ભગવત્કથા તથા કીર્તન વિના વૃથા જવા દેવો નહિ. કેમકે નારદપંચરાત્રમાં શ્રીશંકરનું વાક્ય છે કે.

तद्दिनं दुर्दिनं मन्ये मेघाच्छन्नं न दुर्दिनम् ।
यद्दिनं कृष्ण संलाप कथा पीयूष वर्जितम् ॥

અર્થ—મેઘથી આચ્છાદિત દિવસને હું દુર્દિન (ખરાબ દિવસ) માનતો નથી. પરંતુ શ્રીકૃષ્ણ નામોચ્ચારણ વિનાનો તથા તેમની કથા રૂપી અમૃત પાન વિનાનો જે દિવસ છે તે દિવસને જ હું દુર્દિન માનું છું. તેમજ શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે કે—

तुलयाम लवेनापि, न स्वर्गं ना पुनर्भवम् ॥
भगवत्संगि संगस्य मर्त्यानां किमुताशिषः ॥

અર્થ:-ભગવદીયનો ક્ષણમાત્ર સંગ હોય તો તે સંગની સાથે સ્વર્ગસુખની તથા મોક્ષ સુખની પણ તુલના થઇ શકતી નથી તો મનુષ્યના રાજ્યાદિ ક્ષણિક સુખની તુલનાની તો ગણનાજ શી ! ઈત્યાદિ સત્સંગ માટે અનેક પ્રમાણો વિદ્યમાન છે.

સારાંશ એ છે કે આ સંસારના જન્મ મરણ રૂપ દુ:ખથી છુટવા સત્સંગજ નિરૂપણ કરેલ છે, માટે સર્વ વૈષ્ણવોએ જેમ બને તેમ લૌકિક કાર્યોથી નિવૃત થઇ સત્સંગ માટે યત્ન કરવો અને દુ:સંગનો સર્વથા ત્યાગ કરવો દુ:સંગથી બચવાની જીજ્ઞાસાવાળાએ શ્રીહરિરાયજીકૃત દુ:સંગવિજ્ઞાનપ્રકાર નામનો ગ્રંથ વાંચવો.

શયનનો વિધિ.

એ પ્રમાણે રાત્રિનો પ્રથમ પ્રહર સત્સંગમાં વ્યતીત કરી પછી શયન વખતે હાથ પગ ધોઇ શ્રીજીનું ચરણામૃત લેઈ જેટલો બની શકે તેટલો અષ્ટાક્ષર મંત્રનો ઉચ્ચારણ કરીને તથા દીનતા-આશ્રયનાં કીર્તન બોલી (જુઓ વિવિધ ધોળ તથા પદ સંગ્રહ ભાગ ૧ લો) શ્રીહરિસ્મરણ કરતાં કરતાં સુઈ રહેવું.

"પુષ્ટિ ભક્તિ સંપ્રદાય વિષે જાણવા યોગ્ય વિષયો."

કીર્તનનો વિધિ–શ્રી ઠાકોરજીને જગાવવાથી માંડી. પોઢવા સૂધીનાં કીર્તન ઋતુ અનુસાર સમયાનુસાર જે તે વખતે કરવાં ને તે અમારા "વિવિધ ધોળ તથા પદ સંગ્રહ ભાગ ૧ લો. પ્ર. ૨-જામાં" જોઇ લેવાં અત્રે સ્થળ સંકોચના લીધે આપી શક્યા નથી.

અભ્યંગનો વિધિ–આંબળાંને પ્રથમ દિવસે પલાળવા અને બીજે દિવસે વાટી નાંખવાં તેમાં સુકો તુલસીનો ભુકો વાટીને હળદર તથા અત્તર નાંખી ગોટી બંધાય છે. એ પ્રમાણે ગોટી બાંધિ રાખવી. અને અભ્યંગ કરાવવાનું હોય ત્યારે ગોટીને ઘશી રાખવી તથા એક કટોરીમાં કેશરીચંદન અને એક કટોરીમાં સફેત ચંદન ઘસી તૈયાર રાખવું, શીતકાલમાં આંબળાં નહિ પણ ફુલેલ તથા અત્તર રાખવું.

નિત્યપાઠ–બ્રાહ્મણ વૈષ્ણવ જો ભણેલો હોય તો તેણે સ્વ શાખીય વેદની સંહિતાનો તથા ઉપનિષદ્નો પાઠ કરવો અને અન્ય દ્વિજ વૈષ્ણવોમાં જેને સ્વમાર્ગીય ગ્રન્થો કંઠસ્થ હોય તેમણે

સ્નાન કરીને શ્રીયમુનાષ્ટકથી પ્રારંભ કરવો ને ભગવત્સેવા કરતાં કરતાં પાઠ કરવા, કંઠસ્થ ન હોય તો સેવાથી પહોંચીને પુસ્તકમાં જોઈને શ્રીમદ્ ભાગવત. ભગવદ્ગીતા, ષોડષગ્રંથ, શ્રીપુરુષોત્તમ સહસ્ત્ર તથા સર્વોત્તમ, વલ્લભાષ્ટક, સપ્તશ્લોકી, નામરત્ન, તથા મધુરાષ્ટક, અને ગોકુલાષ્ટક વગેરે પાઠ કરવા, તમામ પાઠ ન બને તો યમુનાષ્ટક, સર્વોત્તમ, નવરત્ન. કૃષ્ણાશ્રય, તથા ચતુઃશ્લોકી એ પાંચ પાઠ અવશ્ય કરવા. (**તે માટે અમારૂં વૈષ્ણવોપયોગી નિત્ય નિયમના મુખ્ય પાઠ તથા ધોળ મંગાવો.**)

ભોજન સંબંધી જાણવા યોગ્ય વિષય–રજસ્વલા, શ્વાન, (કુતરૂં) કાક, (કાગડો) ચાંડાલ, ક્ષુદ્ર, વગેરેની દૃષ્ટિ ન પડે એવા એકાંત સ્થાનમાં ભોજન કરવા બેસવું.

ભોજનના આરંભ તથા અંતમાં ઉદરપૂર્તી અન્નના બે ભાગથી કરવી, ત્રીજો ભાગ જલથી પૂર્ણ કરવો અને ચોથો ભાગ પ્રાણ વાયુના સંચાર માટે ખાલી રાખવો. ભોજન કરી ઉઠતી વખતે પાતલમાં થોડો થોડો પદાર્થ અવશેષ રાખવો. પાતલ બીલકુલ ખાલી કરી ઉઠવું નહિ. પ્રાતઃકાલ, સાયંકાલ તથા મધ્ય રાત્રીના અનંતર ભોજન કરવું નહિ. પગ ઉપર પગ મુકીને વા પગ ઉપર હાથ મુકીને અથવા પગ લાંબા કરીને વા ડાબા હાથે ભોજન કરવું નહિ. શૂદ્રશેષ–અર્થાત્ જે પાકમાંથી પ્રથમ શૂદ્રે ભોજન કર્યું હોય તે પાકમાંથી દ્વિજે (બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્યો) એ ભોજન કરવું નહિ. કેમકે તે શૂદ્રનું ઉચ્છિષ્ટ કહેવાય છે. તેવીજ રીતે જે પાત્રથી શૂદ્રાદિકને પેય (જલ દૂધ વગેરે) પાન

કરાવ્યું હોય તેજ પાત્રથી જલ પાનાદિક દ્વિજોએ કરવું નહિ. એક પંક્તિમાંથી જો કોઈ મનુષ્ય ભોજન કરી પ્રથમ ઉઠી જાય તો દ્વિજોએ પાતલમાં રહેલું અન્ન ત્યારપછી જમવું નહિ. પરિવેષણ શેષ–એટલે પીરસતાં બાકી રહેલું શેષ ભંડારમાં મૂકવું નહિ. બાલક તથા સ્ત્રીને એક પાતલમાં સાથે બેસાડી ભોજન કરવું નહિ. બાલક તથા વૃદ્ધોને ભોજન કરાવ્યા શિવાય ભોજન કરવું નહિ. વર્ણાશ્રમ ધર્મ પાળવા–શ્રીમહાપ્રભુજીની નિબંધમાં સ્પષ્ટ આજ્ઞા હોવાથી પોતાનાથી ઉતરતી વર્ણનો મહાપ્રસાદ સર્વથા લેવો નહિ. રજસ્વલા સ્ત્રીને અન્ન તથા પાત્રાદિકને સ્પર્શ કરાવવો નહિ. ત્રાંબાના પાત્રમાં દહીં, દૂધ, કાંસાના પાત્રમાં શેલડીનો રસ, તથા નાળિયેરનું પાણી, અને ગોળની સાથે દહીં, દૂધ તથા આદુ ભક્ષણ કરવું નહિ, કેમકે તેનો શાસ્ત્રમાં નિષેધ છે.

શયન સબંધી જાણવા યોગ્ય વિષયો.

સંધ્યા સમયે, ગૌશાલામાં, દેવ, બ્રાહ્મણ તથા ગુરૂના ઉપરના ભાગમાં, ઉચ્છિષ્ટ સ્થિતિમાં, સ્મશાન સંબંધી સ્થલમાં અથાત્ સમાધિવાળા સ્થળમાં, મોટા વૃક્ષના મૂળમાં, નગ્ન; અથવા કાછડી વિના, શયન કરવું નહિ, પૂર્વ, પશ્ચિમ, તથા દક્ષિણ તરફ મસ્તક રાખી શયન કરવું નહિ, ગૃહસ્થને ઋતુકાલમાં પોતાની સ્ત્રી પાસે જવાનું શાસ્ત્રમાં વિધાન છે. ઋતુ એટલે રજસ્વલા થાય ત્યારથી સોળ રાત્રિને ઋતુકાલ કહેવામાં આવે છે, તેમાં પ્રથમના ચાર દિવસનો ત્યાગ કરવો. ઋતુમતી સ્ત્રી પાસે શરીરની અસ્વસ્થતા વગેરેના કારણ શિવાય ન જાય તો ઉલટો શાસ્ત્રમાં

દોષ કહ્યો છે. માટે ઋતુકાલમાં એકાદશી, અષ્ટમી, અમાવાસ્યા, ચતુર્દશી, પૂર્ણિમા, શ્રાદ્ધ, પષ્ઠી, વ્રત, તથા પર્વના દિવસો ત્યાગ કરી પોતાની ધર્મપત્ની એટલે શાસ્ત્રવિધિથી વિવાહિતા સ્ત્રી પાસે અવશ્ય ગમન કરવું. તે સમયે વૈષ્ણવોએ ભગવદ્ભક્ત સુલક્ષણવાન્ પુત્ર થવાની ઈચ્છા રાખવી. એ પ્રમાણે ઋતુ ગમન કરનારને શાસ્ત્રમાં બ્રહ્મચારી ગણેલા છે. સ્ત્રી સમીપ જતી વખતે જનોઇ ગળામાં માળાની માફક કરવું. અથવા પીઠ ઉપર રાખવું. પછી હાથ પગ ધોઇને સોળ કોગળા કરી શ્રીહરિ સ્મરણ પૂર્વક શ્રીજીનું ચરણામૃત લેઈ સુખ પૂર્વક શયન કરવું.

નિષિદ્ધ વિષય—વૈષ્ણવોએ ભગવત સેવામાં પ્રતિબંધક કામ. ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, એ છ શત્રુઓનો સર્વથા ત્યાગજ કરવો. આ છ શત્રુઓમાં પણ કામ મુખ્ય છે—

महत्सेवां द्वारमाहुर्विमुक्तेस्तमो द्वारंयोषितां सङ्गि सङ्गम् ॥

મહત્પુરૂષોનો જે સંગ તેનેજ મુક્તિનું દ્વાર કહેલું છે. અને સ્ત્રીઓનો તથા સ્ત્રીઓનો જે સંગ કરનારા છે તેમનો સંગ નરકનું દ્વાર કહેલું છે. દયારામ ભાઇએ પણ "ભક્તિ નીતિ" માં કહ્યું છે કે—

" સ્ત્રી એજ મોટી મોહિની, તેથી નવ રહેવું સ્ત્રી પાસ, "
ભોળાને ચંચળ કરે. ક્ષણમાં ઘાલે સત્યાનાશ. "

વળી શાસ્ત્રમાં પણ કહ્યું છે કે:—

दर्शना- हरते चित्तं, स्पर्शना- हरते धनम्
सङ्गमा- हरते वीर्यं, कांता प्रत्यक्ष राक्षसी ॥

સ્ત્રીને જોવાથી તરતજ પુરૂષના ચિત્તને હરણ કરે છે, અને સ્પર્શ કરવાથી ધનને હરણ કરે છે, સમાગમથી બળને હરે છે, માટે સ્ત્રી એજ પ્રત્યક્ષ રાક્ષસી જાણવી.

परयोनौ पतिते बिन्दौ कोटि पूजा विनश्यति ।
जपो हानिस्तपो हानि ब्रह्महत्या पदे पदे ॥

પરસ્ત્રીની યોનિમાં બિંદુ પડવાથી વ્યભિચાર કરનાર પુરૂષના કરોડો જન્મની પૂજા, જપ, તથા તપની હાનિ થાય છે, અને વ્યભિચાર માટે જતાં પગલે પગલે બ્રહ્મહત્યાનું પાપ લાગે છે. એટલુંજ નહિં. પણ વ્યભિચાર કરનાર સ્ત્રી પુરૂષ બન્નેને સાડા ત્રણ કરોડ વર્ષ સુધી કુંભીપાક નામના નરકનું દુ:ખ ભોગવવું પડે છે. માટે પરસ્ત્રી સાથે વ્યભિચાર સર્વથા ત્યાગ કરવો. માનસિક પણ વ્યભિચાર નિષિદ્ધ છે. જુઓ ભાગવતમાં માનસિક વ્યભિચાર કરવાથી શ્રીપરશુરામે પોતાની માતાનું મસ્તક છેદન કરેલું છે. વધુ વિગત માટે " કામાખ્યદોષવિવરણ " નામનું પુસ્તક વાંચવું.

મિથ્યાલાપ. (જુઠું બોલવું) વૃથાલાપ, (કામ વિનાનું બોલવું) ધુત (જુગાર) ચોરી વગેરે નિંદિત કર્મનો સર્વથા ત્યાગ કરવો. તેવીજ રીતે પરસ્ત્રી, કામી, ચોર, બહિર્મુખ, નાસ્તિક, દુર્જન, વગેરેનો સંગ સર્વથા કરવો નહિં. તેમજ સૂતકીનું અન્ન, અગીઆરસું, બારમું, પ્રેતાન્ન વગેરે તામસી ભોજનનો સર્વથા ત્યાગ કરવો. અને લશુન. [લસણ] ડુંગળી, ગાજર, કાળીંગડું, લાલમૂળો. સફેદ વૃંતાક, ઇત્યાદિ શાસ્ત્ર નિષિદ્ધ પદા-

ર્થોનો અવશ્ય ત્યાગ કરવો. તેમજ મદ્ય, ગાંજો, ભાંગ; અફીણ, તમાકુ, વગેરે નિશાવાળા શાસ્ત્ર દૂષિત વસ્તુઓનો સર્વથા ત્યાગ કરવો. મતલબકે શાસ્ત્રવિહિત પદાર્થોનું સેવન કરવું, અને શાસ્ત્ર નિષિદ્ધ પદાર્થોનો ત્યાગ કરવો. ॥ ઇતિશમ્ ॥

इति श्रीमद्वादीन्द्र वृन्द विध्वंसन प्रचण्डमार्त्तण्ड श्रीमदखण्ड भूमण्ड लाचार्य चक्र चूडामणि जगद्गुरु श्रीमन्महाप्रभु श्रीमद्वल्लभाचार्य चरणानुकंपाकांक्षिणा गुर्जर (गुजरात) देशान्तर्गत खेडा मण्डलान्तर्वर्त्युमरेठ ग्राम वास्तव्य ज्योतिर्विदुप नामक. पण्डित हरिजीवनात्मज ज्येष्ठाराम शास्त्रि, सङ्कलितः सेवाप्रकार.

समाप्तिमगमत् ॥



પ્રકરણ ૨ જું.

બારમાસિક ઉત્સવનાં કીર્તનો.

બાર માસિક ઉત્સવનાં કીર્તનો આપતા પહેલાં અમારે વૈષ્ણવ વર્ગને જણાવવું જોઇએ કે શ્રીઠાકોરજીના સન્મુખ કરવાનાં કીર્તનો પ્રાત:સમયથી સાંજ સુધીનાં પ્રથમ આપવાં જોઈએ. તો તે અમોએ અમારા વિવિધ ધોળ તથા પદ સંગ્રહ ભાગ ૧ લો પ્રકરણ ૨ જામાં આપેલાં છે ત્યાં જોઈ લેવાં. (વળી હાલમાંજ "કીર્તન સંગ્રહ ભાગ ૧ લો" (વર્ષોત્સવ કે કીર્તન) આ પુસ્તક બહાર પડયું છે તે જોવું.) તેમજ બારમાસિક ઉત્સવ પ્રથમ જન્માષ્ટમીથી શરૂ થાય છે. તો તેનાં કીર્તનો, વધાઈ તથા ધોળ તે પણ એ પુસ્તકના પ્રકરણ પાંચમામાં આપ્યાં છે; ત્યાં જોઇ લેવાં. અત્રે તો ફક્ત શ્રીરાધાષ્ટમીથી શરૂ કરી રક્ષાબંધન સુધીનાં કીર્તનો આપ્યાં છે.

શ્રીરાધાજીની વધાઇ. (ભાદરવા શુદી ૮.)

રાગ દેવગંધાર. પદ ૧ લું.

આજ બરસાને બજત વધાઈ,
પ્રગટ ભઈ વૃષભાન ગોપકે, સબહિનકી સુખદાઈ. ૧
આનંદ મગન કહત જુવતી જન, મહરિ વધાવન આઈ;
બંદીજન માગધ જાચક ગુની, ગાવત ગીત સુહાઈ. ૨
જય જયકાર ભયો ત્રિભુવનમેં, પ્રેમ વેલિ પ્રગટાઈ;
સુરદાસ પ્રભુકી યહ જીવન, જોરી સુભગ બનાઈ. ૩

રાગ ધનાશ્રી. પદ ૨જું.

બરસાને વૃષભાન ગોપકેં આનંદકી નિધિ આઈ જુ;
ધનિ ધનિ કુખી રાની કીરતિકી, જીન યહ કન્યા જાઈ. ૧
ઈંદ્રલોક ભુવલોક રસાતલ, દેખી સુની ન ગાઈ;
સિંધુ સુતા ગિરિ સુતા સચી રતી, ઈન સમાન કોઉ નાંઈ. ૨
આનંદ મુદિત જસોદા રાની, લાલકી કરેં સગાઈ;
પ્રભુ કલ્યાણ ગિરિધરકી જોરી, વિધિના ભલી બનાઈ. ૩

રાગ સારંગ. પદ ૩ જું.

આજ રાવલમેં જય જયકાર.
પ્રગટ ભઇ વૃષભાન ગોપકેં, શ્રીરાધા અવતાર. ૧
ભુષન વસન શોભિત અંગ અંગન, કંઠ મનોહર હાર;
હાટક તન વદનારવિંદ છબી; દુહું દિશ ભયો ઉજિયાર. ૨
સબ સખિયન મિલી દ્વારેં આઇ, ગાવત મંગલ ચાર;
નિર્મીત જોરી કુંવર મોહનકી, રામદાસ બલિહાર. ૩

પદ ૪ થું.

પ્રગટયો સબ વ્રજકો શ્રૃંગાર;
કરતિ કુખિ ઓતરી કન્યા, સુંદરતાકો સાર. ૧
નખ શિખરૂપ કહાંલોં વરનોં, કોટિ મદન બલિહાર;
પરમાનંદ વૃષભાન નંદની, જોરી નંદ દુલાર. ૨

રાગ કાન્હરો. પદ ૫ મું.

આઠેં ભાદોંકી ઉજિયારી;
રાવલમેં વૃષભાન ગોપકેં, પ્રગટી શ્રીરાધા પ્યારી. ૧
શ્રૃતિ સ્વરૂપ સબ સંગ કરી લીને, વ્રજપતિ હેત વિચારી;
દાસ ગોપાલ વલ્લભજુકી, સ્વામીની વશકીને ગિરિધારી. ૨

શ્રી રાધાજીની ઢાઢી. રાગ મારૂ. પદ ૬ ઠું.

યદુવંશી જીજમાન, તિહારો ઢાઢી આયો હે;
કુંવરી જન્મ સુનિકેં હોં આયો, રાખી હમારો માન. ૧
એકવાર હોં પહલેં આયો, દેન વધાઈ તાકી;
નંદી સુર વ્રજરાજ ધરનિધર, કુખિ સિરાની જાકી, ૨
અબતો મેરે મનકો ભાયો, દોઉ નેગ ચુકાવો;
નંદરાની કીરતિ દે રાની, ઢાઢીનકો પહરાવો. ૩
બહોત ભાંતિ ઢાઢીન પહરાઈ, ગોપરાય બડદાની;
કીશોરીદાસકોં નિર્ભય કરિકેં, વ્રજ રાખ્યો વ્રજરાની. ૪

શ્રી રાધાજીનાં પાલનાં. રાગ બિલાવલ. પદ. ૭ મું.

અહો મેરી લાડિલી કુંવરિ, કંચન પાલને ઝુલે;
મૃદુ મુસિકાની નિરખી નેન, સુખ કીરતિજુ મનહી મનં ફુલે. ૧

કબહુંક ચટકારી ચટકાવતિ, કબહુંક બોલન બોલે,
સૂરદાસ મદન મોહન પિયકી, આનંદકો રસ બાણુ બોલે. ૨

શ્રી ચંદ્રાવલીજીની વધાઇ. (ભાદરવા સુદ ૫)

રાગ સારંગ.

ચંદ્રભાનકે નવનિધિ આઈ.
સુપમા કુખિ અવતરી કન્યા, ઘર ઘર બજત બધાઈ. ૧
નામ ધર્યો ચંદ્રાવલિ સુખનિધિ, કોટિક ચંદ લજાને;
ભાદોં સુદિ પાંચે શુભ વાસર, અરૂણ હૃદય રસ માને. ૨
સુનિ વૃષભાન નંદ મન હરખે, દેખિ અનુપમ શોભા;
કૃષ્ણદાસ ગિરિધરકી જોરી, દેખત રતિપતિ લોભા. ૩

શ્રી લલિતાજીની વધાઇ. (ભાદરવા સુદ ૬)

રાગ સારંગ.

આજ સખી સારદા કન્યા જાઈ.
ભાદોં સુદિ પષ્ઠીહિ શુભ દિન, શુભ નક્ષત્ર વર આઈ, ૧
ભેરિ મૃદંગ દુંદુભી બાજત નંદકુંવર સુખદાઈ;
ગોપીજન પ્રફુલ્લિત ભઇ ગાવત, મંગલગીત વધાઈ, ૨
નામ કરનકો ગર્ગ પરાશર, ગૌતમ વેદ પઢાઇ;
દીને દાન પિતા વિશોકજુ, નારદ બીન બજાઈ. ૩
આભુષન પાટંબર બહુવિધ, ગો ભૂ દાન કરાઈ;
નંદરાય વૃષભાનરાય મિલિ, વિશોક હી દેત વધાઇ. ૪
સકલ સુવાસિની ધરત સાથિયે, કીરતિ પંજીરિ ધાઈ;
વ્રજપતિકી સ્વામિનીયહ પ્રગટી, લલિતા નામ વધાઈ. ૫

શ્રી નવનાગરી. રાગ બિલાવલ.

શ્રી નવનાગરી પ્યારી. તૂ વૃંદાવનકી રાની.
વિહારીન લાડલી પ્યારી, તેરી કીરતિ જગત વખાની.
છંદ—જગતમેં જગમગ રહ્યો યશ, વિન કૃપા કયોં બુઝહીં;
અભિમાન અંધા લોગ કરમઠ; તાહી કછુબન સૂઝહીં.
કરો કૃપા પરમ ઉદારયે; મોહી વાર વાર સુહાવહી;
બલિજાઉં શ્રી વૃષભાન નંદની, સુજશ તિહારો ગાવહી. ૧
શ્રી નવનાગરી પ્યારી, તેરી મોતિન માંગ સંવારી;
બિહારન લાડલી તેસિ, પહિરે ઝુમક સારી.
છંદ—સારી જો ભીજી કુલેલમેં રહી, પ્રગટ બેની દેખિયે,
ઘસી શિશ સુમેરતે આનોં, ભ્રમર પાંતિ બિસેખિયે,
લલિત કટિ પર લાલ લેંહેગો, નીલ કંચુકી કસિતની;
પ્રથમ જોબન જોત તનકી, કયોં બને કવિપેં ભની. ૨
શ્રી નવનાગરી પ્યારી તું. ચંદ વદન મૃગ નયની;
બિહારન લાડિલી તૈસી હે, ચંપક તન પિક બેની.
છંદ—બેની જુ પિક શુક નાસિકા સમ, અધરબિંબ વિલાસની;
કનિક કુંડલ અલક ઝલક, કપોલમેં મૃદુહાસિની;
લલિત મુખમેં પાન સોહે, નાસિકા મુક્તા ધરે;
ચિંબુક સાવલ બિંદુકી છબિ, કોન ત્રિય સરવર કરે. ૩
શ્રી નવનાગરી પ્યારી, તેરી બેંદી જગમગ તાઈ;
વિહારન લાડલી યહ છબિ, કવિપેં, વરની ન જાઈ.
છંદ—વરની ન યહ છબિ જાય કવિપેં, નિરખી શ્યામ સિરાઇયો;
દસન દામિન આખર ચતે, લાલ અતિ સુખ પાઇયો,

ગૌર ભાલ વિશાલ લોચન, વક્ર અતિ છબિ રાજહીં;
ભોંહ કામ કમાન માનોં, બાણ મનમથ સાજહીં. ૪
શ્રી નવનાગરી પ્યારી તેરી. છોટી લર ગજ મોતી;
બિહારન લાડલી તેઓ, બિચ જંગાલી પોતી.
છંદ–પોતી જો મુજ જડાવ ચોકી, રહી ઉર પર જગમગે;
અંસ પર ગજમૂલ ફોંદા, દૃષ્ટિ જીન ગુરૂજન લગે,
ચરા કંકન બાજૂ પોંચી, ચુરિ ચારૂ બિરાજહી;
રતન જડિત અમોલ મુંદરિ. અંગુરિન છબિ છાજહી.
શ્રી નવનાગરી પ્યારી તેરે, પગ નૂપુર ઝનકાર;
બિહારન લાડલી તેઓ, હૈ મંથર ચરન વિહાર.
છંદ–મંથર ચરન વિહાર ચહુ ગતિ' રાજહંસન અરપહી;
જધન સઘન ઉરોજ ભારી, દેખી સિંઘ કટિ ડરપહી.
પૃથુ નિતંબની કિંકિણી સમ. નિપટહી નીવી બની;
ઝબા ઝલકે દેખ દોઉ, રીઝી રહે સાવલ ધનિ.
શ્રીનવનાગરો પ્યારો તુ, પિય તન મુરિ મુસિકાની;
બિહારન લાડલી તબ ઉન, બંસી ગિરત ન જાની.
છંદ જાની ન બંસી ગિરત કરતે, પીતપટ ખસિ ભૂ પયો;
રહે ઈકટક ચિત્ર જેસે, પગ ન ભૂમિતેં ઠર્યો.
ઝુકી જાત કછુવન ગાતકી, સુધી અંગ અંગ સિથિલ ભયે;
પરત જાન સુજાન સુંદર, ભુજા ભર ભામિન લયે. ૭
શ્રીનવનાગરો પ્યારી તેરે, રસવસ હે જુ કન્હાઈ;
બિહારન લાડલી લાલન રહે, અંગ અંગ લુભાઈ.

છંદ–અંગ અંગ લાલ લુભાઈ રાખે, રસિક શિર મુકુટમની;
ગુનરૂપ શીલ સુહાગ સુંદરિ, ઓર ત્રિયા કબ ન ગીની.
વ્રજરાજ નવલ કિશોરકે, કોઈ ઓર ચિત્ત ન આવહી;
અલજાઉં શ્રી વ્રખભાન નંદની, તો હિત વેણુ બજાવહી. ૮
શ્રીનવનાગરી પ્યારી તુ, શ્યામ મનોહર બોલી;
બિહારન લાડલી તુ ઊઠી, ચલ નવલ કિશોરી.
છંદ–ઊઠી ચલી નવલ કિશોરી રાધે, નવલ લાલ બુલાવહી;
સુંદર શ્યામ સુજાન સખીરી, વાર વાર કહાવહી,
છાંડી માન સંભારી પ્યારી, કહાંલોં તોહિ બુલાવહી;
અલજાઉં શ્રી વ્રખભાન નંદની, તો હિત મોહી પઠાવહી. ૯
શ્રી નવનાગરી પ્યારી યશ, તુમારો મોહિ ભાવે;
બિહારન લાડલી યહ યશ, આપહી શ્રીમુખ ગાવે
છંદ–ગાવેજુ શ્રીમુખ સુયશ તુમારો, તુહી તન મન રમ રહી;
તુહી ધન તુહી પ્રાન જીવન, સપથદે મોસોં કહી,
કરો વિવિધ વિહાર ભામિન, એતો ગહેરૂ ન કીજીયે;
બલિ વિષ્ણુદાસ વિચીત્ર જોરી, લોચનન સુખ દીજીયે. ૧૦

દાનનાં પદ (ભાદરવા સુદિ ૧૧)

રાગ દેવગંધાર. પદ ૧ લું.

હમારો દાન દેહો ગુજરેટી.
બહુત દિનન ચોરી દધિ બેચ્યો, આજ અચાનક ભેટી. ૧
અતિ સતરાત કહાધોં કરેગી, બડે ગોપકી બેટી,
કુંભનદાસ પ્રભુ ગોવર્દ્ધનધર, ભુજ ઓઢની લપેટી. ૨

રાગ બિલાવલ. પદ ૨ જું

અરી યહ કોહેરી જાત મેરે યા ગહ્વર વનમેં, બાંહુબરા બાજુબંદવારી.
ઉર લટકત લટકન ગજ મોતી, ચલત ચાલ જોબન મતવારી. ૧
દધિકો દાન દેત નહિ સુંદરિ, કહેત કુંવર ગિરિધારી;
રસિક શિરોમની નંદ લાડીલો, દાન લિયે ઓર સુરત નિવારી. ૨

પદ ૩ જું

તુમ નંદ મહરકે લાલ, મોહન જાનદે, રાની જસુમતિ પ્રાન
આધાર, મોહન જાનદે. ધ્રુવ.
શ્રી ગોવર્દ્ધનકી સિખરતેં, મોહન દીની ટેર;
અંતરંગસોં કહત હેં, સબ ગ્વાલિન રાખો ઘેર. નાગરિ દાનદે. ૧
ગ્વાલિન રોકી ના રહે, ગ્વાલ રહે પચિહાર;
અહો ગિરિધારી દોરિયો, કહ્યો ન માનત ગ્વાર. નાગરિ દાનદે. ૨
ચલિજાત ગોરસ મદમાતી, માનો સુનત નહીં કાન;
દોરી આયે મન ભામતે, સો રોકી અંચલ તાન. નાગરિ દાનદે. ૩
એક ભુજા કંકન ગહે, એક ભુજાગહી ચીર,
દાન લેન ઠાડે ભયે, ગહ્વર કુંજ કુટિર. મોહન જાન દે. ૪
બહુત દિના તુમ બચી ગઈ હો, દાન હમારો માર;
આજહોં લેહોં આપનોં, દિન દિનકો દાન સંભાર. નાગરિ દાનદે ૫
રસ નિધાન નવનાગરી, નિરખ બચન મૃદુ બોલ;
ક્યોં મુરિ ઠાડી હોત હે, ઘુંઘટ પટ મુખ ખોલ નાગરિ. ૬
હરખ હિયે હરિ કરસિકે, મુખતેં નીલ નિચોલ;
પુરન પ્રગટયો દેખિયે, માનો ચંદ ઘટાકી ઓલ. નાગરિ. ૭

લલિત વચન સમુદિત ભયે, નેતિ નેતિ યહ બેન;
ઉર આનંદ અતિહી બઢયો, સો સુફલ ભયે મિલિ નેન. નાગરિ૦ ૮
યહ મારગ હમ નિત ગઈ, કબહુ સૂન્યો નહિ કાન;
આજ નઈ યહ હોત હે, સો માગત ગોરસ દાન. મોહન૦ ૯
તુમ નાવન નવનાગરી, નૂતન ભૂષણુ અંગ;
નયો દાન હમ માગનો, સો નયો બન્યો યહ રંગ. નાગરિ૦ ૧૦
ચંચલ નયન નિહારીયે, અતિ ચંચલ મૃદુ બેન;
કર નહિ ચંચલ કીજીયે, તજી અંચલ ચંચલ નેન. મોહન૦ ૧૧
સુંદરતા સબ અંગકી, વસન ન રાખી ગોય;
નિરખ નિરખ છબી લાડીલી, મેરો મન આકર્ષિત હોય. નાગરિ૦ ૧૨
લે લકુટિ ઠાડે રહે, જાનિ સાંકરી ખોર;
મુંસકી ઠગોરી લાયકે, સકત લઈ રતિ જોર. મોહન૦ ૧૩
નેંક દુરિ ઠાડે રહો, કછુ ઓર સકુચાય;
કહાકીયો મન ભાવતે, મેરે અંચલ પીક લગાય. મોહન૦ ૧૪
કહા ભયો અંચલ લગી, પીક હમારી જાય;
યાકે બદલે ગ્વાલિની, મેરે નયનન પીક લગાય. નાગરિ૦ ૧૫
સૂધે બચનન માંગિયે, લાલન ગોરસ દાન;
મોહન ભેદ જનાઈ કે, સો કહેત આનકી આન. મોહન૦ ૧૬
જેસેં હમ કછુ કહતહે, એસી તુમ કહિ લેહુ,
મન માને સો કીજિયે, યે દાન હમારો દેહુ. નાગરિ૦ ૧૭
કહા ભરે હમ જાત હે, દાનજો માગત લાલ;
ભઈ અવાર ઘર જાનદે, સો છાંડો અટપટી ચાલ. મોહન૦ ૧૮

ભરે જાતહો શ્રીફ્લ કંચન, કમલ વસનસોં ઢાંક;
દાન જો લાગત તાહીકો, તુમ દેકર જાહુ નિસંક. નાગરિ૰ ૧૯
ઇતની વિનતી માનીયે, માગત ઓલી ઓડ;
ગોરસકો રસ ચાખીયે, લાલન અંચલ છોડ. મોહન૰ ૨૦
સંગકી સખી સબ ફ્રિર ગઈ, સુનિહે કીરતિ માય;
પ્રીત હીયેમેં રાખીયે, સો પ્રગટ કીયે રસ જાય. મોહન૰ ૨૧
કાલ્હ બહોરિ હમ આઈ હેં, ગોરસ લે સબ ગ્વાર;
નિકી ભાંતિ ચખાઇ હે, મેરે જીવનહો બલિહારિ. મોહન૰ ૨૨
સુનિ રાધે નવનાગરિ, હમ ન કરે વિશ્વાસ;
કરકો અમૃત છાંડિકે, કો કરે કાલ્હિકી આશ. નાગરિ૰ ૨૩
તેરો ગોરસ ચાખવે, મેરો મન લલચાય;
પૂરન શશિકર પાયકે, ચકોર ન ધીર ધરાય. નાગરિ૰ ૨૪
મોહન કંચન કલસિકા, લિની શિશ ઉતાર;
શ્રમકન વદન નિહારીકેં, સો ગ્વાલિન અતિ સુકુમાર. મોહન૰ ૨૫
નવ વિંજન ગહિ લાલજુ, શ્રીકર દેત ઢુરાય;
શ્રમિત ભઈ ચલો કુંજમેં, નેંક પચ્ચોઢું પાય. નાગરિ૰ ૨૬
જાનતહો યહ કોન હે, એસી ઢીઢચાં દેત,
શ્રીવૃષભાન કુમારહે; તોહિ બીચકો લેત.
ગોરે શ્રી નંદરાયજુ, ગોરી જસુમતિ માય,
તુમ યાહીતે સામરે, એસે લછિન પાય. મોહન૰ ૨૮
મન મેરો તારન વસે, ઓર અંજનકી રેખ;
યાખી પ્રીત હિયે વસે, યાતે સાંવલ ભેખ. નાગરિ૰ ૨૯

આપ ચાલસો ચાલિયે, યહે બડેનકી રીતિ;
એસી કુબહુન કીજીયે, હસે લોગ વિપરિતિ. મોહન૦ ૩૦
ઠાલે ઠુલે ફિરત હો, ઓર કછુ નહિ કામ;
વાટ ઘાટ રોકત ફીરો, આન ન માનત શ્યામ. મોહન૦ ૩૧
યહી હમારો રાજહે, વ્રજમંડલ સબ ઠોર;
તુમ હમારી કુમુદિની, હમ કમલ વદનકે ભોંર. નાગરિ૦ ૩૨
એસે મેં કોઉ આઈ હેં, દેખે અદભુત રીતિ;
આજ સબે નંદલાલજુ, પ્રગટ હોયગી પ્રીતિ. મોહન૦ ૩૩
વ્રજ વૃંદાવન ગિરિ નદી, પશુ પંછી સબ સંગ;
ઈનસોં કહા દુરાઇયે, પ્યારી રાધા મેરો અંગ; નાગરિ૦ ૩૪
અંસ ભુજા ધરિ લે ચલે, પ્યારી ચરન નિહોર;
નિરખત લીલા રસિકજુ; જહાં દાન માનકી ઠોર. મોહન૦ ૩૫

પદ ૪ થું.

ગઢ તેં ગ્વાલિન ઉતરી, શિશ મહિકો માટ,
આડો કન્હેયા વ્હે રહ્યો, રોકત વ્રજ વધુ વાટ. નાગરિ૦ ૧
કહાંકી હો તુમ ગ્વાલિની, કહા તિહારો નામ;
બરસાનેકી ગ્વાલિની, ચંદ્રાવલિ મેરા નામ. મોહન૦ ૨
વૃંદાવનકી કુંજમેં, અચશ પકર્યો દોર.
નામ દાનકો લેહતો, લાલ ચાહત હો કછુ ઓર. મોહન૦ ૩
તુમ અકેલે હમ અકેલી, વાત નહિ કછુ જોગ;
તુમ તો ચતુર પ્રવીણ હો, કહા કહેંગે લોગ. નાગરિ૦ ૪
સંગકી સખી સબ દૂરિ નિકસી ગઈ, તુમ રોકી બનમાંઝ,

ઘરતો દારૂણ સાસહેં, અબ હોન લગી હે સાંઝ. મોહન૦ ૫
તુમ ઓઢી હે કામરી, હમ પહેર્યો હે ચીર;
ઉમડિ ઘુમડિ આઈ બાદરી, અબ કહા વરસાવત નીર. મોહન૦ ૬
પ્રેમ મગન ગ્વાલિન ભઈ, હરિકો દરશન પાય;
મુખ તેં વચનન આવહી, સો લગી ઠગોરી જાય. મોહન૦ ૭
લે મટુકી આગે ધરી, પરી શ્યામકે પાય;
મન ભાવે સો લીજીયે, બચે સો બેચન જાય. મોહન૦ ૮
સુખ બાઢયો આનંદ ભયો, રહી શ્યામ ગુન ગાય;
સુંદર શોભા દેખિકે, સૂરદાસ બલિજાય. મોહન૦ ૯

રાગ ટોડી. પદ ૫ મું.

તેરો કોઉ હુંરે કહૈયા સુનૈયા કન્હૈયા.
દધિ મેરી ખાય મટુકિયા ફોરી, ઓર પ્રાનનકે લિવૈયા. ૧
હાર મેરો તોર્યો કમલ કર મોરયો, ઓર ફારી હે ઉરકી કંચુકીયાં;
ધોંધીકે પ્રભુ તુમ બહુ નાયક, જાનેંગી સાસુ નણંદીયા. ૨

રાગ સારંગ. પદ ૬ ઠું.

કૃપા અવલોકન દાન દેરી, મહાદાન વૃષભાન કુમારી;
તૃષિત લોચન ચકોર મેરે, તુમ વદન ઈંદુ કિરન પાન દેરી. ૧
સબ વિધ સુઘર સુજાન સુંદરિ, સુનિ વિનતી કાનદેરી;
ગોવિંદ પ્રભુ પિય ચરણ પરસ કહેં, યાચક કોં તૂ માન દેરી. ૨

પદ ૭ મું.

આજ દધિ કંચન મોલ ભઈ.
જા દધિકો બ્રહ્માદિક ઇચ્છત, સો ગોપન વાંટી દઈ. ૧

દધિકે પલટે દુલરી દીની, જસુમતિ ખબર ભઈ;
પરમાનંદદાસકો ઠાકુર, વરવટ પ્રીતિ નઈ. ૨

પદ ૮ મું.

ચલન ન દેત હો યહ વટિયાં.
રોકત આય શ્યામ ઘન સુંદર. જબ નિકસત ગિરિ ઘટિયાં. ૧
તોરત્ હાર કંચુકી ફારત, માગ નિહારત પટિયાં;
પરકત બાંહુ મરોર નંદ સુત, ગહિ ફોરત દધિ ચટિયાં. ૨
કુંભનદાસ પ્રભુ કબદાન દીનો, નઈ બાત સબ ઠનિયાં;
ગિરિધર પાય પૂજિયે તિહારે, જાનત હો સબ ગટિયાં. ૩

પદ ૯ મું.

મોહન મેં ગુજર બરસાનેકી, મોસોં નાહક માંડી રાર. ૧
પાંચ ટકાકી કામર ઓઢે, તાપર કરત ગુમાન;
ગૈયા ચરાવે બાબા નંદકી, મોતેં માંગત દધિકો દાન. ૨
રતન જટીત મેરી ઈંડુરીં, અરૂ હીરા જડીયા કોડ;
એક હીરા ગીરી જાયગો, તેરી સબ ગૌવનકો મોલ. ૩
કૃષ્ણજીવન લછીરામકે પ્રભુ પ્યારે, ચરન કમલ ચીતલાંય;
નેક ચીતે બલ જાઉં સામરે, મેરો વિમલ વિમલ દધિખાય. ૪

રાગ કાન્હરો. પદ ૧૦ મું.

સમેં છાંડિ દધિ બેચન આઈ, કાહિ સુંદરિ કોને વિધિ ઠાટી;
અહો નાગરિ ગોવર્દ્ધનકી, વિન દિયે કયોં ઉતરે ઘાટી. ૧
રસિકરાય ચાખ્યો ચાહતહે, તેરી મટુકીયા મીઠી કે ખાટી;
મારહિ દાન જાત નિસ વાસર, કૃષ્ણદાસ પ્રભુ યોં કહિ ડાટી. ૨

રાગ કેદારો. પદ ૧૧ મું.

ગુજરીયાં તુ ગર્વ ગહેલી ઉત્તર નાંહીં દેત.

ચલત ગજગતિ ગોરસકી માતી, અતિ રંગ ભરિયાં. ૧

દિન દિન દાન માર ગઇહે હમારો, કબહુ પાલે નહિ પરીયાં;

ગોવિંદ પ્રભુ કહત સખનસો, ઘેરો ઘેરો તબ ધાય અંચલ ધરિયાં. ૨

રાગ બિહાગરો. પદ ૧૨ મું.

કુંવર કુંવરિ દાન ચુકાઈ.

ચુંબત વદન આઈ દ્વારમેં, જસુમતિ રોહિની લેત બલાઇ. ૧

લિયે ઉઠાય ગોદ અપનીમેં, બેઠી રાની ભવનમેં જાઈ;

પૂછત કો જીતે કો હાર્યો, બોલે મુર મુસકાઈ. ૨

યહ વ્યોહાર દાનકો એસો, મેરીં રાધિકા ઉમગ્યો ચાહો;

શ્રી વિઠ્ઠલ ગિરિધરન લાલ સંગ, ત્યોંહી ખેલો ઇતને ખિલાહો. ૩

શ્રી વામનજીનાં પદ. રાગ ધનાશ્રી. પદ ૧ લું.

પ્રગટે શ્રી વામન અવતાર.

નિરખ અદિતિ મુખ કરત પ્રસંસા, જગજીવન આધાર. ૧

તન ઘનશ્યામ પીત પટ રાજત, શોભિતહેં ભુજ ચાર;

કુંડલ મુકુટ કંઠ કૌસ્તુભ મણિ, ઔર ભૃગુ રેખા સાર. ૨

દેખી વદન આનંદિત સુર મુનિ, જય જય કરેં નિગમ ઉચ્ચાર;

ગોવિંદ પ્રભુ બલિ વામન વ્હેકે, ઠાડે બલિકે દ્વાર. ૩

રાગ સારંગ. પદ ૨ જું.

બલિરાજાકો સમર્પન સાચો,

બહુત કહ્યો ગુરૂ શુક્ર દેવતા, મન દ્રઢ આપ નહિં કાચો. ૧

યજ્ઞ કરતહેં જાકે કારણ, સો પ્રભુ આપન જાચ્યો
પરમાનંદ પ્રસન્ન ભયે હરિ, જો જનકો જાનતહે સાચ્યો. ૨

પદ ૩ જું.

કશ્યપ પિતા અદિતી માતા, પ્રકટે વામન રૂપ;
ભાદોં માસ સુભગ સુદી દ્વાદશી, લીનોં રૂપ અનુપ. ૧
સુર તેતીસોં હરખન લાગે, હોહિ હમારે કામ;
બટુ સ્વરૂપ ધર દરશન દીયો, આયે બલિકે ધામ. ૨
તબ હસિ રાજા કહ્યો વિપ્રસોં, કહો કહાહે કામ;
સુન રાજા હોં અધિક ન માગું, રહિવેકોં એક ઠામ. ૩
તબ તુલસી દલ લીનોં કરમેં, શુક્ર કરીહે ઘાત;
પરમાનંદદાસકો ઠાકુર, જાનતહેં સબ બાત. ૪

સાંઝનાં પદ. પદ ૧ લું.

મુરલી વારે સાંવરે, નેંક મારગ મોહિ બતાવરે;
સંગ ન સહેલી ફીરોં અકેલી, કિત નંદીસુર ગાંવરે. ૧
ભૂલી પરી સંકેત સઘન વન, હોં અબલા કિત જાઉં,
મૃગનયની કે વચન સુનતહી, આઇ મિલે તિહિં ઠાઉં. ૨
મારગ મિલે અંક ભરિ ભેટે, ભલો બન્યો હે દાઉં;
કહિ ભગવાન હિત રામરાય પ્રભુ, રાધા રમન જાકો નાઉં. ૩

રાગ જંગલો. પદ ૨ જું.

ગઇરી હુંતો ફૂલવા બીનનકું. ૨
નંદગામકી ગેલ બિસર ગઇ, પાઇંરી અચાનક પાઈરી પાઈરી. ૧
ચલરી સખી વૃંદાવન જાઇયે, ફૂલનકી સરસાંઈ;
શ્રી હરિદાસકી સ્વામિની રાધે, સાંઝી ભલી બનાઈરી–બનાઈ. ૨

રાગ જંગલો. પદ ૩ જું.

અરી તુમ કોન હોરી બનમેં ફૂલવા બીનન હારી;
રતન જટિતકો બન્યો બગીચા, ફુલ રહી ફૂલવારી. અરી. ૧
કૃષ્ણચંદ બનવારી આયે, મુખ કયોં ન બોલત સકુમારી. અરી. ૨
તુમતો નંદમહરકે ઢોટા, હમ વૃષભાન દુલારી, અરી. ૩
યા બનમેં હમ સદા બસતહેં, હમહી કરત રખવારી. અરી. ૪
બીન બુઝે બીનત હો ફૂલવા; જોબન મદ મતવારી. અરી. ૫
તબ લલિતા એક મતો ઉપાયો, સેન બતાઈ પ્યારી. અરી. ૬
સૂરદાસ પ્રભુ રસ બસ કીને, વિરહ વેદના ટારી. અરી. ૭

પદ ૪ થું.

રહેરી દોઉ બદન નીહારી નીહારી.
સાંજી પૂજત શ્યામ સખી ઇત, ઉત રાધા સકુમાર. ૧
લતા સઘનમેં વ્હે ગઇ ઈતિ ઉત, સકે ન કોઉ નીરવાર;
નાગરીયા મીલ નેન દોઉનકે, બડે ઠગન ઠગવાર. ૨

પદ ૫ મું.

એરી આજ સાંજ સમે જમુનાકે કુલન, ફુલ લેત ફલ પાયોરી;
હેરત હેરત સઘન કુંજમેં, ચિતવત ચિત્તહી દુરાયોરી. ૧
યહ મંગલ વૃષભાન ગોપકે, ગાવત ચલી વધાયોરી;
નાગરીયાં સાંજીકે પૂજન, યહ મનોરથ પાયોરી. ૨

પદ ૬ ઠું.

દોઉનકી અખીયાં અખીયનમાંજ.
અખીયાં હુ સાંજીકે ખેલન, અખીયાં ભૂલી સાંજ.

રૂપ બગીયન કરત રંગ ભર, ગરે બુહીયાં દૃ અખીયાં;
અખીયાંહી સાંજીકે ઉરઝન, ઉરઝન નાગર સખીયાં. ૨

રાગ જંગલો. પદ ૭ મું.

કોઉ ગોપ કિશોરી સાજી પૂજન આવેરી.
સાંવરે અંગ કમલ દલ લોચન, સુંદર શ્યામ બનાવેરી. ૧
ભાન ભુવન રાધાજુકે સંગ, સખીયન મંગલ ગાવેરી,
કારન કોન કુંવર નાગર મીલી, દેખ દેખ મુસકાવેરી.

પદ ૮ મું.

કન્હૈયા રોકી રહ્યો મેરી ગેલ.
હું જમુના જલ ભરન નીકસી, આડોઈ ઠાડો છેલ. ૧
પાંચ સાત મિલ ખેલન નીકસી, કોકીલા બનકી સેલ;
પુરુષોત્તમ પ્રભુકી છબી નીરખત, જોબન મદકે ફેલ.

રાગ ઈમન. પદ ૯મું.

રાધે કોન ગોર તેં પુજી.
વૃંદાવન ગોકુલ ગલીયનમેં, સબ કોઉ કહત વહુજી. ૧
મદન મોહન પીયકો મન હરલીનો, કહાવાત તોહેં સુજી;
પરમાનંદદાસકો ઠાકોર, તોસી ત્રીયા નહિ દુજી. ૨

શ્રી નવ વિલાસ. રાગ માલવ. પદ ૧ લું.

પ્રથમ વિલાસ કિયો શ્યામાજુ, કીનો વિપિન વિહારજુ;
ઉનકે વિધકી શોભા વરનોં. કહત ન આવે પારજુ. ૧
વાકે યુથકી ગણના નાહીં, નિર્ગુણ ભક્ત કહાવે;
તાકી સંખ્યા કહત ન આવે, શેષહુ પાર ન પાવે. ૨

ઘોષ ઘોષ પ્રતિ ગલિન ગલિન પ્રતિ, રંગ રંગ અંબર સાજે;
કિયો શૃંગાર નખશીખ અંગ યુવતિ, જ્યોં કરની મધ્ય રાજે. ૩
બહુ પૂજા લે ચલી વૃંદાવન, પાન ફૂલ પકવાને;
તાકે યુથ મુખ્ય ચંદ્રાવલિ, ચંદ્રકલાસી બાને.
પોહોંચી જાય નિકુંજ ભવનમેં, દરસી વૃંદા દેવી;
તાકે પદ વંદન કરી માગ્યો, શ્યામ સુંદર વર એવી. ૫
તીહિ છિન પ્રભુજી આપ પધારે, કોટિક મન્મથ મોહે;
અંગ અંગ પ્રતિ રૂપ રૂપ પ્રતિ, ઉપમા રવિ શશિ કોહે. ૬
દ્વૈ જુગ જામ શ્યામ શ્યામા સંગ, કેલિ વિવિધ રંગ કીને;
ઉઠત તરંગ રંગ રસ ઉછલિત, દાસ રસિક રસ પીને. ૭

પદ ૨ જું.

દ્વિતિય વિલાસ કિયો શ્યામાજુ, ખેલ સમશ્યા કીની;
તાકી મુખ્ય સખી લલિતાજુ, આનંદ મહારસ ભીની. ૧
ચલી સંકેત વિહાર કરન બલિ, પૂજા સાજિ સંપૂરન;
બહુ ઉપહાર ભોગ પાયસલે, બાંહ હલાવત મૂરન. ૨
મંદિર દેવી ગાન કરત યશ, આય મિલે ગિરિધારી;
મનકો ભાયો ભયો સબનકો, કામ વેદના ટારી. ૩
શ્યામાકો શ્રૃંગાર શ્યામકો, લલિતા નીવી ખોલી;
લીલા નિરખત દાસ રસિકજન, શ્રી મુખ શ્યામા બોલી. ૪

પદ ૩ જું.

તૃતીય વિલાસ કિયો શ્યામાજુ પ્રવીન,
ખેલનકો ઉચ્છાહ સખી એકત્ર કીન. ૧

તિનમેં મુખ્ય સખી વિશાખાજૂ એન,
ચલી નિકુંજ મહેલમેં કોકિલા જ્યોં બેન. ૨
ભોગ ધરી સંવાર બાસોંધી સની,
કુસુમ રંગ અનેક ગુહિ કામિની. ૩
ગાન સ્વર કિયો વન દેવી વિહાર;
નવ ત્રિયાકો વેષ કોટિ કામવાર. ૪
ઢિંગ આસન કરાય પ્યારીકોં બેઠાય,
દોઉ એકત્ર કીને નિરખત લેત બલાય. ૫
યહ લીલાકો ધ્યાન મમ હૃદય ઠેહરાય,
દેખત સુરનર મુનિ ભૂલે રસિક બલ બલ જાય. ૬

પદ ૪ થું.

ચોથો વિલાસ કિયો શ્યામાજુ, પરાસોલી વનમાંહી;
તાકે વૃક્ષલતા દ્રુમવેલી, તન પુલકિત આનંદ ન સમાઈ. ૧
ચંદ્રભગા મુખ્ય યુથાવલિ, અપની સખી સબ ન્યોતિ બુલાઈ;
ખંડમંડા જલેબી લડુવા, પ્રત્યેક અંગકો ભાવ જનાઈ. ૨
સાજ કિયો પૂજન દેવીકો, બહુ ઉપહાર ભેટ લે આઈ;
ખેલન ચલિ બની તિહિં શોભા, જ્યોં ઘનમેં ચપલા ચપલાઈ. ૩
પોહોંચી જાય હરસ દેવી તબ, બ્હે ગયે શ્યામ કિશોર કન્હાઈ;
મનકો ચીત્યો ભયો લાલનકો, હાસ વિલાસ કરત કિલકાઈ. ૪
શ્યામા શ્યામ ભુજ ભર ભેટે, તૃણ તોરત ઓર લેત બલાઈ;
કહી ન જાય શોભા તા સુખકી, કુંજન દુરે રસકિ નિધિ પાઈ. ૫

પદ ૫ મું.

પાંચો વિલાસ કિયો શ્યામાજુ, કદલી વન સંકેત;
તાકિ સખી મુખ્ય સંજાવલિ, પ્રિયા મિલનકે હેત. ૧
ચલી રલી ઉમંગી યુવતિ સબ, પૂજન દેવી નિકસી;
ધુપ દીપ ભોગ સંજાવલી, કમલ કલીસી વિકસી. ૨
આનંદ ભર નાચત ગાવત વધુ, રસમેં રસ ઉપજાતિ;
મંડલમેં હરિ તતક્ષિણુ આયે, હિલમિલ ભયે એક પાતી. ૩
દ્વૈયુગ જામ શ્યામ શ્યામા સંગ, ભામિની યહ રસ પીનો;
ઉનકી કૃપા દૃષ્ટિ અવલોકત, રસિકદાસ રસ ભીનો. ૪

પદ ૬ ઠું.

છઠ્ઠો વિલાસ કિયો શ્યામાજુ, ગોધન વનકો ચલી ભામાજુ;
પહેરે રંગ રંગ સારી, હાથન પૂજા થારી.
તાકી મુખ્ય સહચરિ રાઈ, ખેલનકોં બહુત સુઘરાઈ. ૧
છંદ–ચલિ વન વન વિહસિ સુંદરિ, હાર કંકણુ જગમગે;
આય મંદિર પૂજન દેવી, ભોગ સિખરન સગમગે. ૨
તા સમય પ્રભુ આપ પધારે, કોટેક મન્મથ મોહહી. ૩
નિરખ સખિયન કમલ મુખ માનો નિધન ધન જો સોહહી. ૩
ખેલકો આરંભ કીનો, રાધા માધો ખેચ કીયે;
વાકી પરછાંઈ પરી તબ, રસિક ચરનન ચિત્ત દિયે. ૪

પદ. ૭ મું.

સાતો વિલાસ કિયો શ્યામાજુ, ગહવર વનમેં મતોજુ કીન;
મુખ્ય કૃષ્ણુાવતી સહચરી, લઘુ લાઘવ અતિહી પ્રવીન. ૧

વન દેવી હે ગુંજા કુંજા, પોહોપન ગુહી સુમાલ;
ચંદ્રાવલિ પ્રમુદિત વિહસત; મુખ જયોં મુનિયા લાલ. ૨
રચ્યો ખેલ દેવી ઢિંગ યુવતિ, કોક કલા મનોજ;
અતિ આવેશ ભયે અવલોકત, પ્રકટે મદન સરોજ. ૩
કોઉ ભૂજધર કર ચરન ઉર, કોઉ અંગો અંગ મિલાય;
કુંવર કિશોર કિશોરી રસિક મણી. દાસ રસિક હુલશાય. ૪

પદ ૮ મું.

આઠો વિલાસ કિયો શ્યામાજુ, શાંતન કુંડ પ્રવેશજુ;
ઉનકી મુખ્ય ભામા સારંગી, ખેલત જનિત આવેશ. ૧
સુરજ મંદિર પૂજત કર, મેવા સામગ્રી ભોગ ધરી;
આનંદ ભરી ચલી વ્રજ લલના, ક્રીડન વનકો ઉમગિ ભરી ૨
ભદ્રવન ગમન કિયો વનદેવી, પૂજન ચંદન વંદન લીને;
ભોગ સ્વચ્છ ફેની એની સબ, અંબર અભરન ચીને. ૩
ગાવત આવત ભાવત ચિતવત, નંદલાલ કે રસ માતી;
કૃષ્ણકલા સુંદર મંદિરમેં, યુવતિ ભઈ સુહાતી. ૪
દેખી સ્વરૂપ ઠગી લલનાતે, ચકચોંધીસી લાઈ;
અચવત દ્રગ ન અધાત, દાસ રસિક વિહારિન શાઇ. ૫

પદ ૯ મું.

નવમો વિલાસ કીયો જુ લડેંતી, નવધા ભક્ત બુલાયે;
અપને અપને સિંગાર સબે સજ, બહુ ઉપહાર લિવાયે. ૧
સબ શ્યામા જુર ચલી રંગ ભીની, જયોં કરિણી ઘનઘોરે;
જયોં સરિતા જલ કૂલ છોડિકે, ઉઠત પ્રવાહ હલોરે. ૨

બંસીબટ સંકેત સઘન વન, કામકલા દરસાયે,
મોહન મુર્તિ વેણું મુકુટમણિ, કુંડલ તિમિર નસાયે. ૩
કાછની કટિતટ પિત પિછોરી, પગ નુપુર ઝનકાર કરેં;
કંકણ વલય હાર મણિ મુકતા, તીન ગ્રામ સ્વર ભેદ ભરેં. ૪
સબ સખીયન અવલોક શ્યામ છબી, અપનો સર્વસ્વ વારે;
કુંજ દ્વાર બેઠે પ્રિય પ્યારી, અદભુત રૂપ નિહારે. ૫
ખૂવા ખોવા મિઠાઈ મેવા, નવધા ભોજન આને;
તહાં સત્કાર કીયો પુરૂષોત્તમ, અપનો જન્મ ફલ માને. ૬
ભોગ સરાય અચવાય બીરા ધર, નીરાજન ઉતારે;
જય જય શબ્દ હોત તિહું પુરમેં, ગુરૂજન લાજ નિવારે. ૭
સઘન કુંજ રસ પુંજ અલિ ગુંજત, કુસુમન સેજ સંવારે;
રતિ રણ સુભટ જુરે પિય પ્યારી, કામ વેદના ટારે. ૮
નવરસ રાસ વિલાસ હુલાસ, વ્રજ યુવતિન મીલ કીને;
શ્રી વલ્લભ ચરન કમલ કૃપાતે, રસિકદાસ રસ પીને. ૯

મુરલીનાં પદ. રાગ રામકલી. પદ ૧ લું.

મુરલી હમસોં વૈર દઢાયો.
ચલી નિપટ ઇતરાયનેં કહી, હરિ અધરન પરસાયો. ૧
ફૂલી ફિરત શ્યાંમ કર બેઠી, ચોંહી ગર્વ બઢાયો.
જો નિરધન ધન પાય અચાનક, નયન અકાશ ચઢાયો. ૨
સૂરશ્યામ દેખત સિહાતહેં, તાકું જાય રિઝાયો;
ત્રિભુવનપતિ શ્રી પતિ જે કહાવત, તિન મુરલી વસ પાયો. ૩

રાગ બિલાવલ. પદ ૨ જુ.

વાહી કે બલ ધેનુ ચરાવત.
વ્હે લકુટ જાકી વહુ મુરલી, વાતે વે સુખ પાવત. ૧
વહુ અતિ નિઠુર વે બાતે અતહિ, મિલકે ઘાત બનાવત;
બનહી બનમેં રહત નિરંતર, તાહિ બજાવત ગાવત. ૨
વાકે બચન અમૃત હેં ઇનકોં, તાહિ અધર રસ પ્યાવત;
સુરશ્યામ બનવારી કહિયત, વહુ બનબાંસ કહાવત. ૩

રાગ ધનાશ્રી. પદ ૩ જું.

મુરલી આપ સ્વારથિન નાર.
તાકી હરિ પ્રતીત કરતે હેં, જીત ન જાનત હાર. ૧
એસે વશ ભયે હરિ વાકે, કહા ઠગોરી ડાર;
લૂટત હે અધરનકો અમૃત, ખાત હેતહે હાર. ૨
કો બક મરે બની હે જોરી, તૃણુ તોરતહે વાર,
સૂરશ્યામકો ભલેં કહતહો, દેહું કહા અબ ગાર.

રાગ સારંગ. પદ ૪ થું.

મુરલી હમપર રોસ ભરી.
અંશ હમારો પુનિ પુનિ અચવત, નેકહુ નહિન ટરી. ૧
વાર વાર અધનસોં પરસત, દેખત સબે ખરી;
એસી ઢીઠ ટરી નહિં યહાંતે, જ્યોં હમ રિસનિ જરી. ૨
યહુતો કીધોં અકાજ હમારો, અબ હમેં જાન પરી;
સૂરજ પ્રભુ યહ નિઠુર કરાયો, એસી કરણિ કરી. ૩

પદ ૫ મું.

આવરિ જો બાંસુરી સોં લરે.
વહ ઉનસોં પ્રેમ નેમસો તુમસોં નાહિન આલી,
યાતે ગિરિધારીલાલ લે લે અધર ધરે. ૧
જો લોં મધુ પીવત રહત તોં લોં જીવતહેં,
ઘરી ઘરી પલ પલ છિન છિન નહિ વિસરે; ૨
સૂરદાસ પ્રભુ વાકે રસ બસ ભયે,
રહત આલી તાતેં વાકી સરવર કહો ધોં કવન કરે. ૩

કરખાનાં પદ. રાગ મારૂ. પદ ૧ લું.

હો લક્ષમણ સીતા કોને હરી.
યહજુ મઢી વૈરણ ભઇ હમકો, કંચન મૃગ જો છરી. ૧
જો પેં સીતા હોય મઢીમેં, ઝોંકત દ્વાર ખરી;
સુની મઢી દેખી રઘુનંદન, આવત નયન ભરી. ૨
એક દુઃખ હતો પિતા દશરથકો, દૂજો સિય કરી;
સૂરદાસ પ્રભુ કહત ભ્રાતસોં, વનમેં બિપત્ત પરી. ૩

પદ ૨ જું.

જો પેં રામ રજા હોં પાંઉં.
ન કરો શંક લંક ગઢકી, કહુ સાયર ખોદ બહાઉં. ૧
બઢું શરીર પેઠ પરમિત કર, સકલ કટક પહોંચાઉં;
કહીતો રાવણ કુલ સમેત સબ, વિધહિં ચરનતર લાઉં ૨
હું સેવક હરિ એસો તુમારો, કમલ મુખ કરગાઉં;
સુર ઓર અસુરન સબે તે, રણ ન પીઠ દિખાઉં. ૩

રાવણ મારી સિયા ઘર લાઉં, તો તુમકો દાસ કહાઉં;
સૂરદાસ પ્રભુ ઉહિકો કહો તુમ, રીઝો આન દિખાઉં. ૪

પદ ૩ જું.

વનચર કોન દેશતેં આયો.
કહાં હે રામ કહાં હે લક્ષમણ, કહાં તે મુદ્રિકા લાયો. ૧
હોં હનુમાન રામજુ કો સેવક, તુમ સુધિ લેન પઠાયો;
રાવણ માર લે જાઉં તુમકો, રામ આજ્ઞા નહિં પાયો. ૨
તુમ જિન જીય ડરપો મેરી માતા, જોર રામ દલ ધાયો;
સુરદાસ રાવન કુલ ખોયો, સોવત સિંધ જગાયો. ૩

પદ ૪ થું.

આજ રઘુવીરકો દૂત આયો.
જારી લંકા સકલ મારિ રાક્ષસ બહુ,
સિય સુધલે કુશલ ફિર સિધાયો. ૧
કહત મંદોદરી સુનહુ દશકંધ પિય,
બડો અપમાન કરિ ગયો તેરો;
અજહુ મન સમઝિકે મૂઢ મિલિ રામસોં,
સૂર મતિમંદ કહ્યો માન મેરો. ૨

પદ ૫ મું.

આજ રઘુપતિ ચઢે લંકે ગઢ બંકો.
અવનિ ચંચલ ભઇ શેષ સુધિ બુધિ ગઇ,
કમઠકી પીઠ ફુટ ભિન્ન ગઇ રેનકો. ૧
હોત [illegible] સાગર [illegible] [illegible],

ભયે ભયભિત અતિ ઉડ ચલે ગેનકો;
કહત મંદોદરી સુનહુ દશકંધ પિય.
લે મિલો સિય રાજીવદલ નેનકો. ૨
વેતો જગદીશ તો, ઈશકો બલ કહા,
એક બનચર આય જારિ ગયો એનકોં;
હરિનારાયન શ્યામદાસ કે પ્રભુ સોં,
વૈર કર કિત પાવે ન સુખ ચેનકોં. ૩

દશાહરાનાં પદ. [આસોસુદી ૧૦] રાગ મારૂ. પદ ૧લું.

આજ દશાહરા શુભ દિન નીકો.
ગિરિધરલાલ જવારે બાંધત, બન્યોહે ભાલ કુમકુમકો ટીકો. ૧
આરતિ કરત દેત ન્યોચ્છાવરં, ચિરંજીયો લાલ ભાવતો જીકો,
આસકરન પ્રભુ મોહન નાગર, સુખ ત્રિભુવનકો લાગત ફીકો. ૨

પદ ૨ જું.

આજ દશહરા શુભ દિન નીકો, વિજય કરો પ્રિય પ્યારેપેં આજ;
ઘેરીહે વિકટ મદનગઢ ગાઢે, તોર મેંડ લાલન કર હો રાજ, ૧
ઇતની વાત સુનત નંદનંદન, વિહસિ ઉઠે દલકીનોં સાજ;
રસિક પ્રભુ પિય રતિ પતિ જીત્યો, નુપુર કિંકીની રુનુઝુનુ બાજ. ૨

પદ. ૩ જું.

આજ દશહરા શુભદિન નીકો, પાયતો પૂજે હો ગોપાલ;
વ્રજરાની વ્રજરાજ કુંવરકો, કરેસિંગાર પરમ રસાલ. ૧
તબ વ્રજરાજ અશ્વ સિંગારે, તાપર ચઢે શ્રી ગિરિધરલાલ;
રસિક પ્રીતમ પિય ચલે કુદાવત, જહાં બેઠી વૃષભાનકી બાલ. ૨

પદ ૪ થું.

આજ દશહરા શુભ દિન નીકો, જવારે પહરત ગિરધરલાલ;
આસપાસ સબ વ્રજકે બાલક, મધ્ય મનોહર બાલ. ૧
કરત આર્તિ માત યશોદા, વારત મોતિમાલ;
આશકરન પ્રભુ મોહન નાગર, પ્રેમ પુંજ વ્રજબાલ. ૨

રાસનાં પદ. રાગ ભૈરવ. પદ ૧ લું.

અદ્‌ભુત નટ ભેખ ધરે નાચત ગિરિધરન લાલ,
ઉઘટતસંગીત ત ત થેઈ થેઇ થેઇ તાધે;
લેત ઉરપમાન લાગ ડાટ સુઘરતાન,
આન આન ગુણ ગનનનનનન ગતિ બંધાન સાધે. ૧
શરદ નિશા પૂરનચંદ્ર ત્રિવિધ વાયુ વહત મંદ,
ખગ મૃગ દ્રુમ વેલી પત્ર પત્ર રટત રાધે રાધે;
યુવતી મંડલ સમૂહ રાગ રંગ અતિ કૌતૂહલ,
રામકૃષ્ણહિત દામોદર ચરન અંબુજ આરાધે. ૨

રાગ બિલાવલ. પદ ૨ જું.

નિતંત રાધા નંદકિશોર.
તાલ મૃદંગ સહચરી બજાવત, બિચબિચ મોહન મુરલી કલઘોર. ૧
ઉરપ તિરપ પગ ધરત ધરણિપર, મંડલ ફિરત ભુજનભુજ જોર;
શોભા અમિત વિલોક ગદાધર, રીઝ રીઝ ડારત તૃણ તોર. ૨

રાગ ટોડી. પદ ૩ જું.

વિશદ કદમ સઘન વૃન્દાવન, રચ્યો રાસ તરણિ તનયા તટ;
શરદ નિશા ઉડુપતિ ઉજિયારો, પૂર્યો નાદ મુરલી નાગર નટ; ૧

શ્રવણ સુની ચલત વ્રજ સુંદરી, સાજી સિંગાર પહેરે ભૂષણ પટ;
અતિ ઉલ્લાસ કુમુદિની મન પ્રફુલિત, નિરખલાલ ઠાડે બંસીબટ.૨
મંડલ મધિ નાચત પિય પ્યારી, ગાવત સ્વર ઢોડી તાન વિકટ;
દાસ સખી દેખત નયનન ભર, વાર ફેર ડારેં કોટિ મદન ભટ.૩

રાગ સારંગ. પદ ૪ થું.

રાસ મેં નાચત લાલ વિહારી, નચવત હે સબ વ્રજકી નારી;
તા થેઈ તા થેઇ તા તા થેઇ થુંગ, નિભુંગ નિતટ કત તારી, ૧
શ્રી રાધા એક તરતજ મિલવત, લેત અલાપ સપ્ત સ્વર ભારી;
કૃષ્ણદાસ નટ નાટય રસીક વર, કુશલ કેલી શ્રી ગોવર્દ્ધન ધારી;

રાગ પુર્વી. પદ ૫ મું.

નર્તત ગોપાલલાલ તરણિ તનયા તીરે.
યુવતી જન સંગ લીયે મન્મથ મન કરષ કીયે,
અંગ અંગ સુખદ કીયેં રાજત બલવીર. ૧
લાવણ્ય નિધિ ગુણ સાગર કોક કલા ગુણ સાગર,
ત્રિવિધ તાપ હરત સીતલ સમીરે;
આશકરન પ્રભુ મોહન નાગર ગુણ નિધાન સંગીત સાગર,
રીઝવત વ્રજ વધુ નાગર ફૂરકત પટપીરે.

રાગ માલવ. પદ ૬ ઠું.

મદન ગોપાલ રાસ મંડલમેં, માલવ રાગ રસ ભર્યો ગાવે;
અવઘર તાન બંધાન સપ્ત સુર, મધુર મધુર મુરલીકા બજાવે. ૧
નર્તત સુલપ લેત નૌતન ગતિ, બહુ વિધ હસ્તક ભેદ દિખાવે;
ઉઘટત શબ્દ ત ત થેઇ ત ત થેઇ, યુવતિ વૃંદ મનમોદ બઢાવે. ૨

થક્યો ચંદ મોહે ખગ નગ મૃગ, પ્રતિક્ષણ અમિત અનાગતિ લાવે;
ચત્રભુજ પ્રભુ ગિરિધર નટનાગર, સુરનર મુનિગતિ મતિ વિસરાવે.૩

પદ ૭ મું.

રાસ વિલાસ ગહે કર પલ્લવ એક એક ભુજ ગ્રીવા મેલી;
દ્વે દ્વે ગોપી બિચ બિચ માધો, નર્તત સંગ સહેલી. ૧
ટુટ પરી મોતિનકી માલા, ઢુંઢત ફિરત સકલ વ્વારી;
વિગલિત કુસુમ માલ કચ વિલુલિત, નિરખ હસે ગિરિવર ધારી. ૨
શરદ વિમલ નભ ચંદ બિરાજે, નિર્તત નંદ કિશોરા:
પરમાનંદ પ્રભુ વદન સુધા નિધિ, ગોપી નયન ચકોરા. ૩

પદ ૮ મું.

ચંદ ગોવિંદ ગોપી તારા ગણ, બને રાસમેં બનવારી;
સુખ પ્રતાપ રંજતિ વૃંદાવન, નવલ યુવતિ તન સુખકારી. ૧
કમલ નયન કમનિય મનોહર, મનહરની ગોકુલનારી;
હસ્ત કમલ પર ગલિત કુસુમદલ, નૃત્યમાન પ્રીતમ પ્યારી; ૨
રસ મય રાસ રસિકની ભામિની, અતિ રસાલ બને બિહારી;
કૃષ્ણદાસ પ્રભુ રસિક શિરોમણી, રસિકરાય ગિરિવરધારી. ૩

રાગ ગોરી. પદ ૯ મું.

રાસ નાયક કુંવર સંગ. લેત અતિ સુધંગે,
કાછનિ કટિ શિર ટિપારો; નઈ નઈ ગતિ રંગે. ૧
જોરી અતિ સૌભગ શીમા સમર માન ભંગે;
કૃષ્ણદાસ પ્રભુ વિલસત, યુવતી યુથ સંગે. ૨

રાસ લીલાનાં ધોળ ગાવાની ઇચ્છાવાળાઓએ અમારા “ વિવિધ ધોળ તથા પદ સંગ્રહ ભાગ ૧ લો.” પ્ર. ૧૦ મું. જાવું.

ધનતેરસનાં પદ. રાગ દેવગંધાર.

આજ માઈ ધન ધોવત નંદરાની.

કાર્તિક વદી તેરસ દિન ઉત્તમ, ગાવત મધુરી વાની; ૧

નવ સત સાજ સિંગાર અનૂપમ, કરત આપ મન માની:

કુંભનદાસ લાલ ગિરિધર પ્રભુ, દેખત હિયો સિરાની. ૨

રૂપચતુર્દશીનાં પદ. રાગ દેવગંધાર.

આજ ન્હાઓ મેરે કુંવર કન્હૈયા, માની કાલ દિવારી;

અતિ સુગંધ કેસર ઉવટનો, નયે વસન સુખકારી. ૧

કછુ ખાઓ પકવાન મિઠાઈ, હોં તુમ ઉપર વારી;

કર શૃંગાર ચલે દોઉ ભૈયા, તૃણ તોરત મહતારી. ૨

ગોધન ગીત ગાવત વ્રજ પુરમેં, ઘર ઘર મંગલ ચારી;

કૃષ્ણદાસ પ્રભુકી યહલીલા, ગિરિ ગોવર્ધન ધારી. ૩

દીપમાલિકાનાં પદ. રાગ–કાન્હરો. પદ ૧ લું.

આજ કુહૂકી રાત્ર માધો, દીપમાલિકા મંગલ ચાર;

ખેલો ઘુત સહિત સંકર્ષન, મોહન મૂરતિ નંદકુમાર. ૧

કહત યશોદા સુનો મનમોહન, ચંદન લેપ શરીર કરો;

પાન કુલ ચોવા દિવ્ય અંબર, મણિમાલા લે કંઠ ધરે. ૨

ગો ક્રીડન પુનિ કાલ્હ હોયગો, નંદાદિક દેખેંગે આય;

પરમાનંદદાસ સંગ લીને, ખિરક ખિલાવત ધોરી ગાય. ૩

પદ ૨ જું.

આજ અમાવાસ દિપમાલીકા, બડી પર્વણી હૈ ગોપાલ;

ઘર ઘર ગોપી મંગલ ગાવેં, સુરભી વૃષભ શિંગારો લાલ. ૧

કહત યશોદા સુનો મન મોહન, અપને તાતકી આજ્ઞા લેહ;
કરેહ દિપક બહુત લાડિલે, કર ઉજીયારો અપને ગેહ. ૨
હસ વ્રજનાથ કહત માતાસોં, ધોરી ધેનુ સિંગારેં જાય;
પરમાનંદદાસકો ઠાકુર, જાઈ ભાવત હેં નિશદિન ગાય. ૩

પદ ૩ જું.

દેખો દીન દીપનકી સુંદરાઇ.
જાનોં ઘનમેં વિધુ મંડલ રાજત, તમ નિશ પરમ સુહાઈ. ૧
નંદરાય અગણિત પાંતી રચિ, અદભુત યુક્તિ બનાઇ;
વિવિધ સુગંધ કપૂર આદિ દે, ઘૃત પરિપૂરણ તાઇ. ૨
ઘર ઘર મંગલ હોત સબનકે. ઉર આનંદ ન સમાઈ;
કુંભનદાસ પ્રભુ ધેનુ ખિલાવત, ગિરિધર સબ સુખદાઇ. ૩

ગાય ખિલાયવેકે પદ. રાગ–સારંગ. પદ ૧ લું.

શ્યામ ખરિકકે દ્વાર કરાવત, ગાયેનકો સિંગાર.
નાના ભાંત સિંગ મંડિત કિયે, ગ્રીવા મેલે હાર, ૧
ઘંટા કઠ મોતિનકી પટીયાં, પીઠિનકો આછે ઓછાર;
કિંકિણી નૂપુર ચરણ બિરાજત, બાજત ચલત સુઢાર. ૨
વહુવિધ સબ વ્રજ ગાય સિંગારી, શોભા બઢી અપાર;
પરમાનંદ પ્રભુ ધેનુ ખિલાવત, પેહેરાવત સબ ગ્વાલ. ૩

પદ ૨ જું.

ખેલનેકોં ધોરી અકુલાની.
ઠાઢ મેલ સન્મુખ આતુર વ્હેં, નંદ નંદનકી સુન મૃદુબાની. ૧
ઠાડરે ગોપ ચકિત ભયે દેખત, એસી કબહુ સુની ન કહાની;

નાચત ગાય ભઈ નૌતન વ્રજ, વરસોં વરસ કુશલ યહ જાની. ૨
નંદકુમાર નિવેર ઝાર મુખ, જય જય શબ્દ કરત કલગાની;
ચતુર્ભુજ પ્રભુ ગિરિધર અબ યહ વ્રજ,રાજ કરો ભક્ત ન સુખદાની.૩

પદ ૩ જું.

વિફર ગઈ ધુમર ઓર કારી.
ફૂકત ગ્વાલ વછરુવા લીને. બદન પિછોરી ડારી. ૧
તબ તો હુંક હુંક સન્મુખ વ્હે, ભલી ભાત સંભારી;
પૂંછ ઉઠાયકર દોરી દોઉ, કુંવર ભરે અંક વારી. ૨
ભીર ખરિકકે અટા અટારી, ઠાડી હેં વ્રજનારી;
પરમાનંદ દેખે બની આવે, નવલલાલ ગિરિધારી. ૩

કાન જગાયવેકે પદ. રાગ.–કાન્હરો.

દીપ દાન દે શ્યામ મનોહર, સબ ગાયનકે કાન જગાવત.
ગાંગ બુલાઈ ધુમર ધૌરી, ઉંચે લે લે નામ બુલાવત. ૧
હોઇ સચેત ભોર ખેલનકો, દોરી આવત નેંક સુનાવત;
સન્મુખ જાય ફૂક મારતહેં, મુખ પર ફેર પિછોરી ધાવત;
ચત્રભુજ પ્રભુ ગિરિધરન ડાઢ સુન, હસ ગાવત કર તાલ બજાવત.૩

હટરીકે પદ. રાગ કાન્હરો. પદ ૧ લું.

સુરભિ કાન જગાય ખરિક બલ, મોહન બૈઠે રાજત હટરી;
પિસ્તા દ્રાક્ષ બદામ છુહારે, ખુરમા ખાજા ગુંજા મઠરી. ૧
ઘર ઘરતેં નર નારિ મુદિત મન ગોપી ગ્વાલ જુરે સબ ઠટરી;
ટેર ટેર લે હેત સબનકોં, લે લે નામ બુલાય નિકટરી. ૨

દેત અસીસ સકલ ગોપીજન, જસુમતિ દેત હરખ બહુ પટરી;
સૂર રસિક ગિરિધર ચિરંજીવો, નંદમહુરકો નાગર નટરી. ૩

પદ ૨ જું.

હટરી બૈઠે ગિરિધરલાલ,
સુંદર કુંજસદન અતિનીકો, શોભિત પરમ રસાલ. ૧
ચહું ઓર પાંત બની દીપનકી, ઝલકત ઝાલ ઝમાલ;
મેવા મિશ્રી પાન ફુલ સબ, ભર ભર રાખે થાલ. ૨
કનક લતાસી સંગ મૃગ નયની, શોભિત શ્યામ તમાલ;
ભાવ પરસ્પર લેત દેતહેં, રાજત અંગ રસાલ. ૩
ઘર ઘરતેં સબ ભેટ લે લે, આઈ સબ વ્રજ બાલ;
રસિક પ્રભુ કે આગે રાખત, ગાવત ગીત રસાલ. ૪

ગોવર્દ્ધન પુજાકે પદ. રાગ બિલાવલ. પદ ૧ લું.

ગોકુલકો કુલદેવતા, પ્યારો ગિરિધરલાલ.
કમલ નયન ઘન સાંવરો, વપુ બાહુ વિશાલ. ૧
ભેગ કરો મેરે કહે, પકવાન રસાલ;
બલિ મઘવા બલ લેતહે; કર કર ઘૃત ગાલ. ૨
ઇનકે દીયે બાઢિહેં ગૈયા વચ્છ બાલ;
સંગ મિલ ભોજન કરતહેં, જેસે પશુપાલ. ૩
ગિરિ ગોવર્દ્ધન સેવિયે, જીવન ગોપાલ;
સૂર સદા ડરપત રહે, જાતેં યમ કાલ. ૪

પદ ૨ જું.

ગોકુલ ગોધન પૂજિયે, ગિરિધર નંદરાય;
નરનારિ સબ હુલસકેં, પૂજે સુખપાય. ૧
ગહી દોહની કર લીયે, દઈ લાલે જાઇ;
હસ હસ દેવ ન્હવાવહીં, દુહિ દુહિ સબ ગાઇ. ૨
ખીર હાંડી દધિ ભાત લે, પકવાન બનાય;
કુનવારો ભર લે ચલી, શુભ મંગલ ગાય. ૩
ગાય ખિલાવેં અપની, ફૂકે કિલકાય;
શ્રી વિઠ્ઠલ ગિરિધરનકી, બલ બલ જાય. ૪

પદ ૩ જું.

સાત વરસકો સાંવરો, બોલે તુતરાત;
હસ હસ કાન્હ કહેં સુનો, મેરી એક બાત. ૧
ઈંદ્ર ન પૂજા કીજીયે, પૂજો ગિરિ તાત:
તુમ દેખત ભોજન કરે, પકવાન અરૂ ભાત. ૨
યહ મતો નિરધારકે, ગોપ ગૃહકોં જાત;
મૃદુવાની ગિરિધરનકી, સુન સૂર સિહાત, ૩

પદ ૪ થું.

ગોવર્દ્ધન પૂજન ચલેરી ગોપાલ.
મત્ત ગયંદ દેખ જિય લજ્જિત, નિરખ મંદ ગતિ ચાલ. ૧
વ્રજનારી પકવાન બહુત કર, ભર ભર લીને થાલ;
અંગ સુગંધ પહર પટ ભૂષણ, ગાવત ગીત રસાલ. ૨
વાજે અનેક વેણુરવસોં મિલ, ચલત વિવિધ સુરતાલ;
ધ્વજા પતાકા છત્ર ચમર ધર, કરત કુલાહલ ગ્વાલ. ૩

બાલક વૃંદ ચહું દિશ સોહત; માનોં કમલ અલિ માલ;
કુંભનદાસ પ્રભુ ત્રિભુવન મોહન ગોવર્ધન ધર લાલ. ૪

રાગ સારંગ. પદ ૫ મું.

બડડેનકોં આગેં દે ગિરિધર, શ્રી ગોવર્દ્ધન પૂજન આવત;
માનસિ ગંગા જલ ન્હવાઈકેં, પાછેં દૂધ ધોરીકો નાવત. ૧
બહોરિ પખાર અરગજા ચરચિત, ધુપ દીપ બહુ ભોગ ધરાવત;
દે બીરા આરતિ કરતહેં, વ્રજ ભામિની મિલ મંગલ ગાવત. ૨
ટેર ગ્વાલ ભાજન ભરદેકેં, પીઠ થાપ શિર પેચ બંધાવત;
ચતુર્ભુજપ્રભુ ગિરિધર અબ યહ વ્રજ,યુગ યુગ રાજ કરો મન ભાવત.૩

પદ ૬ ઠું.

ગોવર્દ્ધન પૂજકે ઘર આયે,
જનની જસોદા કરત આરતિ, મોતીન ચોક પુરાયે. ૧
મંગલ કલશ બિરાજત દ્વારે, બંદન વાર બંધાયે,
લાલદાસ ગિરિધર ગિરિ પૂજો, ભયે ભક્તન મન ભાયે. ૨

ગોવર્ધનલિલાકે પદ. રાગ બિલાવલ. પદ ૭ મું.

ગોદ બૈઠે ગોપાલ કહત વ્રજરાજસોં.
અહો તાત એક બાત શ્રવણદે સુનો જો મેરી,
ભવનમાંઝ હોં ગયો ધરી જહાં સોંજ ઘનેરી;
મેં હસ માગ્યો માયપેં ભોજન દેરી મોહિ,
કર લકુટી લે યોં કહ્યો યહ કયોં દેહો તોહિ. કહત વ્રજ૦ ૧
ક્ષુધિત જાનકેં નેહ રોહિણી નિકટ બુલાયો,
દૂધ પ્યાઈ ચુચુકાર શીખદે કંઠ લગાયો;

યહબલિ ભુક્તે દેવતા કહ્યોં હરે લગ કાન,
તાતેં રચિપચિ કરત હેં શાક પાક પકવાન. ૨
યહ નિશ્ચય કર કહો કોંનસો દેવ તુમ્હારો,
જો ઈતની બલિખાય કાજ કહા કરે હમારો;
કહા દેવકો નામહે કોન લોકકો નાથ,
ઈકલોહી ભોજન કરે લે અપનોં ગણ સાથ. ૩
સુનો શ્યામ ચિત્ત લાય દેવકી કહું કહાની,
આગમ નિગમ પુરાણ કહેં ઋષિવર મુનિ જ્ઞાની;
સબ સુખનિધિ સુર લોકહે કહિયત તાકો ઈશ,
સેવતહેં સબ દેવતા, જાહિ કોટિ તેતીસ. ૪
જાકે અનુચર મેઘ વરસ જલ ધરણી પોખેં,
અન્નાદિક ફલ ફુલ નિપજ પ્રજા સંતોષે;
બહુ તૃણ ઉપજે પશુનકો ભરે સરોવર તોય,
દેવ દિવાકી પૂજિયે તો વ્રજ અતિ સુખ હોય. ૫
એક બાતહું કહું બાવા જો સાચી માનો,
એસે અનુચર કોટિ કોટિ કહી કહાં બખાનો;
અશ્વમેધ સતતેં લહે ઈંદ્રાસનકો ભોગ,
વ્રજ રજકણ પાવે નહિ કોટિ યજ્ઞ તપ યોગ. ૬
સો પ્રભુ અબહી ચલો તુમ્હે હોં નિકટ બતાઉં,
મન ભાવે તબ બોલ આપને સંગ ખિલાઉં,
ગોવર્દ્ધનકી તરહટી હમ વચ્છ ચરાવન જાય.
અખિલ લોકકે નાથ સોં છાક વાંટ હમ ખાય. ૭

બ્રહ્મા શિવ મુનિ રટેં તનક પાવે નવ સેરો,
કાટે વિઘ્ન અનેક સદા વ્રજવાસિન નેરો;
વેદ ઉપનિષદમેં કહ્યો સો ગોવર્દ્ધન રાય,
બડરે બૈઠ વિચાર મતો કર ગોવર્દ્ધન પૂજો આય.
ભયે નંદ મન મુદિત બડે સબ ગોપ બુલાયે,
કાન્હ કહેં સો કરો ભયે સબહિન મન ભાયે;
શકટ પૂતના આદિ દે ડારે વિઘ્ન નસાય,
ગિરિ પ્રતાપ ચિર કાલતેં થિર વ્રજવાસ વસાય. ૯
હરખ નંદ ઉપનંદ સકલ વ્રજ કહી દુહાઈ,
સુરપતિ પૂજા મેંટ રાજ ગોવર્દ્ધન રાઈ;
આદિ લોક વૈકુંઠ લોં વ્રજપર પૂરણ સોય,
વ્રજવાસિન હિત કારને આયે હરિ ગિરિ હોય. ૧૦
સુન વ્રજવાસી સકલ હરખ મન કરી વધાઈ;
કહા કરેગો ઈંદ્ર હમારે કૃષ્ણ સહાઈ;
ગોપી ગો સુત ગાયલે ઓર બાલક સંગ લાય,
ગોપ ચલે ઉત્સાહસેં પૂજનકોં ગિરિરાય. ૧૧
અગણિત શકટ જુરાય સોંજ પૂજાકી સાજે,
કાન પરી નહીં સુનત ચહુંધા બાજત બાજે;
વ્રજનારિનકો ઝુંડસોં ચલી યશોદામાય,
ગોધન ગાય મ્હલાવહીં ઉર આનંદ ન સમાય. ૧૨
ચલે નંદ ઉપનંદ આદિ વ્રજ નંદ અગોઉ,
કરત પરસ્પર ખ્યાલ ચલે મોહન બલદાઉ;

વૃદ્ધ તરૂણ બારે સબે વ્રજ ઘર રહ્યો ન કોય,
આપનો કુલ પતિ પૂજિયે મહા મહોત્સવ હોય. ૧૩
કીનો દરશન શૈલ દૂરતેં શીશ નવાયે,
નિકટ આય પ્રણામ કરત અઘ દૂર નસાયે;
દીપદાનદે નંદજૂ રજની મુખ ચહું ઓર,
ગાયન કાન જંગાય કેં ખુઝત નંદ કિશોર. ૧૪
આજ કુહુંકી રાતિ ચલો પરિક્રમા કીજે,
ગિરિ સન્મુખ નિશ જાગ ભોર બલિ પૂજા દીજે;
ચલે હરખ ગિરિરાજકોં સબે દાહિનો દેહિ,
ગોવર્દ્ધન ગોપાલકી સબ ગોપ બલૈયા લેહિ. ૧૫
મધ્ય અધિ દૈવિક રત્ન ખચિત ગિરિરાજ બિરાજે,
દિપમાલિકા ચહું ઓર અદભૂત છબી છાજે;
સકલ નિશા આનંદમેં રજની ગઇ વિહાય,
વિધિવત પૂજા કીજીયે બલિ ઉપહાર મગાય. ૧૬
ગાવત ગીત પુનિત સકલ વ્રજનારિ સુહાયે,
અગણિત વાજે વિવિધ અખિલ વ્રજરાજ બજાયે;
ગિરિવર પ્રથમ ન્હવાવહી માનસીગંગા નીર,
અગણિત કલશા હેમકે લે નાવત ધોરી ક્ષીર.
પુન ચંદન ઉવટાય સ્વચ્છ જલ ગિરિહી ન્હવાયે,
અરગજા કુંકુમ પોહોપ ચરચ પટ પીત ઉઢાયે;
ધુપદીપ બહુ વિધિ કીયે કુણવાડો ધર ભોગ,
સુખ સમુદ્ર લહેરિન બઢ્યો ઇન વ્રજવાસિન લોગ. ૧૮

ગુજાકો પ્રસાદ દેત ગ્વાલન મન ભાયે,
આશે ઠેરા બાંધ પીઠ થાપે સરસાયે;
નંદરાય આજ્ઞા દઇ આંન ખિલાઓ ગાય,
કાન્હ તોકસોં યોં કહ્યો ધોરી પેહેલેં ખિલાય. ૧૯
કાન્હ ગહે પટ પીત આન જબ બોલી ધોરી,
હુંકત લેહેંડે પેલી વચ્છકે સન્મુખ દોરી;
ચુવત વચ્છ અકુલાઇકે ડાઢ મેલિ સમુહાય,
ભલી ભલી ખેલી કહેં સબ ગોપ શ્યામકી ગાય. ૨૦
એલી ધુમરિ ગાંગ ભુલાઈ કાજર કારી,
ઓરેં અગણિત ઝુંડ સકલ ગોપનકી ન્યારી;
સુખ પયોધી લહરીન બઢયો રહ્યો સકલ વ્રજ છાય,
અન્નકૂટ વિધિવત્ રચ્યો નાના પાક બનાય. ૨૧
બહુવિધ વ્યંજન મધુર ચરપરે ખાટે ખારે,
બેસનકે કો ગિને કઇક સુકવનિકે ન્યારે,
તિન મધ્ય પૂર્યો પ્રેમસોં નવ ઓદનકો કોટ,
મધ્ય ચક્ર ચિત્રિત ધર્યો ગિરિ ઓદનકી ઓટ. ૨૨
બહુત ભાંત પકવાન નામલે કોંન વખાનેં,
ગણુત ન આવે પાર પરમ રૂચિ ધરે સંધાને;
બાસોંધી મિશ્રી સની મિલિ મૃગ મદ ઘન સાર,
નાનાવિધ મેવાનકે ગિણુત ન આવે પાર. ૨૩
દધિ સિખરન સંચાવ સેવ અતિ રોચક પ્યારી,
વરા મગોરી વરી તિલવરી રોચક ન્યારી;

પાપર અતિ કોમલ ધરે ઘૃત નવનીત મગાય,
ઓટચો દૂધ ધર્યો ઘોરીકો મિશ્રી પનો છનાય. ૨૪
તુલસીદલ દે નંદ પોહોપ માલા પહેરાવે,
સૌરભ ચંદન પીત સજલ શંખોદક નાવે;
દુહું કર જોરે દીન વ્હૈ ધ્યાન ધરત વ્રજરાજ,
પ્રત્યક્ષ વ્હે ભોજન કરે રૂપ ધરે ગિરિરાજ. ૨૫
કહુત ગોપ સમૂઝાય રૂપ ગિરિરાજ નિહારો.
જાકે એસો પૂત સુફલ વ્રજવાસ તિહારો;
મોર પખૌવા શિર ધરે ઉર રાજત વનમાલ,
સબ દેખત ભોજન કરે હો માનો શ્રીગોપાલ. ૨૬
યથાશક્તિ ફૂલ પત્ર પાક વ્રજવાસી લાયે,
પ્રેમ ભક્તિ પ્રતિપાલ પરમ રૂચીસોં વે ખાયે;
કાહુ અતિ સંકોચ તેં સજિ ધર રાખ્યો ગેહ,
માંગ માંગ સબપેં લીયો પ્રગટ જનાયો નેહ.
સીતલ પરમ સુવાસ સુખદ યમુનોદક લાનો,
રહ્યો જો શેષ પ્રસાદ વાંટ વ્રજવાસિન દીનો;
બીરી દેત સંભારકેં આપુન નંદ કુમાર,
આરોગત વ્રજરાજ સાંવરો ભોજન લેત ઉગાર. ૨૮
સદા મહોત્સવ માનિ લીયો ગિરિરાજ હમારો,
વ્રજવાસિન શિર છત્ર સદા ગોધન રખવારો,
વ્રજરાની કર આરતો લાગત ગિરિકે પાય,
પટ ભૂષણ ન્યોચ્છાવર કરકેં ગ્વાલન દેત બુલાય. ૨૯

નંદાદિક વ્રજ ગોપ સબેં જુર સન્મુખ આયે.
નયન પાણી ઓર ગ્રીવ શીશ ગિરિ ચરણ છુવાયે;
રામકૃષ્ણકે શીશપેં દેવ પાણી પરસાય,
આજ્ઞા લે ઘરકોં ચલે પદ વંદન કરવાય. ૩૦
ઈંદ્ર ઉઠયો અકુલાય આજ કયોં હોત અવેરો,
ઓર વેર વ્રજ જાઈ લેહું બલિ ભોગ સવેરો;
વ્રજ બલિકી સુધ લેનકોં દીને દૂત પઠાય,
મહા મહોત્સવ દેખકેં કહ્યો ઈંદ્ર સોં જાય. ૩૧
કોપ ઈંદ્ર ઘન જોર સબેં વ્રજલોક પઠાયે,
ચહું આરતેં ઘેર ઘેર, વ્રજ બોરન આયે;
મૂશલ ધાર વરખન લાગ્યો, વ્રજ કંપ્યો અકુલાય,
કહ્યો સબન વ્રજરાજસોં અબ કો હો હેં સહાય. ૩૨
વ્યાકુલ લખ વ્રજવાસિ કાન્હ ગોવર્દ્ધન ધાર્યો,
વામ પાણી અંગુલીન એક નખ અગ્ર ઉછાર્યો;
ગોપ લકુટિયા લે રહે ટેકી ચહુધા આય,
કોમલ કર અતિ ભારતેં મતિ ઇત ઉત ડિગિ જાય. ૩૩
લે કટિતેં કર વેણુ ધર્યો અધરન ગિરિધારી;
સપ્ત રંધ્ર સ્વર પૂર ઘોષ ઉંચી દે ભારી;
પરવત દીયો ઉછારકેં સ્વરપેં રહ્યો ઠહેરાય,
ગોપનકો બલ દેખકેં ફિરિ ગિરિ થાંભ્યો આય. ૩૪
સાત દોસ નિશ પરી પ્રબલ અતિ જલકી ધારેં,
ગિરિકી છાયા સકલ ગોપ ગોધન તૃણ ચારેં;

બુંદ ન કાહુ પરસહીં યહ સુન અતુલ પ્રતાપ,
પરમ પુરૂષ વહ જાનકે ઇંદ્ર બઢયો સંતાપ. ૩૫
લે સુરભી વ્રજ આઇ પાય હરિ કે શિર નાયો,
તુમ દેવનકો દેવ કિયો મેં અપનો પાયો,
અબલોં મેં જાન્યો નહિં વ્રજ વૃંદાવન રૂપ,
કૃપા દૃષ્ટિસોં દેખિયે અખિલ લોકકે ભૂપ. ૩૬
ગિરિધર ધરણી કાન્હ પાણી સુરપતિ શિર ધાર્યો,
ધેનુ ક્ષીર અભિષેક માન અપરાધ નિવાર્યો;
સ્વર્ગ લોકકો રાજ દે કરસોં થાપી પીઠ,
અબતેં યહ વ્રત રાખીયો વ્રજપર અમૃત દીઠ. ૩૭
ઇંદ્ર પઠાયો ગેહ આપ વ્રજ માયા ફેરી,
દેવ વિમાનન આય વરખ કુસુમનકી ઢેરી;
સબ કોઉ ગોવિંદકો શ્રી મુખ નિરખત આય,
દેત દાન બહુ નંદજુ ઉર આનંદ ન સમાય. ૩૮
ધાય યશોમતિ માય લાલકોં કંઠ લગાવેં,
વાર વાર જલ પીવે ચુંમ કર નયન છુવાવે;
સાત વરસકો સાંવરો સાત દ્યોસ ઈક હાથ,
ગિરિ ધાર્યો બલદેવકે સો પ્રભુ વૈકુંઠનાથ. ૩૯
સબ વ્રજવાસી લોગ કહત વ્રજરાજ દુહાઇ,
જય જય શબ્દ ઉચ્ચાર હમારો દેવ કન્હાઇ;
દે અસીસ ઘરકોં ચલે ગ્વાલ ગોપ વ્રજનારિ,
વ્રજજન ગિરિધર રૂપપેં ડાર્યો સર્વસ્વ વારિ, ૪૦

પદ ૮ મું.

અપને અપને ટોલ કહત વ્રજ વાસિયાં.
શરદ કુહુ નિશ જાન દીપમાલિકા જો આઇ,
ગોપન મન આનંદ ફિરત ઉનમદ અધિકાઇ;
એપન થાપે દિજિયે ઘર ઘર મંગલ ચાર,
સાત વરસકો સાંવરો ખેલત નંદ દુવાર. ૧
બૈઠ નંદ ઉપનંદ બોલ વૃષભાન પઠાયે,
સુરપતિ પૂજા જાન તહોં ચલ ગોવિંદ આયે;
વાર વાર હા હા કરે કહો બાવા યહ બાત,
ઘર ઘર ગોરસ સંચિયે કોન દેવકી જાત. ૨
કાન્હ તુમારી કુશલ જાન એક મંત્ર ઉપેહેં.
ખટરસ વ્યંજન સાજ ભોગ સુરપતિકોં દેહેં;
નંદ કહ્યો ચુચકારકેં જા દામોદર સોય,
વરસ ઘોસકો ઘોસ હે મહા મહોત્સવ હોય. ૩
તબ હસ બોલે લાલ મંત્ર બહોર્યો ફિર કીનોં,
આદિ પુરૂષ નિજ જાન રેંન સ્વપ્નો મોહિ દીનો;
સબ દેવનકો દેવતા ગિરિ ગોવર્દ્ધન રાજ,
તાહિ ભોગ કિન દિજીયે સુરપતિકો કહા કાજ. ૪
બાઢે ગોધન વૃંદ દૂધ દધિકો કહા લખો,
યહ પરચો વિદ્યમાન નયન અપને કિન દેખો,
તુમ દેખત બલ ખાઇગો મોહોં માંગ્યો ફલ દેય,
ગોપ કુશલ જો ચાહિયે તો ગિરિ ગોવર્દ્ધન સેય. ૫

ગોપન કિયો વિચાર સબન મિલ શકટ જો સાજે;
બહુ વિધ કર પકવાન ચલે જહાં બાજત બાજે;
એક વનહી વન કોં ચલે એક નંદી સુર ભીર,
એક ન પેંડો પાવહી ફુલે ફિરત અહીર. ૬
એક ઉબટ વ્હૈં ચલે એક વનહિ વન છાયે,
ગાવે ગુણ ગોવિંદ પ્રેમ ઉમંગે ન સમાયે;
ગોપનકો સાગર ભયો ગિરિ ભયો મંદિરા ચાર,
રત્ન ભઇ સબ ગોપિકા કાન્હ વિલોવનહાર. ૭
વ્રજ ચોરાસી કોસ પરે ગોપનકે ડેરા,
લંબે ચોવન કોસ જહાં વ્રજવાસ વસેરા;
સબહિનકે મન સાંવરો દેખિયત સબન મઝાર,
કૌતુક ભૂલે દેવતા આયે લોક વિસાર. ૮
લીને વિપ્ર બુલાય યજ્ઞ આરંભન કીનો,
સુરપતિ પૂજા મેંટ રાજ ગોવર્દ્ધન દીનો,
દેવ દિવારી શ્યામહી સબમિલ પૂજન જાય,
નંદ પ્રતીત જો ચાહીયે તો તુમ દેખત બલિ ખાય. ૯
પ્રથમહી દૂધ ન્હવાય બોહોરિ ગંગાજલ ડાર્યો,
બડો દેવતા જાન કાન્હકો મતો વિચાર્યો;
જેસેં હેં ગિરિરાજ જૂ તેસેં અન્નકો કોટ,
મગ્ન ભયે પૂજા કરે નરનારી બડ છોટ. ૧૦
સહસ્ત્ર ભુજા ઉર ધરેં કરેં ભોજન અધિકાઈ,
નખસિખ લોં અનુહાર માનો દૂસરો કન્હાઈ;

લલિતા રાધાસોં કહે તેરે હ્રદેં સમાય,
ગહે અંગુરિયા નંદકી સો ઢોટા પૂજા ખાય. ૧૧
પીત હુમાલો બન્યો કંઠ મોતિનકી માલા
સુંદર સુભગ શરીર ઝલમલે નયન વિશાલા;
શ્યામકી શોભા ગિરિ ભયો ગિરિકી શોભા શ્યામ,
જેસો પરવત ભાતકો ઢિંગ ભૈયા બલરામ. ૧૨
વ્યંજન બહુત બનાય કહાંલોં નામ વખાનોં,
ભયો ભાતકો કોટ ઓટ ગિરિરાજ છિપાનો;
બરા બિરાજે ભાતપેં ચંદા પટતર સોય,
યજ્ઞ પુરૂષ ભોજન કરે સબ દેવન સુખ હોય. ૧૩
જેસી કંચન પુરી દિવ્ય રત્નનસોં છાંઈ,
બલિ દીની હે પ્રાત છાંહ ચલી પૂરવ આઈ,
બદરોલા વ્રષભાનકી રહી વીલોવન હાર,
તાકી બલી ઉન દેવતા લીની ભુજા પસાર. ૧૫
સબ સામગ્રી અરપિ ગોપ ગોપીન કર જોરે,
અગણીત કીને સ્વાદ દાસ વરણે કહા થોરે;
યહુ વિધ પુજા કીજીયે કહ્યો સબન સમઝાય,
સ્યામ કહ્યો સૂરદાસસોં મેરી લીલા સરસ બનાય. ૧૫

રાગ સારંગ. પદ ૯ મું.

અન્નકુટ કોટીક ભાંતનસોં, ભોજન કરત ગોપાલ,
આપહી કહત તાત અપનેસોં ગિરિ મૂરતિ દેખો તત્કાલ; ૧
સુરપતીસે સેવક ઈનહીકે શીવ વિરંચી ગુણ ગાવે;
ઈનહી તે અષ્ટ મહા સિદ્ધિ નવ નિધિ પરમ પદારથ પાવે. ૨

હમ ગૃહ વસત ગોધન વન ચારત ગોધનહી કુલ દેવ;
ઇને છોંડ જો કરત યજ્ઞ વિધિ માનો ભીંત કો લેવ. ૩
યહ સુન આનંદે વ્રજવાસી આનંદ દુંદભી વાજે;
ઘર ઘર ગોપી મંગલ ગાવે, ગોકુલ આન બિરાજે, ૪
એક નાચત એક કરત કુલાહલ એક દેત કરતારી;
વનિતા વૃંદ વાયનોં વાંટત ગુંજા પુઆ સુહારી. ૫
તબહી ઈંદ્ર આયુસ દીયો મેઘન જાય પ્રલય કે વરખો.
યહ અપમાન કીયો ધોં કોને, તાઈ પ્રકટ વ્હે પરખો. ૬
સાત દ્યોસ જલ શિલા સહસ્ત્રન, મહા ઉપદ્રવ કીનો;
નંદાદિક વિસ્મિત ચિતવત સબ, તબ ગિરિવર કર લીનો. ૭
શક્ર સકુચ સુરભી સંગ લાયો, તજી આપની ટેક;
ગહે ચરણુ ગોવિંદ નામ કહિ કિયો આપ અભિષેક ૮
મેહરિ મુદિત વર વસન મગાયે, બોલ બોલ સબ ગ્વાલીન દીને;
પ્રભુ કલ્યાણુ ગિરિધર યુગ યુગ યોં, ભક્ત અભય પદ દીને. ૯

પદ ૧૦ મું.

દેખોરી હરિ ભોજન ખાત.
સહસ્ત્ર ભુજા ધર ઉત જેમતહેં, ઇત ગોપન સોં કરત હેં બાત. ૧
લલિતા કહત દેખ હો રાધા, જો તેરે મન બાત સમાત;
ધન્ય સબે ગોકુલકે વાસી સંગ રહત ગોકુલકે નાથ. ૨
જેંમત દેખ નંદ સુખ દીનો, અતિ આનંદ ગોકુલ નારિ;
સૂરદાસ સ્વામી સુખ સાગર, ગુણુ આગર નાગર દે તારી. ૩

ઇંદ્રમાન ભંગકે પદ. રાગ બિલાવલ. પદ ૧ લું.

આવો રે આવો રે ભૈયા ગ્વાલો યા પર્વતકી છૈયાં,
નાચો ગાવો કરો વધાઈ, સુખે ચરાવો ગૈયાં. ૧
જીન તુમારો પકવાન જો ખાયો, સોઈ રક્ષા કરિ હે;
પરમાનંદદાસકો ઠાકુર, ગિરિ ગોવર્દ્ધન ધરી હે. ૨

પદ ૨ જું.

બલિહારી ગોપાલકી ગોવર્દ્ધન ધાર્યો;
ઈંદ્ર ઢીઠ મદમત્તકો જિન ગર્વ પ્રહાર્યો. ૧
બહુત યત્ન મઘવા કીયે પાછો ન સંભાર્યો,
વેર કિયો વ્રજનાથ સોં આપનહી હાર્યો. ૨
લે સુરભી પાયન પર્યો અપરાધ નિવાર્યો,
કૃષ્ણદાસકે પ્રાણકો હસ વદન નિહાર્યો. ૩

પદ ૩ જું.

રાખલેહો ગોકુલ કે નાયક.
ભીજત ગાય ગોપ ગો સુત સબ, વિષમ બુંદ લાગત જાનો સાયક. ૧
મુશલધાર વરખત સેના પર, મહા મેઘ મઘવાકે પાયક;
એસો ઓર કોન હે નંદ સુત, યહ દુઃખ દુસહ મેટવે લાયક. ૨
ખલ મર્દન નખ ઉદર વિદારણ, બકી સિંધારણ સબ સુખદાયક;
તિનહીકું કોન ડર હે સૂર પ્રભુ, જિનકે તુમસે સદા સહાયક. ૩

રાગ ધનાશ્રી. પદ ૪ થું.

મહાબલ કીનો હો વ્રજનાથ,
ઈત મુરલી ઉત ગોપિનસોં રતિ, ઈત ગોવર્દ્ધન હાથ. ૧

ઉત બાલક પયપાન કરાવત, ઇત સુરભી તૃણુ ખાત;
ઉતહિ ચરત વછરા અપને રસ, ગ્વાલ બજાવત પાત. ૨
કોપ્યો ઇંદ્ર મહાપ્રલયકો, ઝર લાયો દિન સાત;
પરમાનંદ પ્રભુ રાખ લિયો વ્રજ, મેટ ઇંદ્રકી ઘાત. ૩

રાગ સારંગ. પદ ૫ મું.

અબ ન છાંડો ચરન કમલ મહિમા મેં જાની,
સુરપતિ મેરો નામ ધર્યો લોક અભિમાની. ૧
અબલોં મેં નહિ જાનત ઠાકુર હે કોઈ,
ગોપીં ગ્વાલ રાખ લિયે મેરી પત ખોઇ. ૨
એરાવત કામધેનુ ગંગાજલ આની;
હરિકો અભિષેક કિયો જય જય સુર વાની. ૩
વારંવાર પ્રણામ કરત ગોવર્દ્ધનધારી,
પરમાનંદ ગોપ ભેખ લીલા અવતારી. ૪

ભાઈ બીજકે પદ. રાગ સારંગ. પદ ૧ લું.

આજ દ્વૈજ ભૈયાકી કહિયત કર લિયે કંચન થાલ કેં,
કરો તિલક તુમ બેહેન સુભદ્રા, બલ ઓર શ્રી ગોપાલ કે. ૧
આરતિ કરત દેત ન્યોછાવર વારત મુક્તા માલ કે,
આસકરન પ્રભુ મોહન નાગર, પ્રેમ પુંજ વ્રજ બાલકે. ૨

પદ ૨ જું.

દ્વેજ દિવારીકો બલ મોહન, બહેન સુભદ્રાકે ઘર આયે;
વિવિધ શ્રૃંગાર વિવિધ પટ ભુષણુ લટકત ચલત સુહાયે. ૧

અતિ પ્રસન્ન આનંદીત આનન, ભયે ભોજન મન ભાયે;
કર શિર તિલક અક્ષત બીરાદે, દેખત અતિ સુખ પાયે. ૨
શ્રીફલ વિવિધ મીઠાઈ મેવા, દોઉ લૈયનકી ગોદ ભરાઈ;
રામદાસ પ્રભુ તુમ ચિરંજીયો, દે અસીસ હરખાઇ. ૩

ગોપ અષ્ટમીનાં પદ. રાગ બિલાવલ. પદ ૧ લું.

પ્રથમ ગોચારન ચલે કન્હાઇ.
માથે મુકુટ પીતાંબરકી છબી, વનમાલા પહરાઇ. ૧
કુંડલ શ્રવણુ કપોલ બિરાજત, સુંદરતા બનિ આંઈ;
ઘર ઘર તે સબ છાક લેતહેં, સંગ સખા સુખદાઈ. ૨
આગેં ધેનુ હાંક સબ લીની, પાછેં મુરલી બજાઈ;
પરમાનંદ પ્રભુ મન મોહન, વ્રજ વાસિન સુરત કરાઇ. ૩

રાગ સારંગ. પદ ૨ જું.

મૈયા મેં કૈસી ગાય ચરાઈ.
બુઝ દેખ બલભદ્ર દદાસોં, કેસી મેં ટેર બુલાઇ. ૧
બિડર ચલી સઘન વન મહિયાં, હેરી દે ઠહરાઈ;
ગ્વાલનકે લરિકા પચિહારે, વે સબ મેરી દાઈ. ૨
ભલો ભલો કહિ મહરિ હસત હે, ફુલિ અંગ ન માઈ;
પરમાનંદ પ્રભુ વીર વચન સુન; જસુમતિ હેત વધાઈ. ૩

રાગ પુર્વી. પદ ૩ જું.

આગે ગાય પાછે ગાય ઇત ગાય ઉત ગાય,
ગોવિંદાકો ગાયનમે રહિવોહી ભાવેરી;

ગાયનકે સંગ ધાવે ગાયનમેં સચુપાવે,
ગાયનકી ખુર રજ અંગ લપટાવેરી. ૧

ગાયનસોં વ્રજછાયો વૈકુંઠ વિસરાયો,
ગાયનકે હેત ગિરિ કર લે ઉઠાવે;
છીતસ્વામી ગિરિધર શ્રી વિઠ્ઠલેશવપુ,
ગોપાલકો ભેખ ધરે ગાયનમેં આવે. ૨

દેવ પ્રબોધિનીકે પદ. રાગ કાન્હરો.

જાગે જગજીવન જગનાયક.
કિયો પ્રબોધ દેવગણ જબહીં, ઉઠે જગત સુખદાયક. ૧
જા પ્રભુકી પ્રભુતાઈ ભારી, શિવ બ્રહ્માદિક પાયક;
કમલા દાસી પાય પલોટે, નિપુણ નિગમસેં ગાયક. ૨
જહાં જહાં ભીર પરે ભક્તનકો, તહાં તહાં હોત સહાયક;
પરમાનંદ પ્રભુ ભક્ત વત્સલ હરિ, જિનકે મન વચ કાયક. ૩

પદ ૨ જું.

આજ પ્રબોધિનિ શુભ દિન નીકો, અમલ પક્ષ એકાદશી આઈ;
બહુત ઇખ કુંજન રચીકે સખી, ચહું ઓર દીપકન સુહાઇ. ૧
ઘર ઘર ગોપી ચૌક પૂરત સબ, બંદન વાર બંધાઇ;
સિંઘાસન ગાદી તકિયા ધર, કર ઉત્થાપન ગોકુલ રાઈ, ૨
હરે હરે સબ મેવા ધરકે, સામગ્રી સબ ભોગ લગાઈ;
ચાર જામ જાગરણ જાગ નિસિ, જાગે દેવ ગોવર્ધન રાઈ. ૩
મંગલ આરતિ કર વ્રજ સુંદરી, પ્રેમ મગન આનંદ ન સમાઇ;
રસિક પ્રભુ મંગલ નિધિ આનંદ, મંગલ રૂપ રાધા સુખદાઇ. ૪

વ્યાહકે પદ. રાગ આસાવરી. પદ ૧ લું.

મૈયા મોહિ એસી દુલહનિ ભાવે.
જૈસી યે કાહુકી ડિઠોનિયા રૂનક ઝુનક ઘર આવે. ૧
કર કર પાક રસાલ રસોઈ, અપને કરલે મોહિ જિમાવે;
કર અંચલ પટ ઓટ બાબાકો ઠાડી બ્યાર ઢુરાવે. ૨
મોહિ ઉઠાય ગોદ બૈઠારે, કર મનુહાર મનાવે;
અહો મેરે લાલ કહો બાવાસોં, તેરો બ્યાહ કરાવે. ૩
નંદરાય નંદરાની હિલ મિલ, સુખ સમુદ્ર બઢાવે;
પરમાનંદ પ્રભુકી બાતેં સુન, આનંદ ઉર ન સમાવે. ૪

રાગ સારંગ. પદ ૨ જું.

અપને લાલકોં વ્યાહ કરૂંગી, બડે ગોપકી બેટી;
જાસોં હમસોં જતિયાચારો, ભોજન ભેટા ભેટી. ૧
માત યશોદા લાડ લડાવે, અંગ શૃંગાર કરાવે;
કસ્તુરીકો તિલક બનાવે, ચંદન પીત ચઢાવે. ૨
કહેરી મૈયા કબ લાવેગી, મોકોં દુલહિયા નીકી;
પરોસ પરોસ મોહિ ખવાવે, રોટી ચુપરી ઘીકી. ૩
એ સબ સખા બરાત ચલેંગે, હું વ ચઢુંગો ઘોરી;
જન પરમાનંદ પાન ખવાવે, બીરી રાખે ભર ઝોરી. ૪

રાગ કેદારો. પદ ૩ જું.

કુંજ ભવનમેં મંગલ ચાર.
નવ દુલહનિ વૃષભાન નંદિની, દુલ્હે શ્રી વ્રજરાજ કુમાર. ૧

નચે નચે પુષ્પ કુંજકે તોરન, નવપલ્લવકી બંદનવાર;
ચોરી રચી કદમ ખંડીમેં, સઘન લતા મડંપ વિસ્તાર. ૨
કરત વેદ ધ્વનિ વિપ્ર મધુપગણુ. કોકિલ ત્રિય ગાવત અનુસાર.
દીની ભૂર દાસ પરમાનંદ, પ્રેમ ભક્તિ રત્નનકે હાર. ૩

રાગ બિહાગ. પદ ૪ થું.

જુગલવર આવતહેં ગઠજોરે.
સંગ શોભિત વૃષભાન નંદની, લલિતાદીક તૃણુતોરેં. ૧
શીશ શેહેરો બન્યો લાલકે, નિરખ હસત મુખમોરેં;
નિરખ નિરખ બલ જાય ગદાધર, છબિ ન બઢી કછુ થોરેં. ૨

પદ ૫ મું.

અરી ચલ દુલ્હે દેખન જાઈ.
સુંદર શ્યામ માધુરી મુરતિ, અખિયાં નિરખ સિરાઇ. ૧
જુરી આઇ વ્રજનારિ નવેલી, મોહન દિશ મુસકાઈ;
મોર બન્યો સિર કાનન કુંડલ, મરવટ મુખહિ સુહાઇ. ૨
પહરે વસન જરકશી ભૂષણુ, અંગ અંગ સુખદાઇ;
તેસી બની બરાત છબીલી, જગમગ રંગ ચુચાઇ. ૩
ગોપ સભા સરોવરમેં કુલ્યે, કમલ પરમ લપટાઇ;
નંદદાસ ગોપિનકે દગ અલિ, દેખનકો અકુલાઇ. ૪

આ પછી માગશર વદી ૯ એ શ્રી ગુસાંઇજીનો ઉત્સવ આવે છે, તેનાં પદ વધાઇ તથા ધોળ અમારા " **વિવિધધોળ તથાપદ સંગ્રહ ભાગ ૧ લો. પ્ર.** ૭ માં આપેલાં છે. ત્યાં જોવું.

મકરસંક્રાંતિકે પદ. રાગ બિભાસ. પદ ૧ લું.

તરણિ તનયા તીર આવતહેં પ્રાત સમે,
ગેંદ ખેલત દેખ્યોરી આનંદકો કંદવા;
કાછિની કિંકણી કટી પીતાંબર કસ બાંધે,
લાલ ઉપરના શિર મોરનકે ચંદવા. ૧

પંકજ નયન સલોલ બોલત મધુરે બોલ,
ગોકુલકી સુંદરી સંગ આનંદ સ્વછંદવા;
કૃષ્ણદાસ પ્રભુ ગિરિ ગોવર્દ્ધનધારી,
લલસારૂ ચિતવન ખેલત કંચુકીકે બંદવા. ૨

રાગ ધન્યાશ્રી. પદ ૨ જું.

ગ્વાલિન તેં મેરી ગેંદ ચુરાઈ.
ખેલત આન પરી પલકાપર અંગિયા માંઝ દુરાઈ. ૧
ભુજ પકરત મેરી અંગિયાં ટટોવત, છુવત છતિયાં પરાઈ;
સુરદાસ મોહિ એહી અચંબો, એક ગઈ દ્વય પાઇ. ૨

આ પછી માહા સુદિ ૫ વસંત પંચમી આવે છે, તેનાં કીર્તનો વસંતનાં પદ, ધમાર, હોરી, ડોલનાં પદ, રસીઆ, ખ્યાલ વગેરે આ પુસ્તકમાં આગળ પ્રકરણ ૭ મામાં આપ્યાં છે ત્યાં જોવું.

દુતીયા પાટનાં પદ. રાગ સારંગ. પદ ૧ લું.

લાલ નેક દેખીયે ભવન હમારો,
દુતીયા પાટ સિંઘાસન બેઠે, અવિચલ રાજ તિહારો. ૧
સાસ હમારી ખરિક સિધારી, પિય વન ગયો સવારો;
આસપાસ ઘરકોઉ નાંહી, યહ એકાંત હે ન્યારો. ૨
ઓટયો દૂધ સદ્ય ધોરીકો, લેહુ શ્યામધન પીજે;
પરમાનંદ દાસકો ઠાકુર, કહ્યો હમારો કીજે; ૩

પદ ૨ જું.

લાલ નેક ભવન હમારે આવો,
જો માગો સો દેહોં મોહન, લે મુરલી કલ ગાવો. ૧
મંગલચાર કરો ગૃહ મેરે, સંગકે સખા બુલાવો;
કરો વિનોદ સુંદર યુવતિનસોં, પ્રેમ પિયુષ પિવાવો. ૨
બલ બલ જાઉં મુખારવિંદકી, લલિત ત્રિભંગી દીખાવો;
પરમાનંદ સહચરી રસભર, લે ચલી કરત ઉપાવો. ૩

ફુલ મંડલીનાં પદ. રાગ સારંગ. પદ ૧ લું.

બેઠે લાલ ફુલનકી ચોખંડી.
ચંપક બકુલ ગુલાબ નિવારો, રાયવેલિ શ્રીખંડી. ૧
જાઈ જુઈ કેવરો કુંજો, કરણ કણેર સુરંગી;
ચતુર્ભુજ પ્રભુ ગિરિધર જુકી બાનક, દિન દિન નવ નવરંગી. ૨

પદ ૨ જું.

બેઠેલાલ પુલનકે ચોવારે.
કુર્ણક બકુલ માલતી ચંપો, કેતકી નવલ નિવારે. ૧
જાઈ જુઈ કેવરા કુજો, રાયવેલી મહેકારે;
મંદ સમીર કીર અતિ કૂજત, મધુપ કરત ઝંકારે. ૨
રાધા રમણ રંગ ભર ક્રિડત, નાચત મોર અખારે;
કુંભનદાસ ગિરિધરકી છબિપર, કોટીક મન્મથ વારે. ૩

પદ ૩ જું.

લાલન બેઠે કુસુમ ભવન.
લટપટી પાગ વિધુર્ણિત લોચન, મકર કુંડલ સોહે શ્રવણ. ૧
સીતલતાઇ સુંદરતાઇ, સૌરભ છાંય રહી શોભાતન;
કહું કહા રસરૂપ માધુરી, રસિક પિવત રસ પ્રમુદિત મન મન. ૨

પદ ૪ થું.

બેઠે કુસુમ બંગલા લાલ.
જાઈ જુઇ ગુલાબ માધુરી; બિચબિચ કમલ રસાલ. ૧
ફુલનકો ગહનો પહરે, હરિ ઓર ઢિંગ વ્રજબાલ;
ફુલનહીકી રચીજુ શય્યા, સુંદર મદન ગોપાલ. ૨
છાંટત પોહોપ ભવન નંદ નંદન. શોભા બઢી રસાલ;
કૃષ્ણદાસ તહાં બીરી ખવાવત, હિતકર દિયેહે ઉગાર. ૩

પદ ૫ મું.

ફુલનકી મંડલી મનોહર બેઠે, જહાં રસિક પિયપ્યારી,
ફુલનકે વાગે ઓર ભૂષણ, ફુલનકી પાગ સંવારી. ૧

ઢિંગ ફુલી વૃષભાન નંદિની, તૈસી યે ફુલ રહી ઉજીયારી;
ફુલનકે ઝુમખા ઝરોખા બહુ, ફુલનકી રચી અટારી. ૨.
ફુલે સખા ચકોર નિહારત, બીચ ચંદ મિલ કિરણ સંવારી;
ચતુર્ભુજદાસ મુદિત સહચરી, ફુલે લાલ ગોવર્ધનધારી. ૩.

પદ ૬ ઠું.

ફુલનસોં વેની ગુહી ફુલનકી અંગીયાં,
ફુલનકી સારી માનોં ફુલી ફુલવારી.
ફુલનકી દુલરી હમેલહાર, ફુલનકી ચોલી ચારૂ ઓર ગજરારી. ૧
ફુલનકે તરોના કુંડલ, ફુલનકી કીંકણી સરસ સંવારી;
ફુલ મહલમેં ફુલી શ્રી રાધા પ્યારી,
ફુલે નંદદાસ જાય બલહારી. ૨.

શ્રીરામ નોમીકી વધાઈ. રાગ બિલાવલ. પદ ૧ લુ.

આજ મહા મંગલ કૌશલપુર સુન નૃપકે સુત ચાર ભયે,
સદન સદન સોહિલો સુહાયો, નભ ઓર નગર નિશાન હયે. ૧
અતિસુખ વેગ બોલ સુર ગુરૂ મુનિ, ભૂપતિ ભીતર ભવન ગયે,
જાતિ કર્મકર કનક વમન મણિ, ભૂષણ સુરભી સમુહ દયે. ૨
દધિ અક્ષત ફલ ફુલ દૂબ, નવ યુવતિન ભર ભર થાર લયે;
આવત ચલી ભીર ભઇ વીથન, વંદન માંગ સિંદૂર દયે. ૩
કનક કલશ ઓર ધ્વજા પતાકા, બિચ બિચ બંદન વાર નયે;
ઉડત ગુલાલ અગરજા છિરકત, સકલ લોક ઈક રંગ રયે. ૪
સજ સજ જાન અમર કિન્નર મુનિ, જાન સમાગમ ગગન ઠયે;

નૃત્યત નવ અપ્સરા મુદિત મન, પુનપુન વરખત કુસુમ ચયે. ૫
અતિ આનંદ મગ્ન પુર વાસી, દેત સબન મંદિર શિતયે:
તુલસીદાસ પુન ભરેહી દેખીયત, રામકૃપા ચિતવન ચિતયે. ૬

પદ ૨ જો.

આજ અયોધ્યા પ્રગટે રામ.
દશરથ વંશ ઉદય કુલ દીપક, શિવ વિરંચી મુનિ ભયો વિશ્રામ. ૧
ઘરઘર તોરન બંદન માલા, મોતિન ચોક પૂરે નિજધામ;
પરમાનંદદાસ તિહિ અવસર, બંદીજનકો રાખત માન. ૨

પદ ૩ જું.

રઘુકુલમેં પ્રગટે રઘુવીર,
દેશ દેશ તેં ટીકો આયો, દિવ્ય રત્ન મણિ હીર. ૧
ઘર ઘર મંગલ હોત વધાઇ, અતિ પુર વાસિન ભીર;
આનંદ મગન ભયે અતિ ડોલત, કછુવ સુધિ ન શરીર. ૨
હાટક બહુ ઇચ્છા જો લુટાયો, રત્ન ગાયદે ચીર;
દેત આશીશ સૂર ચિરજીયો રામચંદ્ર રઘુવીર. ૩

આ પછી ચઈતર વદી ૧૧ એ શ્રી મહાપ્રભુજીનો ઉત્સવ આવે છે. તેનાં પદ વધાઇ તથા ધોળ અમારા "વિવિધ ધોળ તથા પદ સંગ્રહ ભાગ ૧ લો. પ્ર, ૬ ઠ્ઠામાં." આપ્યાં છે ત્યાં જોઈ લેવાં.

અક્ષય તૃતિયાનાં પદ. રાગ સારંગ. પદ ૧ લું.

અક્ષય તૃતિયા અક્ષય લીલા, નવરંગ ગિરિધર પહેરત ચંદન;
વામ ભાગ વૃષભાન નંદિની, વિચવિચ ચિત્ર કિયે નવ વંદન. ૧
તન સુખ છીંટ ઇજાર બની હે, પીત ઉપરેના વિરહ નિકંદન;
ઉર ઉદાર વનમાલ મલ્લિકા, સુભગ પાગ યુવતિન મન ફંદન. ૨
નખશિખ રત્ન અલંકૃત ભુષણ, શ્રીવલ્લભ મારગ જન રંજન;
કૃષ્ણદાસ પ્રભુ ગિરિધર નાગર, લોચન ચપલ લજાવત ખંજન. ૩

પદ ૨ જું.

અક્ષય તૃતિયા ગિરિધર બેઠે ચંદનકો તન લેપ કીયે;
પ્રફુલ્લિત વદન સુધાકર નિરખત, ગોપી નયન ચકોર પીયે. ૧
કનક વરણ શિર બન્યો ટિપારો, ઠાડેહેં કર કમલ લિયે;
ગોવિંદ પ્રભુકી બાનક નિરખત, વારફેર તન મન જુ દીયે. ૨

પદ ૩ જું.

આજબને નંદ નંદનરી નવચંદનકો તન લેપ કીયે.
તામેં ચિત્ર બને કેસરકે રાજત હે સખી સુભગ હિયે. ૧
તન સુખકો કટિ બન્યો હે પિછોરા, ઠાડે હેં કર કમલ લિયે;
રૂચિ વનમાલ પીત ઉપરેના, નયન મેંન સરસે દેખિયે. ૨
કનકુલ પ્રતિબિંબ કપોલન મૃગ મદ તિલક લલાટ દિયે;
ચતુર્ભુજ પ્રભુ ગિરિધરન લાલ છબી,ટેડી પાગ રહી ભ્રકુટિ છિયે. ૩

પદ ૪ થું.

ચંદનકો વાગો પહેરે ચંદનકી ખોરકીયે,
ચંદનકે રૂખતર ઠાડે હે પિય પ્યારી.

ચંદનકો ફેંટા કટિ ચંદનકી પાઘ શીર.
ચંદનકી ચોલી પહેરે ચંદનકી સારી. ૧
ચંદનકી આરસી લે દેખત દોઉજન;
હસ ગિર જાત ભરત અંકવારી; ૨
સૂરદાસ મદન મોહન ચંદનકે મહલ બેઠે;
ગાવત સારંગ રાગ રંગ રહ્યો ભારી. ૩

પદ ૫ મું.

ચંદન પહરે આય હરિ બેઠે કાલિંદીકે કુલ.
સઘન કુંજ દ્રુમ ચહું દિશ ફુલે, લલિત લતા કે મૂલ ૧
કુંદમાલ શ્રીકંઠ બની ઓર વિવિધ ભાંત કે ફુલ;
રૂચિર પ્રવાહ વહત યમુના મધ્ય, તરૂ તમાલકે ઝુલ. ૨
નાચત ગાવત બેણુ બજાવત, સકલ સખા લીયે સંગ;
ગોવિંદ પ્રભુ પિયકી છબી નિરખત, હોત નયન ગતિપંગ ૩

પદ ૬ ઠું.

બન્યો વાગો બામના ચંદનકો.
ચંપકલીકી પાગ બનાવત, ભાલ તિલક નવ વંદનકો. ૧
ચોલીકી છબી કહેત ન આવે, કાછોટા મન ફંદનકો;
પરમાનંદ આનંદ તહાં નિત, મુખ નિરખત નંદ નંદનકો. ૨

શ્રીનૃસિંહ ચતુર્દશીનાં પદ. રાગ કાન્હારો. પદ ૧ લું.

યહ વ્રત માધો પ્રથમ લીયો.
જો મેરે ભક્તનકો દુખવે, તાકો ફારૂં નખન હિયો. ૧
જો ભક્તનસોં વૈર કરતહેં, પરમેશ્વરસોં વૈર કરેં;
રખવારીકોં ચક્ર સુદર્શન. માથે ઉપર સદા ફિરે. ૨
પરાધીન હોં અપને ભક્તનકોં, જા કારણ અવતાર ધર્યો;
યહજુ કહિ હરિ મુનિજન આગે, અભિમાનીકો ગર્વ હયો. ૩
ભજતે ભજો તજું નહિ કબહું, પારથ પ્રતિ શ્રીપતિ યોં ભાખી;
પરમાનંદદાસકો ઠાકોર, અખિલ ભુવન સબ સાખી. ૪

પદ ૨ જું.

અપનો જન પ્રલ્હાદ ઉબાર્યો,
ખંભ બિચતેં પ્રગટે નરહરિ, હિરણ્ય કસ્યપ ઉર નખન વિદાર્યો. ૧
બરખત કુસુમ શબ્દ ધ્વનિ જય જય સુર દેખત સદા કોતુક હાર્યો;
કમલા હરિ જુકે નિકટ ન આવત, એસો રૂપ હરિ કબહુ ન ધાર્યો. ૨
પ્રલ્હાદે ચુંબત ઓર ચાટત, ભક્ત જાનીકે ક્રોધ નિવાર્યો:
સૂરદાસ બલિજાય દરશકી, ભક્ત વિરોધી દૈત્ય નિસ્તાર્યો. ૩

પદ ૩ જું.

હરિ રાખેં તાહિ ડર કાકો
મહા પુરૂષ સમર્થ કમલા પતિ, નરહરિસેં ઇશહેં જાકો. ૧
અનેક શાસના કરકર દેખી, નિર્ફલ ભઈ ખિસ્યાય રહ્યો;
તા બાલકકો વાર ન વાંકો, હરિકી શરણ પ્રલ્હાદ ગયો. ૨
હિરણ્યકસ્યપકો ઉદર વિડાર્યો, અભયરાજ પ્રલ્હાદે દીનો,
પરમાનંદ દયાલ દયાનિધિ, અપને ભક્તકો નીકો કીનો. ૩

ગંગાદશમાનાં પદ. રાગ કાન્હરો. પદ ૧ લું.

જય જય શ્રી સૂરજા કલિન્દ નંદની.
ગુલ્મલતા તરૂ સુવાસ કુંજ કુસુમ મોહ મત્ત,
ગુંજત અલિ સુભગ પુલિન વાયુ મંદિની. ૧
હરિ સમાન ધર્મ શીલ કાન્તિ મંજુલ જલદ,
નીલ કટી નિતંબ ભેદત નિત ગતિ ઉતંગની;
સિકતા જનું મુકતાફલ કંકણુ યુત ભુજ તરંગ,
કમલ ઉપહાર લેત પિયા ચરણુ વંદિની. ૨
શ્રી ગોપેન્દ્ર ગોપીસંગ શ્રમજલકણુ સિકત અંગ,
અતિ તરંગ નિરખ રસ સુકૃંદિની
છીતસ્વામી ગિરિવરધર નંદ નંદન આનંદ કંદ,
યમુને જલ દુરિત હરણુ દુખ નિકંદિની. ૩

પદ ૨ જું.

જય જય શ્રી યમુના આનંદ કંદિની.
દરસ પરસ ત્રિવિધતાપ, જાત દુખ નિકંદિની.
અંગ અંગ છબિ તરંગ શોભા સિંધુની,
તાહીકે અઘ કુઠાર જાકે વંદિની. ૨
અક્ષય આનંદ ગોવિંદ અગમ ગામિની,
હરિદાસ તટ નિવાસ જન્મ જન્મની. ૩

સ્નાન યાત્રાનાં પદ, રાગ બિલાવલ. પદ ૧ લું.

જેઠમાસ પુન્યો જેઠાકો, કરત સ્નાન મુદિત ગોપાલ.
આગેદ્વિજ મિલી કરત વેદ ધ્રુનિ, સુનિ સુનિ મગન હોત નંદલાલ.૧

સિતલ જલ રજની અધિવાસન, બહુ સુગંધ ચંદન છિરકાઈ;
તુલસી દલ પોહોપાવલી ધરિકે, કેસર ઓર કપુર મિલાઈ. ૨
ભરિભરિ શંખ ડારત હરિકે શિર, શ્રીવિઠ્ઠલનાથ પ્રભુ અપને હાથ;
દરસન કરત હરખિ મન વ્રજજન, દોઉ દ્રગભર નિરખે નાથ. ૩

પદ ૨ જું.

મંગલ જેષ્ટ જેષ્ટા પૂન્યો કરત સ્નાન ગોવર્ધન ધારી.
દધિ અરૂ દૂધ મધુલે સખીરી, કેસર જલ ઘટ ડારત પ્યારી. ૧
ચોવા ચંદન મૃગમદ સૌરભ, સરસ સુગંધ કપુરન ન્યારી;
અરગજા અંગ અંગ પ્રતિ લેપત, કાલિંદિ મધ્ય કેલિ વિહારી. ૨
સખિયન યુથ યુથ મિલ છિરકત, ગાવત તાન તરંગન ભારી;
કૈશો કિશોર સકલ સુખદાતા, શ્રીવલ્લભનંદનકી બલિહારી. ૩

રથયાત્રાનાં પદ. (અસાડ સુદિ ૨) રાગ મલ્હાર. પદ ૧ લું.

સુન દેખો માઇ હરિજીકે રથકી શોભા.
પ્રાત સમય માનો ઉદિત ભયો રવિ, નિરખ નયન અતિ લોભા. ૧
મણિમય જટિત સાજ સરસ સબ, ધ્વની ચમર ચિત્ત ચોભા;
મદન મોહનપિય મધ્ય બિરાજત, મનસિજ મનકે છોભા. ૨
ચલત તુરંગ ચંચલ ભુ ઉપર, કહા કહું યહ ઓભા;
આનંદ સિંધુ માનોં મકર ક્રિડત, મગન મુદિત ચિત ચોભા. ૩
યહ બિધ બની વ્રજ વીથન મહિયાં, દેત સકલ આનંદ;
ગોવિંદ પ્રભુ પ્રિય સદા વસો જીય, વૃંદાવન કે ચંદ.

પદ ૨ જું.

તુમ દેખો સખી રથ બેઠે વ્રજનાથ,
સંકરષણકે સંગ બિરાજત, ગોપ સખા લે સાથ. ૧

એક ઓર રાધા યુવતિસબ, છત્ર ચમર લલિત્તા કે હાથ;
વિવિધ ભાંત શ્રી ગોવર્દ્ધનધારી, કૃષ્ણદાસ કીયો સનાથ.

પદ ૩ જું.

આજ માઈ રથ બેઠે ગિરિધારી.
વામ ભાગ વૃષભાન નંદિની પહેરે કસુંભી સારી. ૧
તેસોઈ ઘન ઉનયો ચહુ દિશતેં, ગરજત હેં અતિ ભારી;
તેસેઇ દાદુર મોર કરત રટ, તેસી ભુમિ હરિયારી. ૨
શીતલ મંદ વહેત મલયાનિલ, લાગતહે સુખકારી;
નંદ નંદનકી યા છબી ઉપર, ગોવિંદ જન બલિહારી. ૩

પદ ૪ થું.

રથપર રાજત સુંદર જોરી.
શ્રી ઘનસ્યામ લાડિલો સુંદર, શ્રી રાધાજુ ગોરી. ૧
વ્યોમ વિમાન ભીર ભઈ સુર મુની, જય જય શબ્દ ઉચ્ચારી;
કુંભનદાસ લાલ ગિરિધરકી, બાનિકપર બલિહારી. ૨

પદ ૫ મું.

તુમ દેખો સખી રથ બેઠે નંદલાલ.
અતિ વિચિત્ર પહરે પટ ઝીનોં, ઉર સોહે વનમાલ. ૧
સુંદર રથ મણિ જટિત મનોહર સુંદર હે સબ સાજ;
સુંદર તરંગ ચલત ધરણીપર, રહ્યો ઘોષ સબ ગાજ. ૨
તાલ પખાવજ બીન બાંસુરી, બાજત પરમ રસાલ;
ગોવિંદ પ્રભુ પ્રિયપર બરખતહેં, વિવિધ કુસુમ પ્રતિબાલ. ૩

મલ્હારનાં પદ. પદ ૧ લું.

બોલે માઈ ગોવર્ધન પર મુરવા.
તેસીયે શ્યામ ઘન મુરલી બજાઇ, તેસેહી ઉઠે ઝુક ધુરવા. ૧
બડી બડી બુંદન બરખન લાગ્યો, પવન ચલત અતિ ઝુરવા;
સૂરદાસ પ્રભુ તુમ્હારે મિલનકો, નિશ જાગત ભયો ભુરવા. ૨

પદ ૨ જું.

ધુમરે બાદર સધરી નિશાકે બરખનકો રહે હે છાય.
જાગે સબ ગ્વાલ બાલ આયે ઘેર ઠાડે દ્વાર, લીને હે લાલ લગાય- ૧
દોહની ઘોયદીની હાથ હલધર દીજે સાથ,
પરમાનંદ નંદરાની ફુલી અંગ ન સમાની,
વાર વાર તેરી લેઉ બલાય. ૨

પદ ૩ જું.

લાલમાઈ ઠાડે નિકુંજકે દ્વાર,
શીશ મુકુટ મકરાકૃત કુંડલ ગલે ગુંજાકો હાર. ૧
મુરલી મધુર બજાવે, મોહન સુનિ ધાંઇ વ્રજનાર;
સૂરદાસ પ્રભુકી યા છબિ પર તન મન ધન બલિહાર. ૨

પદ ૪ થું.

હુતો ઈન મોરનકી બલિહારી,
જીનકી સુભગ ચંદ્રિકા માથે, ધરે શ્રી ગોવર્ધનધારી. ૧
બલિહારી યા ગુંજમાલકી મહા ભાગ્યકી સારી;
સદા રહત મોહન કે ઉર પર, ટરત ન કબહુ ટારી. ૨

બલિહારી યા બંસ કુલ સજની, બંસીસી સકુમારી;
રહતહી લાગ સદા મુખગિરિધર, નિમિષ ન હોતબુ ન્યારી, ૩
બલિહારી વ્રજભુમી મનોહર, કુંજનકી ઉજીયારી;
સુરદાસ પ્રભુ નાગે પાયન, અનુદિત ગૈયા ચારી. ૪

પદ ૫ મું.

કંદબતર ઠાડે શ્રીમદન ગોપાલ.
શીશ ટિપારો કટિ લાલ કાછની, ઓર વૈજંતી માલ. ૧
રાગ મલ્હાર અલાપત સપ્તસુર, ગાવત ગાન રસાલ;
સુરદાસ પ્રભુકી છબિ નિરખત, મોહિ રહી વ્રજબાલ. ૨

પદ ૬ ઠું.

દેખો માઈ સુંદરતાકો બાગ.
હરી વ્રજભૂમિ હરી દ્રુમ વેલી, હરી ગિરિધર શિર પાગ. ૧
હરે હરે મોર હરી શુક સેના, ભીજ રહે અનુરાગ;
રાજત હરી મન હરણ રાધિકા નિરખદાસ બડભાગ.

પદ ૭ મું. (રાજભોગ સમયે બોલવાનાં)

આરોગત નાગર નંદ કિશોર.
ઉમડ ઘુમડ ચહું દિશતેં છાયો, સઘન ઘટા ઘન ઘોર. ૧
ન્હેની ન્હેની બુંદન બરખન લાગ્યો, પવન ચલત ઝકઝોર,
ચત્રભુજ પ્રભુ પાતલ લે ભાજે, સઘન કુંજકી ઓર.

પદ ૮ મું. (રાજભોગમાં બોલવાનાં)

ચહુંદીશ ટપકન લાગી બુંદ,
બહોંછારન બિંજન ભીજેંગે, દ્વાર પિછોરી મુંદ.

ભોજન કરત શીશધર છતના, ચાહી સુખહિત ગુંદે;
કહે સુચેત નંદદાસ પ્રભુ, કોન કીચ અબ ખુંદે. ૨

પદ ૯ મું. [છાકનાં પદ]

મોહન જેમત છાક ગ્વાલ મંડલી માંહ,
લુમ ઝુમ રહી દેખી રાધા સબ, કંદબકી છાંહ. ૧
વ્યંજન હેત નિહારે કર કર, કોઉલેત કોઉ કરત જુ નાંહ;
નંદદાસ આસ જૂઠનકી, ફુલે અંગ ન સમાહ. ૨

પદ ૧૦ મું. (રાજભોગ સરવાનાં)

ભોજન ભયો લાલ નીકી વિધસોં સદન કુંજકી માંહ,
ગરજ ગરજ ઘન બરસ્યો પ્રબલ અતિ, કહુ હમ જાન્યો નાંહ. ૧
કર અચવન અબ દેખો વ્રજ શોભા, કદંબ ખંડવન માંહ;
નંદદાસ પ્રભુ તુમ ચિરજીયો, હમ નિત્ય જૂઠન ખાંહુ.

પદ ૧૧ મું. (બીરીઆરોગવાનાં)

લટકી લાલ રહે શ્રી રાધાકે વર.
સુંદર બિરી સંવાર સુંદરી હસિ હસિ જાત દેત મોહન કર. ૧
સખી વૃંદ સનમુખ ભઈ ઠાડી, તિનસોં કેલિ કરત સુંદર વર;
જ્યોં ચકોર ચંદાતંન ચિતવત, ત્યાં આલ નિરખત ગિરિવર ધર. ૨
કુંજ કુટિર ઓર વૃંદાવન, બોલત મોર કોકિલા તરૂપર;
પરમાનંદ સ્વામિ મન મોહન, બલિહારી યા લીલા છબિપર. ૩

પદ ૧૨ મું.

હમારે માઈ શ્યામાજીકો રાજ,
જાકે આધીન સદાહી સાંવરો, યા વ્રજકો શિરતાજ. ૧
યહ જોરી અવિચલ શ્રી વૃન્દાવન, નહી ઓરનસોં કાજ;
વિપુલ વિપિન વિહારનકે સંગ, જયોં જલ ધરૂ સંગ ગાજ. ૨

પદ ૧૩ મું.

દેખો માઇ એ બડ ભાગી મોર;
જીનકી પંખકો મુકુટ બનત હેં, શિરધરે નંદ કિશોર. ૧
યે બડભાગી નંદ યશોદા, પુન્ય કીયે ભરિ ઝોર;
વૃંદાવન હમ કયોં ન ભઇ હેં, લાગત પગકી ઓર. ૨
બ્રહ્માદિક સનકાદિક નારદ, ઠાડે હેંકર જોર;
સુરદાસ સંતનકો સર્વસ્વ, દેખિયત માખન ચોર. ૩

પદ ૧૪ મું.

વૃંદાવન કયોં ન ભયે હમ મોર,
કરત નિવાસ ગોવર્ધન ઉપર, નિરખત નંદ કિશોર. ૧
કયોં ન ભયે બંસીકુલ સજની, અધર પીવત ઘનઘોર;
કયોં ન ભયે ગુંજા વનવેલી, રહત શ્યામકી ઓર. ૨
કયોં ન ભયે મકરાકૃત કુંડલ, શ્યામ શ્રવન ઝક ઝોર;
પરમાનંદ દાસકો ઠાકુર, ગોપિનકે ચિત્ત ચોર. ૩

પદ ૧૫ મું.

ગાય સબ ગોવરધન તેં આઇ.
વછરા ચરાવત શ્રીનંદનંદન, બેનુ બજાઈ બોલાઇ. ૧
ઘેરિન ઘેરિ ગોપ ગ્વાલનપેં, અતિ આતુર વ્હે ધાઇ;
આઢી પ્રીત મદન મોહનસોં, દૂધકી નદી બહાઈ. ૨
દેખી સ્વરૂપ વ્રજરાજ કુંવરકો, નેન નીમેષ ન લાઇ,
કુંભનદાસ પ્રભુ કે ચહુંદીશ તેં ઠાડી, માનોં ચિત્ર લખાઇ. ૩

પદ ૧૬ મું.

દૂધ પીવત ભર કનક કટોરન, હરિહલધર બીચ હોડ પરી.
અરસ પરસ દોઉ પીવત પિવાવત, ગોપીજન મન મોદ ભરી. ૧
ન્હેની ન્હેની બુંદન બરખન લાગ્યો, દામિની ચમકત હોત ખરી;
એસે સુખ દેખત પરમાનંદ, જ્યોં જ્યોં ભાવત સુફલ કરી. ૨

પદ ૧૭ મું

અધર રંગ રાચ્યો અરૂન અતિ, પ્રેમ પ્રીતકે પાન હરત મન બીરા.
યહ સુખરાસ વ્રજવાસ નંદલાલ સંગ, હિત ગૌચારન હિત વનક્રીડા. ૧
યહ બરખારિતુ હરિત ભૂમિ જીત તિત, વૃંદાવન જમુનાકે તીરા;
ગોપીજન વ્રજવાસિનકે હિત, નંદદાસ પ્રભુ ઝુક ઝુક દીયો બલવીરા. ૨

પદ ૧૮ મું.

દોઉમલ પોઢે ઉંચી અટાહો.
શ્યામ ઘન દામીની માનોં, ઉનગી ઘટાહો. ૧
અંગસોં અંગમીલે તનસોં તન, ઓઢે પીત પટાહો;
દેખત બને કહત નહિ આવે, સૂરશ્યામ છટાહોં. ૨

પદ ૧૯ મું.

દેખ શ્રીવલ્લભ રૂપ છટા.
પ્રેમકથા રસ બરખત ચહુંદીશ, ઉનયે નવલ ઘટા. ૧
ચાંપત ચરન દમલા નિજકર, પોઢે ઉંચી અટા;
રસિક પ્રીતમ શ્રીવલ્લભજી કે ચરનન મન લપટા. ૨



અથ હિંડોરાનાં પદ. રાગ ધનાશ્રી. પદ ૧ લું.

સાખી–રચ્યો હિંડોરો નંદ ગૃહ, મહુરત શુભ ઘરી દેખ;
વિશ્વકર્મા રચિપચિ ગઢયો, સુહાટક રત્ન વિશેખ.
ઢાળ–હિંડોરનાહો રચ્યોનંદ અવાસ,
હિંડોરાનાહો મણિમય ભૂમિ સુવાસ;
હિંડોરનાહો વિશ્વકર્મા સૂત્રધાર, હિંડોરનાહો કંચનખંભ સુઢાર.
છંદ–કંચન ખંભ સુઢાર ડાંડી સાલ ભમરા ફૂબ રહે,
હિરા પિરોજા કનક મણિમય, જોતિ અતિ જગમગ રહે;
ચિત્ર ફૂટક પ્રકાશ ચહુંદીશ, કહા કહું નિરમોલના,
કહે કૃષ્ણદાસ વિલાસ નિશદિન, નંદ ભવન હિંડોરના. ૧
સાખી–સોલ સહસ્ર વ્રજ સુંદરી, નિરખત શ્યામ સુભાય;
અતિ આનંદે હુલસકે, યુવજન હિલમિલ ગાય;
ઢાળ–હિંડોરનાહો યુવજન હિલમિલ ગાય,
હિંડોરનાહો આનંદ ઉર ન સમાય;
હિંડોરનાહો નિરખત નયન નિહાર,
હિંડોરનાહો સોલસહસ્ર વ્રજનાર.
છંદ–સોલ સહસ્ર સબ ઝુરકે આઇ, ફિર ન ઉલટી ભવન ગઇ;
નવ નેહ નયન કુરંગ રાચી, અચ્યુત તન મન મય ભઇ;

પીત લેહેંગા લાલ ચુનરી, શ્યામ કંચુકી બાય,
કહે કૃષ્ણદાસ વિલાસ નિશદિન, યુવજન હિલમિલ ગાય. ૨

સાખી—રૂનક ઝુનક નૂપુર બજે, કિંકિણી કુનિત રસાલ;
પરમ ચતુર બનવારીહે. ઝુલવત સુંદર નાર.

ઢાળ—હિંડોરનાહો ઝુલવત સુંદર નાર, હિંડોરનાહો પરમ ચતુર બનવાર;
હિંડોરનાહો રમકન ઝમક વિશાલ હિંડોરનાહો કિંકિણી કવણિત રસાલ

છંદ—કવણિત કિંકિણી રૂણત નૂપુર, જટિત તરોના સોહહી,
ઉર ઉડત અંચલ મદન વેરખ, દેખ ગિરિધર મોહહી,
ખસિત કુલજો સિથિલ બેની. ગુપ્ત પ્રકટ વિહાર,
કહે કૃષ્ણદાસ વિલાસ નિશદિન, ઝુલવત સુંદર નાર. ૩

સાખી—ગાવત સુઘર રસ ભેદસાં, તાન માન બંધાન;
રીઝિ દેત વૃષભાનજા, હરિ ગુણ સકલ નિધાન.

ઢાળ—હિંડોરનાહો હરિ ગુણ સકલ નિધાન, હિંડોરનાહો શ્રીરાધાજી પરમ સુજાન;
હિંડોરનાહો ગાવત સુઘર સમાજ, હિંડોરનાહો મુરલી મધુર ધુનિબાજ.

છંદ—તાલ મુરલી બીન બાજે, લાલ ગિરિધર ગાવહી,
હરખ સુરપતિ કુસુમ બરખે, નભ નિશાન બજાવહી;
હરખકે કર દેત તારી, અતિ પ્રકાશિત ગાન,
કહે કૃષ્ણદાસ વિલાસ નિશદિન, હરિ ગુણ સકલ નિધાન. ૪

સાખી—સહજ ગોપાલ નટ ભેખહી, સબ વ્રજ દેખન આઇ;
જો સુખ ગોકુલમેં લહે, સો સુખ વૈકુંઠ નાહી.

ઢાળ—હિંડોરનાહોયહસુખગોકુલમાંહી,હિંડોરનાહોયહ સુખવૈકુંઠનાહી;
હિંડોરનાહો સહજ ગોપનટભેખ,હિંડોરનાહો સબહી નયનભર દેખ
છંદ—નયન નિરખત બેંન મોહે, મેન કોટિક વારહી,
ભુજભરે સુંદરિ હરે હરિમન, કહત કછુવ ન આવહી;
શ્યામ સુંદર ભક્ત વત્સલ, લાલ ગિરિધર જહાંહિ,
કહે કૃષ્ણદાસ વિલાસ નિશદિન, યહ સુખ ગોકુલ માંહે. ૫
સાખી—શ્રી યમુનાતટ સંકેતબટ, નિશદિન યહ વિલાસ;
કુંજ સદન ગિરિવરધરન, હૃદય વસો કૃષ્ણદાસ.

રાગ મલ્હાર. પદ ૨ જાું

તેસોઈ વૃંદાવન તેસીયે હરિત ભૂમિ,
તેસીયે વીર વધુ ચલત સુહાઈ માઈ.
તેસેઈ કોકિલા કુહુ કુહુ કૂજત, તેસેઈ નાચત મોર;
નિરખત નયના સુખદાઇ. ૧
તેસેઈ નવરંગ નવરંગ બની જોરી,
તેસેઈ ગાવત રાગ મલ્હાર તાન મન ભાઇ,
ગોવિંદ પ્રભુ સુરંગ હિંડોરે ઝુલે, ફુલે આછે રંગ ભરે;
ચહુંદિશતેં ઘટા જુરી આઇ. ૨

રાગ સોરઠ. પદ ૩ જાું

ઝુક ઝુક ઝુલો મેરી પ્યારી આજ.
બાંધ્યો હિંડોરો કદમકી ડાંડી, ગાવત સુઘર સમાજ. ૧
અંત ચિતવત ઠાડે મનમોહન, બલભદ્ર હેમ રસાલ;
પુરુષોતમ પ્રભુકી છબી નિરખત, પુરણ મનોરથ કાજ. ૨

રાગ ઈમન. પદ ૪ થું

સેન કામકી લાયો સો સાવન આયો.
ચલ સખી ઝુલિયે સુરંગ હિંડોરે, કીજે શ્યામ મન ભાયો. ૧
ભાવ ભાવકે ખંભ મનોહર, કચ ઘન ગગન સુહાયો;
કામ નૃપતિ વૃષભાન નંદિની રસિકરાય વરપાયો. ૨

રાગ માલર. પદ ૫ મું.

ઝુલતહેં રાધા સુંદરવર, સાવન સરસ હિંડોરેહો.
ચહું ઓર રમકત બાઢયો રસ, વ્રજ જુવતીન તન તોરે હો. ૧
વરન વરન પહરેં તન અંબર, પ્રેમ વિવસ દ્રગજોરેહો;
કીલકી હસત પ્રેમરસ લપટે, કામત્રિયા ચિત ચોરેહો. ૨
તીહીં ઓસર બરસત રસ બુંદન, ચહું દિશતેં ઘનઘોરેહો;
માગું મુજ જળમાં આવી જે ન્હાય.
તેને કદી તારૂં તેડું નવ થાય. ૫
ત્યારે હસી બોલ્યા તે જમરાય વાણી,

તમારૂં જેને દીલે અડે છે પાણી. ૬
તેની પાસે મારે કદી નવ જાઉં,
ઘણો પાપી હોય તો ન બોલાવું. ૭
ધન્ય જેણે વ્રજમાં તે પૂર્યો વાસ,
બલિહારી જાય છે માધવદાસ. ૮

ઘોળ ૨૭ મું.

ધન્ય શ્રીજમુનાંમા કૃપા કરીને, શ્રીગોકુલ વ્રજ સુખ દીજીયે;
એ રવિતનયા, અઘ આવરણ દુઃખ દૂર કૃપા કરી કીજીયે.
તમે અધમ ઓધારણ મહારાણી, તમે ભવ બંધન છોડયાં પ્રાણી;
તમે કરો કૃપા પોતાનાં જાણી. ધન્ય શ્રીજમુનાં. ૧
ઘનશ્યામ સ્વરૂપ તન સુખકારી, તટ ખેલે નિત્ય પ્રતિ ગિરિધારી;
સંગ વિલસે સુંદર વ્રજનારી. ધન્ય. ૨
તમે લીલા રસ વનમાં ભરીયાં, જળ રૂપ દીઠે કારજ સરીયાં;
થયાં પરસ અલૌકીક, અંગ કરીયાં. ધન્ય. ૩
ગુણ અનંત તમારા અઘ હરણી, વ્રજલીલા સબ સુખ વિસ્તરણી;
શ્રીગિરિરાજ ધરણને ચિત્ત હરણી. ધન્ય. ૪
તમો તુર્ય પ્રિયા પ્રભુજીને ગમતાં,
સદા રાસ મંડલમાં રંગ રમતાં;
થયાં મન વાંછિત ફૂલ મન ગમતાં. ધન્ય. ૫
હું અપંગ અધમ અબળા બાળો,
મતિ મંદશું જાણું કૃત્ય કાળો;
તમે આપણું પૂરણ બિરદ પાળો. ધન્ય. ૬

ધોળ ૨૧ મું.

દરશન દ્યોની મા શ્રીયમુનાજી;
હુંતો બીજા કશાથી નથી રાજી. દરશન. ૧

પાન કરાવો અમૃત જળનું, જોર હઠાવો માયા દળનું;
રટણ કરાવો શ્રીરાધાવરનું. દરશન. ૨

શરણ પડયો છું દુઃખડાં કાપો, પાપ નિવારી સુખડાં આપો;
જુગલ સ્વરૂપ મ્હારા હૃદયે સ્થાપો. દરશન. ૩

માયા જાળ ટાળો એ મહારાણી, માજી લીલામાં લ્યો તાણી;
દેવી જીવતણી કરૂણા જાણી. દરશન. ૪

હરનિશ સેવામાં દીન ભાગું, કૃષ્ણ કૃપાને દીનતા માગું;
અવિચલ પદ આપો પાયે લાગું. દરશન. ૫

છોડાવી દ્યો વિષયાસક્તિ, માનસી સેવામાં અનુરકિત;
શ્યામ ચરણ દ્યો મા દૃઢ ભક્તિ. દરશન. ૬

દુર્ગુણ મારા કાઢી નાંખો, વાંક હમારો હોયતો સાંખો;
વ્રજમાં વાસ મળે, એમ મુખ ભાખો. દરશન. ૭

લાલાલહેરી સેવક ત્હારો, દીન થઈ જાચે અતિ દુખીયારો;
ઉગરવાનો બીજો નથી આરો. દરશન. ૮

પ્રકરણ ૫ મું

॥ श्रीनाथजीआदि साते स्वरुपनां पद तथा धोळ. ॥

શ્રીનાથજીનાં પદ તથા ધોળ.

રાગ બીલાવલ પદ ૧ લું

કુંજદ્વાર ઠાડે સખી પ્રિય,
દેખી વદન ચિત્ત ચોર લીયો હે, તનક વિલોકી ગડયો તન હીય ૧

વામભુજા તન ચિતચોરી મોતન, દક્ષણ ભુજા કટી મુઠી સંવારી;
વક્ર ભોંહ ચંચળ અનીયારે, નેન બાન જયોં ડારત મારી. ૨

ટેઢી પાગ અરૂઝી અલકાવલી, બરૂહા ચંદન ધુજા ફેહેરાત;
દેખત બને કહેત નહિ આવે, સુંદર નાગર સાંવરે ગાત. ૩

કછુ સંકોચ ભયો ગુરૂ જનકો, અબ દેખે બીનકલ ન પરાત;
સો ઉપચાર કરો મેરી સજની, નિરખી દાસ વારને જાત. ૪

ધોળ ૨ જું.

દયા કરી દરશન આપશે,
શ્રીનાથજી દયા કરી દરશન આપશે. શ્રીનાથજી. ૧
શ્રીમહાપ્રભુજીની કાની થકી આ,
દૈવીજીવનાં ત્રિવિધિ દુઃખ કાપશે, શ્રીનાથજી. ૨
વિષયની વાસનાને મનની અવિદ્યા,
દૈવીના દિલમાંથી ઉથાપશે. શ્રીનાથજી. ૩
નિકુંજ નાયક મને નિજજન જાણી,
દાસી થવાની છાપ આપશે. શ્રીનાથજી. ૪
દયાનિધિ છે નહિ દોષ જુવે દાસના,
મનમાં અનન્ય ભક્તિ આપશે. શ્રીનાથજી. ૫
લાડીલો લાલ વહાલો લાલાલહેરીને,
ચરણ સેવાને માટે થાપશે. શ્રીનાથજી. ૬

ધોળ ૩ જું.

ઉભા કદંબ વનવેલીમાં,
છબીલો લાલ ઉભા કદંબ વન વેલીમાં. છબીલો. ૧
જો પ્રભુ મારે મંદિરે પધારો તો,
રાખું રમાડું આ હથેલીમાં. છબીલો. ૨
પ્રભુના શ્રીઅંગમાં જેવી કોમળતા,
તેવી ના દીઠી મેં ચમેલીમાં. છબીલો. ૩

શ્રીમુખ નીરખવા તનડું તલફે છે,
ઘડી નથી ગોઠતું હવેલીમાં. છબીલો. ૪
ગોપાલલાલ જોઇ નંદ સુવનને,
મનડું મોહ્યું છે નંદ કેલીમાં. છબીલો. ૫

ધોળ ૪ થું.

મનડું માન્યું છે મોહનલાલશું,
સાહેલી મારૂં મનડું માન્યું છે મોહનલાલશું. ૧
નંદનો દુલારો મને પ્રાણથી પ્યારોરે,
હૃદયે લપટાવું ઘણા વહાલશું. સાહેલી. ૨
કાલે સખી આપણુ સરખી સાહેલીઓ.
જોવા જીવણજીને ચાલશું. સાહેલી. ૩
એ મારૂં જીવન એ મારૂં તન મન,
વિધિનાએ લખ્યો મારા ભાલશું. સાહેલી. ૪
જન્મો જન્મ એની દાસી થવાને,
મુખ બોલ્યા વચન અમે પાલશું. સાહેલી. ૫
લાલાલહેરી એ જસોદા જીવણને,
નયણાં ભરીને નિહાળશું. સાહેલી. ૬

ધોળ ૫ મું.

શ્રીનાથજીના ચરણકમલે ચીત્ત રાખો,
હાંહાંરે ભક્તિ સુધારસ ચાખો. ૧
હાંહાંરે અહર્નીશ મુખે કૃષ્ણકૃષ્ણ ભાખો,
હાંહાંરે એથી જન્મ સફળ થશે આખો. ૨

હાંહાંરે ઘર બાર ધન માલ ખજાના,
હાંહાંરે તેમાં તારૂં નથી એ દિવાના. ૩

હાંહાંરે માત તાત સુત ભ્રાત ભગીની દારા,
હાંહાંરે તેમાં કોઈ નહિ છોડાવે જમના મારા. ૪

હાંહાંરે સગાં સંબંધી છે સૌ સુખનાં બેલી,
હાંહાંરે આખર સમે ઉપર મૂકશે ધકેલી. ૫

હાંહાંરે દયા કરી તને મનુષ્ય દેહ દીધો,
હાંહાંરે તોયે તેં હરિનો આશરો ન કીધો. ૬

હાંહાંરે ચેતી લો ચેતાયતો એ સારૂં,
હાંહાંરે હજુ ઘટી ગયું નથી આયુષ્ય તારૂં. ૭

હાંહાંરે વાર વાર લાખ ચોરાશી રઝળશે,
હાંહાંરે ફરી આવો જન્મ ક્યાં થકી મળશે. ૮

હાંહાંરે તારા હાથમાં આવ્યો છે પારસમણિ,
હાંહાંરે તારે માથે બિરાજે શ્રીનાથજી ધણી. ૯

હાંહાંરે એઉની સેવા કરે સુખ થાશે,
હાંહાંરે તારાં પાપને સંતાપ દૂર જાશે. ૧૦

હાંહાંરે હરિના દાસનો દાસ થઇ રહેજે,
હાંહાંરે મુખે નામ નિરંતર લેજે. ૧૧

હાંહાંરે લાલ લહેરીનાં વચન સુખકારી,
હાંહાંરે સાચા માનીને સેવો ગીરધારી. ૧૨

ધોળ ૬ ઠું.

શ્રીનાથજીના વિરહે મહા દુઃખ થાય છે,
હાંહાંરે મારો જીવ જવાને અકળાય છે. શ્રીનાથજી. ૧
હાંહાંરે મને ઘરમાં ઘડી નથી ગમતું,
હાંહાંરે મારૂં મન ઘણું રહે છે ભમતું. શ્રીનાથજી. ૨
હાંહારે ઘડી સાઠ પહોર આઠ રહું ઉદાસી,
હાંહાંરે સુંદર મુખડું જોવાને અભિલાષી. શ્રીનાથજી. ૩
હાંહાંરે કર જોડીને માગે છે લાલોલહેરી,
હાંહાંરે જરા દૃષ્ટિ કરોને કૃપા કરી. શ્રીનાથજી. ૪

ધોળ ૭ મું.

શ્રીવ્રજમંડળના ચંદ ગોવર્ધનનાથજી.
કમળ નેન અણીયાળાં સોહેલાલજો,સમેસમેનાં દરશન આપે શ્રીનાથજી,
પ્રેમ ભક્તિવશ કીધા વ્રજની બાલજો. શ્રીવ્રજ. ૧
નિશા પાછલી ગાગર બોલે રાતની, આથે નાથુ બાગથકી ગોવળજો,
મારા પ્રાણુ પ્રભુજીના સેવકને હેલો પડયો, અતિ આતુર થઇ આવે
સો તત્કાળજો. ૨
મુખ્યાજી ભીતરીઆ સેવક સહુ મળી,કરતા સેવા જે જેને અધિકારજો;
પ્રથમ શ્રીપ્રભુજીને જગાવ્યા પ્રેમશું, પછે જગાવ્યા પ્યારા શ્રી
નંદ કુમારજો. ૩
ગોસ્વામી ટિકેત વહુ બેટી સહુ, આનંદે આવે મંદિર માંહેજો;
શંખ ધ્વનિ ત્યાં ત્રણવાર કીધી સહી, ધ્વનિ સુણી શ્રી
ગોવર્ધનધર જાગ્યા જો. ૪

શ્રીમુખ નિરખી હૃદય કમળ શિતળ થયાં, મંગળ ભોગ ધરાવ્યો,
કંચન થાળજો;
જળ જમુનાની ઝારી લેઇ પાસે ધરી, પ્રેમ સહીત આરોગ્યા
પ્રાણજીવન જો ૫
સજ્જયાની સેવા સીંગારી કરે, સેજ સમારતાં સમય એટલો થાયજો;
આચમન કરાવી મુખ વસ્ત્ર કરી બીડાં ધર્યાં, દરશન ખોલ્યાં ને
કીરતન થાય જો. ૬

ધોળ ૮ મું.

શ્રીનાથજીકો ધ્યાન મેરે નિશદિનારી માઇ;
શ્યામરી સુરત માધુરી મૂરત, ચીત્ત લીયો હે ચુરાઈ. ૧
લાલ પાઘ લટકે ભાલ, ચીબુક વેસર કંઠમાળ;
કરણફુલ મંદહાસ, લોચન સુખદાઇ. ૨
મોરપક્ષ શીશ ધરે, મોતીનકી માલગરે;
બાજુબંધ પોહોંચીકર, મુંદ્રકા સુહાઈ ૩
કટી ક્ષુદ્ર ઘંટ્રીકા, જેહર વિછીયા સુદેશ;
અંગ અંગ શોભા, ઉર આનંદ ન સમાઇ. ૪
મુરલી અધર ધરે શ્યામ, ઠાડે વ્રજજુવતીન માંજ;
સપ્ત સુરન તાન ગાન, શ્રીગોવર્દ્ધનરાઇ. ૫
નિરખરૂપ અતિ અનુપ, થાકે સુર નર વિમાન;
શ્રીવલ્લભ પદકી દામોદર બલજાઈ. ૬

ધોળ ૯ મું.

એકવાર દરશન દીજીએ, શ્રીનાથજી.
જીવ અનાદિથી અવિદ્યાનો ભરેલો, દોષ દેખી નવ ખીજીએ. ૧

કૃપાનાથ કરૂણાના સિંધુ, દીન જાણી દયામાં ભીજીએ. ૨
શ્રીગુરૂએ તો મને તમને સોંપ્યો છે, શ્રીમહાપ્રભુજીની
કાની થકી લીજીએ. ૩
પુષ્ટિમાર્ગમાં પડયોરે પતિત હું, બોલ્યાં વચન પાલી લીજીએ. ૪
વલ્લભના દાસનો દાસ હું કહાવું, વ્રજભક્તની દાસી મુને કીજીએ. ૫

ધોળ ૧૦ મું.

હાંરે વહાલો એહી હમારે શ્રીનાથજી, હાંરે ભવતારણ હાર. એહી.૧
દેવ ન યાચું દુસરોરે, મન કીયો હે વિચાર. એહી.૨
યોગ યાગ વ્રત કો કરેજી, હાંરે જપ તપ તીર્થ અપાર. એહી.૩
સોચ સબે જીયા વ્હે ગયો રે, મન માની લે મોરાર. એહી.૪
દો અક્ષર સૂરદાસ કહેરે, ભવસારમાં એ સાર. એહી.૫

ધોળ ૧૧ મું.

શ્રીનાથજીનું વદન કમળ જોયું, જેણે એકવાર શ્રીનાથજીનું
કોટિ કલ્પનું મેલું થયેલું મન, એક પલકમાં ધોયું. જેણે.૧
મનુષ્ય દેહ ધર્યો તેનો સફળ છે, જન્મ મરણ દુઃખ ખોયું. જેણે.૨
મેવાડ દેશમાં બિરાજે માહારો વાહાલમો, શેષ શંકરે ચિત્ત પ્રોયું.૩
કમળચોક રત્નચોક જગમોહન જોયું, રહ્યો એકબાકી સર્વે ખોયું.૪
દયાના પ્રીતમજી શું પ્રીત નથી જેને, માત પિતા નામનેવગોયું.૫

ધોળ ૧૨ મું.

શ્રીનાથજીના નામ સમાન કોઇ ન આવે. (૨)
કોઇ જાયે ગંગાને કોઇ જાય કાશી, કોટિ કોટિ તીરથ મનાવે. ૧
કોઇ કરાવે પૃથ્વિ પરિક્રમા, કોટિ કોટિ કન્યાને પરણાવે. ૨

કોઈ દીયે હાથીને કોઈ દીયે ઘોડા, કોટિ કોટિ ગાયોને દેવરાવે. ૩
શ્રીવલ્લભના સ્વામિ પ્રભુ રસિક શિરોમણી, ચરણકમલ ચિત્તલાવે.૪

ધોળ ૧૩ મું.

ઉભા રહોતો કહું વાતડી શ્રીનાથજી,
તમ માટે ગાળી છે મેંતો જાતડી, શ્રી નાથજી. ૧
જે દિવસે મળ્યા હતા વૃંદાવનમાં, શ્રી નાથજી.
તે દિવસની તાલાવેલી તનમાં, શ્રી નાથજી. ૨
શ્રી નાથજી જોયાના મુને કોડરે, શ્રી નાથજી.
પુરી મારા મન કેરી આશરે. શ્રી નાથજી. ૩
હસોછો મધુરૂં વાંકું જોઈને, શ્રી નાથજી.
નયનને કટાક્ષે માહારાં મન મોહિને. શ્રી નાથજી. ૪
ક્ષણ ક્ષણ ભણકારા વાગે કાનમાં, શ્રી નાથજી.
ઘરમાં જાઉંને ગાઉં તાનમાં, શ્રી નાથજી. ૫
ચિત્ત ચોટતું નથી ઘર કામમાં, શ્રી નાથજી.
ઘેલી ઘેલી કહે છે ગોકુળ ગામમાં, શ્રી નાથજી. ૬
કહેનારાં છો કહે પણ માથે છો ધણી, શ્રી નાથજી.
વલ્લભના સ્વામિની દાસી તમ તણી, શ્રી નાથજી. ૭
પુરો મારા મન કેરી આશરે, શ્રી નાથજી.
શરણે આવ્યો છું તમ દાસરે, શ્રી નાથજી. ૮
ભવોભવ પાર ઉતારીએ, શ્રી નાથજી.
બલિહારી જાય માધવદાસરે. નાથજી. ૯

ઘોળ ૧૪ મું.

પ્રથમ શ્રીવલ્લભ શ્રીવિઠ્ઠલેશ પ્રભુનું, ધ્યાન રૂદેમાં લાવુંજી,
શ્રીગુરૂ ચરણકમળ રજ વંદી, શ્રી ગિરિધર જશ ગાવું.
ગોવરધન રંગ રસિયા,
રંગ રસિયા શ્રીવ્રજરાજ, શ્રીજી મારે મન વસીયા. ૧
ધન્ય મેવાડ સીંહાડ વખાણું, ઉદય નરેશ બડભાગીરે,
એ કુંળ અજબકુંવરી બડભાગી, પ્રેમભક્તિ લહે લાગી. ગો૦ ૨
પ્રેમભક્તિ મૂર્તિ પ્રગટી, વશ કીધા કુંજબિહારીરે;
ભક્તવત્સલ શ્રીજી સિંહાડ બિરાજ્યા, વ્રજગિરિ તજી ગિરિધારી. ૩
શ્રીનવનીતલાલ પ્રભુ સંગે પધાર્યા, શ્રી નંદ જસોદાના લાલરે;
વ્રજ રમણુને બાલ રમણુ બે, રૂપ છે યુગલ રસાળ. ગો૦ ૪
શ્યામ વર્ણ ને ગૌર વર્ણ એ, સેવ્ય સ્વરૂપ મહારાજરે,
શ્રીવલ્લભ શ્રીવિઠ્ઠલનાં રૂપ પ્રમાણો શ્રીવલ્લભકુલ શિરતાજ. ગો૦ ૫
પવિત્ર સ્થલ જોઈ મંદિર સ્થપાવ્યાં શ્રી વલ્લભકુલ મહારાજેરે;
પુરણુ બ્રહ્મ નિજ પુરી વસાવી, સેવા ભક્તિને કાજે. ગો૦ ૬
વ્રજ નિજ ધામ ને સેવા સદન, વળી વિવિધ વૈભવના ઠામરે;
શ્રીનાથ તણી ઇચ્છા અનુસારે, નીરમ્યા અલૌકિક ધામ. ગો૦ ૭
ગોલોક નિજ ધામ તણા જહાં, વૈભવ અપરંપારરે;
ત્રણ ભુવનમાં ધામ નથી એવું, જાણો શ્રીનાથદ્વાર. ગો૦ ૮
શ્રીવલ્લભ કુલ લાડ લડાવે; ભોગ આભ્રણુ અતિ ભારીરે;
નિત્ય નવલ વ્રજરાજ બિરાજે, છબિ નિરખી જાઉં વારી. ગો૦ ૯

એવાં શ્રીનાથજીને મંદિર પધાર્યા, મોટા શ્રીમથુરાંનાથરે;
કોટાથી લેઈ રાજ રસાલા, શ્રીરણછોડલાલ સાથ. ગો૦ ૧૦
શ્રીરણછોડલાલજીના પુરવા મનોરથ, વ્રજલીલા સુખ લેવારે;
મોટા મનોરથ ઓચ્છવ કેરા, નિજજનને દરશન દેવા. ગો૦ ૧૧
શ્રીમથુરાંનાથ પરોણા પધાર્યા, શ્રીનાથ તણે દરબારરે;
શ્રીગોવર્દ્ધનલાલજીને હરખ ઘણેરો, હરખ્યો સકલ પરિવાર. ગો. ૧૨
સંવત ઓગણીસ પંસઠ સાલે, આનંદ વરત્યો અપારરે;
જુગતે નિધી શ્રીનાથ સંગાથે, તેજ તણા ભંડાર. ગો૦ ૧૩
મહા મહોત્સવ કેરાં કારજ, નવલ નવલ નિત્ય થાયરે;
શ્રીગોવર્દ્ધનલાલજીએ ખોલ્યા ખજાના, આનંદ ઉર ન સમાય. ગો૦૧૪
શ્રીકાંકરોલીથી રાજા ઠાકોર પધાર્યા, શ્રીદ્વારિકેશરૂપ નિધાનરે.
રાજ છત્ર રૂડી સ્વારી ભરી, શ્રીમથુરેશજીને દીધાં છે માન. ગો૦૧૫
રાજસ્વારી સુંદર શોભા, શ્રીદેવકા બેટીજીએ જાણીરે;
શ્રીવલ્લભ પ્રભુ ચરણ પ્રતાપે, લીલા ગાઉં વખાણી. ગો૦ ૧૬

ધોળ ૧૫ મું.

આવો આવોરે સુહાગી શ્રીવલ્લભીનો સાથ;
રાખી મેવાડે પધાર્યા શ્રીગોવર્દ્ધનનાથ. ૧
સખી મન કર્મ વચને તજો ઘરનાં કાજ;
મેલો લોક વેદ મર્યાદાને કુળની લાજ. ૨
છાંડો માત પિતા પતિ સુત અને પરિવાર,
આપણે નયણે નિરખો શ્રીનંદકુમાર. ૩

વહાલો રૂપેછે રૂડલો ને ભીનલે છે વાન;
ગળ સ્થળ મંડીત કુંડલ લળકેછે કાન. ૪
બિરાજે અલક તિલક જાણે કંચન રેખ;
નાસા ગજ મોતીના નટવર ભેખ. ૫
શીશ પાઘ સોરંગી ઉપર ચંદ્રિકા મોર;
વાહાલો મનોહર મૂરતિ ચિત્તડાનો ચોર. ૬
વાહાલો બંક અવિલોકની ભ્રકુટી કમાન;
એમનાં નેણાં અણીયાલાં જાણે મદનશ્યાં બાણ. ૭
વાહાલો ચંચલ ચપળતા વારૂ ખંજન મીન;
શોભા જોઇને મૃગ થયા આધીન. ૮
બીંબાધર છે અતિ અરૂણ પ્રવાલ;
મુખ માધુરી માધુરી વાંસલડી રસાલ. ૯
જીરે કુસુમ ઝરે મંદ મુસકની હાંસ;
ઝળકે દંત દાઢમ જયમ બીજ પ્રકાશ. ૧૦
કંઠે કંદસરી ગળે ગુંજાના હાર;
બાજુબંધ પહોંચી ને ઝુમક સાર. ૧૧
પાયે પેંજણીને નૂપુરનો ઠમકાર;
ચાલે ગજની ચાલ ઘુઘરી ઘમકાર. ૧૨
કટી કાછની કીંકણીનો ઝમકાર;
પાયે અણુવટ વીંછવાનો ઠમકાર. ૧૩
જીરે સોળકળાએ ઊદયો ચંદ;
વ્રજ જુવતી સુંદરી હસે મંદ મંદ. ૧૪

જીરે એહુની આરતિ ઉતારે શ્રીવલ્લભરાય;
શોભા જોઇને જન વલ્લભ બલિહાર. ૧૫

ધોળ ૧૬ મું.

વાંકે અંબોડે શ્રીનાથજી, મુને મલીયા મારગ માંહ્ય;
મન હરી લીધાંજી.
મનડું તે મારૂં મોહી રહ્યું, નિરખી છબીલાને તાંય. મન. ૧
વાંકી તે પાઘ વરણાગીયા ને, વાંકી ચાલો છો ચાલ;
વાંકાં તે નયણાં સોહામણાં, વાંકી વેણુ રસાળ. મન. ૨
નયણાં તમારાં શ્રીનાથજી, હુતો કઈ પેરે કરૂંરે વખાણ;
જોતાં તે શુદ્ધ બુદ્ધ વિસરી, માનુનીએ મેલ્યાં છે માન. મન. ૩
કાલીંદીને કાંઠડે વાહાલો, ગિરિધારી ચારે છે ગાય;
શીળી કદમ કેરી છાંયડી, વાહાલો મીઠી મોરલી વાય. મન. ૪
વૃંદાતેવનની કુંજમાં, અમને રંગ ભેર રાસ રમાડયાં;
બાંહે બાજુબંધ બેરખા, પહોંચી છે રત્નજડાવ. મન. ૫
કાને તે કુંડળ ઝગમગે, હરિના ખીટલીયાળા કેશ;
શોભા શી કહું માહારા શ્યામની,
માહારો વાહાલોજી નટવર વેશ. મન. ૬
સહુ મલી ચાલ્યાં સુંદરિ શ્રીયમુનાજીનેરે ઘાટ;
મારગ જાતાં મોહન મળ્યા, રોકી ઉભા છે વાટ. મન. ૭
જમુના જળમાં ઝીલતાં, તૂટયો નવસર હાર;
મોતી સઘળાં વેરાઇ ગયાં, હીરલો લાધ્યો છે સાર. મન. ૮

શેષ સહસ્ત્ર મુખ સ્તુતિ કરે, એનો નિગમ ન પામે પાર;
શ્રીવલ્લભ પ્રભુ મને અહીં મળ્યા, માહારૂં મન પામ્યું ઉલ્લાસ. મન. ૯
દાસનો દાસ વિનતિ કરે, અમને દેજો વ્રજમાં વાસ;
દીન જાણી કરૂણા કરો, પોહોંચે મનડાંની આશ. મન. ૧૦

श्रीनवनीतप्रियाजीनां पद तथा धोळ.

રાગ બિલાવલ. પદ ૧૭ મું.

હાં વારી નવનીતપ્રિયા.
નિત ઉઠી દેન ઉરાહનો આવત, ચોરી લાવત ગોપ ત્રીયા. ૧
તુમ બલિરામ સંગ મિલકેં સુત, યહ આંગન ખેલો દોઉ ભૈયા;
નિરખી નિરખી નેન સચુપાઉં, પ્રાણજીવન ઘનશ્યામ બલૈયા. ૨
જો ભાવે સો લેઉ મેરે મોહન, માખન મિશ્રી દૂધ મલૈયા;
ચત્રભુજ પ્રભુ ગિરિધર કાકેઘર, તુમ હું તે કછુ અધિક સવૈયા. ૩

પદ ૧૮ મું.

લેજુ ગયો ચિત્ત માખન પ્યારો.
તનક કમલ મુખમેં દ્વે દતિયાં, ઇન આંખનતેં હોત ન ન્યારો. ૧
રીંગન લીલા ભાવ જનાવત, મર્યાદા રહિત એ રૂપ;
કટી કિંકની અરૂ પાય પેંજની, ફીરી ચિતવત હસત બજત અનુપ. ૨
દેખી સખી લપટે ભુજ ભીડત, નખ છત કુચ કપોલ કર પરસત;
કહત ફીરત સબસોં નંદરાની, દેખી મૈયા બ્હાવરો વ્હે દરશત. ૩
મુગ્ધ ભાવ ગોપીનસોં સોચત, યહ લીલા કોઉ અન્ય ન જાને;
કે જાને સેવા સંયોગી, દાસ ભાવાદિક લેશ બખાને. ૪

પદ ૧૯ મું.

શોભીત કર નવનીત લીયે.
ઘુટરૂન ચલત રેન તન મંડીત, મુખ દધી લેપકીયે ૧
ચારૂ કપોલ લોલ લોચન છબિ, ગોરોચનકે તિલક દીયે;
લર લટકન માનુ મત્ત મધુપગન, માદક મધુર પીયે. ૨
કઠુલા કંઠ વજ્ર કેહુરી નખ, રાજત હેં સખી રૂચીર હીયે;
ધન્ય સૂર એકો પલ યહ સુખ, કહા ભયો શત કલ્પ જીયે ૩

ધોળ ૨૦ મું.

મારૂં મન મોહ્યું શ્રી નવનીતલાલ.
નિત પ્રતિ દરશન કરીને થઇએ ન્યાલ. મારૂં મન. ૧
શ્રીમુખ જોતાં સુખીયાં થઇએ, પ્રભુની સેવામાં નિરંતર રહીએ;
નંદાલયની લીલા શું કહીએ. મારૂં મન. ૨
શ્રીજસોદાજીના ઉછંગ વિષે, અતિ ઉંચા બેઠા દીસે;
એ સુખ જોવા મારૂં મન હીસે. મારૂં મન. ૩
બાળ સ્વરૂપે બહુ સુખ આપે, શરણુ પડયાનાં સંકટ કાપે;
હૃદયે નિજ રંગીલું રૂપ થાપે. મારૂં મન. ૪
લાલાલહેરી પદ રજનો દાસ, પ્રેમે રાખો પોતાની પાસ;
સોંપે યુગલ ચરણુની સેવા ખાસ. મારૂં મન. ૫

શ્રી મથુરાંનાથજીનાં પદ તથા ધોળ.

રાગ બિલાવલ. પદ. ૨૧ મું.

વ્રજમેં ઠાકોર દોય ચત્રભુજ.
શ્રીમથુરેશ ઓર શ્રીદ્વારકેશજી, મુખ્ય મર્યાદા પુષ્ટિ લીલાધુજ. ૧
ઈન દ્વે હસ્ત નેનન સોં ચાંપત, દ્વે કર મુરલી ટેરી દેત સુર;
પિયા વિલખી મનમાંજ લજાની, એ તો બંસી દૂર બજત ભર. ૨
ઇન લીલા કરી માન મનાવત, ઇન લીલા કરી નેત્રન મેલન;
ઇન દ્વે હસ્ત કુસુમ મારગ સજી, દ્વે કર ડારી ઉંચી સોં મેલન. ૩
ઈન મનુહાર કરી પ્યારીસોં, ઈન હસાય ખીલાય રહે લસી;
દ્વે સ્વરૂપ દરશત બરખત રસ, પીયો દાસ ઈન અખીયન તરસત ૪

*ધોળ ૨૨ મું.

જે જે બોલો શ્રીરણછોડલાલકી,
પધરાવ્યા શ્રીમથુરાંનાથ, શોભા છપ્પન ભોગકી. ૧
જે જે બોલો શ્રીગોવરધનલાલકી, પધરાવ્યા શ્રીનવનીતલાલ. ૨
જે જે બોલો શ્રીબાલકૃષ્ણલાલકી પધરાવ્યા શ્રીદ્વારિકાંધીશ. ૩
જે જે બોલો શ્રીગોપેશ્વરલાલકી, પધરાવ્યા શ્રીવિઠ્ઠલનાથ. ૪
એ ચારે સ્વરૂપ પધરાવીયાં, રૂડા લાલ બાગની માંહ્ય. ૫

---

* શ્રીનાથદ્વારમાં શ્રીમથુરાંનાથજી પધાર્યા ત્યારે ટિકેત શ્રીગોવર્દ્ધનલાલજી મહારાજે સંવત ૧૯૬૫ના ચૈતર વદિ ૬ ના રોજ શ્રી લાલબાગમાં છપ્પન ભોગ કર્યો તે સમયનું ધોળ.

મુખ્યમાં શ્રીમહાપ્રભુ બિરાજતા, બીજા ગોદમાં સ્વરૂપઅપાર. ૬
મોતી મહેલથી શ્રીગોવરધનલાલ પધારીયા,
એમની ગોદમં શ્રીદામોદરલાલ. શોભા છપ્પન ભોગકી. ૭
કોટાથી શ્રીરણછોડલાલજી પધારીયા,
એમની સાથે શ્રીગોપાલલાલ. શોભા છપ્પન ભોગકી. ૮
શેરગઢથી શ્રીગિરિધરલાલજી પધારીયા,
એમની ગોદમાં શ્રીવલ્લભલાલ. શોભા છપ્પન ભોગકી. ૯
ઈંદોરથી શ્રીગોપેશ્વરલાલજી પધારીયા,
એમની સાથે શ્રીકૃષ્ણરાય. (બચુબાવા) શોભા. ૧૦
કાંકરોલીથી શ્રીબાલકૃષ્ણલાલજી પધારીયા,
એમની ગોદમાં શ્રીદ્વારકેશલાલ. શોભા છપ્પન ભોગકી. ૧૧
૧૪ બાળક ૧૯ વહુબેટી પધારીયાં,
શ્રીભાભીજીને હરખ ન માય. શોભા છપ્પન ભોગકી. ૧૨
પ્રથમ અન્નકોટનો મનોરથ કરાવીયો,
પછી છપ્પન ભોગનાં દરશન થાય. શોભા છપ્પન ભોગકી. ૧૩
શ્રી ગોવરધનલાલે મનમાં વિચારીયું,
કોઈ દરશન વિના નહિ જાય. શોભા છપ્પન ભોગકી. ૧૪
મહાપ્રસાદનાં દરશન કરાવીયાં,
દૂધઘરને અનસખડી અપાર. શોભા છપ્પન ભોગકી. ૧૫
સખડી સરવે સેવક મળી વાંટતા,
જેના ભાગ્યમાં હોય તે લેઇ જાય, શોભા છપ્પન ભોગકી. ૧૬

અનુભવી એ રસને જાણશે;
વિમુખ જનને એ રસ દૂર. શોભા છપ્પન ભોગકી. ૧૭
કર જોડી કીંકર વિનતિ કરે;
એવાં દરશ દ્યો નિત્ય નિત્ય. શોભા છપ્પન ભોગકી. ૧૮

રાગ બીલાવલ. પદ ૨૩ મું.

દેખીરી એક અદ્ભુત વામ.
દેખે બને કહત નહી આવે, નખ કટિરાધે કટિશીખ શ્યામ. ૧
પ્રિયકે પ્રેમ છકયો તન ભુલ્યો, કહે મેરી શ્યામા ગઇ અબ હાં કીત;
અપને સખન સોં બુઝત ડોલત, કટિ દ્વે હસ્ત લગે આકર્ષીત. ૨
શ્રમ જલબિંદુ લગ્યો ગંડિતમેં, નેન વદન વ્હે વિલસેં દ્વે લખ;
ક્રીડા ચટક ભવરી સંવરી તન, શ્યામાતેં શ્યામ ભયે તન મનસુખ ૩
ક્રીટ સહીત હરિ દરશ દીખાવત, અતુલ સ્વભાવ નાથ શ્રીવિઠ્ઠલ;
રજ આરજ લાગો મેરી અખીયન, નિરખી દાસજાતરસબકલિ મલ ૪

॥ શ્રીવિઠ્ઠલનાથજીનાં પદ તથા ધોળ ॥

ધોળ ૨૪ મું.

અમને વહાલારે શ્રીવિઠ્ઠલનાથ.
એમના ચરણકમલમાં જોડું હાથ. અમને. ૧
એ પ્રભુ પૂરણ બ્રહ્મ સનાતન છે, દૈવી જીવને તન મન જીવન છે. ૨
ભક્ત મનોરથ પૂરણ કરવાને, પ્રગટયા આસુરીનો મદ હરવાને. ૩

જુથ લીલા જગમાં જાહેર કીધી, મુક્તિ ભક્તિ સોંઘી કરી દીધી.૪
પુષ્ટિ મારગહિત બતાવાને, પ્રગટ પધાર્યા ગુણ ગવરાવાને. ૫
એમનું સુંદર શ્રીમુખ નિરખીને, હું તો મારા મનમાં રહું છું હરખીને ૬
એ ગિરિવરધર ગુણના સાગર છે, નંદકુંવર એ નટવર નાગર છે. ૭
લાલા લહેરી શું જાણે માયામાં, રાખજો ચરણ કમળની છાયામાં. ૮

ધોળ ૨૫ મું.

શ્રીવૃંદાવનના ચંદ શ્રીવિઠ્ઠલનાથજી,
રાસવિલાસમાં કીધો અપરમપારજો.
શ્રીજમુનાજીની તીરે કદમનાં ઝાડ છે,
ઝુમી રહ્યાં જળ ઉપર વરસે ફુલજો;
શ્રીજમુનાજીમાં કમળ ફુલ્યાં તે અતિ ઘણાં,
ફુલી રહ્યાં ત્યાં ભ્રમર કરે ગુંજારજો.
ત્યાં સુંદર પંખી હંસ બેઠા હતા,
હરનિશ ધરતા પ્રભુજી કેરાં ધ્યાનજો;
શ્રીવિઠ્ઠલનાથજીના સ્વરૂપની શોભા શી કહું.
દાસ કહે મને આપો શ્રીવ્રજમાં વાસજો. ૧

॥ શ્રી દ્વારિકાંનાથજીનાં પદ તથા ધોળ. ॥

ધોળ ૨૬ મું.

સખી મેં આજ દીઠા કુંજ ભવન વ્રજ ચંદ્રને,
શ્રીદ્વારકાંનાથજી મનોહર પ્યારા,નંદ જસોમતિ કેરા લોચનના તારા;

પ્રેમ રસ પાય વ્રજ સુંદરીને ન્યારા. સખીમેં. ૧
સખીરે હુંતો કુંજ ધામ ગઈ હતી વહેલી,
ત્યાંતો બેઠાં રાધિકા પરમ અલબેલી;
વાત કરે સંગે લલિતા સાહેલી. સખીમેં. ૨
રાધા પ્યારી સજે છે શણગાર ઘણા ત્યાંહે,
શ્યામ આવ્યા ખબર ન પડી પળમાંહે;
નેત્ર કમલ મીચ્યાં તેથી વ્યાકુળ થાયે. સખીમેં. ૩
પ્યારી પુછે કોણ મારાં નેત્ર મીંચે આવી,
ત્યારે શ્યામે બેઉ કરે બાંસુરી બજાવી;
ભુજા ચાર જોઈ મૂરત મન ભાવી. સખીમેં. ૪
માન મૂકી મન થકી પ્રિત ઘણી કીધી,
ત્યારે શ્યામે રાધા પ્યારી અંક ભરી લીધી,
કૃપાની કટાક્ષે સેન સહચરીને દીધી. સખીમે. ૫
કુંજ ખેલ કરે રંગ રતિ રસ પુરા,
કોક કલામાંહે નથી એકે અધુરા;
પ્રેમ ઉન્નમત્ત રસે બેઉ જન શુરા. સખીમેં. ૬
જાળ રંધ્ર જોઈ સખી મન સુખ પામી,
વિનતિ કરૂં છું સદાય શિર નામી;
દરશન દેજો નિજ જન કેરા સ્વામી. સખીમેં. ૭

ધોળ ૨૭ મું.

ધન્ય ધન્ય શ્રીદ્વારિકાંનાથજીરે, વંદુ વૈષ્ણવ જન સાથરે;
તટ રાજીત મોહોલ અટારીરે, રાય સાગર અમૃત વારિરે. ૧

મહા ભાગ્ય મેવાડો દેશરે, જ્યાં પ્રિતે કર્યો પ્રવેશરે,
ધન્ય ધન્ય તે કાંકરોલી ગામરે, માહારે વાહાલે કર્યો વિશ્રામરે. ૨
મુક્તિ અધિક પુરી માહારાજરે, સદા વૈષ્ણવ જનને કાજરે;
અમરાપુરી એ થકી લાજેરે, પ્રભુ પુષ્ટિ પ્રકાશ બિરાજેરે. ૩
પરથાર અનોપમ દીસેરે, જોતાં વૈષ્ણુવનાં મન હીસેરે;
ચોક ચંદરવા ઘણું શોભેરે, જોતાં વૈષ્ણુવનાં મન લોભેરે; ૪
નિજ મંદિરની શોભાયરે, તેતો મુખે કહી નવ જાયેરે;
હીરા હેમ જડાવની જાળીરે, કુંજ રાજીત પુંજ શાળીરે. ૫
હીમ આસને હીરા ઝળકેરે, મુક્તાફળ ચોદિશાએ લળકેરે;
દીધું દરશન શ્રીદ્વારિકાંધીશરે, એતો સકળ ભોવનના ઇશરે. ૬
મેઘ વર્ણ મનોહર અંગેરે, જોતાં લાજે છે લક્ષ અનંગરે;
બેઉ પાસે શ્રીગુસાંઇજી ઉભારે, રૂપ ચારની એકજ શોભારે. ૭
શ્રીવિઠ્ઠલ રૂપ નિધાનરે, શોભા કોટિક કામ સમાનરે;
ગુણવંત શ્રીગોકુળનાથરે, શ્રીવ્રજભુષણુલાલજી સાથરે. ૮
જોતાં નયણાં તૃપ્ત ન થાયરે, રૂપ અધિક શોભાયરે;
બહુ જીવને ઉદ્ધારવા કાજેરે, તેવું રૂપ ધર્યું મહારાજેરે. ૯
સુખ સિંધુ હરિયે વિનોદરે, જોતાં ઉપજે મહા મન મોદરે;
ધરૂં ચરણુ કમલની આશરે, ગાય નિરખે પ્રભુદાસરે. ૧૦

॥ श्री गोकुलनाथजीनां पद तथा धोळ ॥

રાગ બીલાવલ. પદ ૨૮ મું.

ગિરિધાર્યો શ્રીગોકુલનાથ, જે જે મંગલ કીયે સનાથ;
ગોપી ગાય ગોપ વ્રજ કે સબ, ધીરજ દે તબ હાથ. ૧
દક્ષિણ પાણિ સ્વીકાર કિયો હે નગ, વામ પાણિ શંખોદક લાય;
દ્વે કર મુરલી નાદ કીયે હે, કમલાસન ઠાડે ગિરિરાય. ૨
ઉપરકે પંછી દ્રુમ વેલી, કીન હું ન લાગી તાતી બ્યાર;
ગોરંભન ધુની કરત કોતુહલ, તન પુલકિત અંગ કછુ ન સંભાર. ૩
મધવા શરણ ભયે પદ દીનો, જે જે કુસુમ બરખે સબ દેવ;
ચિરંજીયો પ્રભુ કુંવર લાડીલો, નિરખી દાસ ચરણરજ સેવ. ૪

॥ श्री गोकुलचंद्रमाजीनां पद तथा धोळ. ॥

રાગ બિલાવલ. પદ ૨૯ મું.

ગોપીજન સંતાપ મિટાવન, પ્રગટ ભયે શ્રી ગોકુલચંદ;
કોટિ કોટિ અનંગ વિમોહિત, નિરખ મીટયો દુખ દ્વંદ. ૧
સખિયન મિલ બુઝત હેં પિયકું, પરોક્ષ ભજત એક ભજત પરસ્પર;
એક ભજત ભજવે નહી જાનત, ઉનકો ભેદ કહો ગિરિવરધર. ૨
ઈનહી તેં ન્યારે મોહી જાનો, ઇનહી તેં રહો અતિ નિર્મળ;
મન ક્રમ બચન હોં જાત બીકાનો, વશ કર લીનો પ્રેમ સ્નેહ બલ. ૩
નૃત્ય કરન આરંભન કીનો, યુવતી એક એક પ્રતિ વપુધર;
જે જે હરખી રહી વ્રજ વનિતા, નિરખી નિરખી દાસ વારનો કર. ૪

॥ श्रीमदनमोहनजीनां पद तथा धोळ. ॥

રાગ માલવ. પદ ૩૦ મું.

મદન મોહન મુરલી ધુન કીની, વ્રજ વનિતા આકર્ષિત લીની;
માત પિતા સુત બંધુ વિસારે, કમલનેન ચરણે રતિ દીની. ૧
વૃંદાવન મુખ ચંદ વિલોકયો, ફુલી રહ્યો સબ ગાત;
મોહન વાસોં કુશલ બુઝતહેં, તમ નિશ રાકા પરમ સુહાત. ૨
અબ ઘર બગદાવો ગોપીજન, ધર્મનહી પતિની રહો;
કૃષ્ણ કલામેં સબ અંગ ઉરઝયો, તન ન રહી સંભારહો. ૩
અધર ડસે નેનન આંસુ ઢરે, ગતિ ભુલી વ્રજ નારીહો;
યાતેં હુર મદન મોહન પિય, નિરખી દાસ બલિહારહો. ૪

ધોળ ૩૧ મું.

શ્રીમદનમોહનલાલ તમ શું લહે લાગી;
મારે તમ ઉપર ઘણું વહાલ ભે ભવની ભાગી. ૧
છું ચર્ણકમળની દાસ ચિત્ત ચરણે રાખો,
મને આપજો વ્રજમાં વાસ સુખ સંપત્ત દાખો. ૨
માહારા પ્રાણ તણા આધાર અળગા રહેશો નહિ,
હરિ છો હૈયાના હાર કોઈને કહેશો નહિ. ૩
માહારા કુટુંબ સહિત દરશન તમારાં મેં કીધાં,
વાહાલા તમે મટાડયા તાપ દરશન બહુ દીધાં. ૪

માહારી વિનતી સાંભળો નાથ તો તમને કહીએ,
મને આપો વ્રજમાં વાસ, તો શર્ણે રહીએ. ૫
નાહીએ જળ જમુનાં નીર, દરશન નિત્ય કરીયે,
એમ કહે છે હરિદાસ ભવોભવ તરીએ. ૬

श्रीबालकृष्णजीनां पद तथा घोळ.

પદ ૬૨ મું.

શ્રીબાલકૃષ્ણકું ગોદલે સ્તન પાન કરાવે,
ચુચકારત મુખ પ્રફુલિત, અતિ આનંદ બઢાવે. ૧
ગોપીજન હસી કહત મહરીસોં; હમે દેઉતો હમહી ખેલાવે;
તીહારે ભાગ્ય દીયો ફૂલ માગ્યો, યહ તુમ તેં સુખ પાવે. ૨
જબ લીને પ્રફુલિત વ્હે, પ્રિયકુ કંઠ લગાવે;
રસિક દાસકે પ્રભુ રતિ નાયક, સબ તન તાપ બુઝાવે. ૩

પદ ૬૩ મું.

વંદો શ્રીબાલકૃષ્ણ નવ બાલ.
જસુમતિ ગૃહ ઝૂલતહે પલના, રસ લીલામેં અધિક રસાલ. ૧
કઠુલા કંઠ ભૃકુટિ મસી બિંદુકા, તિલક વિચિત્ર બિરાજત ભાલ;
રસિકરાયકે દાસકી વિનતિ, શરણુ રાખીયે કરી પ્રતિપાલ. ૨

॥ શ્રીનટવરલાલનાં પદ તથા ધોળ. ॥

પદ ૩૪ મું.

વંદો નટવર નવલ કન્હાઇ.
રત્ન જાટત આંગનમેં નાચત, કીલકી કીલકી અતિ હરખ બઢાઇ.૧
માગત માખન માટ માતસોં, બોલત વચન સુ મુખ તુતરાઈ;
જનની લાય દીયો હિતચિત કરી, લીનો અતિ સુખ પાઇ. ૨
એક કરમેં નવનીત બિરાજત, એક કર માટ સુહાઇ;
નીર્તત સુલપ સંચ નોતન ગતી, હસ્ત કે ભેદ દિખાઈ. ૩
વ્રજ વનિતા નેનન સુખ નિરખત, અંતર ભાવ જતાઇ;
રસિકદાસકે પ્રભુ રસદાયક, રસ સંકેત બતાઈ. ૪

ધોળ ૩૫ મું.

શ્રીનટવર નિરખ્યા, હરખ્યા ઘણુા હૈડામાં મુજને હેલી.
પ્રિતે પરખ્યા સુંદર વર સુખદાયક જાણુ સાહેલી. ટેક.
નટ નાગર સાગર રૂપાળો, ગૌધેન ચરાવે ગોવાળો;
છબિ કોટિ કામથી શોભાળો. શ્રીનટવર. ૧
રૂડા મોર મુગટ કુંડલ કાને, ભૂદર વર છે ભીનેવાને;
મન મોહ્યું બંસીને તાને. શ્રી નટવર. ૨
મને ભોળવીને નાખ ભૂરકી, ઘેલી થઈ નટવરને નિરખી;
નિરલજ કીધી પોતા સરખી. શ્રીનટવર. ૩
વાહાલે ગુજર ઘર પાવન કીધાં, રસીઆજીએ આદર કરી લીધાં;
શ્યામ સ્વરૂપ નિરખ્યાની પેરે કીધાં. શ્રીનટવર. ૪

વાહાલે મધુરીસી મોરલી વાઇ, માંહે ગારૂડીની વિદ્યા ગાઈ;
મન સર્પ તણી પેરે સાઇ. શ્રીનટવર. ૫
હરિદાસ સુફલ નયનાં કીધાં, શ્રીનટવરજીએ દરશન દીધાં;
મારાં સકળ કારજ એણીપેરે સીધ્યાં. શ્રીનટવર. ૬

*શ્રીમદનમોહનલાલના સ્વરૂપની ભાવનાનું ધોળ.

(રાગ—શ્રીલક્ષ્મણભટ્ટજીને ઘેર એ કુલ દીવોરે.)

પદ ૩૬ મું.

શ્રીમદન મોહનલાલ, તમપર વારીરે;
કૃપા કરી પધાર્યા વૈરાટ, જાઊં બલિહારીરે. ૧
આપે મદનને મોહ પમાડી, મૂરછીત કરીયોરે;
તેથી મદન મોહન નામ, પ્રિયાજીએ ધરીયોરે. ૨
ફલ પ્રકરણના[1] પ્રથમાધ્યાયની; એ લીલારે;
કરી પ્રગટ બીજી ગુપ્ત, છેલ છબીલારે. ૩
ગોદે શ્રીબાલકૃષ્ણજી શ્રીદ્વારિકાનાથરે;

*આ શ્રીમદનમોહનલાલ કાશીવાળા શેઠ પુરૂષોત્તમદાસના શ્રી ઠાકોરજી, શ્રીમહાપ્રભુજીના સેવ્ય છે, ને તે હાલ જોધપુરમાં બિરાજે છે. આ સ્વરૂપના જેવુંજ બીજું સ્વરૂપ શ્રીમદનમોહનલાલનું ધોળકામાં વૈષ્ણવ છોટાલાલ મથુરાદાસને ઘેર બિરાજે છે. આ ધોળ પણ તેઓશ્રીએ આ દાસ ઉપર કૃપા કરી મોકલ્યું છે. જે અત્રે આપ્યું છે.

૧ રાસપંચાધ્યાય.

શ્રી હરિદાસ[1] વર્ય યુગલ સ્વરૂપ છે સાથેરે. ૪
ગૌર સ્વરૂપનો ભાવ હવે હું વિચારૂંરે,
પિય પ્યારી એક સ્વરૂપ, નથી કોઇ ન્યારૂંરે, ૫
અક્ષરાત્મક[2] વ્યાપી વૈકુંઠમાંહીરે,
જબ પ્રિયાજી સબ સખી આદિક પ્રાગટ નાંહીરે. ૬
તબ ગૌર નરાકૃતી સ્વરૂપે રમણુ વિચાર્યું રે,
કર્યું પ્રિયાજીનું આપ સમાન પ્રાગટય ન્યારૂંરે. ૭
શ્રીસ્વામિનીજીનાં શ્યામ કટાક્ષે મોહીને રે,
થયા ગૌરથી શ્યામ સ્વરૂપ પરવશ હોઇને રે. ૮
ફરી ભૂતલ ગૌર સ્વરૂપે બંસી બજાઇરે,
ગોપી વ્યંગ[3] વચનાદિક અંતર પીડ ભજાઇરે. ૯
જલસુત[4] પ્રફુલીત થવા રસ અનુભવ હોવારે,
મહા જલથી નીકલે બહાર દિનમણી[5] જોવારે. ૧૦
એમ કરવા મહારસ દાન કમલ કરી સ્થિતીરે,
જેની ઉપર ગોપી રાસ રમ્યાં રસ રીતીરે. ૧૧
શ્રીયમુનાં પુલીન[6] મધ્ય આદ્ય વૃંદાવન નામરે,
જ્યાં ચંદ સરોવર પરાસોલી છે ધામરે. ૧૨
પદ્માકારે[7] રાસ ચોતરો નિરખું રે,
તેની પાંખડી ત્રણને વીસ જોઈ જોઇ હરખું રે. ૧૩

---

૧ શ્રીગિરિરાજજી. ૨ અક્ષરબ્રહ્મ. ૩ અનેક અર્થવાળું. ૪ કમલ. ૫ સૂર્ય, ૬ કીનારો. ૭ કમલાકાર.

તે કમલ ઉપર વિધિવાહન[1] અનુપમ પેખોરે,
જેનું પ્રાગટય પ્રિયાજીના ચરણ કમલથી લેખોરે. ૧૪
પય મિશ્રિત જે ભિન્ન કરે છે વારિરે,
મર્યાદ પ્રવાહથી પુષ્ટિ સૃષ્ટિ કરી ન્યારીરે. ૧૫
વામ ચરણ તે મરાલ[2] સહીત ધર્યો સ્થાપનરે,
પદ દક્ષિણ પાદુકા પરસ કર્યો ઉત્થાપનરે. ૧૬
તે સ્થાપન ઉત્થાપનનું કહુ હું કારણરે,
જે દર્શી વ્રજ રત્નાએ ધરી છે ધારણરે. ૧૭
વામ ચરણથી પુષ્ટિ ભક્તિ રસ મંડનરે,
આપે દક્ષિણ ચરણે કરી મર્યાદા ખંડનરે. ૧૮
[3]જુગ ચરણ કમલમાં [4]વિનગુન ઘુઘરી ઘમકેરે,
[5]મીન ધોતી [6]કદલી વત બે જંઘા દમકેરે. ૧૯
ઘુઘરી શ્રીયમુનાં મન વ્રજ વધુનાં મીનરે,
વશ્યાં [7]તરણીતનયા વાસ કમલ રસ લીનરે. ૨૦
તનીયો શ્રીવૃષભાન સુતાજી લહીએરે,
ધોતીમાંહી [8]ઉતરીય ભાવ હ્રદેમાં ગ્રહીએરે, ૨૧
કટિ દેશે કટિ કિંકિની રૂન ઝુન બાજેરે,
તે શોભા જોઈને સિંધ [9]ઉર્વસી લાજેરે. ૨૨

---

૧ બ્રહ્માનું વાહનહંસ. ૨ હંસ. ૩ બે. ૪ દોરાવિનાની. ૫ મચ્છ. ૬ કેળ. ૭ સૂર્ય પુત્રી શ્રીયમુનાજી. ૮ સાડી. ૯ એ નામની અપસરા છે.

[૧]સુધા સરોવર નાભી કુંડી રસ ઘેરીરે,
[૨]ત્રીવલી ત્રીવિધિ ભક્ત ઉદર ઊઠે લેહેરીરે. ૨૩

રોમાવલી રસ ભરન ચલી પનીઆરીરે,
છોડી માતપિતા સુત ભ્રાત ગાર ભરથારીરે. ૨૪

[૩]વક્ષ:સ્થલ ઉપર છે સરવે માલારે.
જે હ્રદે કમલની માંહી વસી વ્રજ બાલારે. ૨૫

વામ હસ્તમાં [૪]ઋતુ મુદ્રીકા સોહેરે,
દક્ષિણ [૫]પાણી પાંચ જોઇ મન મોહેરે. ૨૬

[૬]ગુણ [૭]ઋતુ [૮]ગ્રહ મલી હસ્ત કમલ પદ પાંખડીરે,
સ્વરૂપાત્મક રૂપે દો દરસન મુજ આંખડીરે. ૨૭

દશ વિધ શ્રુતીરૂપા નવધા અગ્ની કુમારીરે,
શ્રી [૯]પ્રભાકર તનીયા શ્રીવૃષભાન દુલારીરે. ૨૮

વેણું નાદ કરી ટેરી ગોપી મન હેરીરે,
કહ્યું જશે તમારો ધર્મ જાઓ ઘર ફેરીરે. ૨૯

થઇ વ્યંગ વચન સુણી વિરહ વેદના ભારીરે,
દેહ દશા શુદ્ધ ને બુદ્ધ મેલ્યાં વિસારીરે. ૩૦

બીચ [૧૦]કરતલ [૧૧]મધ્યમા [૧૨]અનામીકા અવકાસેરે,
વ્રજ વધુને અભયનું દાન કીધું મહારાસેરે. ૩૧

---

૧ અમૃત. ૨ ત્રણવાટા. ૩ હ્રદય ૪ છ. ૫ હસ્ત. ૬ છ. ૭ છ. ૮ નવ. ૯ સૂર્યનાં પુત્રી શ્રી યમુનાજી. ૧૦ હથેલી. ૧૧ અંગુઠા પાસેની મોટી આંગળી. ૧૨ મોટી આંગળી અને છેલી નાની આંગળી વચ્ચેની આંગળી.

બે કરમાં કંકણ બાજુબંધ છે બાંહેરે,
તે ધરીયાં પ્યારી વ્યાહુ રસ ઉચ્છાહેરે.   ૩૨
વેદ મર્યાદા રાખવા ઉપવિત ધરીયાં રે,
તે રાસ રમણની માંહી ઉલંઘન કરીયાંરે.   ૩૩
કંઠે કંઠસરી [1]દુલરી [2]વિનંગુન ધારીરે,
તે [3]સુરત લીલાની માંહી ધરી છે પ્યારી રે.   ૩૪
શ્રીપ્રિયાજીની ઉતરીય.ભાવે ઉપરના ધરીયારે,
શ્રીવૃષભાન દુલારી સાથ મોહન વર વરીયારે.   ૩૫
પ્યારી રવી શશી શીશફુલ બે રસનાં માતાંરે.
જે વ્યાપી વૈકુંઠ વ્રજ લીલા સુખદાતારે.   ૩૬
તે કરણમાં કરણ ફુલ રસના પાગેરે,
જે દર્શી [4]ચાલીસ માંહી [5]મનસીજ જાગેરે.   ૩૭
ચીબુકે [6]નિષ્ક શ્રી ચંદ્રાવલીજી પ્રમાણું રે,
નથ નાસિકા [7]દાહીની દીસ ગાઈ વખાણુંરે.   ૩૮
[8]હાટક સ્વામિની માણેક યમુનાં માઈરે,
જેના દરશ પરશ પેપાને કૃતારથ થાઈરે.   ૩૯
અધર બીંબરસ આશે [9]બક [10]શુક લટકેરે,

૧ બેસેરનીમાલા. ૨ વગર દોરાની. ૩ રહસ્યલીલા. ૪ મન. ૫ કામદેવ. ૬ હીરા. ૭ જમણી બાજુ. ૮ સોનું ૯ બગલો. ૧૦ પોપટ.

મોટું મુક્તા શ્રી ચંદ્રાવલી જેવડીએ મટકેરે. ૪૦
ઉપર છોટું [૧] જલસુત રાધા સહુચરીરે,
નકવેસર ચારે યુથપતી લીધાં ઘેરીરે. ૪૧
શ્રીમુખ ચંદ્ર કોટી તાપ કે [૨]હારીરે,
આ કુટીલ કટાક્ષને બાણે મોહ્યાં વ્રજનારીરે. ૪૨
પંચ તરેહનું ચીતવન પંચસર[૩] કહીએ રે,
તે ચઢીયાં ભ્રકુટી ધનુષ ક્યાં જઇ રહીએરે. ૪૩
લર [૪]જલજ દામિની શ્રી ચંદ્રાવલી મહાલેરે.
પ્યારી ચરણ કમલ સમ તિલક છાપ છે ભાલેરે. ૪૪
પાઘ શ્રીયમુનાં [૫]વરહી ચંદ્રીકા પ્યારીરે,
મહારસ ઉદ્બોધ શ્રૃંગાર ધર્યો છે મુરારીરે. ૪૫
તરણી તનીયા શીશ ફુલ થઇ લોલેરે,
શ્રી દંપતી રહસ્ય લીલાએ દિનકર ડોલેરે. ૪૬
[૬]દધીસુત વરની શ્રીમુખ [૭]વિધુ અનુસારેરે,
પ્યારે શીર પૃષ્ટ ધરીયો ચાક થએ અમારે. ૪૭
[૮]બેય ચરણ કમલ વ્રષભાન નંદની કેરારે,
તે મુસ્તક ધરીઆ આપ વહાલ ઘણેરારે. ૪૮
[૯]બેજુગ દીશ ચાર યુથપતી બીચ પોતેરે,
તેનું પંચ શીખા છે નામ જગમગ જોતેરે. ૪૯

૧ મોતી. ૨ નાશ કરનાર. ૩ બાણ. ૪ મોતી. ૫ મોરપીંછ. ૬ ચંદ્ર. ૭ ચંદ્ર. ૮ બે. ૯ ચાર.

નખ શાખ સ્વરૂપે શ્રૃંગાર ભાવના ગાઉરે,
વસો નીજ સ્વરૂપે વાસ હૃદેમાં સદાઈરે. ૫૦
પ્રભુ તમ ઉપર હું તન મન પ્રાણને વારોરે,
મારો ચીર કાલનો સ્વરૂપ વિયોગ નીવારોરે. ૫૧
અનંત યુગથી ભૃત્યા છોટી વિયોગીરે,
શ્રી ગુરૂ વ્રજ રત્ના કૃપાએ કરો સંયોગીરે. ૫૨
હરત દૃષ્ટિ બુદ્ધ દોષ લેશો સુધારીરે;
સર્વે વૈષ્ણવજનને એહ વિનતી માહારીરે. ૫૩



પ્રકરણ ૬ ઠું.

રાસ પંચાધ્યાઇનાં ધોળ, ભ્રમરગીત (નંદદાસજી કૃત) ગોપીગીત, યુગલગીત વગેરે.

રાસ પંચાધ્યાઇનાં ધોળ. ધોળ ૧ લું.

સખી શરદ પૂનમની રાત જોઇ, વાહાલે રમવા કીધું મનરે;
વન ફુલ્યાં તે લીલા શકતે, તે મન ચંદ્ર જતન. હરિ રસ માતાંરે. ૧
વેણુ વગાડી ચિત્ત હર્યું, પ્રગટ્યું અંગે અનંગરે;
સાંભળતાં ગોપીજન આવ્યાં, કૃષ્ણ સમીપે સંગ. હરિ. ૨
વેણું સાંભળીને દોહવું મૂક્યું, દોહતાં મૂક્યાં વાસણરે;
ખીર ચઢાવી તેમજ મૂકી વાહાલા પાસે મન. હરિ. ૩
તાતાં દૂધ જમાવતાં, પતિ સેવા ભોજનરે;
લેપનતાં લોચન આંજતાં, વિપરિત આભ્રણ. હરિ. ૪

પતિઓનાં રોકયાં ના રહ્યાં, આત્મા હરિરસ માનરે;
કેટલાંએકને પતિએ રોકયાં, માધવ ચરણે ચિત્ત લગ્ન. હરિ. ૫
સહુથી આગળ તે જઈ પહોંચ્યાં, સગુણ મૂકી તનરે;
ત્યારે રાજાએ પૂછયું, એ કેમ પહોંચે જન. હરિ. ૬
શુકજી ત્યારે એમ ઉચ્ચર્યા, પહેલું કહ્યું તે સત્યરે;
દ્વેષ ભાવે શીશુપાળ ઉદ્ધાર્યો, એતો પ્રિયા જુગત્ય. હરિ. ૭
વ્રજ ભકતો આવ્યાં જાણીને પ્રભુજીએ કહ્યું વચનરે;
આવ્યાં તેતો સારૂં કીધું, કારણ કહો પ્રસંગ. હરિ. ૮
રજની આવી જંતુ ભયંકર, હમણાં જાઓ ઘેરરે;
માતા પિતા ને પુત્ર ભાંડેરૂં, શું છે તેની પેર. હરિ. ૯
વન દીઠું ચંદ્ર કરી શોભે, કાલિંદ્રી જળ તેમરે;
ઘેર જઇ પતિ સેવા કરો, પાળો બાળક જેમ. હરિ. ૧૦
જો માહારે પ્રેમે આવ્યાં છો, તોએ તે પણ જોયુંરે;
પતિને મૂકીને આવ્યાં, પતિવૃતા ધર્મ ખોયું. હરિ. ૧૧
ઘરડો મૂર્ખ રોગી એવો, તોય પતિ નવ તજીએરે;
નિંદા આવે સર્વે જુઓ, તેથી અન્ય નવ ભજીએ. હરિ. ૧૨
શ્રવણ કીર્તન ધ્યાને આવું, એમ નહિ કંઈ વહેલાંરે;
એવાં વચન સાંભળી ગોપી, વિહવલ થયાં સર્વે ઘહેલાં. હરિ. ૧૩
મુખ નીચું બીંબાધર સુકે, શોક કરી નિસાસેરે;
ચરણે ભૂમિ ખણીને માગે, અવની અવળ વિમાસે. હરિ. ૧૪
પ્રભુજીએ વાત કરી મન જોયું, એમ કહે શું વંઠેરે;
નયણે આંસુ ફેરવી લીધાં, બોલ્યાં ગદ ગદ કંઠે. હરિ. ૧૫

ન મૂકાય તે મૂકીને આવ્યાં, એહવું કહેવું નવ ઘટેરે;
જે બીજું કહ્યું તે જાણ્યું, ધર્મ કોણથી પ્રગટે. હરિ. ૧૬
ધર્મ રૂપ કરી તમને જાણ્યા, તમને ભજે સહુ વળશેરે.
મૂકી નિત્ય અનિત્ય શું ભજીએ, ચતુર થઇ ઓળખશો. હરિ. ૧૭
ઘણા દિવસના તાપ હુતા ત તમ વિના કોણ સમાવેરે;
જો કહેશે જે કહ્યું ન માન્યું, કહો કેમ ઘેર જવાયે. હરિ. ૧૮
ચિત્ત હર્યું ને કામ નવ સૂઝે, જ્યાં ચાલો ત્યાં જઇએરે;
અધરામૃત કરી વિરહ સમાવો, વિરહે અગ્નિ ઝરીએ. હરિ. ૧૯
નહિ સમે તો પદવી થાશે, ચરણ તમારાં છોઇએરે;
ચર્ણ રમાને દુર્લભ છેરે, તે અન્ય સમર્પણ ન હોયે. હરિ. ૨૦
વૃક્ષ:સ્થલમાં લક્ષ્મી બિરાજે, તો એ પદરજ ઇચ્છેરે;
સમર બાઢયો તમ દીઠા માટે, દાસી કરો સહુ ઇચ્છે. હરિ. ૨૧
અલકાવૃત શ્રીમુખ અવિલોકતાં થઇ અનુસરીયાં આજરે;
વેણું ગાન સાંભળતાં મોહી, ત્રૈલોક જુવતિ સમાજ. હરિ. ૨૨
ગો દ્વિજ દ્રુમ પુલકિત થયાં, બીજા શી વાતરે,
સ્તન મુસ્તક કર પંકજ ધરો, આર્તિ મોટો ગાત્ર. હરિ. ૨૩
ખેદ વચન સાંભળતાં પ્રભુએ, ગોપી સંગે રમણ કર્યાં;
ઉડુગણની વચ્ચે ચંદ્ર જેમ, તેમ ગોપી પ્રભુ ઠર્યાં. હરિ. ૨૪
શતનાં જુથ મલીને ગાયે, વ્રજમાં ફરવા લાગ્યાંરે,
યમુના પુલિને સહુ મળી આવ્યાં, કેવળ રસમાં પાગ્યાં. હરિ. ૨૫
આમાં અધિક કોણ અમવિના, એમ કર્યું મદ માનરે;
પ્રભુજીએ જાણી મનની વારતા, ત્યાં થયા અંતર્ધાન. હરિ. ૨૬

શ્રીવલ્લભ શ્રીવિઠ્ઠલ પ્રભુજીની, કૃપા થઇ જુગ જામરે;
તેમનિજ દ્વારકેશ ઉર લાવી, લીલા વર્ણવી પ્રેમ. હરિ. ૨૭

ધોળ ૨ જું.

તમે ક્યાં ગયા વનમાળીરે, ગિરિધર શામળીઆ.
વ્રજભક્તે અંતર હેત જાણી, ક્લેશ ચિત્તમાં કીધું;
હાસ્ય વિલાસ વિહાર જોઈ જોઇ, મન હરિને લીધુંરે. ગિરિધર. ૧
હું છું કૃષ્ણ તમે છો કૃષ્ણ, વિરહે સહુ તન્મય થઇ;
વન વન ખોજે ઉંચે જોયે, અહીંયાં છે કે નથીરે. ગિરિધર. ૨
અશ્વત્થને જઇને પૂછું, નંદ સુવન કંઈ દીઠા;
વૃક્ષાદિકને તેમજ પૂછું, એમ ગયા છે મીઠારે. ગિરિધર. ૩
હે તુળશી હરિ ચરણ પ્રિયા છો, અલી તેં પ્રભુજી જોયા;
હેમ જુઈ મલ્લિકા માલતિ, તબ છોયા રસ મોહ્યારે. ગિરિધર ૪
હે રસાળ ઉપકારી છો, યમુના ઉપકંઠે વસીયાં;
હે ધરણી તમો તપ મોટાં છો, એમ ગયા છે રસિયારે. ગિરિધર.૫
હે મૃગ પત્ની દીઠા પ્રભુજી, પ્યારી સંગે રસ મીઠું;
કંદ પરાગે હે તરૂ સરવે, નમન, તમારૂં દીઠું રે. ગિરિધર. ૬
હે વેલડીઓ પ્રભુજી જોયા, દીસો છો રસ ભીનાં;
હું ઉન્મતે પુછું સરવેને, કરીએ પ્રભુજીની લીલારે. ગિરિધર. ૭
એક પુતના થઈ કૃષ્ણ એક, સ્તન પીધું તે રીત;
શકટે ચરણ લગાડયું તેમજ રીંગણ કીધું રીતેરે. ગિરિધર. ૮
એક રામ કૃષ્ણ ગોપી, અઘાસુર બક માર્યો;
ગાય ચારી મુખ વેણું વજાડી, ટેરી વદન નિહાળોરે. ગિરિ. ૯

એક બાહુ કંધ પર રાખી, કૃષ્ણ લલિત ગતી જુઓ;
એક હસ્ત અંચળ ઉંચો કરી, વરખા ભયમન ખુવેરે. ગિરિ. ૧૦
એક ચરણ તે મસ્તક મૂકી, કહ્યું દુષ્ટ ખળ ભીતાં;
દાવાનળનું પાન કરૂં છું. વેહેલાં આંખો મીંચોરે. ગિરિ. ૧૧
એક પુષ્પમાળથી બાંધ્યા; હસ્ત ઉખળ ભીતાં;
એમ લીલા કરી વનવન ચાલ્યાં, દીઠાં તે પદ ચીતાંરે. ગિરિ. ૧૨
નંદ સુવનનાં એ પદ નિશ્ચે, વજ્ર અંકુશ જત્ર લહીએ;
બીજાં જોડે ચરણ વિલોકીત, મન વિમાશી રહીએરે. ગિરિ. ૧૩
એ જોડે જુદાં પદ કહેનાં, જેમ હસ્તીનીને હસ્તી,
જુઓ એનું ભાગ્ય શું કહીએ, અમને મૂકીને વિલસી. ગિરિ. ૧૪
ચરણ રેણુની સ્તુતિ શું કરીએ, બ્રહ્મા ઈશ નિત્ય જાચે;
જે પદ જોયાં તે નત્ર દીઠાં, જાણું ખાંધે રાચેરે. ગિરિ. ૧૫
પુષ્પ વંચન થયું તે ઠામે, પદ અડધાં દેખાયાં;
અહીંઆં પુષ્પ કેશમાં ગુંથાયાં, અહીં બેશી નિશ્ચે થયાંરે. ગિ ૧૬
આત્મારામે રમણ કીધું, ત્યાં દીનતા જોઇ;
અમને સર્વને વન મુકીને, તેને ભજતાં જોઇએરે. ગિરિ. ૧૭
મુખ્ય સરવેમાં હું છું જાણ્યું, માન કર્યું તે રીતે;
મુજથી હવે ચલાય નહિ, વહાલા તમે મન ચિતોરે. ગિ. ૧૭
સ્કંધ ચઢો કહ્યું કૃષ્ણજી, વિપરિતે મન જાણ્યું;
ત્યાં થયા અંતર્ધાન વહાલાજી, વળી વળી વિલાપ વખાણ્યુંરે. ૧૯
જોતાં જોતાં આવ્યાં સરવે, એ પણ દુઃખે ભરીયાં;
એનાં મુખનાં વચન સાંભળી, વિસ્મે થઈ સહુ રહ્યાંરે. ગિં. ૨૦

ચંદ્ર પ્રકાશ ગયાં ત્યાં સૂધી, તમ જોઇ પાછાં ફરીયાં;
ભગવદ્ ગુણ અલાપે પ્રભુના, ગાઈ ગાઇ ઘર વિસરીયાં રે. ૨૧
યમુના પુલીને સહુ મળી આવ્યાં, કૃષ્ણ ગમન વિચારે;
દ્વારકેશ અનુચર જાણી, કૃપા કટાક્ષે વારીરે. ગિરિધર. ૨૨

ધોળ ૩ જું.

વ્રજ અતિ શોભીયું, જન્મ તવ કરી,
રમા શોભીયું, હો મળ્યા હરિ. ૧

વિખ જળ થકી, મૃત્યુ રાખીયું, ગિરિ કરે ધરે એહ જાણીયું. ૨
આનંદ ગોપીકા, અખિલ જીવને, બ્રહ્મપ્રાર્થના, જાદવકુળે થયું.૩
સંસાર ભય થકી, ચર્ણ શર્ણ છું, લક્ષ્મી કર ગ્રહો, તેજ કર ધરો.૪
શીકાર તો થશે, મુખ દેખાડીયું, સર્વ ભક્તનું, ગર્વ તે હર્યું. ૫
પ્રણીત જીવનું, પાપ છેદવું, ચર્ણ કમળથી કામ ભેદવું. ૬
મધુરવાણીએ, આનંદ જે થયું, એવા ભક્તને, અમૃત પાવવું.૭
તવ કથામૃત કરી, તૃપ્ત જીવને, શ્રવણ મંગળે, દુઃખ તે ગયું. ૮
હાસ્ય વખાણું હૃદે ધ્યાનથી, હૃદય છોડને, ચિત્ત ચોભીયું. ૯
ગાય ચારતાં, વ્રજ પધરાવું, લગતી ત્રણ શીલા ચિત્ત દુઃખહર્યું.૧૦
ઘોખા આવવા સમેં, વદન ગૌ રજિયું,
તે જોઈ પંચ શર, પ્રગટ તે થયું. ૧૧
નમે પામીયું, રમાએ રચ્યું, ધર્યા ભૂષણે, વજા પદ એવું. ૧૨
વેણુ નાદથી, શોક નાશીયું, અનન્ય મન જોઇ, અધર પાવવું.૧૩
ભ્રમણ વન કરો, નિમેશ જુગ થયું,વદન દેખતાં, પલક દુઃખ ગયું.૧૪

સર્વ મુકીને સમીપ આવીયાં, ગાન સાંભળી, કહો ક્યાં ગયાં. ૧૫
અતિ ઉદાર છો, ઇંદિરા ધવું, તે જોઈ વામાનું મન મોહીયું. ૧૬
સર્વ ભક્તના, વ્યક્ત રૂપ છો, જન હૃદયનું, કૃપણ ત્યાં જવું. ૧૭
વન ભ્રમણ કરો,પાષાણ ખુંચીયું, તજી હૃદે પદ ધરો, કહ્યું માનવું.૧૮
જુગલ ચર્ણની, રેણુ આપવું, દાસનો દાસ, દ્વારકેશ જાણવું. ૧૯

પદ ૪ થું.

સર્વ ગાઇને રહ્યાં ને, પ્રભુજીને આવ્યાં એમરે;
સુ સ્વરે કરી રૂદન કીધું, દુઃખ જે મનમાં તેમ.
કહીએ પ્રાણ નિધની વેલ. ૧
પ્રગટયા ત્યાંથી કૃષ્ણજી, ને મુખ શરદ અરવિંદરે;
પીતાંબર ધારીજ માળા, એહ ગોકુળચંદ. કહીએ. ૨
સર્વ ઉભાં થયાં ગોપી, કરી દ્રષ્ટ પ્રસન્નરે;
પ્રાણ આવ્યા, હાથ પગને, થયાં છે ઉભાં મન. કહીએ. ૩
કેટલાં અંજુલી, કર ગ્રહીને વદત પ્રસન્નરે;
ચંદન ચરચિત બાહુ લઇને, ધર્યું સરવે અંગ. કહીએ. ૪
કેટલાં અંજુલી કરીને ગ્રહ્યો છે તંબોલરે;
એક હસ્ત સરોજ લીધું, ધર્યું હૃદે અમુલ્ય. કહીએ. ૫
કેટલાં ભ્રકુટી કુટીલ રાખી, પ્રેમનો આવેશરે;
વક્ર દ્રષ્ટ કરીને જોયું, રસભર્યા આવેશ. કહીએ. ૬
એક એક દ્રષ્ટ જોઇ રહ્યાં, મુખ પાનથી ન અધાયરે;
નૈન દ્વારા હૃદેલાવી, નિમીષ નેન ભીડાય. કહીએ. ૭

સ્નેહ કરી પ્રભુજીને જોઇ રહ્યાં, આનંદ વિરહે સમાયરે.
વ્રજભક્ત હરિ સંવલીત છે, તે અધીક શોભા થાય. કહીએ. ૮
કાલિંદ્દી પુલિન સહુ આવ્યાં, હરખ મનમાં અપારરે;
ચંદ્ર કિરણે નિશા નિર્મળ, વળી ભોમી સમાર. કહીએ. ૯
અલ્હાદે કરી શ્રૃતિના મનોરથ, જયમ પુર્યો છે કામરે;
ઉત્તરીય વસ્ત્ર કુમકુમ અંકીત, પાથરીયાં તે ઠામ. કહીએ. ૧૦
ત્યાં બિરાજ્યા પ્રાણનિધિ, ગોપી સભા અરવિંદરે;
સ્પર્શ હસ્ત અનંગ દીપન, સ્મરણ ગોપી દ્દષ્ટ. કહીએ. ૧૧
ભજે તેને ભજે જે કોઇ, એક તેથી વિપરીત રે;
ભજે ન ભજે નહિ ભજે, કહો કયાંની એ રીત. કહીએ. ૧૨
પરસ્પરે ભજે જે કોઇ આપ આપણે અર્થે સત્યરે;
વિપરીતે ભજે છે, તે જાણજો જુગ ગત્ય. કહીએ. ૧૩
એક જોગી કામ પુરણ મુઢ ગુરૂ દ્રોહીષ્ટરે;
ચાર જણાની એક રીત છે, કહ્યું છે ગોપીશ. કહીએ. ૧૪
અમોનો ભજતાં નથી તે ધ્યાન છુટી જાય રે;
દ્રવ્ય પામેલું જાય ત્યારે, અધીક તનમય થાય. કહીએ. ૧૫
અમો ભજન પરોક્ષ કીધું, જાણજો એ સત્યરે;
તમે ભજયાનું શું કહું, કહેતાં ન આવે કૃત્ય. કહીએ. ૧૬
ચીરકાળનું આયુષ્ય લઈને, ઓશીંગણ કેમ થાઉંરે;
શ્રીદ્વારકેશ કહે છે છબિપર, નિરતર બલ જાઉં. કહીએ. ૧૭

ધોળ ૫ મું.

વાહાલા તાહારાં વચન સાંભળીને હરખ્યાં,
વાહાલા માહારા અડતાં આનંદ પરસ્યાં,

વાહાલા માહારા વિરહે તાપ અકર્ષા;
રાસ રમીશું શ્રીગોકુળચંદશુંરે લોલ. ૧
વાહાલા માહારા રાસ આરંભણુ કીધું,
વાહાલા માહારા બાહુ પરપસ્પર લીધું;
વાહાલા માહારા નૃત્ય ભેદ ગત સીધું. રાસ રમીશું. ૨
વાહાલા માહારા ઉચ્છવ રાસ અમૂલ્ય,
વાહાલા માહારા અનેક મંડલી ગોળ;
વાહાલા માહારા કૃષ્ણ આઠ ને ગોપી સોળ. રાસ રમીશું. ૩
વાહાલા માહારા દેવ સ્ત્રી દરશાવ્યાં,
વાહાલા માહારા ચઢી વૈમાન સહુ આવ્યાં;
વાહાલા માહારા સર્વસ્વ તે કહાવ્યાં. રાસ રમીશું. ૪
વાહાલા માહારા દેવ દુદુંભી વાજે,
વાહાલા માહારા ગાંધર્વ આનંદ રાજે;
વાહાલા માહારા પુષ્પ વૃષ્ટિ કરી સાજે. રાસ રમીશું. ૫
વાહાલા માહારા નૂપુર કિંકિણી વાજે,
વાહાલા માહારા મધ્ય હેમ મણિરાજે;
વાહાલા માહારા રાસ મંડળી રસ સાજે. રાસ રમીશું. ૬
વાહાલા માહારા શ્રમકણુ મુખપર અલકે,
વાહાલા માહારા ભ્રુવિલાસ ભુવિ લળકે;
વાહાલા માહારા તડિત મેઘ જળ ઝળકે. રાસ રમીશું. ૭
વાહાલા માહારા ઉંચે સ્વર તે ગાયે,

વાહાલા માહારા રાગ રંગ ત્યાં થાયે;
વાહાલા માહારા તે રસનું શું કહેવાયે. રાસ રમીશું. ૮
વાહાલા માહારા અધિક સર્વ કો નિરખી,
વાહાલા માહારા રૂડું કહેતાં હરખી;
વાહાલા માહારા સંગ સખી સહુ સરખી. રાસ રમીશું. ૯
વાહાલા માહારા રાસ શ્રમિત કોઇ કહીએ,
વાહાલા માહારા બાહુ કંઠ કર ગ્રહીએ;
વાહાલા માહારા મીલય વિકલ કલ હોઇએ. રાસ રમીશું. ૧૦
વાહાલા માહારા ચંદન ભુજને દીધું,
વાહાલા માહારા અતિ સુવાસ મન લીધું;
વાહાલા માહારા પુલકિત ચુંબન કીધું. રાસ રમીશું. ૧૧
વાહાલા માહારા નૃત્ય વિહ્વલ સરશે,
વાહાલા માહારા મુખ કપોળ કર પરસે;
વાહાલા માહારા ચર્વિત બિંદુ દરશે. રાસ રમીશું. ૧૨
વાહાલા માહારા નૃત્ય ગાન મન ઠરીયું,
વાહાલા માહારા નૂપુર કંકણુ રસીયું;
વાહાલા માહારા હસ્ત રૂદે પર ધરીયું. રાસ રમીશું. ૧૩
વાહાલા માહારા એકલાં પામ્યાં ગોપી,
વાહાલા માહારા કંઠ બાહુ આરોપી;
વાહાલા માહારા રંગ રેલી મન સોંપી. રાસ રમીશું. ૧૪
વાહાલા માહારા કર્ણ કમલ બિરાજે,

વાહાલા માહારા ધર્મ અલક સુખ લાજે;
વાહાલા માહારા ભ્રમર રાસ ગુણ રાજે. રાસ રમીશું. ૧૫
વાહાલા માહારા મનમાં ગમતી કેલી,
વાહાલા માહારા તેમ ગોપી રંગ રેલી;
વાહાલા માહારા બાળક દરપણ ખેલી. રાસ રમીશું, ૧૬
વાહાલા માહારા વ્યાકુળ રસ આનંદ,
વાહાલા માહારા કહેતાં ન આવે છંદ;
વાહાલા માહારા એ વૃંદાવન ચંદ. રાસ રમીશું. ૧૭
વાહાલા માહારા ખેચર સ્ત્રી રસ જોયું,
વાહાલા માહારા કામ દ્રષ્ટ મન મોહ્યું;
વાહાલા માહારા વરદાને રસ સોહ્યું. રાસ રમીશું. ૧૮
વાહાલા માહારા અતિ વિહાર રસ જાણી,
વાહાલા માહારા પ્રેમ સહીત સુખ આણી;
વાહાલા માહારા પુછન કીધું પાણી. રાસ રમીશું. ૧૯
વાહાલા માહારા સ્પર્શે આનંદ થાયે,
વાહાલા માહારા લીલા થઈ તે ગવાયે;
વાહાલા માહારા અમૃત દૃષ્ટિ જોવાયે. રાસ રમીશું. ૨૦
વાહાલા માહારા શ્રમીત સર્વેને જાણી,
વાહાલા માહારા ક્રીડા કરીને વખાણી;
વાહાલા માહારા જળ પ્રવેશ મન આણી. રાસ રમીશું. ૨૧
વાહાલા માહારા જળ ક્રિડાની રીત,

વાહાલા માહારા કહેતાં ન આવે પ્રીત;
વાહાલા માહારા થઈ પરસ્પર જીત. રાસ રમીશું ૨૨
વાહાલા માહારા જળથી ગમન કરીયું,
વાહાલા માહારા પુષ્પિત વન સંચરીયું;
વાહાલા માહારા તે જોઇ મન ઠરીયું. રાસ રમીશું. ૨૩
વાહાલા માહારા નવ રસ નાટક સાજે,
વાહાલા માહારા ચંદ્ર કિરણ અતિરાજે;
વાહાલા માહારા મદન જોઇને લાજે. રાસ રમીશું. ૨૪
વાહાલા માહારા રાજાએ પૂછયું એમ,
વાહાલા માહારા ધર્મ રીત તો તેમ;
વાહાલા માહારા અધર્મ પરશ્યો કેમ. રાસ રમીશું. ૨૫
વાહાલા માહારા ધર્મ સેતુ કરી સ્થાપે,
વાહાલા માહારા વક્રીત કૃત કેમ રાખે;
વાહાલા માહારા પરદારા કેમ ઝાંખે. રાસ રમીશું. ૨૬
વાહાલા માહારા પોતે પૂરણ કામ,
વાહાલા માહારા ઇચ્છિત કીધું કામ;
વાહાલા માહારા અભિપ્રાય કહો કેમ. રાસ રમીશું. ૨૭
વાહાલા માહારા શુકજીએ કર્યો ઉચ્ચાર,
વાહાલા માહારા પૂરણ એ અવતાર;
વાહાલા માહારા અનળ પડે સર્વ સાર. રાસ રમીશું. ૨૮
વાહાલા માહારા ઈશ્વર વચન પ્રમાણ,

વાહાલા માહારા આચર્ણ કરે અજાણ;
વાહાલા માહારા બુદ્ધિવાન તે જાણ. રાસ રમીશું. ૨૯
વાહાલા માહારા હરિરસ નીગમ વખાણે,
વાહાલા માહારા એ વીન કરે અજાણે;
વાહાલા માહારા જેમ રૂદ્ર વિખપાને. રાસ રમીશું. ૩૦
વાહાલા માહારા ઉચિત કરી સહુ વાણી,
વાહાલા માહારા ઉચિત વિગત સુહાણી;
વાહાલા માહારા વિહાર કરી જાણી. રાસ રમીશું. ૩૧
વાહાલા માહારા એવું કર્યું પ્રતાપે,
વાહાલા માહારા ઇશ્વર કરી સહુ જાપે;
વાહાલા માહારા ભક્ત મનોર્થ આપે. રાસ રમીશું. ૩૨
વાહાલા માહારા જેની પદરજ માગે,
વાહાલા માહારા બ્રહ્માદિક અનુરાગે;
વાહાલા માહારા કર્મ બંધ શું લાગે. રાસ રમીશું. ૩૩
વાહાલા માહારા ગોપી તપતી જાણી,
વાહાલા માહારા અંતર આત્મક માણી;
વાહાલા માહારા બાધક મન વખાણી. રાસ રમીશું. ૩૪
વાહાલા માહારા મનુષ્ય દેહ તે ધર્યું,
વાહાલા માહારા ક્રિડા કરીને ઉચરીયું;
વાહાલા માહારા ગુણ ગાઈ ભક્ત વરીયું. રાસ રમીશું. ૩૫
વાહાલા માહારા ગોપન મન મનાવ્યું,

વાહાલા માહારા યોગ માયા કરી છાયું;
વાહાલા માહારા પાસે હારા દેખાયું. રાસ રમીશું. ૩૬
વાહાલા માહારા બ્રહ્મ રાત્રી કરી જાણી,
વાહાલા માહારા તોએ તૃપ્તી ન માણી;
વાહાલા માહારા ઘેર ગયાં સહુ રાણી. રાસ રમીશું. ૩૭
વાહાલા માહારા એ લીલા જે ગાયે,
વાહાલા માહારા શ્રવણ રૂદે રસ લાવે;
વાહાલા માહારા ભક્તિ માહા ફળ પાવે. રાસ રમીશું. ૩૮
વાહાલા માહારા ધન્ય વ્રજ વનિતા ગોપી,
વાહાલા માહારા મન કરી સર્વે સોંપી;
વાહાલા માહારા ધન્ય જમુના રસ ઓપી. રાસ રમીશું. ૩૯
વાહાલા માહારા શ્રીમદ્ વલ્લભને ચરણે,
વાહાલા માહારા શ્રીવિઠ્ઠલેશને વરણે;
વાહાલા માહારા શ્રીદ્વારકેશ છે શરણે. રાસ રમીશું. ૪૦

રાસને ગરબો. ધોળ ૬ ઠું.

સરખી સાહેલી સહુ મળીને, નવસત આભ્રણ સજીયાંરે;
સાન કરીને વાહાલાને તેડો, લટકે ગરબે રમીયે.
ચાલો જમુને રે. ૧
શ્યામા શ્યામને મધ્ય બેસારી, તાળી બાંહે હાથેરે;
નીરખતાં વાહાલો રીઝેજી, જુએ કટાક્ષ સાથે. ચાલો. ૨
સપ્ત સ્વર એક વીસમું રચના, ગ્રામ ત્રણયને ભેદરે;
રાગણીઓ છત્રીસે મેળવી, ગાયે પ્રબંધ ભેદે. ચાલો. ૩

લાગ દાટને ઉરપતી રસ, સંગીત નૃત્ય ગતિ લીજેરે;
મુસકાઈ વહાલાએ જોયું, સર્વે રસમાં ભીંજે. ચાલો. ૪
શામળીએ ત્યારે ઉભા થઇને, વેણુ વાઇ કાંઇ કીધુંરે;
વિહ્વળ થયાં સાંભળી સર્વે, મન આકર્ષી લીધું. ચાલો. ૫
છુટા કેશ શ્વેત શ્રમ શ્રીકર, ભુજા બાંહ્યડી લટકેરે;
કરણફુલ નકવેસર ટીલડી, કંકણુ પહોંચી મટકે. ચાલો. ૬
બ્રહ્માનંદ થકી ઉગાર્યા, ભજનાનંદે લીધાંરે,
રાસ રમી જળક્રીડા કીધી, સર્વ મનોરથ સીધાં. ચાલો. ૭
બ્રહ્માદિક સનકાદિક શંકર, ચઢી વૈમાને જોયરે;
ગુણી ગાંધર્વ અપસરા કિન્નર, પુષ્પ વૃષ્ટિ ત્યાં હોયે. ચાલો. ૮
ધન્ય વિદ્યુતની પેરે સહુને, દરશન એણી રીતે આપેરે;
બ્રહ્મરાત્રીને લેખે કીધું, એણી પેરે સર્વે જીતે. ચાલો. ૯
ધન્ય ગોપી વ્રજ શ્રીયમુનાં ત્રટ, જ્યાં કૃષ્ણ રસ પાયરે;
શ્રીવલ્લભને ચરણ પ્રતાપે, દ્વારકેશ નિજ ગાયે. ચાલો. ૧૦

રાસનો ગરબો. ધોળ ૭ મું.

દીઠી શરદની રાત સોહ્યામણીજો, વહાલે રાસ રમવાની ઇચ્છા કરીજો.
વાહાલે વેણુ વગાડી વનમાંજો, સ્વર પૂર્યો સખીના કર્ણ હૃદયમાંજો.
નારી શ્રવણે સુણી સહુ નિસર્યાંજો, કુળની મર્યાદા સહુ વિસર્યાંજો ૩
તેણે તતક્ષણ ગૃહકાજ મેલીયાંજો, અંગે અટપટાં આભુષણ પહેર્યાંજો.
એમ આવતાં તે દીઠાં સુંદરીજો, ત્યારે ગમન વાક્ય બોલ્યા શ્રીહરિજો ૫
તમે શાને તે આવ્યાં સહુ મળીજો, તમો કુળવંત કહાના કામનોજો. ૬
એમ લોકમાંતે લાંછન લાગશેજો, તમારો પતિવ્રતા ધર્મ ભાગશેજો.૭

પતિવૃતા પતિને છોડે નહિ જો, પર પુરૂષ શું પ્રિત જોડે નહિ જો ૮
શ્રીમદનમોહનજી સ્વરૂપ ધરી જો, એ પાસે તે સોહીએ સ્વામિની જો. ૯
મધ્યરાજે શ્રીગિરિધર રાજીયાજો, પ્રભુ સાતે સ્વરૂપ બિરાજીયાજો. ૧૦.
પ્રભુ સાતે સ્વરૂપ લીલા કરેજો, એણી પેરે તે વ્રજમાં વિચરેજો ૧૧
ત્યારે સુંદરીને અભીમાન આવીયું જો,ભાગ્ય પોતાનું સરાવીયું જો.૧૨
ત્યારે અંતર્ધાન હવા શ્રીહરિજો, ઘણો વિલાપ કરે છે સુંદરી જો. ૧૩
શ્રીયમુનાંજી પુલિન આવી રહ્યાંજો,ત્યારે શ્રીનાથજીનેમનકરૂણાઆવીજો.
શ્રીગોકુલચંદ્રમાજી રૂપધરીજો,ત્યારે સુંદરીને દરશન આપ્યાં શ્રીહરિજો
દ્વારકેશ પ્રભુને જાઉં વારણે જો, ફરી વ્રજ પ્રગટયા અમ કારણે જો. ૧૬

॥ अथ श्रीगोपीगीत प्रारंभः

ललित वृत्तम्.

ગોપ્ય ઉવાચ

જયતિ તેઽધિકં, જન્મના વ્રજ: શ્રયત ઇંદિરા શશ્વદત્ર હિ;
દયતિ દૃશ્યતાં, દિક્ષુ તાવકાસ્ત્વયિ ધૃતાસવસ્ત્વાં વિચિન્વતે. ૧
શરદુદાશયે સાધુજાતસત્સરસિજોદર શ્રીમુષા દશા;
સુરતનાથ તેઽશુલ્કદાસિકા વરદ નિઘ્નતો નેહ કિં વધ: ૨
વિષજલાપ્યયાદ્વ્યાલરાક્ષસાદ્વર્ષમારુતાદ્વૈદ્યુતાનલાત્;
વૃષમયાત્મજાદ્વિશ્વતો ભયાદૃષભ તે વયં રક્ષિતા મુહુઃ ૩

ન ખલુ ગોપિકાનંદનો ભવાનખિલદેહિનામંતરાત્મદૃક્;
વિખનસાર્થિતો વિશ્વગુપ્તયે સખ ઉદેયિવાન્સાત્વતાં કુલે. ૪
વિરચિતાભયં વૃષ્ણિધુર્ય તે ચરણમીયુષાં સંસૃતેર્ભયાત્ ;
કરસરોરુહંકાંત કામદં શિરસિ ધેહિ નઃ શ્રીકરગ્રહમ્. ૫
વ્રજજનાર્તિહન્વીર યોષિતાં નિજજનસ્મયધ્વંસનસ્મિત;
ભજ સખે ભવત્કિંકરીઃ સ્મ નો જલરુહાનનં ચારૂ દર્શય. ૬
પ્રણતદેહિનાં પાપકર્શનં તૃણચરાનુગં શ્રીનિકેતનમ્ ;
ફણિફણાર્પિતં તે પદાંબુજં કૃણુ કુચેષુ નઃ કૃન્ધિ હૃચ્છયમ્. ૭
મધુરયા ગિરા વલ્ગુવાકયયા બુધમનોજ્ઞયા પુષ્કરેક્ષણ;
વિધિ કરીરિમા વીર મુહ્યતીરધરસીધુના પ્યાયસ્વ નઃ ૮
તવ કથાઽમૃતં તપ્તજીવનં કવિભિરીડિતં કલ્મષાપહમ્ ;
શ્રવણમંગલં શ્રીમદાતતં ભુવિ ગૃણન્તિ તે ભૂરિદા જનાઃ ૯
પ્રહસિતં પ્રિય પ્રેમવીક્ષણં વિહરણં ચ તે ધ્યાનમંગલમ્;
રહસિ સંવિદો યા હૃદિસ્પૃશઃ કુહક નો મનઃ ક્ષોભયંતિ હિ. ૧૦
ચલસિ યદ્વ્રજાચ્ચારયન્પશુન્ નલિનસુંદરં નાથ તે પદમ્ ;
શિલતૃણાંકુરૈઃ સીદતીતિ નઃ કલિલતાં મનઃ કાંત ગચ્છતિ. ૧૧
દિનપરિક્ષયે નીલકુંતલૈર્વનરૂહાનનં બિભ્રદાવૃતમ;
ધનરજસ્વલં દર્શયન્મુહુર્મનસિ નઃ સ્મરં વીર યચ્છસિ. ૧૨
પ્રણતકામદં પદ્મજાર્ચિતં ધરણિમંડનં ધ્યેયમાપદિ;
ચરણપંકજં શંતમં ચ તે રમણ નઃ સ્તનેષ્વર્પયાધિહન્. ૧૩
સુરતવર્ધનં શોકનાશનં સ્વરિતવેણુના સુષ્ઠુ ચુમ્બિતમ્ ;
ઇતરરાગવિસ્મારણં નૃણાં વિતર વીર નસ્તેઽધરામૃતમ્. ૧૪

અટતિ યદ્ભવાનન્હિ કાનનં ત્રુટિર્યુગાયતે ત્વામપશ્યતામ્;
કુટિલકુન્તલં શ્રીમુખં ચ તે જડ ઉદીક્ષતાં પક્ષ્મકૃદ્દશામ્. ૧૫
પતિસુતાન્વયભ્રાતૃબાંધવાનતિવિલંઘ્ય તે ઽન્ત્યચ્યુતાગતાઃ
ગતિવિદસ્તવોદ્ગીતમોહિતાઃ કિતવ યોષિતઃ કસ્ત્યજેન્નિશિ. ૧૬
રહસિ સંવિદં હૃચ્છયોદયં પ્રહસિતાનનં પ્રેમવીક્ષણમ્;
બૃહદુરઃ શ્રિયો વિક્ષ્ય ધામ તે મુહુરતિસ્પૃહા મુહ્યતે મનઃ ૧૭
વ્રજવનૌકસાં વ્યક્તિરંગ તે વૃજીનહંત્ર્યલં વિશ્વમંગલમ્;
ત્યજ મનાક્ ચ નસ્ત્વત્સ્પૃહાત્મનાં સ્વજનહૃદ્રુજાં યન્નિષુદનમ્ ૧૮
યત્તે સુજાતચરણાંબુરૂહંસ્તનેષુ ભીતાઃશનૈઃ પ્રિય દધીમહિ કર્કશેષુ;
તેનાટવીમટસિતદ્વ્યથતેનકિંસ્વિત્કૂર્પાદિભિર્ભ્રમતિધીર્ભવદાયુષાંનઃ

શ્રીશુક ઉવાચ

ઇતિ ગોપ્યઃ પ્રગાયંત્યઃ પ્રલપંત્યશ્ચ ચિત્રધા;
રૂરૂદુઃ સુસ્વરં રાજન્કૃષ્ણદર્શનલાલસાઃ ૨૦
તાસામાવિરભૂત્શૌરિઃ સ્મયમાનમુખાંબુજ;
પીતાંબરધરઃ સ્રગ્વી સાક્ષાન્મન્મથમન્મથઃ ૨૧

ઇતિ શ્રીમદ્ભાગવતે મહાપુરાણે દશમસ્કન્ધે ગોપીગીતમ્ઃ

॥ अथ श्रीयुगलगीत प्रारंभः ॥

શ્રી શુક ઉવાચ.

ગોપ્ય: કૃષ્ણે વનં યાતે તમનુદ્રુતચેતસ:
કૃષ્ણલીલાઃ પ્રગાયંત્યો નિન્યુર્દુઃખેન વાસરાન્.
ગોપ્યઉચુઃ વામબાહુકૃતવામકપોલો વલ્ગિતભ્રુરધરાર્પિતવેણુમ્ ;
કોમલાંગુલિભિરાશ્રિતમાર્ગં ગોપ્ય ઇરયતિ યત્ર મુકુંદઃ ૨
વ્યોમયાનવનિતાઃ સહ સિદ્ધૈઃ વિસ્મિતાસ્તદુપધાર્ય સલજ્જાઃ
કામમાર્ગણસમર્પણચિત્તાઃ કશ્મલં યયુરપસ્મૃતનીવ્યઃ ૩
હંત ચિત્રમબલાઃ શૃણુતેદં હારહાસ ઉરસિ સ્થિરવિદ્યુત્ ;
નંદસૂનુરયમાર્તજનાનાં નર્મદો યર્હિ કૂજિતવેણુઃ ૪
વૃંદશો વ્રજવૃષા મૃગગાવો વેણુવાદ્યહૃતચેતસ આરાત્ ;
દન્તદષ્ટકવલાધૃતકર્ણા નિદ્રિતા લિખિતચિત્રમિવાસન્. ૫
બર્હિણઃસ્તબકધાતુપલાશૈર્બદ્ધમલ્લપરિબર્હવિડંબઃ
કર્હિચિત્સબલ આલિ સ ગોપૈર્ગાઃ સમાહ્વયતિ યત્ર મુકુન્દઃ ૬
તર્હિ ભગ્નગતયઃ સરિતો વૈતત્પદાંબુજ રજોનિલનીતમ્ ;
સ્પૃહયતીર્વયમિવાબહુપુણ્યાઃ પ્રેમવેપિતભુજાઃસ્તિમિતાપ. ૭
અનુચરૈઃ સમનુવર્ણિતવીર્યઃ આદિપૂરૂષ ઇવાચલભૂતિઃ
વનચરો ગિરિતટેષુ ચરંતીર્વેણુનાઽઽહ્વયતિગાઃ સ યદા હિ. ૮
વનલતાસ્તરવ આત્મનિ વિષ્ણું વ્યંજયંત્ય ઇવ પુષ્પફલાઢયાઃ
પ્રણતભારવિટપા મધુધારાઃ પ્રેમહૃષ્ટતનવઃ સસૃજુઃ સ્મ. ૯

દર્શનીયતિલકો વનમાલાદિવ્યગન્ધતુલસીમધુમત્તૈઃ
અલિકુલૈરલઘુગીતમભીષ્ટમાદ્રિયન્યર્હિ કૂજિતવેણુઃ ૧૦
સરસિ સારસહંસવિહંગાશ્ચારૂગીતહૃતચેતસ એત્ય,
હરિમુપાસત તે યતચિત્તાઃ હંત મીલિતદૃશો ધૃતમૌના. ૧૧
સહબલઃ સ્રગવતંસવિલાસઃ સાનુષુ ક્ષિતિભૃતો વ્રજદેવ્યઃ
હર્ષયન્યર્હિ વેણુરવેણ જાતહર્ષ ઉપરંભતિ વિશ્વમ્. ૧૨
મહદતિક્રમણશંક્તિચેતાઃ મંદમંદમનુગર્જતિ મેઘઃ
સુહૃદમભ્યવર્ષત્સુમનાભિશ્છાયયા ચ વિદધત્પ્રતપત્રમ્ ૧૩
વિવિધગોપચરણેષુ વિદગ્ધો વેણુવાદ્ય ઉરૂધા નિજશિક્ષાઃ
મનમેં આનંદ ભર રહ્યો, મુખ જોવત સકલ વ્રજનાર, ૨
અરગજા કુમકુમ ઘોરિકેં, પ્યારી લીનો કર લપટાય;
અચકા અચકા આયકેં ભાજી ગિરિધર ગાલ લગાય. ૩
યહ વિધિ હોરી ખેલહી વ્રજવાસિન સંગ લગાય;
ગોવર્દ્ધનધર રૂપપર જન ગોવિંદ બલ બલ જાય. ૪

રાગ જેજેવંતી. પદ ૩૭ મું.

માઇ આજતો મોહન સંગ રંગ ભરી ખેલોંગી,
લોક લાજ પાયનસોં, પિછોડી પેં લોંગી. ૧
ન ડરોંગી આરજ પંથ, ન ડરોંગી વેદ ગ્રંથ,
રહે નિડરક અંકવારી પિયકોં ભરોંગી. ૨

કેસરકે રંગ છીરકી, રંગીલો કરોંગી;
વેસરકે મોતી કાજે, ફગુવાકોં આરોંગી. ૩
લલિત ત્રિભંગી રસ ઢરન ઢરોંગી;
રતિ પતિ રણુ વ્રજપતિ સોં લરોંગી. ૪

અથ ડોલનાં પદ.

રાગ દેવગંધાર. પદ ૧ લું.

મનમોહન અદ્દભુત ડોલ બની,
તુમ ઝુલો હોં હરખ ઝુલાઉં, વૃંદાવનચંદ ધની, ૧
પરમ વિચિત્ર રચ્યો વિશ્વકર્મા, હીરાલાલ મની;
ચતુર્ભુજ પ્રભુ ગિરિધરન લાલ, છબિ કાપેં જાત ગની. ૨

પદ ૨ જું.

મદન ગોપાલ ઝુલત ડોલ.
વામ ભાગ રાધિકા બિરાજત, પહેરેં નીલ નિચોલ. ૧
ગોરી રાગ અલાપત ગાવત, કહત ભામતે બોલ;
નંદનંદનકો ભલો મનાવત. જાસોં પ્રીતિ અતોલ. ૨
નીકો ભેખ બન્યો મનમોહન, આજ લઇ હમ મોલ;
બલિહારી મનમોહન મૂરતિ, જગત દેહું સબ ઓલ. ૩
અદ્દભૂત રંગ પરસ્પર બાઢયો, આનંદ હૃદય કલોલ;
પરમાનંદદાસ તિહિં ઓસર, ઉડત હોલિકા ઝોલ. ૪

રાગ જેતશ્રી. પદ ૩ જું.

શોભા સકલ શિરોમણીહો, દંપતી ઝૂલે ડોલ. મોહનરાય ઝુલહિ.
કનક ખંભ મરકત મણિ, હીરા ખચિત અમોલ;
ચોકી પન્ના પાંચ ાપરોજા, રચી રત્નનકી પાંતિ. ૧
મુક્તામાલ સુહાવની, કહા બરનોં બહુ ભાંત;
ઝુલે દુલહાન રાધિકા, દુલ્હે નંદકુમાર. ૨
રતિ રસ કેલી બિરાજહી, બાઢયો રંગ અપાર;
તાલ પખાવજ આવજ, ઝાંઝ ઝનક સહુનાય. ૩
વીણા વેણુ રબાબ કાન્નરી, મધ્ય મુરલીકા ભાય;
સખા મંડલી શોભિત ગાવત, ફાગ ધમાર. ૪
ઇત શોભિત વ્રજસુંદરી, ગાવત મીઠી ગાર;
ઝકઝોરેં પિચકા ચલે, કહા બરનો યહ બાન. ૫
ચોવા ચંદન છિરકહી, ગોપી ગોપ સુજાન;
જખ કદમ ઉર માંડતા, ઉડત ગુલાલ અબીર. ૬
કરત વિનોદ કુતુહલા, રાજત અતિસેં ભીર;
ખેલત વલ્લભ વલ્લભી, પ્રતિ છિન નવ અનુરાગ. ૭
કમલ ખંડ કેસર મધુપ ગણુ, ગુંજત પોત પરાગ;
સિથિલ વસન કટિમેખલા, રહી અલક લર છુટ. ૮
એક એક મિલ ધાવહી, ગઇ મોતિન લર ટુટ;
ચિરંજીયો સુંદર વર પ્યારો, સકલ ઘોષ સિરતાજ; ૯
નંદ જસોદાકે સુકૃત ફલ પ્રકટ ભયો હે આજ;
સુર કુસુમ બરખા કરેં, લીલા દેખેં આય.
આસકરન પ્રભુ મોહનકો યશ, રહ્યો સકલ જગ છાય. ૧૧

રાગ સારંગ. પદ ૪ થું.

ડોલ દેખ વ્રજવાસી ફુલે, ગોપી ઝુલાવે ગોવિંદ ઝુલે,
નંદ ચંદ ગોકુલમેં સોહે,મુરલી મનોહર મન્મથ મોહે. ૧
કમલનયનકોં લાડ લડાવે, પ્રમુદિત ગીત મનોહર ગાવે;
રસિક શિરોમણિ આનંદ સાગર, રામદાસ પ્રભુ મોહન નાગર. ૨

પદ ૫ મું.

ડોલ ઝુલતહેં પિય પ્યારી, નંદ નંદન વૃષભાન દુલારી;
કમલ નયનપર કેસર ડારી, અબીર ગુલાલ કરી અંધિયારી. ૧
ઝુલે શ્યામ ઝુલાવત નારી, હસ હસ દેત પરસ્પર તારી;
ગાવત ગીત દે દે કર તારી, બાજત વેણુ પરમ રુચિકારી. ૨
ભીજ લગી તન તન સુખ સારી, ખેલ મચ્યો વૃંદાવન ભારી;
રસિક શિરોમણિ કુંજબિહારી, કૃષ્ણદાસ પ્રભુ ગિરિવરધારી. ૩

રાગ કલ્યાણ. પદ ૬ ઠું.

ડોલ ઝુલતહેં, પ્યારો લાલ બિહારી બિહારણ એ રાગ રમ રહ્યા.
કાહુકે હાથ અઘોટા કાહુકે બીન, કાહુકે મૃદંગ કો ઝપલે તાલ;
કાહુકે અરગજાહો છિરકત રંગ રહ્યો. ૧
ડાંડીછર ખેલ મચ્યો જો પરસ્પર, નહિ જાનિયત પગકયોં રહ્યો;
હરિદાસકે સ્વામી શ્યામા કુંજબિહારી, ઉનકો ખેલ કિન્હુનલહ્યો.

પદ ૭ મું.

ડોલ ચંદનકો ઝુલત હલધર વીર.
શ્રીવૃંદાવનમેં કાલિંદીકે તીર. ૧

ગોપી રહી અરગજા છિરકત, ઉડત ગુલાલ અબીર;
સૂરનર મુનિ જન કૌતુક ભૂલે, વ્યોમ વિમાનન ભીર, ૨
વામ ભાગ રાધકા બિરાજત, પહરે કસુંભી ચીર.
પરમાનંદ સ્વામી સંગ ઝુલત, બાઢયો રંગ શરીર.

હોરીનાં પદ.

પદ ૧ લું.

સાંવરાસું મેં ખેલું ન હોરી;
મેં નીકસી ઘરતેં દધિ બેચન, મીલ ગયો સાંકરી ખોરી;
આય અચાનક પકરી મોકું, મહીકી મટુકી ઢોરી;
લાલ મેરી બૈયાં મરોરી, સાંવરા. ૧
અબીલ ગુલાલ આંખનમેં ડાર્યો, હસત હસત મુખ મોરી;
ઘુંઘટ ખોલદેગુલચાશીર,કેસર ગાગર ઢોરી;ચુનરીયાંરંગમેંબોરી.૫
ગાવત ગારી દેંદેકર તારી, બૈયાં પકર ઝક ઝોરી;
કુંચુકી ખેંચ દીયો કર ઉપર, મોતન માલા તોરી;
બોલે મુખ હો હો હોરી. સાંવરા. ૩
કહાકરૂં કીત જાઉં મોરી સજની, લાજ ના ગઈ કછુ થોરી;
મનભાયો સો કીયો મન મોહન સોમેં સબહી સહોરી;
એસી મેંતો મનકી ભોરી. સાંવરા. ૪
યા વ્રજમેં કહો કેસે રહીયે, નિર્લજ નંદ કીશોર;
ગિરિધરપ્રભુકેનેનરસીલે, ચિતવતલેતચિતચોરીનહિયાજુગમેંજોરી.

પદ ૨ જું.

રાધેકે મંદિર આયો.

જો તુમ આયે હમારે મંદિરસેં, સંગ સખા કયોં ન લાયો;
વે દિનકી તુમ ભુલ ગયેરી, અબ તુને કોન શીખાયો;
અરી તેંતો વીજયા ખાયો. રાધેકે. ૧

વે દિનકી તુમ બાત કહોરી, તેરો મેં કહા ચુરાયો;
ઓર કહા તેરા તોડ લીયો હે, અબહી તેરો કહા ખાયો,
નાહક મોયે દોષ લગાયો. રાધેકે. ૨

પહેલે ફાગ મેરો ચીર લીયોહે, છલ્લા એક ચુરાયો;
જાય કહો સબ સખીયન આગે, અબ તોહે પકર મંગાયો;
મોરલીયાં તો કરસેં છુડાયો. રાધેકે. ૩

જાઓ લલા તુમ અપને દ્વારકો, નાહક રાર મચાઓ;
સુરદાસ ગુણ જ્ઞાનકો ઝઘડે, સુનત ચરણ ચિત્ત લાયો;
બહુરી એસો સુખ પાયો. રાધેકે. ૪

પદ ૩ જું.

સાંવરો હોરી ખેલન આયો. ટેક.

મેં દધી બેચન ગઇતી બ્રીંદ્રાબન, મારગ આડો પાયો;
મહીમાટ મેરો સઘરો ઢોલાયો, માખન લુંટી લુંટી ખાયો;
એ જસોદાજીકો જાયો. સાંવરો. ૧

વંદ્રાવનકી કુંજ ગલનમેં, ખેલ ભારી મચાયો;
લાલ ગુલાલ અબીર ઉડાયો, મુઠી ભરભર ધાયો,
સાંવરે બાદલ છાયો. સાંવરો. ૨

સબ સખીયન મીલ મોહન ઘેર્યો, રંગદે કરને રીઝાયો;
સુરશ્યામ પ્રભુ તિહારે મિલનકું, ચરણુ કમલ ચિત્ત લાયો,
સખી મેને મહા સુખ પાયો. સાંવરો. ૩

હોરીના રસીયા તથા ખ્યાલ.

પદ ૧ લું.

ફગુવાદે મોહન મતવારે. ટેક.
વ્રજકી નારી ગાવે ગારી, દો બાપનકે બીચ ડોલે. ફગુવાદે. ૧
નંદજુ ગોરે જસોદા ગોરે, તુમ કહાંતે હો કારે. ફગુવાદે. ૨
પુરુષોત્તમ પ્રભુ જુવતીનહેતે,ગોપભેખલીયોઅવતારે. ફગુવાદે. ૩

પદ ૨ જું.

કહાના ધર્યોર મુગટ ખેલે હોરી.
કહાં તેરે હાર કહાં નકવેસર, કહાંમોતીયનકી લર તોરી. કહાના. ૧
ગોકુલહાર મથુરાં નકવેસર, વૃંદાવનમેં લર તોરી. કહાના. ૨
કૃષ્ણજીવનલછીરામકે પ્રભુસોં, ફગુવા લીયે ભરભર ઝોરી.કહાના. ૩

પદ ૩ જું.

બરસાને મહેલ લાડલી કે. ટેક,
આસપાસ વાકે બાગ બગીચા, બીચ પેડ માહાધુરીકે. બરસાને. ૧
ખીલ્યો બાગ ગુલાબ મોગરો, છુટી સુગંધ ચંબેલીકે. બરસાને. ૨
નંદગામતેં મોહન આયે, સંગ સખાહે બરાબરકે. બરસાને. ૩
પુરુષોત્તમ પ્રભુકેસંગ ખેલત, એસે ખેલ ખીલાઈકે.બરસાને. ૪

પદ ૪ થું.

બરસાને ખેલે હોરી. ટેક.
ઉંચો ગામ બરસાનો કહીયે, ઝુંડન ઝુંડન આઇ ટોરી. બરસાને. ૧
પાંચ વરસકે કુંવર કન્હૈયા, સાત વરસ રાધા ગોરી. બરસાને. ૨
ચોવા ચંદન ઓર અરગજા, કેસર ગાગર ભર ઢોરી. બરસાને. ૩
ઇત ગોકુલ ઉત મથુરાં નગરી, બીચ બહે યમુના ઘેરી. બરસાને. ૪
કૃષ્ણજીવન લછીરામકે પ્રભુસોં,ફગુવાલીયોભરભરઝોરી.બરસાને. ૫

પદ ૫ મું.

દરશનદે મોર મુગટવારે. ટેક.
અરૂ કટી રાજત સુભગ કાછની, ફરકત પીરે પટવારે. દરશનદે. ૧
વૃંદાવનમેં ધેન ચરાવે, બાજત બંસી બટવારે. દરશનદે. ૨
પુરુષોત્તમ પ્રભુકે ગુણ ગાયે, શેષ સહસ્રમુખરટહારે. દરશનદે. ૩

પદ ૬ ઠું.

દરશનદે નિકસ અટામેંતે. ટેક.
મન મોહન ઠાડે ચિત્તવતહેં, નીકસ્યો ચંદ ઘટામેંતે. દરશનદે. ૧
સતીરતિરંભા ઓર સાવિત્રી, નીકસ્યો તેરી છટામેંતે. દરશનદે. ૨
પુરુષોત્તમ પ્રભુકીછબીનીરખત,માખનનીકસ્યોમઠામેંતે.દરશનદે. ૩

પદ ૭ મું.

ઠાડી રહે ગ્વાલન મદમાતી. ટેક.
યહ અવસરહોરીકો હેરી, હમ તુમ ખેલે સંગ સાંતી. ઠાડી રહે.૧
ભૂલ ગયો ઘર ગેલ હમારી, લે લગાઇ અપુની છાતી. ઠાડી રહે.૨
પુરુષોત્તમપ્રભુહસતહસાવત,વ્રજવનિતાસબગુણગાતી. ઠાડી રહે.૩

પદ ૮ મું.

ચલ્યે. આરે શ્યામ મેરી પલકનમેં. ટેક.

આત્ર નિશંક શંક જીનમાનો, પ્યારે નથ ઉરઝાવું તેરીઅલકનમેં. ૧

તુમ રીઝે મેરે નવલ જોબન, મેરે જીયાહે તેરે તિલકનમેં. ૨

વૃંદાવનહીત રૂપ માધુરી, સબ ગ્વાલનકે લરકનમેં. ૩

પદ ૯ મું.

મેંતો મલુંગી અબીર તેરે ગાલનમેં.

મલ ગુલાલ આંખ આંજુગી, ચોટી ગુંહુંગી બાલનમેં. ૧

આજ કસર સબ દિનકી નીકસી, બેંદી તેરે ભાલનમેં ૨

પુરુષોત્તમ તોય પકર મગાઉં, મીર બનું વ્રજબાલનમેં; ૩

પદ ૧૦ મું.

વ્રજકી તોયે લાજ મુકુટવારે. ટેક.

ચંદ સુરજ તેરો ધ્યાન ધરતહે, ધ્યાન ધરત નવલખ તારે. ૧

ઈંદ્રને કોપ કીયો વ્રજ ઉપર, તબ ગિરિવર કરપર ધારે;

પુરુષોત્તમ પ્રભુકી છબી નિરખત, ગાય ગોપકે રખવારે. ૨

પદ ૧૧ મું.

બન આયો છેલા હોરીકો,

મહ્લકાછ સીંગાર ધર્યોહે, વાકે ફેંટા શિશ મરોરીકો. ૧

યાકે સાંધે ભીનો ઉપરેના સોહે, યાકે માથે બેંદા રોરીકો;

પુરુષોત્તમ પ્રભુ કુંવર લાડીલો, યહુતો રસીયા યા ગોરીકો. ૨

પદ ૧૨ મું.

આજ યાંહી બસ છેલ હમારી નગરી. ટેક.

વ્રજનારી તેરે હે બહુ તેરી, સો તો દેખ સાંત મોય જરે ગગરી.૧

પુરુષોત્તમ પ્રભુ મોય નીટ મીલેહો, તોહી નહિ જાને દેઉંગી
આજ રેન સગરી. ૨

પદ ૧૩ મું.

રસીઆ રસ લે ફાગકો. ટેક.
ઉધરી પરેંગી પ્રિત નંદકે, યહ દિન હે અનુરાગકો ૧
લોગ ચવાવ કરત ઘર ઘર પ્રતિ, યહ દિનહે અનુરાગકો;
પુરુષોત્તમ પ્રભુસાં મીલ ખેલો, માનુંગી ભાગ સોહાગકો. ૨

પદ ૧૪ મું.

મૃગનેની નાર નવલ રસીયા. ટેક.
બડીબડીઅખીયાં નેનુમેં સુરમાતેરી ટેડીચિત્તવનમેરેમનવસીયા ૧
અતલસકાં યાકે લેહેંગા સોહે, પ્યારી ઝુમક સારીમેરેમનવસીયા,
છોટી અંગુરીનમુદરીસોહે, યાકે બીચ આરસી મન વસીયા; ૨
યાકે બાંહ બડા બાજુબંધ સોહે, યાકે હઇડેહાર દીપત છતીયા;
રંગ મહેલમેં સેંજ બીછાઇ,યાકે લાલ પલંગ પચરંગ તકીયા;
પુરુષોત્તમ પ્રભુ દેખ વિવસભય,સબે છોડ વ્રજમાં વસીયા. ૩

પદ ૧૫ મું.

ગહેરે કર યાર અમલ પાની ટેક.
ચલ બરસાને કરે મીજબાની, તેરી ભાંગ મીરચકી મેં ના જાની ૧
તોહી કરેંગે હોરીકો રસીયા, હમ હોયગે તેરે અગબાની;
પુરુષોત્તમ પ્રભુકી છબી નિરખત, તેરે મનકી હમ જાની. ૨

પદ ૧૬ મું.

ગોકુલકો ઠાકુર હો, ખેલ હોરીયાં. ટેક.
લલિતાકો વાગોહો, બિરાજે કેસરીયાં. ૧

શિર ધરી મટુકીયાં હો, ઉરપર દોહનીયાં. ૨
દધિ દાન દીયે ઘર જાવોરે, લંગર ગ્વાલનીયાં. ૩
દાધ્ય દાનજુ કેસો હોયરે, સુનો મન મોહનીયાં. ૪
મેરા ફગુવા દેહું ગમાર, માગે ગ્વાલનીયાં. ૫
ધન સુરદાસ બલ જાય, બજાવે કોહનીયાં. ૬

પદ ૧૭ મું.

હોરી ખેલુંગીશ્યામસંગજાયહો,સજનીભાગીનતેંફાગુનઆયો;ટેક.
ઓ ભીંજવે મેરી સુરંગ ચુનરીયાં, મેં ભીંજવું વાકી પાગ. ૧
ચોવા ચોવા ચંદન ઓર અરગજા, રંગકી ફરત કુંવાર. ૨
લાજ નીગોડી રહોં ચા'ય જાવો, મેરો હીયરો ભરો અનુરાગ.૩
આનંદ ઘન ખેલો સુઘડબાલમસોં,મેરા રહીયોહે ભાગ સુહાગ.૪

પદ ૧૮ મું.

મેંતો ચોંક ઊઠી ડફ બાજનસોં. ટેક.
સોવતહી અપને આંગનમેં, જાગી ગારી ગાજનસોં. ૧
દેખું તો દ્વારે મોહન ઠાડે. સજે છેલ સબ છાજનસોં;
પુરૂષોત્તમ મેરે નામ લે લે લીન, ગારી દઈ બીન લાજનસોં.૨

પદ ૧૯ મું.

મોપેં જાત ન બરની યહુ છબી,
શ્રીગોવરધનકી આસપાસ સબ, ફુલ રહી સબ અરની. ૧
શ્રીમદનમોહન પ્રિય ખેલન નીકસે, સંગ શ્યામ મનહરની;
કુંભનદાસ પ્રભુ ગોવર્ધનધર, ધન ધન વ્રજકી ધરની. ૨

પદ ૨૦ મું.

મારૂં મન મોહ્યું રે શ્રીગિરિધરલાલને લટકે,
લટકે ને વળી મટકે મારૂં મન. ૧

મોર મુગટ મકરાકૃત કુંડલ, પીતાંબરને પટકે. મારૂં મન. ૨

વેણું વગાડી વહાલે વશ કરી લીધાં, વેંત વાંસલડીને કટકે. ૩

વલ્લભના સ્વામિ સંગ રંગભર રમતાં, ઘર ખોયું નવ ખટકે. ૪

પદ ૨૧ મું.

નેનનહીકો નિકો, મીલવો નેનનહીકો નીકો,
નંદકીશોર હમારે જીવન, ઓર એ જગત સબ ફીકો. ૧

વેદ પુરાન ભાગવત ઓર ગીતા, ઓર જ્ઞાન પોથીકો;
ખાટી છાશ પીયે રસનાવત, સુર ખવૈયો ઘીકો. ૨

પદ ૨૨ મું.

લટકાળો શ્રીગિરિવરધારી,
ગિરિવરધારી કુંજબિહારી, મને મારી નેન કટારીરે. ૧

કાલ મળ્યા હતા મને જમુનાની તીરે, રૂપ રસિક છબી ભારીરે. ૨

મોર મુગટ મકરાકૃત કુંડલ, બંસી બજાવે પ્યારીરે. ૩

પુરુષોત્તમ પ્રભુ પ્રાણુ સનેહી, તેરે ચરણુકમલ ચિત્ત વારીરે. ૪

પદ ૨૩ મું.

આજ ગઇતી કાલદ્રીને તીરરે ભરવા પાણીરે,
તીરે ઊભા છે હલધર વિરરે સારંગપાણીરે.
શોભે ફુલડાનો તોરો શીશરે કસુંબલ ફેંટોરે,
ઉભો ડોલરીઓ દીલદાર રંગીલો ઓઢે રેટોરે.
કર્યાં તિલક કેસરનાં ભાલરે ફુલડાંની માળરે,

વહાલો ચાલે છે ગજગતિ ચાલરે દીસે છે રૂપાળોરે.
શોભે સરવે ગોવાળોની સાથે ઉભા અલબેલા રે,
જેણે જોયો હયાનો નાથરે રસ રૂપ રેલોરે.

પદ ૨૪ મું.

ઝૂલે ઝૂલેરે જસોદા મેયા તેરો લલના,
તેરો લલના, મેયા ઝુલે પલના, ઝૂલે ઝૂલે. ૧
કાહેકોરે બન્યો તરોરે પાલનો, કાહેકી દોરી લગે ફુદના. ઝૂલે.
અગર ચંદનકો બન્યોરે પાલનો, રેશમકી દોરી લગે ફુદના. ઝૂલે.
બહાર દેખું તો બાર વરસકો, ઘરમેં દેખું તો ઝૂલે પલના. ઝૂલે.
પુરુષોત્તમ પ્રભુકી છબિ નિરખત, બીન દેખે ના પરે કલના. ૧

પદ ૨૫ મું.

કાન કુંવર સંગ ગોપી મધુવનમેં,
ગોવરધનધર શ્યામચંદ્રમા, ગોપી તે દામની ઓપી મધુવનમેં. ૧
રમણ કરતાં માળા વીલુલીત સમ, ઝલકત તન ગોપી. ૨
શ્રીવિઠ્ઠલ પ્રભુ અંતરજામી, દૂરી ધરી ટોપી ધોતી. ૩

પદ ૨૬ મું.

ખ્યાસે હમારે નેનાં દરશ વિનાં ખ્યાસે હમારે નેનાં.
વૃંદાવનકી કુંજગલનમેં, રાધે જુ કરગઈ સેના. ૧
નેન કમાન બાણુ સમ ભ્રકુટી, મારત પરત નહીં ચેના. ૨
મોર ચકોર કોકીલા બોલે, બોલત શુક પીક મેના. ૩
કુસુમીત ફુલ ફલીત દ્રૂમ ઉપર, પવન ચલત સુખદેના. ૪
સારી સુરંગ પર રતન ખ્યારી, ઉરકંચુકી કુચમેના. ૫

બાંહે બાજુબંધ બેરખા સોહીયે, ગલે માલ સબ ગહેના. ૬
મુક્તા માલ માગ મોતીનકી, ચંદ્ર ચકોર મધ વીના. ૭
શ્રીવિઠ્ઠલ પ્રભુ બંસી બજાઇ, મીઠ્ઠીકે અધર રસલેના. ૮

પદ ૨૭ મું.

અપની ડગર ચલ્યો જા વ્રજવાસી.
મેં અપને મારગમેં ઠાડી, દેખેંગે લોક કરેંગે મેરી હાંસી. ૧
તુમ વ્રજવાસી અપને ગરજકે,લગાય ગયો નેના ગરે ડારગયો ફાંસી.
પુરુષોત્તમ પ્રભુકી છબી નિરખત, તુમ મેરે ઠાકુરમેં તેરી દાસી ૩

પદ ૨૮ મું.

બાંસુરી બજાઇ આજ રંગસેં મુરારી.
બંસીકી ધુની સુની શંકરકીતારી છુટી;
વેદ પઢત ભુલ ગયે બ્રહ્મા બ્રહ્મચારી. બાંસુરી. ૧
જળ થળકે જીવ મોહે, મોહે મોહે પંછી સારી;
ગોકુલકી ગ્વાલ મોહી, મોહી વ્રજનારી. ૨
જમુનાજળ થકીત ભયો, સુધ ન સંભારી;
સૂરદાસ મદન મોહન, તીન લોક વારી. ૩

પદ ૨૯ મું.

દીલદાર યાર છેલાસેં નેના લગાયગેં, (૨)
નેના લગાયગેં સેનાતો લગાયગેં. (૨) દીલદાર. ૧
યાર મેરા આલા જોબન મેરા બાલા;
સુરતવાલી સૈયાંકો દીલકો નીભાયંગે. (૨) દીલદાર. ૨

બાત મોરી ભોરી, ઉમર મોરી થોરી;
આંખ માર ગભરૂંસે નેના લગાયંગે. (૨) દીલદાર. ૩

પદ ૩૦ મું.

મારા છેલ ગુમાની, શ્યામ પ્યારા, પાલવ મુકોની.
સાખી–સાસુ મોરી ખીજશે વાહાલા, નણુદી દેશે ગાળ;
વાટે ને ઘાટે રોકી રહ્યા છો, પરણ્યો ચડાવે આળરે.મારા ૧
સાખી–ખાટું ગોરસ આજનું વાહાલા, મીઠું લાવીશ કાલ;
સંગની સાહેલા ઘેર ગઇ પ્યારા હું છું નાનું બાળરે. મા ૨
સાખી–પ્રિત પ્રકટ ન કરીએ વાહાલા, લોક બોલે છે ગાળ;
નીજજનના નાથ વિના, બીજે ન આવે વહાલરે. મારા. ૩

પદ ૩૧ મું.

જસોદાને કારી અંધેરીમાં જાયો, યાતેં કાળો કૃષ્ણ કહેવાયો. જસોદા
પ્રીરતગોદ ગોપાલ લીએ મુખ, ચુંબન મોદ બઢાયો;
કરમકી રેખા મીટત નહીં સજની, ભાગ્ય લીખ્યો સોઇ પાયો. ૧
રસ સિંચતહે ઘર ઘર ભીતર, દામરી હાથ બંધાયો;
તનક દહીં કે કારન કાના, માખન ચોર કહેવાયો; જસોદા. ૨
ભર ભાદોંકી આઠેં અંધેરી, ચમકત વીજ સોહાયો;
લે વસુદેવ ગયે ગોકુલમેં. નંદભુવન પહોંચાયો, જસોદા. ૩
કો વસુદેવ સુને નહી શ્રવન, વાસુદેવ કેહેતે આયો;
રૂપકી રાસ ને ચંદ મુખી, મેરી રાધાકો રૂપ લજાયો. જસોદા. ૪
નામ અનંત સુતકે ઘનશ્યામકે ગર્ગન ભેદ બતાયો;
સુરદાસ ગુણુ કહાં લગી વરનું, શેષ હુ પાર ન પાયો. જસોદા. ૫

પદ ૩૨ મું.

આજ જસોદાપેં ચલો સબ ગોરી.
એસો સુત તેંનેં જાયોરી જસોદા, અબહી બની હે તું ભોરી.૧
નંદ નંદન સખી હમારે ભવનમેં, આને કરત હેં ચોરી. ૨
વૃંદાબનકી કુંજ ગલનમેં, મહીકી મટુકીયાં ફોરી. ૩
પુરુષોત્તમ પ્રભુકી છબિ નિરખત, હસકર ભૈયાં મરોરી. ૪

પદ ૩૩ મું.

સખી નંદલાલ આવન નહિ પાવે.
ભિતર ચરન ધરન મત દીજે, ચાહે જીયા લલચાવે. ૧
એસેનકો વિશ્વાસ કહા સખી, કપટકી બાત બનાવે.
નાગરીયા એક હમારે ભવન બીના, અન્ય ચહાય જ્યાં જાવે.૩

પદ ૩૪ મું.

ગારી મત દીજો મો ગરીબનીકો જાયો હે.
તેરો બિગાડ કીયો સોતો મોસુંઆની કહો,
મોતેં કાહુ બાતન કહો નાહી ન રીસાયોહે. ૧
દધીકી મથની ભરી આંગનમેં આની ધરી;
તોલી તોલી લીજો માટ, જાકો જેસો ખાયો હે. ૨
સૂરદાસ પ્રભુ પ્યારે પલક ન હુજો ન્યારે,
કાન્હુડાસોં બુજત મેં તો પૂરે પૂન્યન પાયો હે. ૬

પદ ૩૫ મું.

તુમ વીના મેરી કોન ખબર લે શ્રી ગોવરધન ગિરિધારીરે,
ઓરનકું તો ઓર ભરૂંસો અમને આશ તુમારી રે. ૧

મોર મુગટ શીર છત્ર બિરાજે કુંડલકી છબી ન્યારીરે. ૨
શ્રી યમુનાકે નીરેતીરે ધેનુ ચરાવે બંસી બજાવે રંગ પ્યારીરે. ૩
શ્રીવૃંદાવનકી કુંજ ગલનમેં સોહત રાધે પ્યારીરે ૪
સૂરદાસ પ્રભુ તિહારે મિલનકું ચરણ કમલ બલીહારીરે. ૫

પદ ૩૬ મું.

શ્રીકૃષ્ણ ચંદ્ર મથુરાં જઇ વસિયા, ગોકુલ આના છોડદીયા.
કંસકુ મારી ભયે જબરાજા, પનઘટપર આના છોડ દીયા. ૧
મેવા મિસરી ભોગ લગાવે, માખન ખાના છોડ દીયા. ૨
તાલ મૃદંગ ઝાંઝ બજાવે, બંસીકુ બજાના છોડ દીયા. ૩
કુબજા સંગ વિહાર કરતહે, રાધાઘર આના છોડ દીયા. ૪
વ્રજકી લતા સબ સુકાય ગઇ હે, વ્રજવાસીન અન્ન છોડ દીયા. ૫
વૃંદાવનકે પશુ પક્ષી સબ, દાના પાની છોડ દીયા. ૬
સૂરશ્યામ પ્રભુ નિઠુર ભયેહે, વ્રજ ગોકુલ આના છોડ દીયા. ૭

પદ ૩૭ મું.

મોહની મેંતો જાની વ્રજભૂમિ.
મોહન કાન્હ મોહન શ્રી વૃંદાવન, મોહન જમુના પાની;
મોહની નાર સકલ ગોકુલકી, બોલત અમૃત બાની. ૧
મોહન સૂરદાસકો ઠાકુર, મોહની રાધા રાની.

પદ ૩૮ મું.

ચંચલ ચપલ ચાલ સંગ, એકલી ન જાઉં;
એકલી ન જાઉં હાં હાં, એકલી ન જાઉં. ચંચલ૦ ટેક
છેલ છબીલા મદમાં છાકયા, જોઇને શરમાઉં;
કુટીલ છે કટાક્ષ એની, નેન નીચાં નાઉં. ચંચલ૦ ૧

લાગી તનમાં બંસી ડંસી, તાપ કેમ સમાઉં;
લાજ લજ્જિત જીવ મારો, આતુર હું થાઊં. ચંચલ૦ ૨
મનની તનની તુજને કહું, કહ્યાં લગી તન તાઉં;
શ્યામ સ્નેહી મારા જીવન, ગુણ તાહારા ગાઉં. ચંચલ૦ ૩
કંધ બાંહે હૃદે ધરી, કહી કહી સમજાઊં;
પ્યારી તું છે પ્રાણ માહારી, તુજથી શ્યામ પાઉં. ચંચલ૦ ૪
ગ્વાલ બાલ સંગે લાલ, હોય કેમ બોલાઉં;
પ્રથમ પ્રીત રીત રોમ, રોમમાં કંપાઉં. ચચલ૦ ૫
રસના સાગર નંદના નાગર, પાલવ કેમ સ્પર્ઉં;
નિજજનના નાથ જોઈ, જોઇને લલચાઉં. ચંચલ૦ ૬

પદ ૩૯ મું..

એરી યહ ગોપ કુંવર બલવીર, ઠાડે કાલિંદીકે તીર.
કાલિંદી ત્રટ બહુત મનોહર, મંદ સુગંધ સમીર;
નવ નિકુંજ ગુંજત હે અલિગન, મોર કોકિલ કીર. ઠાડે૦ ૧
સુંદર શ્યામ સોહાવને, ગાવે ગુણ ગંભીર;
મુરલી બજાવે મન લલચાવે, હોં શુદ્ધ બુદ્ધ ભૂલી શરીર. ઠાડે૦ ૨
નેન રસીલે બેન રસીલે, સેન રસીલી બીર;
ભાંહ સોહત લલિત ત્રિભંગી, હરત મદન તન પીર. ઠાડે૦ ૩
ભૂષન બસન અનુપમ રાજે, મણિ માણેક નંગ હીર;
મંદ હસત દમકત દશનાવલિ, રતિ પતિ હોત અધિર. ઠાડે૦ ૪
મોર મૂગટ બનમાલ ધરેરી, સંગ સુરભીનકી ભીર;
મદન મોહન પ્રિય નિજજનકે પ્રભુ, રાસ રમણ રતિ ધીર. ઠાડે૦ ૫



પ્રકરણ ૮ મું.

વૈષ્ણવ માહાત્મ્યનાં પદ અને ધોળ.

હરિદાસવર્ય (શ્રીગિરિરાજજી) નાં પદ.

પદ ૧ લું.

હાં હરિદાસ વર્યપેં વારી,
શીતલ ઝરના ઝરત નીરંતર, મંદ સુગંધ પવન સુખકારી. ૧
નંદ નંદન ક્રિડત નીશવાસર, સંગ શોભિત શ્રીભૃખુભાન દુલારી,
નિત્ય શ્રીવલ્લભ વિઠ્ઠલ રાજત, કોટિક કલા પ્રગટ અવતારી. ૨
ભજનાનંદ દેત નીજ દાસન, પુરન કામ ત્રય તાપ નિવારી;
જે જન ક્ષણુ ભર રહેત તરહેટી, જાકી કથા કો કહે વિસ્તારી. ૩
જ્ઞાન વૈરાગ્ય તાકી રાજ ચાહત, સંગ ડાલતહે મુક્તિ બિચારી;
દયા કરી ભુવ મંડલ પ્રગટે, પુરન ભાગ પુલીંદિનકે ભારી. ૪

વિમલ કથા શુક વ્યાસ ઉચ્ચારત, ગાવત વેદ પુકારી;
રસીક દાસ જન યહ માગત હે, જનમ જનમ ઈનકો અનુચારી. ૫

પદ ૨ જું.

હરિદાસવર્ય સુખ રાસી,
નંદનંદનકો પરમ રમણ સ્થળ, ભક્ત જનનકે પ્રેમ પ્રકાશી. ૧
પુરન ભાગ પુલીંદિનકે ભયે, અકથ કથા ગુણ સકલ નીત્રાશી;
શ્રાવલ્લભી શ્રીવલ્લભ નિત્ય ક્રીડત, રસીક દાસ જન દરશન પ્યાસી.૨

પદ ૩ જું.

યહ તુમસોં માંગો હંડોતી.
શ્રીગિરિરાજ તરહેટી વસવોનિત નિરખોં શ્રીવલ્લભ ગોતી. ૧
નિત્ય સુખ અનલ વિમલ છોંકરતર હરિદાસન સંગ પ્રેમ ઉદ્યાતી;
રસિકદાસ જનકી પ્રતિજ્ઞા, હંસા માન સરોવર મોતી. ૨

પદ ૪ થું.

યહ તુમસોં માંગો ગિરિરાય.
જન્મહી જન્મ તરહેટી વસિવો, વ્રજ રજ તજ ચિત્ત અનત ન જાય.૧
હરિસેવા રસ પાન કરોં નિત્ય, શ્રીભાગવત રસના મુખ ગાય;
રસિકદાસ જનકી પ્રતિજ્ઞા, શ્રીવલ્લભકુલ સિરનાય. ૨

પદ ૫ મું.

રહે મન શ્રીગોવર્દ્ધન છાંય.
ભોજન સીલા શ્રીમુખ નિજ બેઠક, શ્રીવલ્લભ ગુણ ગાય. ૧
શાક બેર ટેંટીકો મેવા, પ્રેમહીત દે ખાય,

ગોવિંદકુંડ ઐરાવત કુંડકો, પુનિ પુનિ જલ અચવાય. ૨
નિત પ્રતિ કરી પ્રણામ દંડવત્, આનંદ સિંધુ બઢાય;
રસીકદાસ જન વાગધીશ પ્રભુ, રાખેંગે અપુનાય. ૩

પદ ૬ ઠું.

ધન્ય ધન્ય હરિદાસ રાઇ.
સાનિધ્ય સેવા કરત સકલ અંગ, તાતેં મોહન જીય ભાઈ. ૧
કંદમૂલ ફ્લ ફુલ ભેટ ધર, શીલા સિંઘાસન રૂચીર બનાઇ;
કોમલ તૃણુ ગાયન ચરવેકું સીતલ જલકે ઝરના વહાઇ. ૨
વિવિધકેલ ક્રિડત સખા સંગ, છિનુ ઉતરત છિનુ ચઢત હેં ધાઇ;
રામકૃષ્ણુકે ચર્ણુસ્પર્શ કરી, પુલકિત રહેત સદાઇ. ૩
ઇનકો ભાગ્ય કહાં લગી બરનુ, કોમલ કરપેં લીયોહે ઉઠાઈ;
પ્રેમ મુદિત વ્હે કહત ગોપિકા, ગોવિંદ બલ બલ જાઇ. ૪

પદ ૭ મું.

જે જે શ્રીગિરિરાજ દેવ, દરશન નિત્ય પાવે;
ગોપી ઓર ગ્વાલ બાલ, ગોઅન સંગ ધાવે,
નંદકે કુમાર જો હે બાંસુરી બજાવે. ૧
મોર મુકુટ લકુટ લીએ, કુંડલ ઝલકાવે;
પીતાંબર કછની કાછ, શ્યામ રંગ ભાવે. ૨
રાધાકુંડ ઓર કૃષ્ણુકુંડ, માનસી ગંગા નહાવે;
સંત સાધ ભક્તિ ભાવ, દીપ દાન આવે. ૩
જાદોંદાસ જન્મો જનમ, જમના જલ પાવે;
ગોવરધન ધરે ધ્યાન, વ્રજરજ લપટાવે. ૪

પદ ૮ મું.

તરહેટી શ્રીગોવર્દ્ધનકી રહીયે.

નિત પ્રતિ મદન ગોપાલ લાલકે, ચરણ કમલ ચિત લૈયે. ૧

તન પુલકીત વ્રજ રજમેં લોટત, ગોવંદ કુંડમેં ન્હૈયે;

રસિક પ્રિતમ હીત ચિત્તકી બતીયાં, શ્રીગિરિધારીજીસું કહીયે. ૨

પદ ૯ મું.

તરહેટી શ્રીગોવર્દ્ધનકી રહીયે.

કુંજ સદન વાસર નીત લીલા, સખી પરસ્પર કહીયે. ૧

પુષ્પ મધુર ફલ ખ્યારે કારણ, કેલિ યહિ નિત દૈયે;

અનન્ય હોય ગિરિરાજ ધરનકે, વ્રજાધીશ ચિત્ત લૈયે. ૨

ધોળ ૧૦ મું.

ગદાધરદાસ કપિલ કડા માંહે ખરા,

ક્ષત્રી કોસડના પ્રોહિત તે જાણજો;

શ્રીવલ્લભ શરણ થઇને સુખ પામ્યા ઘણું,

અવ્યાવ્રત રહીને સેવ્યા રસ મન જો. ગદાધર. ૧

જે આવે તે સરવે સમર્પે શ્રીનાથને,

ઘરમાં રહી શ્રીકૃષ્ણ મુખેથી ભાખેજો;

કોઇ સમે વળી વળતી કોઇ આવે નહી,

સરવે ભોગમાં જલ છાની સમરપણ કીધાં જો. ગદાધર. ૨

મધ્ય રાત્રે યજમાને આવી આપીયું,

લાવી જલેબી તે ધરાવી દીધી જો;

પ્રસાદ લેતાં વૈષ્ણવ બહુ પ્રસન્ન થયા,
એવો સ્વાદતો અમે નથી કાંઇ ચાખ્યો જો. ગદાધર. ૩
જેવી લાવ્યા તેવી ફત પોતે કહી,
સત્ય વચન તે મુખથી પોતે ભાખે જો;
માધવદાસ વિષયી ભાજી લાવીયા,
આરોગ્યા તે પ્રભુજી પૂરણ પ્રિતે જો. ગદાધર. ૪
મુખથી આશિર્વાદ પ્રસન્ન થઇને કહ્યું,
હરિ ભક્તિ દૃઢ રંગની રીતે જો;
એવો જશ ભગવદીનો પોતે કર્યો,
શ્રીવલ્લભ પ્રભુ કૃપાથકી સહુ જાણજો. ગદાધર. ૫
માટે સહુ શ્રીવલ્લભપદ સેવા કરો,
વૈષ્ણવ ઉપર વહાલ ઘણું તે આણજો;
ગદાધરદાસ કપિલ કડા માંહે ખરા. ગદાધર. ૬

શ્રી ચોરાશી વૈષ્ણવનું ધોળ.

*ધોળ ૧૧ મું.

શ્રીવિઠ્ઠલવર નીત પ્રતી ગાઉં,
જાહી વિધિ શ્રીવૃંદાવન પાઉં;
શ્રીવલ્લભ પ્રભુકો કરૂં પ્રણામ,
સુમરો શ્રીગિરિધર ધર નામ; ટેક.
સુમરો શ્રીગિરિવર ધરણ વર નિત શરણ શ્રીવલ્લભહરિ,
શ્રીવિઠ્ઠલેશ કૃપાલ સાગર ચરણ રજ મસ્તક ધરિ. ૧
અબ ગાયહો નિજ જનકે ગુણ સૂચિપત્ર પ્રગટ કરો,
નિજભક્ત ચોરાશી ભયે અબ નામતિનકો ઉચ્ચરો. ૨
અબ હરસાની [૧]દાસદામોદર કહો હું એક પ્રથમહી,
[૨]કૃષ્ણદાસ મેઘન ગાય કે સુખ પાયકે આનંદ સહી. ૩
કનોજમેં એક [૩]દાસદામોદર સંભલવારહિ સુખ લહો,
એક [૪]પદ્મનાભ વિશાલ પ્રતિ કવિ કૌન કો સમતા કહો. ૪
[૫]રઘુનાથ [૬]તુલસા [૭]પાર્વતીકે ગુણ કહો ચિત્ત લાયકે,
એક [૮]રામદાસજી બડે ભિતરીઆ લસત [૯]રજો ચાયકે. ૫
તહાં શેઠ [૧૦]પુરૂષોત્તમ કહો [૧૧]ગોપાલ બેટા [૧૨]રૂકમણી,

---

*આ ધોળ શ્રીગુસાંઇજીના ૨૫૨ વૈષ્ણવો પૈકી અલીખાન પઠાણનું બનાવેલું છે. ૨૫૨ વૈષ્ણવમાં તેમની વાર્તા ૧૭ મી છે.

તહાં સારસ્વતએક [૧૩]રામદાસજી કહો [૧૪]અમા ક્ષત્રાણિ. ૬
સુમરો [૧૫]ગદાધરદાસ [૧૬]વેણીદાસ [૧૭]માધવદાસકો,
[૧૮]હરિવંશપાઠકજાનીયે [૧૯]ગજનધાવન [૨૦]ગોવિંદદાસકો. ૭
જહાં બ્રહ્મચારી [૨૧]દાસનારાયણ શ્રી મહાવનમેં વસે,
તહાંશેઠ [૨૨]દીનકરદાસ કાયસ્થ [૨૩]દાસદિનકર જગલસે. ૮
કાયસ્થ [૨૪]મુકુંદદાસ સુમરીએ જુ મુકુંદ સાગર જીનકીયો,
કહિયે જલોટા [૨૫]પ્રભુદાસહિં એક મન નિશ્ચે દીયો. ૯
સિંહાનંદ વાસી ભક્ત ઉત્કટ ભાટ એક [૨૬]પ્રભુદાસહે,
ક્ષત્રી જુ [૨૭]પુરૂષોત્તમદાસ શોભિત રાજઘાટ નિવાસહે. ૧૦
કાયસ્થ બરનો [૨૮]ત્રિપુરદાસહિં ભક્ત રતન ઉદારહે,
જેબલ [૨૯]પૂરણમલ્લ શોભિત [૩૦]યાદવેન્દ્રદાસ કુંભારહે. ૧૧
કહે ભટ્ટ [૩૧]માધો કાશ્મિરી લીખી જિન સુબોધિનિ,
બરનો [૩૨]ગુસાંઈદાસ કે ગુણ દયાસાગર વર્દ્ધિની. ૧૨
[૩૩]પદ્મા જુ રાવલ બરનેહો જોશી કહો [૩૪]પુરૂષોત્તમ,
[૩૫]જગન્નાથ જોશી સુમરિહો શ્રી [૩૬]રામદાસજી ઉત્તમ. ૧૩
[૩૭]ગોવિંદ દુવે ખેરાલુકે [૩૮]કૃષ્ણદાસ અધિકારી કહો,
પ્રોહિતજુ મીરાંબાઈકો ભજ [૩૯]રામદાસહિં સુખલહો. ૧૪
[૪૦]બુલાજુ મિશ્ર સારસ્વત એક [૪૧]રામાનંદ પંડિત ભનો,
એક [૪૨]વિષ્ણુ [૪૩]વેણિદાસછીપા [૪૪]જીયાદાસ કૃપા ઘનો. ૧૫
[૪૫]ભગવાનદાસ સિધોતરા [૪૬]કવિરાજ ભાટબડે ભયે;
લઘુ એક [૪૭]પુરૂષોત્તમ મહામતિ ધીરજ અનવસર સયે. ૧૬

અબ કહો [૪૯]શ્રીગોપાલદાસજી નરોડા જાકે છંદ હે,
ઓર ક્ષત્રી એકજુ શેઠ ચોપડા જનાર્દન આનંદ હે. ૧૭
એક ભાટ [૫૦]નારાયણ કહો મથુરાં વસે આનંદ ભરે;
શ્રીમદનગોપાલ પ્રગટ નારાયણ સદનહિમેં અવતરે. ૧૮
[૫૧]ગરૂડ સ્વામિ પરમ કહિયે [૫૨]દેવાકપુર બિરાજહી,
લલિતલાલ ત્રિભંગ મૂર્તિ મોદસોં જહાં રાજહી. ૧૯
ક્ષત્રી [૫૩]કનૈયાલાલ નરહરિદાસ બ્રાહ્મણ વરનિયે,
શ્લોક [૫૫]ઉત્તમદાસ કહિ [૫૬]હરિદાસ પુષ્કરણા કહિયે. ૨૦
સુનો અબ ચોહાણ બડે એક [૫૭]રામદાસ કહવાવહિ,
પ્રથમ બાદા [૫૮]બાદરાયણ ભટ્ટ [૫૯]મોહન ભાવહિ. ૨૧
[૬૦]રાજા હુવે [૬૧]માધો હુવે દ્વે વિપ્ર ઉનકે સંગ વસે,
વ્યાસ [૬૨]રાણાદાસ પીતાંબર મુકુટ મણિ રસમય રસે. ૨૨
[૬૩]ગોપાલદાસ વ્રજવાશી જટાધારી મહા અનુભવ ભરે,
[૬૪]ગોરજા સમરાઈ કહો નંદલાલજીન રસમય ઢરે. ૨૩
કહી [૬૫]સૂર [૬૬]પરમાનંદ છકડા [૬૭]વસુદેવ વખાણિયે,
બાબાજુ [૬૮]વેણી [૬૯]કૃષ્ણ [૭૦]જાદવદાસ કે ગુણ ગાઈયે. ૨૪
ભાગોજુ ક્ષત્રાણી કહો એક [૭૨]અચ્યુત [૭૩]આનંદદાસહે,
હુજોજી [૭૪]અચ્યુતદાસ દ્વિજવર હારગરગુ વિશ્વાસહે. ૨૫
[૭૫]આનંદ [૭૬]વિશ્વંભરદાસ [૭૭]શ્યામ સુનારકે ગુણ ગાઈયે,
વાસી અડેલ સદા નિરંતર સુંદર હરિ મન લાઈયે. ૨૬
દીવાન ઠકુરકો [૭૮]નારાયણદાસ પ્રગટ લુહાણુકે,

માતા કહિએ સિહાનંદ [૭૯]ક્ષત્રાણિ પુત્ર વત્સલ ગાનહે. ૨૭
કહે [૮૦]સંતદાસ મહા વિરક્ત આસક્ત નિત્ય ગિરિધરનસો,
[૮૧]આનંદ [૮૨]જગતાનંદ દ્વિજવર દીન કુલ હરિ શરણસો. ૨૮
[૮૩]કુંભનદાસ મહા રસમત્ત જીન પ્રભુસોં સચી,
[૮૪]કૃષ્ણદાસ ગોવાળ કહીયે જીન ગૌ નાહરતેં બચી. ૨૯
એ ભક્ત ચોરાશી ભજો તબ શ્યામ શ્યામા ગાઇયે,
વિનંતિ સુની અલિખાનકી વ્રજવાસ કબધોં પાઇયે. ૩૦
અબ જાત દીન બીતે સબેં મેરી આશ કબધોં પૂરહી,
કે દીન આ જગમાંઝ નિશદિન ત્રાસહિં મેઘુમહીં. ૩૧
યે ભક્ત જનસો હેત તુમસોં તાહિ છિન પ્રભુ જાનહો,
જબ દિનકો ગિરિરાજ વૃંદા વિપુનકે સુખ સાનિહો. ૩૨

શ્રી ચોરાશી વૈષ્ણવનું ધોળ.

ધોળ ૧૨ મું.

શ્રીગુરૂ યુગ પદ કમળ રજ, હું વંદુ નિત્ય ધરી નેમ;
દુઃખ હરણ સુખ શ્રેય નિધિ, ફળદાયક ભક્તિ પ્રેમ. ૧
શ્રીવલ્લભ શ્રીવિઠ્ઠલપ્રભુ, શ્રીકૃષ્ણ પૂરણ કામ;
ચોરાશી મહાભક્ત તેહનાં કરૂં વર્ણન નામ. ૨
જેનું સ્મરણ કર્યા થકી, અઘ દુઃખ કલેશ પળાય;
પુષ્ટિ પંથ પ્રભુ પ્રસન્ન હોય મહા પતિત પાવન થાય.

મનવાંછિત ફળ શીઘ્ર પામે, ગાતાં એ અભિધાન;
શ્રીમહાપ્રભુજી નિજાનંદનું, કરે તેહને દાન. ૪

ઢાળ.

શ્રીદામોદરદાસ હરસાનીરે, કૃષ્ણદાસ મેઘન વદે વાણીરે. ૧
સંભરવાળા દામોદરદાસરે, જેનો કનોજ મધ્યે નિવાસરે. ૨
પદ્મનાભદાસ હરિભક્તરે, તુલસા પ્રભુ પદ આસક્તરે. ૩
વધુ ત્હેની કહીએ પારવતીરે, સુત રઘુનાથદાસ સુમતિરે. ૪
રજોબાઈ વૈષ્ણવ ક્ષત્રાણીરે, સેવ્યા શ્રીવલ્લભ રતિ આણીરે. ૫
વૈષ્ણવ શેઠ પુરૂષોત્તમદાસરે, જેનો કાશીપુરીમાં નિવાસરે. ૬
બાઈ રૂક્ષ્મણિ પુત્રી તેહનીરે, સેવા અતુલિત કહીયે તેહનીરે. ૭
શેઠના સુત ગોપાળદાસરે, સેવા સ્મરણમાં હુલ્લાસરે. ૮
રામદાસ હરિ રંગ રાતારે, ગદાધરદાસ જગ વિખ્યાતરે. ૯
વેણીદાસ માધવદાસ બે ભાઈરે, હરિવંશ પાઠક સુખદાઈરે. ૧૦
વૈષ્ણવ કહીએ અમ્મા ક્ષત્રાણિરે, ગોવિંદદાસ ભલ્લા દયો વખાણીરે
ગજનધાવને સેવ્યા મુરારિરે, દાસ નારાયણ બ્રહ્મચારીરે. ૧૨
મહાવનની વૈષ્ણવ ક્ષત્રાણિરે, જીયાદાસ સુરીદયો જાણીરે. ૧૩
ક્ષત્રી વૈષ્ણવ દેવાકપૂરરે, શેઠ દિનકર પ્રેમી ઊરરે. ૧૪
મુકુંદદાસ મહા વૈષ્ણવ મ્હોટારે, ક્ષત્રી પ્રભુદાસ જલોટારે. ૧૫
પ્રભુદાસ ભાટ હરિજનરે, દાસ પુરૂષોત્તમ ધન્ય ધન્યરે. ૧૬
ત્રિપુરદાસ વૈષ્ણવ કાયસ્થરે, પૂરણમલ રસિક રસમસ્તરે. ૧૭
યાદવેંદ્રદાસ પ્રજાપ્રત્યરે, ગુસાંઈદાસ સેવ્યા હરિ અત્યરે. ૧૮

માધવભટ્ટ કાશ્મીરમાં વાસરે, વાંસવાડાના ગોપાળદાસરે. ૧૯
પદ્માવતી અતિસેવારે, પુરૂષોત્તમ જોષી તેવારે. ૨૦
જગન્નાથ જોષી તેના ભ્રાતારે, વળી વૈષ્ણવ તેમની માતારે. ૨૧
જોષી નરહરિ હરિનાં દાસરે, ગામ ગોધરે રાણા વ્યાસરે. ૨૨
વૈષ્ણવ રજપૂતાણી હરિની દાસીરે, રામદાસ ગુજરાતના વાસીરે.
હવે ગોવિંદ હરિ રસ માતારે, રાજા માધવ દુવે બેઉભ્રાતારે. ૨૪
ઉત્તમ શ્લોકદાસ સેવા ભારીરે, સેવક શ્રીજીના કહેતા મેહેતારીરે.
ઇશ્વરદાસ હવે રસ મગ્નરે, હરિ હરિજનશું ચિત્ત લગ્નરે. ૨૬
વૈષ્ણવ છકડા વાસુદેવદાસરે, સેવા અર્થે રહેતા પ્રભુ પાસરે. ૨૭
કૃષ્ણદાસ ઘઘરી સુખ કંદરે, બાબા વેણુ રહિત દુઃખ દ્વંદરે. ૨૮
એ બેઉનો એક ખવાસરે, તેનું નામ તે જાદવદાસરે. ૨૯
થાનેશ્વરના વિપ્ર જગતાનંદરે, સેવ્યા શ્રીહરિ અતિ આનંદરે. ૩૦
બ્રાહ્મણી અડેલની વૈષ્ણવ બાઇરે, આનંદદાસ વિશ્વંભરદાસ બેભાઇરે
વૈષ્ણવ ક્ષત્રાણી પ્રભુપદ પ્રીતરે, રામદાસ મીરાંના પ્રોહીતરે. ૩૨
કૃષ્ણદાસી ખવાસણી જાણીરે, જેની વાણી શ્રીવલ્લભે માનીરે. ૩૩
બુલામીશ્ર શ્રીવલ્લભવરનારે, રામાનંદ પંડિત થાનેશ્વરનારે. ૩૪
વિષ્ણુદાસ છીપા રસ પૂરરે, જીવણદાસ ક્ષત્રિ કપૂરરે. ૩૫
સારસ્વત દ્વિજ ભગવાનદાસરે, જેનું ચિત્ત સદા પ્રભુ પાસરે. ૩૬
વૈષ્ણવ ભગવાનદાસ ભીતરીયારે, શ્રીજીની સેવામાં ઠરીયારે. ૩૭
અચ્યુતદાસ સનોડીયા કહીયેરે, ગોડ વિપ્ર અચ્યુતદાસ લહિયેરે.
સારસ્વત દ્વિજ અચ્યુતદાસરે, નારાયણદાસ અંબાલે વાસરે. ૩૯

નારાયણદાસ ભાટ મથુરાંનારે, નારાયણદાસ લુવાણા ઠઠ્ઠાનારે. ૪૦
ક્ષત્રાણી ગોદજાને સમરાઇરે, સાસુ વહુ બે વૈષ્ણવ બાઇરે. ૪૧
સીંહનંદના ક્ષત્રી સારરે, વૈષ્ણવ અડેલના એક સુતારરે. ૪૨
એક વૈષ્ણવ હરિગુણ ગાતારે, દામોદરદાસની માતારે. ૪૩
સીંહનંદ ક્ષત્રાણીનો વાસરે, કવિ લઘુ પુરૂષોતમદાસરે. ૪૪
કવિરાજ ભાટ ગુણ ગાવેરે, ગોપાળદાસ ઇટોલાના કહાવેરે. ૪૫
જનાર્દનદાસ વૈષ્ણવ ક્ષત્રીરે, ગરુડ સ્વામી બ્રાહ્મણ હરિની મૈત્રીરે.
કનૈયાલાલ ક્ષત્રી પ્રકાશરે, વિપ્ર ગોડીઆ નરહરિદાસરે. ૪૭
બાલકૃષ્ણ બાદરાયણદાસરે, સેવા સ્મરણનો અભ્યાસરે. ૪૮
વૈષ્ણવ રામદાસ ચોહાણરે, સેવા સ્મરણ માંહે સુજાણરે. ૪૯
માણેકચંદ સહુપાંડે ભવાનીરે, નરોબાઈ હરિમન માનીરે. ૫૦
નરહર સંન્યાસી હરિના ભક્તરે, જેની હરિપદ નીર્મળ મત્યરે.૫૧
ગોપાળદાસ કહીયે જટાધારીરે, વસી વ્રજમાં સેવ્યા ગિરિધારીરે.
સંત પોષ્યા સત ના કી નારીરે, કૃષ્ણદાસે સોંપી પરને પ્યારીરે.
આગ્રે ચોપરા સંતદાસરે, સુંદરદાસે સેવ્યા અવિનાશરે. ૫૪
પટેલ માવજી વિરજો સાહિતરે, પાત પતિન પ્રભૂપદ ચિત્તરે. ૫૫
ગોપાળદાસ નરોડાના કહાવેરે, સેવે શ્યામને હરખે હુલરાવેરે.૫૬
સૂરદાસ શિરોમણી ભક્તરે, ગાયા શ્રીગિરિધર જાણે જગતરે. ૫૭
સર્વોપરિ દાસ પરમાનંદરે, ગાયા ગુણનિધિ બાલમુકુંદરે. ૫૮
કુંભનદાસ મહારસ કંદરે. સખા ભાવે સેવ્યા શ્રીગોવિંદરે. ૫૯
સુત કૃષ્ણદાસ દૃઢ એવારે, છોડયા પ્રાણ ન છોડી ગૌસેવારે. ૬૦

કૃષ્ણદાસ કહીયે અધિકારીરે, ગાયા સેવ્યા શ્રીરાસ બીહારીરે. ૬૧
ગાયા વૈષ્ણવ એ ચોરાશીરે, શ્રીવલ્લભ પદ નિકટના વાશીરે. ૬૨

વલણ.

સકળ તત્ત્વનું તત્ત્વ છે એ સારમાં એ સાર,
પાઠ કરતા માત્રમાં વશ થાય શ્રીનંદકુમાર;
શ્રીવલ્લભ શ્રીવિઠ્ઠલ પ્રભુને જે પ્રસન્ન કરવા ચહાય.
નથી અવર ઉપાય બીજો હરિ ભક્તના ગુણ ગાય,
શ્રીઆચાર્યજી શ્રીમહાપ્રભુજીના અંતરંગ એ ભક્ત,
મુજ ઉપર કરૂણા કરો શ્રીવલ્લભપદ આસક્ત;
એ વૈષ્ણવ પદ રજરતીની છે ઘણી મુજને આશ;
ગાય ગુણ હરિદાસના દયારામદાસનો દાસ.

ઇતિ શ્રીચોરાશી વૈષ્ણવનું ધોળ સંપૂર્ણ.

ભક્તિનો મહિમા.

કવિત. પદ ૧૩ મું.

જમદૂતન જાઈ પુકાર કીયો, ધર્મરાય સુનો એક બાત હમારી;
શ્રીવલ્લભ કુલમેં પ્રગટે સો, આનંદ કંદ વિનોદ વિહારી. ૧
સો જીનકે શીર હાથ ધરે, તિનસું ન ચલે કુછ રીત હમારી;
આગે કહો ન પાછે પ્રસિદ્ધ, ચલેગી કેસે તિહારી. ૨

પદ ૧૪ મું.

હરિજન સંગ છિનક જો હોઈ.
કોટી સ્વર્ગ સુખ કોટી મુક્તિ સુખ, તાહિ બરાબર લહે ન કોઇ. ૧
ભુરી ભાગ્ય પૂરન ફલ સંચિત, કૃષ્ણ કૃપા હોય જાકે;
સૂરદાસ હરિજન પદ મહિમા, કોન કહી સકે તાકે. ૨

પદ ૧૫ મું.

જાકું નેક કૃષ્ણકો બાહાનો.
તાકે નિકટ ન જાય જનકોઉ, કહા રંક કહા રાનો. ૧
માલા કંઠ તિલક બિરાજત; અરૂ ચંદન લપટાનો;
શંખ ચક્ર ગદા પદ્મ બિરાજત, સો કહા રહેગો છાનો. ૨
રાવ સુત કહેત પુકાર પુકારી; સુનકેં દુત અકુલાનો;
સૂરદાસ કહત યહહિતકો, સમજ સોચ જીય જાનો. ૩

પદ ૧૬ મું.

પોકારે ઠાડોહી ધર્મરાજ,
ડંડ ફાંસી પ્રભુ ધરો જુ ભંડારે, ભવન નહી કછુ કાજ. ૧

શ્રીવિઠ્ઠલ વલ્લભજુકે નંદન, દશધા ભક્તિ પ્રકાશી;
અધમ ઉદ્ધાર કીયો કલિયુગમેં, કોઉ ન પરે જમ ફાંસા.
ઘર ઘર ભજન ભાગવતકી સેવા, નિશદિન હરિગુણ ગાવે;
શ્રીકૃષ્ણનામ એહી વચનકું, શ્રીહરિ આપ શિખાવે.
જહાં તહાં દૂત જાય હે મેરો, તહાંતે ફીર પાછો આવે;
પ્રબલ પ્રતાપ બઢયો દ્વિજવરકો કહું ઓંખન નહિ પાવે.
આ જુગમાંહી પ્રગટ હોય કેં, જો ઇનકુ નહી જાને;
સૂર કહે વે નરક નિવાસા અન્ય ભજનકો આને. ૫

પદ ૧૭ મું.

મિલે કબ વે મનકે અનુરાગી.
શ્રીવલ્લભ વચનામૃત પીવત, જયું ચકોર લવ લાગી.
તીનકે નામ સંબંધ માત્ર તેં, જાય અવિદ્યા ભાગી,
આનંદ રોમ રોમ ભર આવત, સુખ ઉપજાવત સાગી.
જાકે પીછે ડોલત ગિરિધર, પ્રેમ પુંજરસ પાગી;
રસિકદાસ જનકો કૃષ્ણ સંગ, સોઇ દાસ બડભાગી. ૩

પદ ૧૮ મું

મીલે કબ શ્રીવલ્લભકે પ્યારે,
જાકે હાવ ભાવ પ્રીતિ રસ, તીહું લોકતેં ન્યારે.
કૃપા સમુદ્ર ભરે અંગ અંગમેં, ઉછલીત રસકી ધારે;
માલા તિલક બીરાજત અદ્ભુત, કરૂણામય અનુહારે, ૨
કોટી જનમકે તમ દુઃખ ભાજત; હૃદય કરત ઉજીયારે;

પુલકીત પ્રેમકંઠ ભર આવત, સુખ ઉપજાવત ભારે. ૩
જાપેં કૃપા કરત શ્રીગિરિધર, તબ ઈનકે અનુચારે,
રસિકદાસ જન કો વિધિ પઇયત, દોઉ નેનનકે તારે. ૪

પદ ૧૯ મું.

આયે મેરે શ્રીવલ્લભ નામ ઉપાસી.
માલા તિલક ગોપિજન મુદ્રા, કોટિક ચંદ્ર પ્રકાશી.
ભગવતકથા શ્રવણ પુટભાવત, પુરણ પ્રેમ નિત્રાશી;
દરશન ભયો લહે સબહીસુખ, તત્ક્ષણ આનંદ રાશી. ૨
પુષ્ટિ ભક્તિકો દાંન કરત નીત્ય, વિષય ન શોક ઉદાસી;
રસિકદાસ જન સો બડભાગી, ઇનકો સંગ સુવાસી. ૩

પદ ૨૦ મું.

શ્રીબલ્લભ જનકી યહ પેહેચાન.
મીલત હરત દુઃખ જન્મ જન્મકે, સહેજ પડી યહ બાન. ૧
સદશ કરત આપ એક છીનમેં, હૃદે પડી રસ ખાન;
રામદાસ શ્રીવલ્લભ ચરન કૃપાતેં, દેત અભેપદ દાન, ૨

પદ ૨૧ મું.

હરિજનકું હરિ નામ બડો ધન હરિજનકું હરિનામ;
બીન રખવાલે ચોર કહિ ચોરત, સોવત હે સુખધામ. બડોધન. ૧
દિન દિન હોતે સવાઇ ઢેરી, ઘટત નહિં કછુ દામ. બડોધન. ૨
સુરદાસ પ્રભુ સેવા જાકી, પારસસું કહાકામ. બડોધન. ૩

પદ ૨૨ મું.

હરિદાસન તેં ગર્વ ન કરવો.

યહ અપરાધ પરમ પહહું તે ઉતર નરકમેં ગારવો.

હું ધનવંત કુલવંત યહ ભિક્ષુક, યહ કબહુ મનમેં નહિ ધરવો;

ગજ સિંહાસન અશ્વ પાલખી, ભવસાગર નહિં તરવો. ૨

ખાનપાન એડાય ચલતહે, ઐસે કારજ કબહુ ન સરવો;

સુરદાસ યહ સત્ય કહતહું, ભક્તન સંગ ઉબરવો. ૩

પદ ૨૩ મું.

મોહિ બલહે દોઉ ઠોરકો.

એક બલ મોયે હરિ ભક્તનકો, દૂજો નંદકિશોરકો. ૧

મનસા વાચા ઓર કર્મણા; નાહિ ભરૂસો ઓરકો;

છિતસ્વામી ગિરિધરન શ્રીવિઠ્ઠલ શ્રીવલ્લભકુલ શિર મોરકો. ૨

પદ ૨૪ મું.

કરો મન હરિ ભક્તનકો સંગ.

જીનકે સંગતે સુમતિ ઉપજતહેં, બઢત ભજનમેં રંગ. ૧

ઉગ્ર સ્વભાવ શ્રીકૃષ્ણુપદ સેવા જેસે જલમેં ગંગ;

ધ્યાન ધરત શ્રીગિરિવરધરકો, મનમેં બઢત તરંગ. ૨

સુર વિમાન સબ કોતુક ભુલે; ક્રિડત ગોપીન સંગ;

સુરદાસ વ્રજવાસ કીયેતેં. મનમેં બઢત તરંગ. ૩

પદ ૨૫ મું.

જો જન અષ્ટછાપ ગુણ ગાવત.

ચિત્ત નિરોધ હોત તાહિ ક્ષણુ, હરિ લીલા દરશાવત. ૧

સુર સુરજ સહુદે પ્રકાશત, પરમાનંદ બઢાવત;
છિતસ્વામી ગોવિંદ યુગલ બસ, તન પુલકીત જલ આવત ૨.
કુંભનદાસ ચત્રુભુજદાસ, ગિરિધર લીલા પ્રગટાવત;
તરૂણુ કિશોર રસિક નંદ નંદન, પૂરણુ ભાવ જનાવત. ૩
નંદદાસ કૃષ્ણુદાસ રાસ રસ, ઉછલિત અંગ અંગ ન માવત;
રસિકદાસ જન કહાંલોં બરનો, શ્રીવલ્લભ મન ભાવત. ૪

પદ ૨૬ મું.

ભક્તિ લજાવન શરન પડયો હુતો,
ઉંચો મારગ હરિ ભક્તિનકો, તા મારગમેં પાઉં ધર્યો. ભક્તિ. ૧
કહ્યો કછુ ઓર નચ્યો કછુ ઓર, તાતેં તીહારે ચિત્ત ઉતયો;
ઈંદ્રી નેન નાસિકા જીભ્યા, તાકે વશ હોય ખીસલ પડયો. ભક્તિ. ૨
ઓર પતીત ભયે બહોતેરે, તાકી છોરન મોહે ઘડયો;
સુર પતિ તુમ પતીત ઉદ્ધારન, બીરદકી લાજ કરો. ભક્તિ. ૩

પદ ૨૭ થું.

એ સબ જાને ભક્તકે લક્ષણુ,
કોઉ નિંદો કોઉ વંદો, કોઉ માર લે જાઓ ધન ગચ્છન. એ. ૧
કોઉ આન લે ચંદન ડારો, કોઉ મારો ધુળ લે ભચ્છન;
કોઉ કહે એ મુરખ અજ્ઞાની, કોઉ કહે એ બડો વિલક્ષણુ. એ. ૨
ભલી બુરી કછુ મનમેં ન લાવે, કૃષ્ણુ ચરણુ રતી તરણુ એક ક્ષણુ;
સુર સુખદુઃખ બ્યાપે નહિ તા તન, યાહીતેં ગિરિધરમીલે તતક્ષણુ. ૩

પદ ૨૮ મું.

નેક કૃષ્ણુકો બહાનો જાકું, નેક કૃષ્ણુકો બહાનો
તાહીકે ઘર મત જાઓરે જમરા, રંક હોય કે રાણો. ૧
તુલસીકે આભુષણ પહરે, અંગ ચંદન લપટાણો;
છાપાં તિલક ઓર માલા બનીહે, સો કયોં રહેગો છાનો. ૨
કહે રવિનંદન યમદૂતનસું, યમ રાજા મુસકાનો;
પરમાનંદદાસકો ઠાકોર, ભક્તનકે હાથ બિકાનો. ૩

પદ ૨૯ મું.

બહાનું બળીયુંરે શ્રીકૃષ્ણુરાધાવરનું,
અધમને ઉંચુ પદ આપે, કાપે દુઃખ પરપરનું. ૧
ભગવદ ભક્ત નારાયણદાસ ઘેર, ઠગ વૈષ્ણુવ ચાર આવ્યા;
પ્રેમ ધરીને પાસે રાખ્યા, બહાનાને નવ ડુભાયા. ૨
માલ પીયારો ખાય રસ માતો, કૃત વિષે ના કરતો;
ચકરાકૃત દેખી સૌ કંપે, હીંડે નિરભય ફરતો. ૩
ઉદર પરાયણ દયે ભવૈયે, વૈષ્ણુવનું બાનું લીધું,
હત્યા ચાર દૂર ગઈ તતક્ષણુ, સરવે કાર્ય સિધું. ૪
સત્ય અસત્ય ધર્મ અંતરનો અંતર્યામી જાણે;
છાપાં તિલક માલા દેખીને, સૌ જન ભક્ત પ્રમાણે. ૫
કપટ સહિત જેનાં કારજ સિધાં, તો સાચે શું નવ થાયે;
અરે દયાતું પ્રભુને મૂકી, એળે શીદ અથડાયે. ૬

[1]અષ્ટસખાનાં ઘોળ.

સુરદાસજીનું ઘોળ ૩૦ મું.

સુરદાસ સાગર સહુ શીરોમણી, બાલપણે વૈરાગ્ય વિનોદ અપારજો;
ગાતા ગુણ તે જ્ઞાન ગુણ વૈરાગનાં રહ્યા દૂરતે ઘર મૂકીને બહારજો. ૧

વલી સ્વામી થઇને સેવક પોતે બહુ કર્યા,
થયા સહુમાં મોટા બહુ પ્રકાશજો;
વલતી થયા શરણ શ્રીવલ્લભનાથને,
ત્યારે સરવે મનની પહોચી આશજો. ૨

અનુક્રમણીકા કહી પોતે કરૂણા કરી,
પ્રેમલક્ષણા પુરણ થઇ પ્રકાશજો;
ગાઇ વધાઈ જન્મ સમે જે ત્યાંહાં થઇ
જાણે પોતે ઉભાછે તે પાસજો. ૩

સરવે લીલાનો સાર શ્રીસુબોધીનિ,
થયો પોતાને તેનો તે પ્રકાશજો;
સરવે લીલા કરતા શ્રીવલ્લભ કહ્યા,
દ્વીધા ભાવનો પોતે કીધો નાશજો. ૪

---

૧ આ અષ્ટસખાનાં ઘોળ અમને દેવગડ—બારીયાના વૈષ્ણવ શ્રી. માસ્તર. નરોત્તમદાસ ગોવરધનદાસ તથા બક્ષી. મગનલાલ હરિલાલે આ દાસ ઉપર કૃપા કરી મોકલ્યાં છે તે અત્રે આપ્યાં છે.

કૃષ્ણદાસજીનું ધોળ ૩૧ મું.

કૃષ્ણદાસ અધિકારી અધીક સોહામણા,
જેણે કીધો મહા મોટો અધિકારજો;
બંગાલીને બહાર કર્યા મંદીર થકી,
તે માંહે તે ક્ષણુએ ન લાગી વારજો. ૧
છોકરી એક અનોપમ એક વેશ્યા તણી;
લાવી કરાવી તેને અંગીકારજો;
ગાયા ગુણ તે શ્રીગોવર્દ્ધન નાથના,
લીલા માંહે રાસલીલા વિસ્તારજો. ૨
અધીકારી માટે અહંતા મનમાં કરી,
સ્વામી સાથે દ્વેષ કર્યો અપારજો;
માટે સદ્ગતિ પોતાની થઇ નહિ,
જાણી વલ્લભ દાસ કર્યા અંગીકાર જો. ૩

પરમાનંદદાસજીનું ધોળ ૩૨ મું.

પરમાનંદદાસ પ્રેમ આનંદમાં.
બાલપણેથી ગાવાનો અભ્યાસજો,
તેથી સ્વામી થઇને સેવક પોતે કર્યા;
માટે જગતમાં ગુણી થયા પ્રકાશજો. ૧
પણ ગાતા હતા ગુણ સરવે વિયોગના,
વળતી વૈષ્ણવ કપુર મળ્યા તે જાણજો;
ત્યારે પ્રભુજીએ પ્રેમ કરી બોલાવીયા,
આજ સાંભળી તહારી તો મેં વાણીજો. ૨

વળતી શરણે થયા શ્રીવલ્લભ દેવને,
અનુક્રમણીકા કહી સુણાવી જ્યારે જો;
તેથી સર્વે લીલા શ્રીસુબોધીનિ,
બાળલીલાથી સરવે પોતે જાણ્યું જો. ૩
વળતી વિનતિ કરી સુણાવી શ્રીનાથને,
જોવાને શ્રીવ્રજ વૃંદાવન ભૂપજો;
તે જાણી શ્રીવલ્લભ તેડી લાવીઆ,
દરશાવ્યું શ્રીગોકુલનું નીજ રૂપજો. ૪
વલતી નયણે નીરખ્યા તે શ્રી નાથજી,
ત્યારે સરવે મનની પહોંચી આશજો;
ગાયા ગુણ તે પુરણ અતિ ઉત્સાહમાં,
સદા રહ્યા શ્રીવલ્લભ ચરણ નીવાસજો. ૫

કુંભનદાસજીનું ધોળ ૩૩ મું.

કુંભનદાસ કૃપાલ કૃપાનિધિ ઘણા.
વૈષ્ણવ જનને કીધો બહુ ઉપકારજો,
અસુજમાં દરશન કોઈને થાએ નહિ;
એવું મનમાં જાણ્યું તે નીરધારજો. ૧
દુઃખ મીશ કરી મુરછીત થઇ પોતે પડયા,
એટલે સરવે ધાઇ આવ્યા લોકજો;
વાત કરે છે લૌકીકના વિયોગની,
જોવા મળીયા સરવે થોકા થોકજો. ૨

એવી વાત સુણી શ્રીવિઠ્ઠલનાથજી,
પોતે જાણ્યું દાસપણાનું હાર્દ જો;
આતુર થઇ પાસે આવી ઉભા રહ્યા,
કહી કાનમાં વાણી એવી સઘળે. ૩
તમને દરશન દેશે તે શ્રીનાથજી.
સુણી વચનને તરત ઉઠી ઉભા થયા;
વૈષ્ણવ જનનું રૂપ જગતમાં જણાવીઉં,
માટે કરો શ્રીવલ્લભ પ્રભુ પદ સેવજો. ૪

ચત્રુભુજદાસજીનું ધોળ ૩૪ મું.

ચત્રુભુજદાસ સદા સખા શ્રીશ્યામના,
બાર દિવસમાં શરણ થયા તે આવી જો;
ત્યારે કૃપા કરી શ્રીવિઠ્ઠલનાથજી,
મંદીર માંહે નીજ લીલા દરશાવી જો. ૧
ત્યારે કીરતન કરી સુણાવ્યું તે શ્યામને,
પ્રભુજી પ્રસન્ન થયા તે એવું જાણીજો;
ગાયો ચરાવવા વનમાં સાથે આવજો,
એવું બોલ્યા શ્રીમુખથી તે વાણી જો. ૨
માખણ ચોરી કરવા પ્રભુ પોતે ગયા,
ત્યાંયે પણ સાથે તેડી લીધા જો;
ખાઇ કરીને પોતે તો નાશી ગયા,
એમણે ઉભા રહી માર બહુ ખાધો જો. ૩

કોઈ સમયેવલી વચન કહ્યું શ્રી ગુસાંઈજી,
રામદાસને તેડાવ્યા નિરધારજો;
સઘન કુંજને દ્વારે દરશન આપીયું,
યુગલ સ્વરૂપ નિશ્ચે ઉરમાં ધરવા જો. ૪
હાંસી કરવા સારૂ ફરી લગ્ન કરાવીયું,
ભગવદી રાઘવદાસનું પ્રાગટ કરવા જો;
કુંભનદાસના સંગ થકી સુખ પામીઆ,
લીલારસતે શ્રીવલ્લભ ઉર ભરવાજો. ૫

નંદદાસજીનું ધોળ ૩૫ મું.

નંદદાસ આનંદ સદા મનમાં ઘણું,
બાલપણામાં વિદ્યા તે બહુ ભણીયા જો;
વળતી સ્વરૂપાશાક્ત કરીને તેડીયા;
શ્રીગોકુલમાં આવીને અનુસરીયા જો. ૧
ત્યારે કૃપા કરી શ્રીવિઠ્ઠલનાથજી,
શરણ લઈને પોતે સનમુખ કીધા જો;
નિજ લીલા દરશાવી તે દયા કરી,
વળતી ભક્તી રસ ભાવ કરીને પીધો જો. ૨
ભાઇ પોતાના હેત જાણીને ત્યાંહાં આવીઆ,
તેના સામું જોયું નહિ લગારજો;
કહેવું નોધારૂં તે કાગલમાં લખ્યું,
શ્રીકૃષ્ણ પૂર્ણ સમર્થ તે અવતાર જો. ૩

ભાષ્ય કર્યું શ્રીદશમ સ્કંધ નીરોધનું,
પુરાણીએ આવી કર્યો પોકારજો;
પ્રભુ આજ્ઞા પ્રમાણે તેટલું રાખીયું,
બીજું સરવે પધરાવ્યું શ્રીયમુના ધારા જો. ૪
એવા સદા સખા શ્રીનંદકુમારના,
પ્રગટયા આવી શ્રીપુરૂષોત્તમ સાથે જો;
એમના ગુણ તે શા શા કહી સંભારીએ,
વલ્લભદાસના સ્વામી શ્રીવલ્લભનાથજો. ૫

છીતસ્વામીનું ધોળ ૩૬ મું.

છીતસ્વામી ચોબા તે પ્રપંચે ભર્યા.
પાંચ સખામાં પોતે તે સરદારજો,
છલ કરવા સારૂ શ્રીગોકુલ આવીઆ;
શ્રીવિઠ્ઠલવર તો પોતે પરમ ઉદાર જો. ૧
દરશન કરતાં દીઠા તે શ્રીનાથજી,
લજ્જીત થઇને સંકોચાયા મન માંહેજો;
થો થો ખોટો રૂપીઓ ખરો થયો,
એવું જાણી શરણ થયા વલી ત્યાંહેજો. ૨
વલતી ભેદ મટયો તે રૂદીઆ માંહ્યથી,
શ્રીવિઠ્ઠલ ને શ્રીગિરિધર તે એક જો;
વરસોંદી લેવા સારૂ પોતે ગયા,
તે છોડીને આવ્યા એવી ટેક જો. ૩

ગુણ ઘણા ગાયા શ્રીવિઠ્ઠલનાથના,
એ શ્રીગિરિધર પોતે નીશ્ચે જાણી જો;
બીજા એમના ગુણને હું શા શા કહું,
વલ્લભદાસતે બોલ્યા મુખથી વાણી જો.

ગોવિંદદાસજીનું ધોળ ૩૭ મું.

ગોવિંદસ્વામી સદા સખા શ્રીનાથના,
લીલા માંહે સુદામા સુખ સારજો;
યુગલ સ્વરૂપે ગુણ ગાન કરે હુલ્લાસમાં;
ત્યાંહાં પણ પ્રભુ સાંભલતા રહી પાસ જો. ૧
વલતી આવી વિપ્ર કુલમાં જન્મીયો,
સ્વામી થઇને સેવક કર્યાં નિરધારજો;
પણ નિજ દરશનની આરત મનમાં રહે ઘણી,
ગાતા કીરતન પોતે કરીને સારજો. ૨
પછી વૈષ્ણવ જન સાથે થઇને શરણ થયા,
ગોસ્વામી શ્રીવિઠ્ઠલવર વ્રજ ભૂપ જો;
પોતાના જન જાણીને દયા કરી,
દરશાવી તે નિજ લીલા રસ રૂપજો. ૩
ત્યારે દાસ થઈને મૂક્યું સ્વામીપણું,
જ્ઞાન કલામાં ચીત્ત ચોટયું કરી વાસ જો;
ઘોડા કરીને ચઢતા શ્રીગોવરધનનાથજી,
એ સુખ કહી ના શકે વલ્લભદાસજો. ૪



પ્રકરણ ૯ મું.

ચિંત્વનનું ઘોળ, વૈરાગ્ય શતક, સૂરસાઠી, સૂરપચિસી,

અથ શ્રીસુંદરવહુજીકૃત ચિંત્વનનું ઘોળ.

નંદનંદન સખી સુંદર વહાલો, ચિંતન તેનું કરિયેજી;
ત્રિવિધ તાપ વામેં સંસારી, લોક લાજ નવ ધરિયે. ચિંતન. ૧
શ્રીગોવર્દ્ધન વૃંદાવન યમુના, પુલિન કુસુમ દ્રુમ ફુલ્યાંજી;
સુંદર કુંજ બહુત વનવેલી, ફલ ભારે સહુ ઝુલ્યાં. ચિંતન. ૨
કોયલડી કુહુ કુહુ રસમાતી, હંસમોર સહુ ટોળાંજી;
કુસુમ કુસુમ પ્રતિ મધુકર ગુંજે, ગાન મધુર સ્વર બોલ્યાં ચિં. ૩
જલતરંગે શ્રીયમુનામાતા, ફુલ્યાં કમલ અનંતાં જી;
સીતલ પવન સૌરભ સુખકારી, ત્રિવિધ વાયુ વહંતાં. ચિંતન. ૪
ચહુંદિશ અંબ કદંબ જાુ શાખા, બહુવિધ વેલી લાંબી જી;
નૂતન પાન કુસુમ પરવાલી, લટક રહી બહુ આંબી. ચિંતન. ૫
કેતકી ચંપક ગુલાબ માધવી, વેલી સકલ વન છાઈ જી,
મણિ માણિક મય ભુમિ બિરાજે, અદ્દભુત કુંજ બનાઈ. ચિંતન. ૬

તકિયા ગાદી સેજ દુલીચા, ફુલ તણા તહાં સોહે જી;
ફુલ તિબારી ચોક ચંદ્રવા, મધુપ ગંધ રસ મોહે. ચિંતન. ૭
રૂપ અનૂપમ વ્રજની નારિ, સોળે શૃંગારે સારી જી;
નાના કેલિ કરે રસમાતી, સંગે લાલ બિહારી. ચિંતન. ૮
બહુવિધ નારિ રંગ રંગ સારી, અંગ વીજલી ચમકે જી;
ચરણા ચોલી ભૂષણ ભારી, લટકે ઝાંઝર ઝમકે. ચિંતન. ૯
કુંજ તિબારી નવલ વિહારી; રાધા મોહન સોહે જી;
લલિતાજી ત્યાં પાન ખવાડે, નિરખી નિરખી મન મોહે. ચિં. ૧૦
એક મુઠા એક વિજણા ઢોરે, એક તો કુસુમ બનાવે જી;
એક કુસુમ લે હાર બનાવે, અપને હસ્ત પહેરાવે. ચિંતન. ૧૧
ત્યાં એક સુંદરી ચરણ તલાસે. ખોળા માંહે લીધા જી;
નખમણીને અજવાળે દીઠાં, સાલે ચિન્હ પ્રસિદ્ધ. ચિંતન. ૧૨
પ્રથમ દક્ષણ ચરણ વિચારી ધ્વજ અંકુશ નિહાળે જી;
પ્રફુલ્લિત કમલ રસભર્યાં દીસે, વ્રજ દુઃખ સર્વે ટાળે. ચિંતન. ૧૩
સાથીડો મંગલ સુખકારી, અષ્ટકોણ ઐશ્વર્યદાતા જી;
જવ ઉર્ધ્વરેખા કલશ ભર્યા, રસ નિરખ નિરખ સહુ માતા. ચિં. ૧૪
ત્યાર પછી સખી વામ ચરણનાં, ચિન્હ નિરખવા લાગી જી,
પ્રથમ ગોપદ જાંણુ દેખીને, મચ્છ તણી લેહ લાગી. ચિંતન. ૧૫
દીઠું ધનુષ જગત જયકારી, પાછલથી ત્રિકોણ જી;
અર્ધચંદ્ર સીતલ સુખકારી. મોક્ષદાયી વ્યોમાન. ચિંતન. ૧૬
નવસત ચિન્હ ચરણતલે શોભા, રકતવરણ રસ ભારી જી;
દશ નખચંદ્ર મણીની શોભા, કોટિ ચંદ્ર દ્યુતિ હારી. ચિંતન ૧૭

નખમણિ જોત હ્રદયમાં આવે; કોટિ તિમિર અઘ કાપેજી;
પુષ્ટિ પ્રકારે અનુભવ પાછે, અધરામૃત હરિ આપે. ચિંતન. ૧૮
ઉપર ભાગે કુંકુમ શોભા, તુલસી સૌરભ ખાણી જી;
ઉંચેથી વનમાલા સુંદર, ચરણ કમલ પરસાણી. ચિંતન. ૧૯
દિવ્ય કનકમણિ માણિક હીરા, રત્ન જટિત છબિ રાજે જી;
જેમ જેમ પ્રભુજી ચરણ ચલાવે; નુપુર કિંકણી વાજે. ચિં. ૨૦
જંઘા ઘુટુરૂણ ઉરૂ દે શોભા, કદલીસ્થંભ સમાને જી;
પૃષ્ઠ ભાગતે ભારી દીસે, નિતંબ અતિરસ દાંને. ચિંતન. ૨૧
કટિતટ પીતાંબરની શોંભા, દિવ્ય કનક છબી રાજે જી;
ચંચલ થાયે વાયુવશથી, ચમક દામિની લાજે. ચિંતન. ૨૨
રસનાવલિ રસિક મન મોહે, રૂપ અનુપમ દીસેજી;
કટિતટ ઉપર શોભા નવલી, ભુષણ સકલ વિશેષે. ચિંતન. ૨૩
નૃત્યસમેં ત્યાં રૂણઝુણ વાજે, શોભા તે શી કેહેવાયજી;
ઘુઘરડી એ કામણગારી, નિરખ ચકિત મન થાયે. ચિંતન. ૨૪
નાભી ગંભીર ને કટિ પાતલડી, સિંઘ બાપડો લાજેજી;
અંગઅંગ શ્યામ સુભગતા સીમા,ચંદન લિપ્ત બિરાજે. ચિંતન.૨૫
નાભી હ્રદય રોમાવલિ રાજે, નાના અલિગણ પંકતીજી;
પીન વિશાલ ઉરસ્થલ શોભા,કૂચ કુંકુમની સંગતી. ચિંતન. ૨૬
તે ઉપર વૈજયંતી માલા, કંઠથી કટિલગી આવીજી;
દિવ્ય કનક નવરત્ન જડિત, સુજશ સકલ સુછાઇ. ચિંતન. ૨૭
તારાગણ મોતીની માલા, મધ્યતે ફુગફુગી મોઈજી;

સોનાની નિર્મિત મણિમાલા, ગુંજામાલા સોઈ. ચિંતન. ૨૮
ઉપર શ્રીવત્સલાંછન સોહે, તેતો લક્ષ્મી ધામજી;
સોના સુત્રે મણી પરોયો, કૌસ્તુભ તેનો નામ. ચિંતન. ૨૯
કંઠે પંહેરી ઉરપર સોહે, રાતા રંગે વાંનેજી;
જોતિ અનુપમ મધુર રસાલી, રવિશશિ કોટિ સમાને. ચિંતન. ૩૦
ત્રિવલિ કંઠ કનકની દુલરી, શોભા રસિક બિરાજેજી;
કુંદ કુસુમનિ માલા પહેરે, રાજિત ભક્ત સમાજે. ચિંતન. ૩૧
બાંહે બાજુબંધ દિવ્ય કનકના, કુમકડા ત્યાં લલકેજી;
કર કંકણુ મોતીના બેરખા, પોહોંચી હીરા ઝલકે. ચિંતન. ૩૨
બીજી દશનખ જોત રસાલી, હસ્તતલી તે લાલજી;
મુરલી સુંદર સપ્તરંધ્ર સ્વર, બાજે પરમ રસાલ. ચિંતન. ૩૩
બાહુ આજાનુ સ્કંધ અતિ સુંદર, પીતપિછોડી ઓઢીજી;
સુંદર નારી શ્યામ નિહારે, ભવદુઃખ લજ્જા છોડી. ચિંતન. ૩૪
ચિબુક વજ્ર ભૂષણુ અતિ ઝલકે, અધરબિંબ રસ રાતાંજી;
દંતપંક્તિ તે કુંદકલીસી, મંદહાસ્ય રસરાતા. ચિંતન ૩૫
નાસા સુંદર ચાંચ સુડાની, નકવેસર નંગ ઝલકેજી;
ગજમોતી તે અદ્ભૂત દીસે, અધરબિંબ પર લલકે. ચિંતન ૩૬
ગંડ તે સરસ વિશાલ મનોહર, ચંદન ચિત્ર લખાવ્યાંજી;
શ્રમજલ કણિકા અલક મધુપસમ,કાજળ સરસ શોભાવ્યાં. ૩૭
મકર મનોહર કુંડલ કાને, જોતી ઝલક રવિ લાજેજી;
સાંખ્યયોગ તે બેઉ જાણો, માણિક રત્ન બિરાજે. ચિંતન. ૩૮

મોર મુકુટ શિર દિવ્ય કનકના, નંગ અમોલિક ઝગકેજી;
અર્ધચંદ્ર આકારે દીસે, મોતી બાજુ લલકે. ચિંતન. ૩૯
ચિત્ર કપોલ તિલક છબિ રાજે, અલકાવલી અતિ ભારીજી;
ભ્રકુટી ઇંદ્રધનુષસી દીસે, કંદર્પમાન નિવારી. ચિંતન. ૪૦
નયનકમલ તે અતી રસભીના, દીર્ઘ કમલ સમાનજી;
અતિ ઘુણુત અતિ લોહિત લોને, કીકી કરે સનમાન. ચિંતન ૪૧
પ્રેમસમુદ્ર કૃપારસ ભીની, રસબસ ચંચલતાઇજી;
સુંદર મુરલી સુધારસ પૂરે, મધુરે મધુર બજાઇ. ચિંતન. ૪૨
તેવી સુંદરી સંગે રાધા, રૂપ માધુરી સોહેજી;
સુંદર દાસી ચરણ તલાંસે, નિરખિ નિરખી મન મોહે. ચિં. ૪૩
અંગ સૌરભ તુલસીની માલા, લીલા કમલ ફિરાવેજી;
સૌરભ રસથી મોહ્યા અલિગણુ, ગુંજત અંગ લપટાવે. ચિં. ૪૪
ચરણકમલ તે લોહિત વરણે, અંગતે કનક સમાનેજી;
નવ ષટ ચિન્હ નિહાલે રસસું; ત્યાર પછી નખ બાંને. ચિં. ૪૫
અણુવટ વિછિયા નુપુર સોહે, કુસુંબી કોરે સાડીજી;
નીલાંબર તન રાતા ચરણા, શ્યામ કંચુકી ગાઢી. ચિંતન. ૪૬
જંઘા ઊરૂ છે કદલી જેવી, પુષ્ટિનિતંબ છબિ ભારીજી.
નાભિ ગંભીર ને કટિ કેસરીની, કિંકિણિની છબિ ન્યારી. ચિં. ૪૭
મુક્તામાલ દુગદુગી ચોકી, રત્ન ખચિત બહુ હારજી;
ઉર વિશાલ પયોધર ભારી, દુલરી તેજ અપાર. ચિંતન. ૪૮
કાલીગાંઠી તિનમની શોભા, કંઠ કુસુમની માલાજી;

કૂચ કુંકુમ અતિ સુંદર લીપ્યા, મૃગમદ પત્ર રસાલા. ચિં. ૪૯
બાજુબંધ રત્ન સુખકારી ચુરી કંકણુ સોહેજી;
પોહોંચી વીંટી ને હાથ સાંકલાં, અંગુઠડી મન મોહે. ચિંતન. ૫૦
બંધુક વરણે અધર રસાલ, દંત તે દાડિમ બીજજી;
નકવેસરનું મોતી ઝલકે, મંદહાસ તે બીજ. ચિંતન. ૫૧
કરણુ કુલ તે કાને સોહે, ચિત્રિત ગંડ વિશાલજી;
ચંચલ નયન કમલે રંગીલી, મોહ્યા ગિરિધરલાલ. ચિંતન. ૫૨
મૃગમદ આડ લલાટ બિરાજે, ભ્રકુટી ધનુષ સમાનજી;
કાજળ નયન ચિકુરલર લટકે, ટીલડી તેજ નિધાન ચિંતન ૫૩
શીશફુલ સેંથો રાખલડી, માથે કુસુમ ભરાવ્યાંજી;
બહુદિશ દામિની રત્નજડિત, સુ પીઠ ગોફણા ફાવ્યા. ચિંતન. ૫૪
કંઠ હાથ મોહનજી મહેલી, ચાલી ચરણને ચાલેજી;
સુંદર શ્યામ અધરરસ ભોગી, રસવશ ચકિત નિહાલે. ચિં. ૫૫
દાસી સુંદરિ ચરણે લાગી, એ સુખ નિરખુ ને ગાઉંજી;
વારંવાર જોઇને રીઝુ, વલિ વલિ વારણે જાઉં. ચિંતન. ૫૬
કુંજભુવનની કોમલ ભુમિ, છાયા સરસ રસાલજી;
જલતરંગે યમુના ઘેહેરી, રાધા મોહનલાલ. ચિંતન. ૫૭
ક્રીડારસ વશ શ્યામ પધાર્યા, સંગે સર્વ વ્રજનારીજી;
નાચે ગાવે ભાવ દેખાડે, વિલસે લાલબિહારી. ચિંતન. ૫૮
હાથ નચાવે ચરણુ ચલાવે, કટિની મોહન મીઠીજી;
નયન ચલાવે તાલ મિલાવે, અદ્‌ભૂત ગતિ મેં દીઠી. ચિં. ૫૯
રાધા નાચે મોહન નાચે નાચે સઘળી નારીજી;

થેઇ થેઇ બોલે તાલ વજાડે, ક્રિડારસ વશ ભારી. ચિંતન. ૬૦
કંકણુ વાજે કિંકિણી વાજે, નૂપુર સકલ સમાજેજી;
તાલ મૃદંગ વિવિધ રસ વાજે, સંગિતે સૂર સાજે. ચિંતન. ૬૧
ક્ષણુ એક આલિંગન દે ભાજે, ક્ષણુ એક વદન નિહાળેજી;
ક્ષણુ એક અધર સુધારસ પાયે, ક્ષણુ એક અંતર ટાળે. ચિં. ૬૨
એકની ચોલી ચરણા તાંણે, એકને આંખ મિચાવેજી;
તતક્ષણુ છમકલડો કરી નાસે, તતક્ષણુ આવી મનાવે. ચિંતન. ૬૩
એક સખીના પાંણી ગ્રહીને, કુંદડી ભ્રમર ભમાવેજી;
પીન પયોધર ઉરસું ભીડી, તનના તાપ સમાવે. ચિંતન. ૬૪
કુલ્યાં કુલ્યાં કમળ ઉછાળે, કંદુક માર ચલાવેજી;
પીતાંબર લઈ માથે મૂકે, નાના નાચ નચાવે. ચિંતન. ૬૫
ક્ષણુ એક કુંજ મુની થઇ બેસે, સાથ સકલને ખિલાવેજી;
પાછળથી ઉર અંતર ભીડી, ચુંબન કરી રિઝાવે. ચિંતન. ૬૬
ક્ષણુ એક અંબ કદંબ ચઢીને, શાખા ડાળ ઝુલાવેજી;
ક્ષણુ એક બીજી ડાળ ગૃહીને, વનચર સકલ ખિજાવે. ચિંતન ૬૭
ક્ષણુ એક ધાઈ પાછલથી આવે, ક્ષણુ એક આંખ મિચાવેજી;
ક્ષણુ એક મધ્ય સભામાં આવી, શ્રીહસ્ત કંઠ ધરાવે. ચિંતન. ૬૮
સપ્તસુરન ધુની મુરલી વજાડે, અધર સુધારસ પાયેજી;
મધુર રાગ કેહારો આલાપે, નિજજન સર્વ વશ થાયે. ચિં. ૬૯
તાન બંધાન વિવિધ રસ સીંચે, સુખનાં તરંગ ચલાવેજી;
મોહ્યા નિજજન પ્રીતમ ઉપર, રસના ઓઘ ઠલાવે. ચિંતન. ૭૦

મોહ્યા પંખી મૌન થઇ બેઠાં, તરૂ મધુધારા વરખેજી;
ઝરે પાષાણુ જલ સ્થિર થાયે, મૃગગણુ એકટક નિરખે. ચિંતન. ૭૧
રાસ રચ્યો રસકેલિ મનોહર, તાનમાન બંધાન જી;
તાંડવ તાન ઉરપ લેઈ નાચે, બિચબિચ મધુરે ગાન. ચિંતન. ૭૨
નવ નવ રાગ રંગ રસ જામે, નુપુર કિંકણી વાજે જી;
તા તા થેઇ થેઇ થેઇઆ નાચે, રસ સંગીતે સાજે. ચિંતન. ૭૩
કુંડલ લોલ નયનના ચાળા, બંધ કંચુકી ટુટેજી.
સિથિલિત હાર ચીરમણિમાલા, કુસુમહાર કચ છુટે. ચિંતન. ૭૪
આલિંગન ચુંબન રસક્રીડા, રાસ વિલાસે થાયેજી
કુચ કઠોર શ્રીહસ્તે ભીડીને અધર સુધારસ પાયે. ચિંતન. ૭૫
કુંજ નિકુંજ સેજ સમારી, કુસુમ પ્રવાલ સુધારે જી;
